णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# પર્યુષણ - ૧

## પ્રવચન ધારા

પ્રિયમ્

= અવતરણ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

વૈશાખ, સંવત ૨૦૭૬

# પર્યુષણ પર્વ - પ્રવચન ૧

DATE 18 08 2017

શુક્રવાર

पर्वाणि सन्ति प्रोक्तानि, बहूनि श्रीजिनागमे ।

पर्युषणासमं नान्यत्, कर्मणां मर्मभेदकृत् ॥

શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે, જિનાગમમાં ઘણા બધા પર્વો કહ્યા છે, પણ એક એવું પર્વ જે કર્મો ના મર્મ ની ભેદ કરી નાખે, જે કર્મો ના ભુક્કા બોલાવી દે. જે કર્મો કદાચ ઉદયમાં આવતને CANCER નું DIAGNOSIS થઈ જાય, જે કર્મો ઉદયમાં આવે ને આપણે બહાર હવું તો પગ મુકીએ, અચાનક ACCIDENT (અકસ્માત) થઈ જાય, જે કર્મો ના કદાચ ઉદય થાય, અને બજારમાં કોઈને મોઢું દેખાડવાને આપણે કદાચ લાયક ના રહીએ, એવા કઠીન કર્મો જે તમારા અને મારા આત્મા ઉપર રહેલા છે, કર્મો નો અર્થ છે, TIME BOMB ! જે પણ આપણે કર્મો બાંધ્યા એ પણ આપણે આત્મામાં TIME BOMB ને FIX કર્યા, એનું COUNT DOWN ચાલુ છે, FIX TIME છે જેને કર્મ શાસ્ત્રો સ્થિતિ કહે છે, એ સ્થિતિ ને આધારે કર્મો નો સમય નક્કી થાય ને જેમ એ BOMB ફૂટે એમ કર્મો પણ ફૂટવાના, એ દિવસે આપણી પાસે કશું નહિ હોય, જ્યાં સુધી ફૂટે નહીં, ત્યાં સુધી બાજી આપણા હાથમાં ! આ પ્રવચનનો સાર એટલો જ છે કે, જે કર્મોના CONNECTION (જોડાણ) આપણે આપણા આત્મામાં કર્યા છે, એને DISCONNECET કરી દઈએ, એની નિર્જરા થઈ જાય, એનો ક્ષય થઈ જાય, આ પ્રવચનમાં આની સિવાય બીજું કશું જ કરવા જેવું નથી. આપણે બધા મોહાધીન છીએ, સંસારની માયાજાળ માં ફસેલા છીએ, જ્ઞાનીઓએ અનંત કરુણા કરી આપણા ઉપર કે આ રીતે રોજ ધર્મ કદાચ નહીં કરે, એક એને એવું આલંબન આપીએ જેનાથી એના

જીવનમાં ધર્મ આવે એક તીર્થ હોય છે ને બીજું પર્વ હોય છે. તીર્થ ની સામે આપણે જવું પડે છે. પર્વ પોતે સામે ચાલીને આપણા આંગણામાં આવતું હોય છે.

મારે એટલું જ તમને કહેવું છે. આ પર્યુષણ ની આરાધના આપણે એવી રીતે કરવી છે, કે આપણા જીવનની આ છેલ્લી પર્યુષણ ની આરાધના હોય! ધર્મ તમારે - સારા માં સારો કરવો છે તો એનો ઉપાય શું ? બહુ સરસ મજાનો ઉપાય, શાસ્ત્રકાર બતાવતાં આપે છે.

गृहीतमिव केशेन मृत्युना धर्ममाचरेत्।

ધર્મનું આચરણ એવી રીતે કરો જાણે મોત તમારા માથા ઉપર આવી ગયું છે. તમારા વાળ એણે પોતાના હાથેથી પકડ્યા છે ને તમને ઉપાડે એટલી જ વાર છે. આટલી તૈયારી સાથે, આટલી સંવેદના સાથે તમે ધર્મ કરો. ને પછી જુઓ એ ધર્મ કેવો થાય છે. એક પ્રશ્ન તમને કરું, આ પર્યુષણ આપણા છેલ્લા પર્યુષણ હોય શકે ? છે એમ નથી કહેતો, હોય શકે ? સો ટકા છેલ્લા જ છે એવું ના કહી શકાય, પણ આ પર્યુષણ આપણા છેલ્લા પર્યુષણ હોય એની શક્યતા સો એ સો ટકાની છે! અને જો આ છેલ્લા પર્યુષણ હોય તો એની આરાધના આપણે કરવી કઈ રીતે ? જેમણે જેમણે આજે પહેલો ઉપવાસ, એક ઉપવાસ કર્યો છે, મારે કહેવું છે એમને, બની શકે આ પર્યુષણ - છેલ્લા હોય, બસ એક ઉપવાસે અટકવું

શુક્રવાર
DATE 18 08 2017

નથી. આગળ ચઢાઈ કરવી છે. કેટલાય ભાગ્યશાળીઓ એ પૌષધ કર્યા છે, જેમને માત્ર પહેલા દિવસના કારણે પૌષધ કરવો છે, એમને કહેવું છે, થઈ જાય ચોસઠ પ્રહરી પૌષધ !! બની શકે આપણા જીવનના આ પર્યુષણ છેલ્લા હોય. કશું જ કામ આવશે નહિ, જે પરિવાર માટે પ્રમાદ કર્યો હશે, જે પૈસા માટે પ્રમાદ કર્યો હશે, જે બાહ્ય ભાવો માટે આપણે પ્રમાદ કર્યો હશે, બધું અહીંયા રહી જશે. જેટલી આરાધના થઈ હશે, એ આપણી સાથે આવશે.

આજે પર્યુષણ નો પહેલો દિવસ છે ને બીજુ વાત, અગિયારસ અને બારસ ભેગા છે. પર્યુષણ ના આગલા દિવસે અમારા ગુરુદેવની તિથી આવી. શ્રાવણ વદ અગિયારસ નો દિવસ. આજે અગિયારસ પણ છે, બારસ પણ છે, આજે અમારા માટે સંવત્સરી જેવો દિવસ છે. તમે કદાચ ઓળખો પણ નહી ને નામ પણ નથી સાંભળ્યું. તમે કદાચ ઓળખતા પણ નથી એ જ એ મહાપુરૂષ ની મહાનતા છે. કોઈ PLAT-FORM ની અંદર, કોઈ ભક્તો ની અંદર, કોઈ બાહ્ય ભાવો ની અંદર, એમને કોઈ જ રસ હતો નહી. દાદા ગુરુદેવ ભુવનભાનુ સૂરી શ્વરજી મહારાજ ના સગા નાના ભાઈ, એમના પહેલા શિષ્ય, એમની સાથે જ જેમની દીક્ષા થઈ, એવા ગુરુદેવ સમતા સાગર પંન્યાસ પ્રવર પદ્મવિજયજી મહારાજ સાહેબ ! જીવનમાં એમણે કેટલી કેટલી સાધના કરી એ બધું જો કહેવા બેસુ તો ચોમાસનું પણ પુરૂં થઈ જાય, મારે ગણતરી ની મીનિટો ની અંદર, એમના ગુણો નો કંઈક આસ્વાદ મને પણ માણવો છે ને તમને પણ આપવો છે.

ગ્લાન માં બિરાજમાન હતા, તાવ આવ્યો છે,
ડોક્ટર તાવનું INJECTION લઈને આવ્યા છે,
અને જે INJECTION છે એ નસ માં -
આપવાનું છે, બરાબર નસની અંદર INJEC-
TION નાખ્યું છે, થોડી ગફલત થઈ ગઈ,
નસ ને આરપાર વિંધી ને, MUSSELS સુધી એ
સોય પહોંચી ગઈ, INJECTION આપાય ગયું
DOCTOR જતા રહ્યા. અડધો કલાક ની અંદર જે
હાથ હતો એ ફુલી ને ફુગ્ગા જેવો થયો,
લપકારા મારે, સહી ન શકાય ને કહી ન શકાય
આપણને તમ્મર આવી જાય, એવી સ્થિતિ!
ડોક્ટર દોડતા આવ્યા, રડી પડ્યા, પગે પડ્યા,
મારી ભુલ, એને કારણે આટલી વેદના ને
મહાત્મા એમને સાંત્વન આપે છે, તમારી
કોઈ જ દોષ નથી, જે દોષ છે એ આ
કર્મોનો છે!

આપણને મળતા દરેક સુખ માટે
અને આપણને મળતા દરેક દુ:ખ માટે, આપણે
જ જવાબદાર છીએ. બીજામાં ક્યાંક પણ
આપણને દોષ દેખાય તો સમજી લેવાનું, કે
હજુ સુધી કર્મ ની PHILOSOPHY આપણને
સમજ્યા જ નથી. દીક્ષા લઈને જે સંયમની
આરાધના, જે તપની આરાધના, જે ત્યાગની
આરાધના, જે સ્વાધ્યાય ની આરાધના,
જે સમર્પણ ની આરાધના, જે સમતાની
આરાધના, ૪૮ વર્ષનું એમનું આયુષ્ય ને
૩૭ મું વર્ષ ચાલતું હતું ને, CANCER નું
નિદાન થયું છે. જે સમયે CANCER છે
એવું નામ પડતા ની સાથે માણસ ફફડી
જાય, CANCER એટલે CANCEL, અને

CANCER નું નિદાન થયું, ગુપ્ત રાખવામાં આવે દર્દી થી નહીં તો આપણે વિચારો વહેલી ઉપડી જાય! ને ગભરાટ થઈ જાય એવો રોગ, નિદાન થયું છે, ખબર પડી છે, સ્વસ્થતા છે, સમતા છે. કાલે મોત આવતું હોય તો ભલે આજે આવે, આરાધના નો ઉલ્લાસ વધ્યો છે, અંદરની ગરમી એટલી હોય, એની TREATMENT ના જે કિરણો લેવાના, એ કિરણો ની જેટલી ગરમી હોય, કોઈ હોય તો મોસંબી ના રસો પી-પી ને એ ગરમી ને શાંત કરવાનો પ્રયાસ કરે. અને આ ગુરુદેવ, એમણે તપની અંદર - પોતે છઠ ની તપસ્યા, અઠ્ઠમ ની તપસ્યા, અઠ્ઠાઈ ની તપસ્યા, સોળ ઉપવાસની તપસ્યા, વીસ ઉપવાસની તપસ્યા, ચોવીસ ઉપવાસ ની તપસ્યા, અને માસક્ષમણ ની તપસ્યા, એ આ CANCER ની અંદર કરી છે.

જે- જે ડૉક્ટર આવે ને ચકિત થઈ જાય કે, પહેલા નંબરનું આશ્ચર્ય આખા શરીરની અંદર કેન્સર પ્રસરી ગયું છે, આ PATIENT (દર્દી) જીવે છે કઈ રીતે ?, બીજા નંબરનું આશ્ચર્ય એનાથી દસમા ભાગનો રોગ હોય, અમારું માથું ખાઈ જાય, ચીસો પાડીને અમારી હોસ્પિટલ ગજવી દે, અમને જંપવા ન દે, અડધી રાતે આગ્રહ કરી કરીને અમારી VISIT લેવડાવે. પહેલું આશ્ચર્ય PATIENT જીવે છે કઈ રીતે ?, અને બીજા નંબરનું આશ્ચર્ય, કે આ PATIENT ચીસો કેમ નથી પાડતો ?, આ ફરિયાદ કેમ નથી કરતો ?, આ રડતો કેમ નથી ?, આ હાય-વોય કેમ નથી કરતો ?, એમનો ચહેરો કેમ SMILING છે ?, એમના ચહેરા ઉપર પ્રસન્નતા શા માટે છે ?

શુક્રવાર
DATE 18 08 2017

પદ્મવિજયજી મહારાજ, એક એક ગુણની અંદર HEIGHT (ઊંચાઈ) એ પહોંચ્યા હતા, ગુરુદેવે એમની એક ચોપડી બહાર પાડી "સમતા સાગર મહાકાવ્ય" સંસ્કૃત માં મહાકાવ્ય તરીકે એ મહાપુરુષ નું ચરિત્ર ગચ્છાધિપતિ ને એ પ્રકાશિત થતા પહેલા એની જે MATTER હતી એ મોકલી આશિર્વાદ માંગ્યા અને ગચ્છાધિપતિ એ પત્ર ની અંદર લખ્યું કે આ ચોપડી નું નામ તમે સમતા સાગર નહીં રાખો. પત્ર ગુરુદેવે વાંચ્યો, મેં વાંચ્યો, અમે ચકિત થઈ ગયા, અદ્ભુત સમતા એમાં એ રાખી એમને સમતા-સાગર નહીં કહેવાના? શું આમાં અમારી કંઈક ભુલ થઈ ગઈ? શું આમાં અમારી કંઈક ક્ષતિ થાય છે? ને ગચ્છાધિપતિ શ્રી ને પુછાવ્યું કે શું નામ રાખીએ? અને વળી જવાબ આપ્યો કે તમે આ DEVALUEATION કરો છો, એમનો ગુણગણ સાગર હતા, કેટલાય ગુણો ના દરિયા જેવા હતા, અને તમે લખો માત્ર સમતા ના સાગર, તો આ એમનું અવમુલ્યાંકન કહેવાય, માટે કહું છું કે નામ એમનું સમતા સાગર ના રાખો!

ગચ્છાધિપતિ શ્રી પણ પોતે એમની પાસે ભણ્યા છે, એમના જીવનને નજીક થી જોયું છે, સુક્ષ્મ દ્રષ્ટિ એ જોયું છે ને આફરીન આફરીન થઈ ગયા છે! પિંડવાડાની અંદર શ્રાવણ-વદ- અગિયારસ નાં દિવસે, દીર્ઘ સંયમ સાધના, દીર્ઘ સમર્પણ સાધના, દીર્ઘ સ્વાધ્યાય સાધના એ સમયે દરેકાની આખો જે યુગ પ્રવર્ત્યો હતો, અને ધડાધડ દીક્ષા ઓ થાય, અને પ્રેમસૂરીદાદા જી બધા

નુતન દીક્ષીતો ને કોની UNDER માં મુકે ?
તો પદ્મવિજયજી મહારાજ ની UNDER માં મુકે !
આજે અમારા જીવનમાં જે સંયમ છે, અમારે અમારી
જે ઉપલી GENERATION એમના જીવનમાં પણ
જે સંયમ છે, એ પ્રભાવ કોઈનો હોય તો એ
પદ્મવિજયજી મહારાજ નો છે. મહાત્મા ઓને પણ
સાચવતા, ગુરુદેવ ની સેવા પણ કરતા, સંઘના
સંચાલનની અંદર ગુરુદેવ ના જમણા હાથ બનીને
રહેતા, પ્રેમસૂરી દાદા એ એક વાર કહ્યું હતું કે
મારા બધા જ સાધુઓ જ્ઞાનદાન છે, ગુણિયલ
છે, સંયમી છે, પણ બે મહાત્મા મારા હૃદયમાં
વિશેષ થી વસેલા છે. પહેલા નંબર ના મહાત્મા
કયા મહાત્મા ? અને જવાબ આપ્યો કે રક્ષિત-
વિજયજી. ગુરુદેવે કહ્યું કે અમે પણ જોયા નથી અમારી
દીક્ષા પહેલા કાળ કરી ગયા છે. અદ્ભુત સમર્પણ.
અને બીજા મહાત્મા પદ્મવિજયજી !

ચારસો સાધુ ઓના ગચ્છાધિપતિ, પોતાના
સમગ્ર સમુદાય ની અંદર FIRST NUMBER ઉપર
બે મહાત્મા ઓને મુકતા હતા, અને એમાંથી એક
મહાત્મા એટલે પદ્મવિજયજી મહારાજ ! ભુવનભાનુ-
સૂરીજી મહારાજ પાલી ની અંદર ચોમાસુ હતા,
પ્રેમસૂરી દાદા, ભુવનભાનુસૂરી દાદા, પદ્મવિજયજી મહારાજ
પણ હતા, તો પારસમલજી નામના શ્રાવક વંદન
કરવા ગયા છે. અમારું ચોમાસુ થયું ત્યારે પણ
એ શ્રાવક હતા, આજે પણ એ સંઘમાં છે.
અને ગુરુદેવને વાત કરી કે આ જ જગ્યાએ -
ભુવનભાનુ સૂરિ મહારાજ બેઠા હતા, વંદન કરવા
આવ્યો હતો, અને ભુવનભાનુસૂરી મહારાજે મને
આમ આંગળી ચીંધી ને બતાવ્યું કે આ પેલા
ખુણામાં બેઠા છે ને છે તો મારા શિષ્ય, પણ

મારા કરતા સો ગણા વધારે આરાધક છે.
એમના કાળ કર્યા પછી જ્યારે ગુણાનુવાદ સભા
થઈ, ત્યારે પ્રેમસૂરીદાદા ને બોલવાનું કહેવામાં
આવ્યું એમના ગુણ ગાયા પછી ઉપસંહાર માં -
પ્રેમસૂરી દાદા એક નાનકડું વાક્ય બોલ્યા -
મારો જમણો હાથ ગયો. જમણા હાથ જેવા ગુરૂના
હતા. ચરિત્ર એમનું વાંચ્યું હતું આજથી ઓગણીસ
વર્ષ પહેલા મારી દીક્ષા પણ નહતી થઈ.
ગુરૂદેવે લખ્યું હતું, હજુ PRESS માં જવું હતું,
એની પહેલા ગુરૂદેવે મને વાંચવા આપ્યું
વાંચતા- વાંચતા ધ્રુસકે ને ધ્રુસકે હું રડતો
ગયો ને વાંચતો ગયો, એવું એમનું જીવન !
ગુરૂદેવે એમના જીવનને દુનિયા ભણી
શકે, સંઘ પીછાણી શકે એ માટે દૈરદૈરલા
પુસ્તકો પણ બહાર પડાવ્યા, "સાત્વિકતા નો -
તેજસિતારો" "સમતાસાગર મહાકાવ્યમ્" "સમતા
મહોદધિ મહાકાવ્યમ" "THE SHINNING -
STAR OF SPIRITUALITY" "સમતા સાગર
લઘુ પુસ્તિકા" એવા દૈરદૈરલા પુસ્તકો અને
પુસ્તિકા દ્વારા ગુરૂદેવે એમના જીવનને સંઘની
સમક્ષ રજુ કર્યું.
ખાસ કરીને જેઓ બિમાર હોય,
જેમને અસમાધિ થતી હોય જેમને શાંતિ
ન રહેતી હોય, રોગ બહુ ભારે હોય, અંતિમ
કઠાચ સમય હોય અને એવા આત્માની હાથ
ની અંદર જો આ ગુરૂદેવ નું ચરિત્ર આવે,
એ વાંચતા અચ ને એમ થાય કે મને કશી
તકલીફ નથી, એમની જે રોગ હતો એની
સામે મને કોઈ રોગ નથી, એમની સમતા
ક્યાં મારું બધું આ આર્તધ્યાન ક્યાં !

બધુ જ આર્તધ્યાન વિલિન થઈ જાય. એવું એ
ગુરુદેવ નું જીવન, એવી એમની સમતા, આજના
દિવસે, આજની લગભગ ૫૬-૫૭ વર્ષ પહેલા,
પીંડવાડા મુકામે, શ્રાવણ-વદ-અગિયારસ નો દિવસ
અને ખુબ જ સમાધિ સાથે, એમના બંને જે
ગુરુદેવો શ્રી બંને ની નિર્યામણા સાથે,
વાત્સલ્ય સાથે, સમાધિ નું પાન કરતા ... કરતા.
એમનો આત્મા મોક્ષ માર્ગમાં આગળ વધી ગયો.
આજના દિવસે ખુબ ખુબ શ્રદ્ધાંજલિ એમને -
આપીયે, ખુબ ખુબ યાદ કરીએ. એક યાચના
કરીએ, એમના જીવનના ગુણો એનો અંશ આપણા
જીવનની અંદર પણ આવે.

સ્થળ :- શ્રી આગ્રોપેરા જૈન સંઘ - પાલડી

શનિવાર

# પ્રવચન - ૨ - પ્રથમ

DATE 19 08 2017

આજે પર્યુષણ પર્વ નો બીજો દિવસ, આજે જોવું છે કે શ્રાવક જીવનમાં વાર્ષિક કર્તવ્યો કયા હોય! અગિયાર વાર્ષિક કર્તવ્યો ને એને સમજવાનો - પ્રયાસ કરવો છે, આપણી સમજ એ છીએ કે - આ... આ આપણા કર્તવ્યો છે, ધંધો કરવો - કર્તવ્ય, છોકરાની FEES ભરવી કર્તવ્ય, ગેસનો બાટલો પુરો થઈ ગયો, એ લઈ આવો કર્તવ્ય, LIGHT BILL ભરવું આ કર્તવ્ય, આજે સમજવું છે કે વાર્ષિક કર્તવ્યો કયા ? જે ખરા અર્થમાં કરવા જેવું છે જે કરવાથી આપણા આત્માને લાભ થાય, કર્મોની જેનાથી નિર્જરા થાય, આપણા આત્માનું હિત થાય, જે આપણી ફરજમાં આવે, જે આપણા માટે ખરેખર સૌભાગ્ય ની વાત કહેવાય, એને કર્તવ્ય કહેવાય !

અગિયાર કર્તવ્યોમાં સૌથી પહેલું કર્તવ્ય છે, "સંઘપૂજા". સંઘ એટલે કે ચતુર્વિધ સંઘ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા જેની સ્થાપના ભગવાને પોતાના હાથે કરી અને એ સંઘ, એ સંઘનો જે સત્કાર કરવો, સન્માન કરવું, આને "સંઘપૂજા" કહેવાય.

બીજા નંબર નું કર્તવ્ય છે, "સાધર્મિક - ભક્તિ" સાધર્મિક નો અર્થ શું, જેનો સમાન ધર્મ હોય, એને સાધર્મિક કહેવાય. આપણો ધર્મ અને જે વ્યક્તિ નો ધર્મ સમાન છે. આપણે વ્યાખ્યા કરી છે, લઘર વઘર કપડા હોય, ગરીબ હોય ને હાથ લંબાવે એને સાધર્મિક કહેવાય ! આપણે સમજ્યા નથી. મહર્ધિક - માણીભદ્રવીર હોય, કોઈ અબજપતિ માલસ હોય, કોઈ કરોડપતિ હોય, કોઈ મધ્યમવર્ગી હોય,

એ કદાચ ઝુપડામાં રહેતી કોઈ વ્યક્તિ હોય, પણ
જે એનો ધર્મ જૈન છે તો એ સાધર્મિક છે.
પહેલા બે કર્તવ્ય ઉપર વિસ્તારથી વાત કરવી છે.
એની પહેલા અગિયારે કર્તવ્ય, એનો કંઈક પરિચય
આપવાનો પ્રયાસ કરવો છે.

સંઘપૂજા પહેલું કર્તવ્ય, બીજા નંબરનું
કર્તવ્ય સાધર્મિક ભક્તિ, ત્રીજું કર્તવ્ય છે યાત્રાત્રિક
ત્રણ પ્રકારની યાત્રા સમજવાની છે, આપણે ત્યાં છ
અઠ્ઠાઈ આવે, વરસની અંદર. આપણે સમજુએ-
છીએ, અઠ્ઠાઈ એટલે આઠ ઉપવાસ. અઠ્ઠાઈનો
અર્થ શું છે તો આઠ દિવસ એને અઠ્ઠાઈ-
કહેવાય. આપણે કહીએ છીએ અષ્ટાન્હિકા મહોત્સવ
એ અષ્ટાન્હિકા એ સંસ્કૃત શબ્દ છે, અષ્ટ એટલે
આઠ અન્હ એટલે દિવસ, ને ઇકા પ્રત્યય-
લાગ્યો, એટલે આઠ દિવસનું જે છે એ
અષ્ટાન્હિકા, એના ઉપરથી એના ઉપરથી પ્રાકૃત
શબ્દ ઉતરી આવ્યો, અઠ્ઠાઈ, અને અઠ્ઠાઈ શબ્દ
નો આપણે માત્ર એટલો અર્થ કરીએ છીએ આઠ
ઉપવાસ, વર્ષમાં છ અઠ્ઠાઈ આવે, ત્રણ ચોમાસી
અઠ્ઠાઈ આવે, એની પહેલાના દિવસોથી શરૂ
કરવાનું, ને એ જે આઠ દિવસ થયા, આને
ચોમાસી અઠ્ઠાઈ કહેવાય, ફાગણ ચોમાસી,-
અષાઢ ચોમાસી, અને કારતક ચોમાસી, આ
ત્રણ ચોમાસી ની ત્રણ અઠ્ઠાઈ, ને બાકી ની
અઠ્ઠાઈ કઈ તો બે શાશ્વતી ઓળી, જે
ચૈત્રી ઓળી છે એ શાશ્વતી ઓળી, એ
બે અઠ્ઠાઈ, એના આઠ દિવસ, હવે છેલ્લી
અઠ્ઠાઈ બાકી રહી, જે છે પર્યુષણ ની અઠ્ઠાઈ!
શાશ્વતી જે ચૈત્રી ઓળી છે, એની અઠ્ઠાઈ એ
શાશ્વતી હોય છે. બાકીની અઠ્ઠાઈ અશાશ્વતી

હોય છે. જ્યારે છઠ્ઠો આરો હશે ત્યારે પણ ચૈત્રી ઓળી મહાવિદેહમાં હશે, પણ મહાવિદેહ ની અંદર ચોમાસી પ્રતિક્રમણ, સંવત્સરી પ્રતિક્રમણ, હોતું નથી. મહાવિદેહ ની અંદર શું હોય ? તો માત્ર રાઈ- અને દેવસિઅ પ્રતિક્રમણ હોય ! એ બધી એમની જે યોગ્યતા, એના હિસાબે એમને એવો ધર્મ બતાવ્યો છે. આપણી જેવી યોગ્યતા એના પ્રમાણે આપણને એવો ધર્મ બતાવ્યો છે. આ છ અઠ્ઠાઈ ની અંદર વિશેષ કરીને ભગવાન નો મહોત્સવ કરવો, ભગવાનની ભક્તિ કરવી, વિશેષ કરીને આરાધના કરવી, આ છ અઠ્ઠાઈ નું તાત્પર્ય છે. આ અષ્ટાન્હિકા યાત્રા, એ પહેલી યાત્રા છે, બીજુ યાત્રા, યાત્રા એટલે JOURNEY આવું આપણે સમજીએ છીએ એ એનો SHORT અર્થ છે. એ એનો એક ભાગ છે. યાત્રાનો મુખ્ય અર્થ શું છે ?

યા ત્રાયતે ભીમભવાટવીભયાત્

જે સંસારના ભયાનક જંગલના ભયથી, આપણા આત્મા ને બચાવી લે, ઉગારી લે એને યાત્રા કહેવાય ! એ અપેક્ષા એ જે જે આરાધના આપણને સંસારથી પાર પમાડે. તે બધી યાત્રા છે.

પારિભાષિક રૂપે અહીંયા ત્રણ યાત્રા Fix કરી છે, અષ્ટાન્હિકા યાત્રા, છ અઠ્ઠાઈ ની અંદર જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ વગેરે, વિશિષ્ટ આરાધના કરવી. બીજા નંબરની યાત્રા છે એ જલયાત્રા અથવા તો રથયાત્રા - કહેવાય, જેને આપણે વરઘોડો કહીએ છીએ.

વરઘોડો એ પણ શાસનપ્રભાવનાનું એક અંગ
છે. એક વરઘોડાના પ્રભાવે જિનશાસનમાં સંપ્રતિ-
મહારાજ જેવા મહાપુરુષ થઈ ગયા, એમણે જે
આખી જે ધરતી હતી, એ ધરતી ને જિનાલયો
થી મંડિત કરી, જિનશાસનની ગજબ-ગજબની
પ્રભાવના કરી, જો વરઘોડો ના નીકળ્યો હોત,
તો એ ભગવાનને જોઈને મહાત્મા ને જોઈને,
જાતિસ્મરણ જ્ઞાન ન થયું હોત, જિનશાસન ની
જે જબરદસ્ત પ્રભાવના થઈ, એ આત્માનો
પણ ઉદ્ધાર થયો, એ પણ ન થયું હોત!
બીજા નંબર ની યાત્રા રથયાત્રા!

વરઘોડો કઈ રીતે કાઢવો જોઈએ?

મને ઘણી વાર વિચાર આવે, જ્યાં સુધી આપણને
વરઘોડો કાઢતા ન આવડે ત્યાં સુધી
વરઘોડો ના કાઢવો જોઈએ. જે જિનશાસનની
પ્રભાવના નું અંગ છે, લાખો લોકો જિનશાસન-
ની અભિમુખ થાય, પ્રશંસા કરે, અહો કેવો
આ લોકો નો ધર્મ! બોધિ બીજ પડી જાય,
એ ભવ નહિ તો બીજા ભવમાં સમ્યક્ત્વ -
એમને મળે, એના માટે નું જે અંગ હતું,
હવે એ અંગને આપણે એવી રીતે
PRESENT કરીએ, પહેલા તો ઢોલ બહુ વાગે,
એટલે લોકો GALLERY માં આવે, ઘરની
બહાર નીકળે દુકાન ની બહાર નીકળે, હવે પછી
આપણે આપણું ચિત્ર બનાવીએ, મહાત્મા પાછળ
હોય, આપણે બધા આગળ નીકળી ગયા હોઈએ,
બેન્ડ વાળાની સાથે સાથે કેટલાક ચાલતા હોય,
કેટલાક ને હજુ વિકાસ કરવો હોય એમનાથી
આગળ પહોંચી જાય, આપણે છેલ્લી પીઢી ને
બતાડીએ છીએ કે અમારા ગુરુભગવંતો ની

એમને આવી કદર છે. એમની અમારા બુટ
એમના ઉપર મુકી શકીએ છીએ, ધક્કા મુક્કી કરી
શકીએ છીએ, એમની આગળ વધી શકીએ છીએ
એમને પીઠ દેખાડી શકીએ છીએ. અમે શિસ્ત
તોડી શકીએ છીએ, આપણને કશી જ પડી નથી,
ક્યાં આવ્યા, શેના માટે આવ્યા, ભાઈ તમે
ચાર ડગલા આગળ ચાલશો તો ય સાથે -
પહોંચવાના, ચાર ડગલા પાછળ ચાલશો તો ય
સાથે પહોંચવાના, પણ ચાલવા ચાલવામાં ફરક છે.
લાખ ના સાડા બાર હજાર આપણે કરી નાખતા
હોઈએ છીએ. એ યોગ એવો છે એ સમયસર
આવીએ, એ શિસ્તમાં ચાલીએ એ અહોભાવ-
પૂર્વક ચાલીએ, પગલે પગલે અનંત- અનંત કર્મોની
નિર્જરા થાય એવો યોગ, આપણને મળ્યો હતો.
આપણી અણસમજ, આપણી નાદાની, આપણી
ગેરશિસ્ત, આપણું અણઔચિત્ય, આપણી જે
અમાન્યા નો ભંગ તે એના કારણે, જે યોગથી
સારું ઉત્કૃષ્ટ પુણ્ય બંધાવાનું હતું, કદાચ આપણે
વરઘોડા માં જઈને પણ આશાતના કરીને પાછા
આવતા હોઈએ છીએ. માઈકમાં જાહેર કરવું પડે
બધા જ ભાઈઓ ગુરુભગવંત ની પાછળ આવી જાવ.
આપણને શરમ આવે આવું સાંભળીને કે આ
કોઈ અજૈનો ને કહેવાનું છે, કયા ભાઈઓ ની વાત
છે કે જૈન ધર્મી ની વાત છે, શ્રાવકો ની વાત
છે, જિનશાસનને પામેલા ની વાત છે એમને
એમ કહેવું પડે કે તમે એમની પાછળ આવી
જાવ કે આપણે અગ્રણી હોઈએ, આપણે બહુ
શ્રીમંત હોઈએ, આચાર્ય મહારાજ સાહેબ ની
LEVEL .... LEVEL માં ચાલીએ, પાછળ મહાત્માઓ
ચાલતા હોય, આગળ આપણે ચાલતા હોઈએ,

શનિવાર

DATE 19 08 2017

એ થાય કે કદાચ કોઈ નાનામાં નાના મહાત્મા છે, એકાદ વર્ષનો પર્યાય છે, કદાચ પંદર વર્ષની ઉંમર છે, આપણને લાગે કે એમના ચરણની રજ પણ હું નથી, એમની તુલનામાં ભિખારી પણ નથી. પૈસા કદાચ મારી પાસે છે પણ એ પૈસા નથી એ બોજો છે, ભવસાગરમાં એ જ પૈસાને લઈને હું ડુબી જવાનો છું, ખરેખર કોઈ શ્રીમંત હોય તો એ આ મહાત્મા છે. અંદર- અંદર - COMPLEX છે, અંદર ગાંઠ છે, કે નાના મહાત્મા કરતા હું મોટો છું, માટે આપણે આગળ આવી જઈએ છીએ.

ण पक्खओ ण पुरओ णेव किच्चाण पिट्ठओ ।

ગુરુ ભગવંતની આગળ ના ચલાય, ગુરુ ભગવંતની LEVEL માં ના ચલાય, LEVEL માં ચાલવાનો અર્થ એ છે, આચાર્ય મહારાજ પણ આપણા જેવા જ છે, આપણે પણ આચાર્ય મહારાજ ની LEVEL માં જ છીએ. જે દેશ- કાળની અંદર લોકો ને કોલાહલ પસંદ ના હોય, શોર પસંદ ના હોય, શાંતિપ્રિય લોકો હોય, કોઈ એવો AREA હોય જ્યાં SCHOOL હોય, COLLEGE હોય, જ્યાં HOSPITAL હોય, અને ત્યાં પણ આપણે આપણી ધમા ધમી લઈ જઈએ તો એને શાસનની પ્રભાવના ના કહેવાય, એને શાસનની અપભ્રાજના કહેવાય! વરસમાં એકાદ વાર કોઈ વિશિષ્ટ પ્રસંગે, વિશિષ્ટ એટલી બધી સંખ્યા હોય, તો વિશિષ્ટ રીતે - વરઘોડા ની અંદર પાંચ બેન્ડ હોય તો એ વાંધો નહિ, ડગલે ને પગલે, નાના - મોટા કોઈ પણ પ્રસંગ ની અંદર, બેન્ડ આપણે લઈ આવ્યા, ધબાધબી એ લોકો એ બોલાવી દીધી, વરઘોડામાં પાંચ જણા ચાલનારા હતા, પંદર જણા

જેન્ડ ના હતા, તો જે અવાજ થયો, તો લોકોને
થયું કે બસ આ લોકો નો ધાંધલ ધમાલ જ
કર્યા કરે છે, સમજુ લો કે આપણે પ્રભાવના
નથી કરી, આપણે અપભ્રાજના કરી છે.

સમકિત ના ૬૭ બોલની સજ્ઝાયની
અંદર, મહોપાધ્યાયજી પ્રભાવનાની વ્યાખ્યા બતાવે છે,

જિનશાસન ગુણવર્ણના જેહથી બહુ જન હુંત,

જેનાથી ઘણા બધા લોકો જિનશાસનની પ્રશંસા કરે,

કીજે તેહ પ્રભાવના પાંચમું લક્ષણ જંત.

એ પ્રભાવના છે જેનાથી ઘણા જણા જિનશાસનની
અનુમોદના કરે. જમણવાર આપણે એવો કરી નાખ્યો,
બહાર ભિખારીઓને મારી મારીને કાઢવામાં -
આવતા હતા, લોકો પૂછે, આ લોકો પાંચ પાંચ
પકવાન વાપરે, એમને એંઠ સુધ્ધા આપતા નથી
ને, આમ ગાળો આપે છે, મારી કાઢે છે,
સમજુ લો આપણે પ્રભાવના નથી કરી આપણે
અપભ્રાજના કરી છે.

પેથડશા એ ગિરનાર ઉપર ૫૬ ઘડી
સોનું દઈને તીર્થ માળ પહેરી, દિગંબરો હાર્યા.
એ ૫૬ ઘડી દેવદ્રવ્યની અંદર આપી છે, એની
સાથે ચાર ઘડી સોનું યાચકો ને આપ્યું છે,
કોને આપ્યું છે. જેઓ અનુકંપા ને સમજ્યા
નથી, જેઓ દેશકાળ ને સમજ્યા નથી, જેઓ
ઔચિત્ય ને સમજ્યા નથી, તેઓ શાસનની
પ્રવૃત્તિ કરતા કરતા, શાસન નું ખંડન કરવાની કે
શાસન ની કચ્ચરઘાણ કાઢવાની પ્રવૃત્તિ કરે છે.
આપણી ઘેલછા, આપણી ગેરસમજ, આપણી
મિથ્યા માન્યતાઓ, આપણી અણસમજ, કોઈ
દિવસ આપણે પૂછવા ગયા ગુરુભગવંત ને ગુરુ-
ભગવંત આ કરવું છે, ગુરુભગવંત આ કરવું

કે નહિ, ગુરુ ભગવંત કેવી રીતે કરવું. આપણો ધર્મ કરીએ છીએ પણ ૯૫ સુધી આપણો મોક્ષ થયો નથી, કારણકે આપણે આપણી રુચિ થી ધર્મ કર્યો છે, આપણે આપણી માન્યતા થી ધર્મ કર્યો છે, આપણે જિનાજ્ઞાને સમર્પિત થઈને, જિનાજ્ઞા ને વફાદાર રહીને, આજ સુધી એક-પણ ધર્મ કર્યો નથી.

આજના દેશ-કાળમાં બેન્ડ લાવવાની એવી કોઈ જ જરૂર નથી, સંઘના જેટલા સભ્ય છે, જેમને ભાવના છે, સાંસ્કૃતિક વેષની અંદર આવે, સરસ મજાના BANNERS હોય, સરસ મજાના સુવાક્યો હોય, જો AREA અનુકૂળ હોય તો સરસ મજાના નારા હોય, નહીં તો મૌન હોય, એક શાંતિ યાત્રા નીકળતી હોય તો કદાચ આજના સમયમાં વધારે પ્રભાવના થાય! બેન્ડ ન જ લાવવા એવી પણ વાત નથી, અને ક્યારેક નાનો પણ PROGRAM હોય બેન્ડ લાવી જ દેવું, થોડું હોય તો શોભે, થોડું હોય તો આકર્ષણ થશે, થોડું હશે તો લોકો નો સદ્ભાવ પણ ટકશે, બાકી ગમે ત્યાં, એવી AREA જ્યાં બધા શાંતિપ્રિય છે ને આપણા બળદો ત્યાં ગંદકી કરીને ગયા, ને પાછળ જો લોકો ગાળો આપે છે, તો આપણે પ્રભાવના કરી કે અપભ્રાજના ?

આ શેષકાળની અંદર, એક રાજસ્થાન ના શહેર ની અંદર અમે હતા, પોષ દસમી ની રથયાત્રા હતી, દર અડધી કે એક મિનિટે ઢોલી મારી આગળ ઊભો રહી જાય, અને જોરથી ઢોલ વગાડે, બધા એને મોટી-મોટી નોટો બતાડે ને એની ઝોળી માં નાખતા જાય, સાથે એક

યુવાન હતો, મને કહે સાહેબ નોટબંધી થઈ છે, લોકો ને મળતા નથી રૂપિયા, અને નવી નોટો આટલી દુર્લભ છે ને આ લોકો બે હજારની નોટો નાખે જાય છે. એક વરઘોડા ની અંદર ૨૫-૩૦ હજાર રૂપિયા કદાચ ઢોલીની ઝોળીમાં જતા રહ્યા હશે! મેં પુછ્યું સંઘમાં પાઠશાળા ચાલે છે, સર બહારગામ ગયા છે! એ ઢોલી જેવા માટે, બેન્ડવાળા જેવા માટે, ચાર રસ્તે પ્રદર્શન કરવા માટે કદાચ આપણી પાસે મોટી-મોટી નોટો છે કે જિનશાસનના સુવર્ણ ભવિષ્ય જેવા છે, કે જિનશાસનની આન છે, શાન છે, જિનશાસનની ભાવિ સુરક્ષા જેમને આધિન છે, એમના માટે આપણે શું કર્યું?

એક એક રૂપિયો એ સંઘમાં- એવી રીતે જાય, ભાવિ પેઢી ધર્મની અભિમુખ થાય, જ્ઞાન પામે, સંઘના પ્રસંગોમાં જોડાય, એક વરઘોડો છે એ બેન્ડના પાંચ હજાર, પાઠશાળા માં નાખી દઈએ, વેશ ભુષાની સ્પર્ધા છે, સુવાક્યો ની સ્પર્ધા છે. એ પાંચ- હજાર તમે છોકરાઓ માં આપી દો, ને જુઓ આવું થોડા વર્ષ ચાલે પછી સંઘની ભાવિ પેઢી કેટલી આગળ આવે છે.

જ્યાં વિવેક છે, ત્યાં ધર્મ છે! જ્યાં વિવેક નથી, ત્યાં બહારથી કહેવાતો ધર્મ પણ હકિકતમાં ધર્મ નથી, અને હજુ આગળ વધીને, એ પ્રવૃત્તિ ધર્મ માટે બોજરી પુરવાર થાય છે. ઘણી બધી આવી વસ્તુઓ હોય છે, ડગલે ને પગલે, કેટકેટલી ભુલો આપણે કરતા હોઈએ. તમે કહો શું કરવું? સો સમસ્યા નો એક ઉપાય છે. ગીતાર્થ

સચિત્ત ગુરૂ નો આપે શાસ્ત્ર. સંઘની જેટલી સમસ્યા, આપણી વ્યક્તિગત જેટલી સમસ્યા, જેટલી આત્મિક સમસ્યા, એ બધી સમસ્યાનું કારણ એટલું જ છે કે આપણા આપે કોઈ છે જ નહિ ! સાહેબ, પૂજન રાખ્યું છે, સાહેબ પધારો ! આપણે ગુરૂ ને RUBBER STAMP બનાવ્યા છે, સાહેબ- પૂજન કરવું કે નહિ ? સાહેબ આટલા વાપરવા છે, કઈ રીતે વાપરવા ? સાહેબ આ પૂજન કઈ રીતે કરવું ? સાહેબ કઈ રીતે વધારે અહોભાવ ભળે? સાહેબ કઈ રીતે જેમને જેમણે મારે ભેડવા છે એ બરાબર ભેડાય ? સાહેબ કઈ રીતે મને આનું વધારે ફળ મળે ? આપણને કહી વિચાર સુદ્ધા આવતો નથી, અને એના કારણે આપણી ઘરેડ માં આપણે ધર્મ કરે રાખીએ છીએ, અને પછી આપણે જ ચર્ચા કરીએ છીએ કે ભાઈ, આને ધર્મ કહેવાય કે ના કહેવાય !

પહેલી યાત્રા અષ્ટાન્હિકા યાત્રા, બીજુ યાત્રા રથયાત્રા, અને ત્રીજુ યાત્રા છે તીર્થયાત્રા !

યા ત્રાયતે ભીમભવાટવીભયાત્ ।

હોટલોમાં જઈને, થિયેટરો માં જઈને, જે પાપો બાંધ્યા છે, જે પગ નો દુર ઉપયોગ કર્યો, આંખનો દુર ઉપયોગ કર્યો, એ બધા જ દુર ઉપયોગો નું પ્રાયશ્ચિત તીર્થયાત્રા હોય છે ત્રીજ નંબર ની યાત્રા, આ છે ત્રીજું કર્તવ્ય, ચોથું કર્તવ્ય જિનમંદિર માં સ્નાત્ર મહોત્સવ, પ્રતિ દિન ઘણા ભાગ્યશાળી ઓ કરતા હોય છે, વરસ માં એક- વાર, આ કર્તવ્યો વાર્ષિક છે એટલે વર્ષમાં એક વાર શું કરવાનું ? તો વિશિષ્ટ રીતે સ્નાત્ર મહોત્સવ એ પણ ભણાવવો જોઈએ. પાંચમા નંબરનું કર્તવ્ય છે દેવ દ્રવ્ય ની વૃધ્ધિ, શાસ્ત્રની અંદર ક્યું છે,

वड्ढंतो देवदव्वं तित्थयरत्तं लहइ जीवो ।

દેવ-દ્રવ્યની વૃધ્ધિ કરે, એ તીર્થંકર પદને પ્રાપ્ત કરે.
એની સાથે સાથે શાસ્ત્રકારો કહે છે કે, વૃધ્ધિ
બે પ્રકારની છે. વિધિ વૃધ્ધિ અને અવિધિ વૃધ્ધિ.
તમે વૃધ્ધિ કરી દીધી પણ તમે અવિધિ થી કરી
છે તો ઉલ્ટાનું તમને પાપ લાગ્યું છે. ઉલ્ટાના
તમે વિરાધક થયા છો. તીર્થંકર પદની વાત
જવા દો, તમારો આત્મા વધારે નુકશાની માં -
ઉતરશે. દેવ-દ્રવ્યની વૃધ્ધિ કરવાની એ પણ વિધિ
થી કરવાની !

જે પાપી ધંધાઓ, એ એની અંદર
નાખવું અને એ રીતે વૃધ્ધિ કરવી, ખોટા
રસ્તા અપનાવવા, એ રીતે, ભલે તમે ઘરમાં
નથી લઈ જતા, અહીંયા લાવો છો. પણ એ
રીતે તમે વૃધ્ધિ કરી, તો પછી તમે આરાધક
નહિ, પણ વિરાધક થયા. દેવ-દ્રવ્યની વૃધ્ધિનો
અર્થ શું ? સરસ મજાનો પ્રભુ ભક્તિ નો
મહોત્સવ છે, મહાત્મા કે સંગીતકારે સરસ
મજાની એવી પ્રેરણા કરી કે સંવેદનશીલ પ્રેરણા,
બહેનો એ ઘરેણા ઉતારી દીધા, કોઈએ વીંટી
ઉતારી, કોઈએ પોંચી ઉતારી, કોઈએ બુટ્ટી
ઉતારી, થાળી ભરાઈ ગઈ ઘરેણાઓ થી
દેવ-દ્રવ્યની વૃધ્ધિ થઈ ગઈ ! ભગવાનની
નવી આંગી બનાવવાની હતી, સંઘમાં વાત
મુકી, સોનાનો વરસાદ વરસાવ્યો, એક ગ્રામ સોનું
બે ગ્રામ સોનું, પાંચ ગ્રામ સોનું, બે તોલા,
ત્રણ તોલા, ચાર તોલા, પાંચ તોલા,
આપણે કહીએ વૃધ્ધિ થઈ ગઈ. એક બાજુ
દેવ દ્રવ્યના કરોડો રૂપિયા પડ્યા છે, એ
શેના માટે છે ? FIX DEPOSIT કરવા માટે ?
એક બીજુ કંપનીઓને એ કદાચ મત્સ્ય ઉદ્યોગ।

હોય, એ કદાચ બીજું કાંઈક કરવાના હોય, એ ત્રીજું કાંઈક કરવાના હોય, એ બધા ધંધાની અંદર એક ધીરાણ રૂપે એમને આપે, અને અહીંયા જ્યાં ભગવાનનું પ્રયોજન પડ્યું છે, ત્યાં નવી ઉપજ આપણે કરીએ, આને વૃદ્ધિ કહી શકાય કે ના કહી શકાય ? સંઘના જે ભાવ છે ભગવાન ની ભક્તિ ના, એમને પણ હાથ જોડી ને વંદન કરવાનું મન થાય. ભગવાનના નામે ઘરેણા-ઓની મોહ ઉતારતા આપણા શ્રાવક- શ્રાવિકાઓ, જેટલી એમની અનુમોદના કરીએ એટલી ઓછી છે, એનો નિષેધ પણ નથી, ખોટી ખર્ચ લઈને કોઈ જતાં પણ નહિ, મારે તમને વિવેક ની વાત કરવી છે.

ભગવાનની નવી આંગી બનાવવી છે, ભગવાનનું બીજું કોઈક પ્રયોજન છે, એમાં દેવ-દ્રવ્યની જે INCOME પડી છે, એ વાપરવી - વધારે સારી કે નવી ઉભી કરવી વધારે સારી ? એક બાજુ આ બધા પ્રસંગો એ આપણું નવું ઉભુ કરીએ અને બીજુ બાજુ સંઘને કહેવું પડે, સાધારણ ની તોટો છે, સાધારણ માં ખાત્ર છે, સાધારણમાં તેમ છે, વિધિ વૃદ્ધિ છે તો આરાધક પણું, અવિધિ વૃદ્ધિ છે તો વિરાધક પણું !

એક તીર્થ ની અંદર ઉપધાન તપ ચાલી રહ્યા છે, ઉપધાન તપ જે કરાવી રહ્યા છે, એ પરિવાર ના શ્રાવિકા ઉપધાન માં બેઠા છે, છેલ્લા દિવસો આવ્યા છે, માળ ની ઉછામણી ચાલી રહી છે, બધા ને સો ટકા વિશ્વાસ આ જ ભાઈ બોલવાના, પહેલી માળ એ જ લેવાના, ઘરના ઉપધાન, પોતે કરાવી રહ્યા છે, પોતાના શ્રાવિકા બેઠા છે, મારે તમને વિવેક ની વાત કરવી છે.

શનિવાર

DATE 19 08 2017

જ્યાં સુધી વિવેક નહિ આવે ત્યાં સુધી આપણું ઠેકાણું પડવાનું નથી. એ ભાઈ એક શબ્દ પણ બોલતા નથી, પહેલી માળ જતી રહી, બીજુ માળ જતી રહી, ત્રીજુ માળ જતી રહી, ચોથી માળ જતી રહી, પાંચમી, દસમી, પચ્ચીસમી, પચાસમી, સો મી, સવાસો મી, એક શબ્દ પણ એ ભાઈ પુરક રૂપે બોલ્યા નથી, બોલવા ખાતર પણ બોલ્યા નથી. બધાના આશ્ચર્યનો પાર નથી. છેલ્લી માળ નકરાથી સવા સો રૂપિયામાં આપવાની હતી. એ માળ એમણે લીધી. પહેલી માળની જેટલી INCOME થઈ હતી, જેટલા રૂપિયા પહેલી માળ બોલનારે ચુકવવાના હતા, એટલા જ રૂપિયા પોતે તે સ્થાનની અંદર સાધારણમાં આપી દીધા.

એક ભાઈ હતા, પોતે ઉપધાનમાં બેઠા છે, શ્રીમંત છે, આગળની માળ લઈ શકે એમ છે. એ માળની ઉછામણી થઈ. ઉછામણી બોલ્યા નથી ને સંઘને એટલી વાત કરી કે, આ તીર્થ ની અંદર આટલી આટલી જરૂર છે, આટલો તોટો છે, આનું ફંડ આપણે કરીએ એ ઇચ્છનીય છે, સારું છે, ફંડ-આપણે શરૂ કરીએ, જેટલું ફંડ થશે બધા તરફથી, એની TOTAL જેટલી રકમ થશે, એટલી રકમ હું મારા તરફથી પણ લખાવીશ. એમ, સંઘની તોલે હું ન આવું, એટલે એટલી રકમમાં અગિયાર રૂપિયા ઓછા લખાવીશ! નવ લાખ રૂપિયાનું ફંડ થયું, સામે બીજા પોતાના નવ લાખ રૂપિયા પોતે ઉમેર્યા, એ તીર્થની અંદર જે તકલીફ હતી, જે તોટો હતો, એ ટળી ગયો, આને વિવેક કહેવાય!

વ્યાધિતસ્યૌષધં પથ્યં, નીરુજસ્ય કિમૌષધૈઃ?

જ્યાં ટેકરા ના ટેકરા છે ત્યાં આપણે ઉમેરણી કરવી છે. જ્યાં ખાડો છે એની ઉપેક્ષા કરવી છે. તો સમજી લો કે સંઘ આપણને આપણો લાગ્યો જ નથી.

રસોડું આખું ભાંગી ગયું છે. અંદર જવાની પણ તકલીફ છે, અને DRAWING ROOM માટે શણગાર્યા જ કરે શણગાર્યા જ કરે, શણગાર્યા જ કરે, એના જેવી કહાય આપણી સ્થિતિ છે. પેલો છોકરો બિચારો ભુખ્યો છે, રડે છે, અને ખાવા આપો, અને પેલા એની બહુ જ પ્રેમથી MAKE-UP કર્યા જ કરે છે, તારો બહુ જ સરસ MAKE-UP કરીએ, ઓલો કહે બહુ ભુખ લાગી છે ભાઈ. ના..ના તને બહુ સરસ MAKE UP કરીએ.

દેરાસરનો ભંડાર, અને સંઘનો સાધારણ નો ભંડાર, આ બંને જેને જુદા લાગે છે. એકમાં ઉંચી દ્રષ્ટિ લાગે છે, બીજામાં નીચી દ્રષ્ટિ લાગે છે. એ લોકો હકિકતમાં જિનશાસન ને સમજ્યા જ નથી! જે રોગી છે એને દવા આપવી જોઈએ, જે નિરોગી છે એને દવાનું કશું કામ નથી.

વ્યાધિતસ્યૌષધં પથ્યં, નીરુજસ્ય કિમૌષધૈઃ?।

દેવ દ્રવ્યમાં ઘણું બધું છે. આવી એકાંગી કોઈ ની માન્યતા હોય, એની પણ CLARITY આપી દઉં, એટલા બધા દેરાસરો નો જિર્ણોદ્ધાર કરવો છે, એ જિર્ણોદ્ધાર માટે આ-જે દેવદ્રવ્ય TOTAL છે, એ બધું પણ ઓછું પડે એમ છે. આદર્શ સંઘ એને કહેવાય, જેક સાધારણ ખાતું રાજી ની બધા ખાતા ને NIL (ખાલી) કરી દે. જ્ઞાન ખાતું છે, એકે રૂપિયો એની અંદર ના હોય. દેવ-દ્રવ્ય

એક રૂપિયો એની અંદર ના હોય, કે જે સંઘમાં INCOME (આવક) થઈ અને જેટલા-જેટલા એના યોગ્ય સ્થાન છે, કોઈ આપણને ખરચુ કરે એ આપણા માટે શરમની વાત કહેવાય. સંઘે ખરચુ કરવી જોઈએ કે અમારે-આટલો લાભ લેવો છે, અમને લાભ આપો.

સાધારણ ખાતાની અંદર પણ આજે પણ એવા આદર્શ સંઘો હોય છે. થોડા વર્ષો પહેલાની વાત આંબાવાડી નો સંઘ, સુરતમાં ઉમરા નો સંઘ, મુંબઈ-મલાડનો સંઘ, જિતેન્દ્ર રોડ નો સંઘ, હિરસૂરીજીનો સંઘ, આવા સંઘો એ બીજા સંઘની જે જરૂરિયાત હતી એ પુરી કરી, પુરી કર્યા પછી જેટલું EXTRA FUND POSSIBLE હતું, એ કરી દીધું. જેટલા જેટલા સંઘોમાં વધારે જરૂર હતી, સાધારણ નું FUND પોતાના સંઘ માંથી બીજાના સંઘમાં ફાળવી દીધું! સંવેગ રંગ શાળા ગ્રંથ કહે છે, જેને થાય કે આ મારું ઘર દહેરાસર એ દહેરાસર! મારા સંઘનું દહેરાસર બસ હું એનું કરું, બીજામાં હું કંઈ ના કરું, એને ત્યાં લખ્યું છે,

કુગઇગામિણો મૂઢ જેણ ॥૨૯૨૯॥

તેઓ મુઢ છે, તેઓ મોહાધીન છે, તેઓ-દુર્ગતિમાં જાય છે, અને તેઓ ભવભ્રમણ કરે છે, એને આગળ વધીને કહ્યું,

સાસણવુચ્છેયમિચ્છંતિ ॥૨૯૨૯॥

તેઓ જિનશાસનનો ઉચ્છેદ કરે છે। પુવસ્થામાં પુવી બિચાર કપાતા હોય, ને ધારોકે આપણે પુવસ્થા નું ફંડ રાખી મુક્યું, તો આપણે ગુનેગાર છીએ. દહેરાસર જુના અને શીર્ણ દશા માં છે, જિર્ણોદ્ધાર ની જરૂર છે ને આપણે

દેવ દ્રવ્ય શાની મુક્યું, પૈસા આપણને ASSET લાગે છે, મિલકત લાગે છે, આપણને ગૌરવ અને STATUS લાગે છે. હકીકતમાં આ બધા જ કજા, આ બધા જ ઝઘડા, પૈસાના કારણે ઉભા થાય છે.

કુમારપાળ ભાઈ સાથે એક વાર અમે બધા મહાત્માઓ બેઠા હતા, કલિકુંડમાં! અમને એમનો અનુભવ કહેતા હતા, એક વાત કરી કે, ઘણા બધા સંઘ વાળા માર્ગદર્શન લેવા આવે, એક સંઘ વાળા આવ્યા, અમારા સંઘમાં ઝઘડા બહુ જ છે, શું કરીએ ? કુમારભાઈ એ કહ્યું તમારી કેટલી INCOME છે, કહ્યું ત્રણ કરોડની INCOME છે, એણે કીધું કે આ બધું ખાલી કરી નાખો એટલે ઝઘડા નહિ થાય!

અમારા ગુરુદેવ ચિંતા કરે છે, સોમનાથ મહાદેવના મંદિરમાં INCOME હતી ને એના કારણે મહમદ ગઝની વગેરે આવ્યા છે. એકવીસ-એકવીસ વાર એ મંદિર ને લુંટ્યું છે. એ મ્લેચ્છ લોકો જે અફઘાનિસ્તાનથી આવ્યા, અને આવી આવી ને લુંટી ગયા એ તો હજુ એટલું નુકશાન ન હતું, પાછું અહીંયા જ વસ્યા, આજે ભારતની અંદર પણ મુસ્લિમોની જે તકલીફ હોય, આજે બધી સામાજીક વ્યવસ્થાઓ ભેજમમાં મુકાઈ ગઈ, અહીંયા તમે રહેતા હો, પાછળી બિલ્ડીંગમાં કોઈ મુસ્લિમ રહેતો હોય, સવાર પડે ને કેટકેટલી બાંગો આપણા કાને પડે, આ બધું શેના કારણે થયું છે ? પૈસાના કારણે થયું છે. દેવ-દ્રવ્યની વૃદ્ધિનો એ અર્થ નથી કે ભાઈ દસ કરોડ પડ્યા છે ને એને પંદર કરોડ કરો. આ તો વૃદ્ધિ થઈ ગઈ, એ એની ખરી વિવેક થી

ઉપયોગ થશે, તો જરી વૃદ્ધિ કહેવાશે. દેવ-દ્રવ્યની વૃદ્ધિ, પાંચમું કર્તવ્ય, છઠ્ઠું કર્તવ્ય છે "મહાપૂજા". વર્ષમાં ક્રમસેક્રમ આ છ અઠ્ઠાઈઓમાં, અથવા ક્રમ સે ક્રમ એક કે બે વાર મહાપૂજા થવી - જોઈએ, મહાપૂજા માં કોઈ કમી ન હોવી જોઈએ, એકવીસ ને એકાવન નું લીસ્ટ આપણે કરી દઈએ, અને એમાંથી જે આવ્યું, એમાંથી જેવી થાય એવી મહાપૂજા કરી દઈએ, આ પણ ભગવાનની એક પ્રકારની આશાતના છે. ભગવાન ની ભક્તિ માટેનું દ્રવ્ય, એને દેવદ્રવ્ય કહેવાય !

અજબોપતિ માણસ છે એનો નોકર ફંડ કરવા માટે નીકળે છે, મારા શેઠ ને જમાડવા કોઈ આપો ભાઈ આપો, કોઈએ બે બે આપ્યા, કોઈએ પાંચ રૂપિયા આપ્યા, કોઈએ દસ આપ્યા, અને ટોટલ થયું સત્તાવન રૂપિયાનું ને ઓલો સત્તાવન રૂપિયાની થાળી લાવશે શેઠ માટે, એ નોકર છે એનામાં વિવેક નથી કે શેઠ તો અજબોપતિ છે, પહેલા નંબરમાં કોઈને આપવું હોય તો આપે ભક્તિના ભાવથી, ન આપવું હોય તો કદી હાથ નહિ લંબાવે, ભગવાન માટે હાથ લંબાવવો એ ભગવાનની શરમિંદા કરવા બરાબર છે. ભગવાનનું જે દ્રવ્ય એ ભગવાનની ભક્તિ માં વાપરી શકાય, દ્રવ્ય-સપ્તતીકા ની અંદર લખ્યું,

सति हि देवद्रव्ये प्रत्यहं पूजावृद्धिसम्भवः।

જો દેવદ્રવ્ય હશે તો દિન-પ્રતિદિન જીનાલયની અંદર પૂજા થશે, મહાપૂજા થશે, ભગવાનની વિશિષ્ટ સત્કાર થશે, એ જોઈને કેટકેટલાના મોહ ઉતરી જશે, પછી આમ કરવું નહિ પડે,

શનિવાર

DATE 19 08 2017

એ સામગ્રીથી પરસ્પર, ફરી ફરી ને આપણે - ભગવાનને ભક્તિત બનાવીએ. આપણી કેટલીક - ગેરસમજો, કેટલીક એવી માન્યતાઓ, જેના કારણે સમજી નથી શક્તા, કોઈ વ્યક્તિ ની ભાવના છે, ઉંચા માં ઉંચી મહાપૂજા, મારા તરફથી જરૂર એને લાભ મળી શકે, સારું એ જ છે, એ વધારે આનંદ ની વાત છે, પણ આપણે માંગીએ ફંડ કરીએ, અને ફંડ કરીને જેટલું થયું એમાંથી એટલું જ કરવું, આ આપણી બહુ મોટી ગેર-સમજ છે.

સભાનો પ્રશ્ન :- દેવદ્રવ્ય માંથી મહાપુજા થઈ શકે કે નહિ ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- દ્રવ્ય સપ્તતીકા નો પાઠ છે, તમે, રોજ કરો એવું નથી કીધું, ક્યારે વિશેષ અવસર હોય ! ભગવાનની ભક્તિ માટે !

આપણે સાધર્મિક માટે નું ફંડ કર્યું, એ ફંડ એમને એમ રાખીએ પાછું કહીએ સાધર્મિક માટે આપો. જ્ઞાનની ભક્તિ માટે ફંડ થયું, હવે કોઈ ગ્રંથ સંઘને બહાર પાડવો છે તો કહેશે કે એનું ફંડ આપો, અરે ભાઈ જે છે એ શેના માટે છે ? ભગવાનની ભક્તિ માટે નું દ્રવ્ય તે દેવદ્રવ્ય ! જ્ઞાનની ભક્તિ માટે નું દ્રવ્ય તે જ્ઞાનદ્રવ્ય ! મહાત્મા / સંઘની ભક્તિ માટે નું દ્રવ્ય તે સંઘ દ્રવ્ય ! વૈયાવચ્ચ / મહાત્માની ભક્તિ માટેનું દ્રવ્ય તે વૈયાવચ્ચ દ્રવ્ય !

હવે આની ક્યાં વ્યાખ્યા એ કરે છે, ત્યાં એટલા બધા અત્યાચારો, એવા બધા ઉપાધી લાગુ કરવા પડે છે, એટલું બધું અસમંજસ, એક નાની ગેરસમજ, અને એના કારણે સંઘની અંદર એવી આખી હવા ફેલાઈ જાય, એવું વાતાવરણ ફેલાઈ જાય, ઠાસવારે પૈસાની વાત કરવી પડે સંઘ

ના વિરાધના ઓને આવું-આવું ના થાય એના માટે વિધિ સમજવી જોઈએ.

આગળનું જે કર્તવ્ય, સાતમું કર્તવ્ય, રાત્રિજાગો.

**સભાનો પ્રશ્ન :-** સાહેબ, જે ખાતું સીદાતું હોય એની માટે શું થઈ શકે ?

**પૂજ્યશ્રી નો ઉત્તર :-** એટલે આ જે વાત કરીને સાધારણ દ્રવ્ય, સાધારણ દ્રવ્યનો અર્થ છે, ગઈ કાલે સમજાવ્યું, ગુજરાતી માં - સાધારણ નો MEANING અલગ, સંસ્કૃત ની અંદર અલગ છે. આપણે સંસ્કૃતનો શબ્દ લઈને ગુજરાતી માં AS IT IS અર્થઘટન કરીએ છીએ માટે તકલીફ થઈ છે. હકીકતમાં સાધારણ નો અર્થ છે COMMON ! ગુજરાતી માં અર્થ થાય, BACKWARD, એની બદલે આપણે ગુજરાતી માં શબ્દ જ ન વાપરવો જોઈએ સાધારણ, માટે જ બહુ બધી MISUNDERSTANDING થાય છે, શુભ ખાતું, ઉચ્ચ ખાતું, સર્વોચ્ચ ખાતું, આવું કંઈક નામ આપીએ તો આ શાસ્ત્ર રીતે સંગત પણ છે, ગેરસમજ પણ ના થાય, સાધારણનો અર્થ BACKWARD નથી સાધારણનો અર્થ સર્વોચ્ચ છે, સંવેગ રંગશાળા ગ્રંથ ના શબ્દો છે, એક ખાતામાં પણ આપવાથી જે આટલું પુણ્ય હોય, તો સામુહિક સાતે ક્ષેત્ર, એનું સાધારણ માં આપવાથી તો કેટલું ઉંચું પુણ્ય બંધાય ! આગળ વધીને તીર્થંકર નામ કર્મ બંધાવનારું થાય છે !

**સભાનો પ્રશ્ન :-** સાત ક્ષેત્ર [illegible] નું ખાતું તો હોય જ છે સંઘમાં, એને છોડીને

દ્રવ્ય એક સાધારણ નું ખાતું હોય છે !
પુજ્ય શ્રી નો ઉત્તર :- એઆમાં શું થાય, તમારા - અલગ અલગ ખાતા છે, દેવદ્રવ્ય માં આટલું છે, જ્ઞાન દ્રવ્યમાં આટલું છે, વૈયાવચ્ચ માં આટલું છે, આ બધું છે. હવે માનોકે તમે સાધારણ એવું કંઈ રાખ્યું નથી, અને તમારે ક્યારે જરૂર પડી કે સંઘનું આ પ્રયોજન છે. હવે ધારોકે અહીં જરૂર પડી ને રેપ વગર જુરશી વાળા વધ્યા, ત્યારે તમે શું કરશો ? એ જુરશી ક્યાંથી લાવશો ? ઈતિહાસમાં એવા મોટે કોઈ આવ્યું છે, એને થાય આવ્યું કે ભાઈ મોટું તો એવું છે, દર્શન કરવા છે, અહીંયા પાણી નું માટલું ન હતું, શું કરશો ? કોઈ ભાઈ આવ્યા હોડના... હોડના, ધોતી માંથી ધોતિયું કાઢ્યું ને સામાયિક - લેવાની તૈયારી થાય છે અને ઉઘાસણું ભૂલી ગયા છે, તો એ સમયે એનું કંઈ કરવા જવું ? એટલે સંઘના જુદા - જુદા પ્રયોજનો ની અંદર, દરેક પ્રયોજનો માં કામ આવે, એને સાધારણ દ્રવ્ય કહેવાય સાધારણ નો અર્થ છે COMMON. આ સાત માંથી કોઈ જુદુ ક્ષેત્ર કાઢ્યું એવું નથી, સાતેય ક્ષેત્રનો અર્થ સાધારણ ક્ષેત્ર છે.

સભાનો પ્રશ્ન :- સાત ક્ષેત્રનું ખાતું પાછુ જુદુ હોય છે ને !
પુજ્ય શ્રી નો ઉત્તર :- સાત ક્ષેત્રનું જે ખાતું છે ને, એની અંદર શ્રાવક ક્ષેત્ર, શ્રાવિકા ક્ષેત્ર, આ બધા ની અલગથી વ્યવહાર માં પ્રવૃત્તિ નથી, અને એના કારણે લોકો ને એવો વિવેક નથી, બુધ્ધિ નથી અને સાધારણ ક્ષેત્રનો અર્થ COMMON છે, આ પણ બુધ્ધિ નથી,

એટલે અમારે એ જ વાત સમજાવવી પડે છે. સાધારણ દ્રવ્ય, દહેરાસરમાં ચાલે, ઉપાશ્રયમાં ચાલે, વેયાવચ્ચ માં ચાલે, સાધર્મિક કે કોઈ ભલાઈ રહ્યું છે, એને પણ ચાલે. પણ એ સંઘશાહી આપવું જોઈએ.

એક ભાઈ હતા, ટ્રસ્ટી હતા, ઘણી બધી મોટી જીવદયા ની ઉઘરાણી હતી ને, પોતે ઘરમાં લઈ ગયા! ધીમે ધીમે વાત બહાર આવી ને ખુલાસો માંગવામાં આવ્યો ને એ ભાઈએ એવો જવાબ આપ્યો કે ભાઈ જીવદયાનું ફંડ હતું, શું હું જીવ નથી? હું એ જીવ છું, જીવદયા ની વાત હતી. બરોબાર એ રીતે ના લઈ શકે.

એ સાતે ક્ષેત્ર ની અંદર દહેરાસર, ઉપાશ્રય, જ્ઞાનમંદિર, આયંબિલ ખાતુ, પાઠશાળા, સંઘના બીજા પણ પ્રવૃત્તિઓ, વેયાવચ્ચ વગેરે એ બધામાં કામ લાગે એને શુભ ખાતું, સાધારણ ખાતું સંસ્કૃત માં કહેવાય. ગુજરાતીની અંદર આપણે શુભ ખાતું કે ઉત્તમ ખાતુ કહી શકીએ. તો એમાં વિવેક થી એની પણ વૃદ્ધિ કરવી, એ વર્તમાન ના સર્વશ્રેષ્ઠ પુણ્ય નો એક માર્ગ છે. એ વિવેક ની આજે જરૂર છે તો આપણને બરોબર સમજાશે, કે આ ખાતાનું પુણ્ય સૌથી વધારે છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ, દેવદ્રવ્ય નું FUND મહાપૂજા માં વપરાય છે? આપની પ્રતિમાજી અને એના માટે જ હોય ને?

પૂજ્ય શ્રી નો ઉત્તર :- પ્રતિમા, દહેરાસર, વગેરે

છે ને આમાં મતમતાંતર છે, અમારો આશય
અહીંયા કોઈ મતાંતર છેડવાનો, કે વિવાદ સર્જવાનો
નથી પણ અહીંયા જે કર્તવ્યો હોય એ અમારે
સમજાવવાની ફરજ છે. ભગવાનની ભક્તિ માટેનું દ્રવ્ય !
દહેરાસરમાં ઉપયોગી જે જે વસ્તુ છે, એ પૂજારી
હોય, WATCH MAN હોય, આંગી હોય, ઉપકરણ
હોય, એ ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ રીતે ભગવાનની
ભક્તિમાં ઉપયોગી થવાનું હોય, એ બધી જ વસ્તુ
હકીકતમાં દેવદ્રવ્ય માંથી થઈ શકે.

શ્રાવક જો સંપન્ન છે, તો સ્વ-
દ્રવ્ય થી આખું દહેરાસર બનાવવું જોઈએ. શ્રાવક
જો સંપન્ન છે, તો પોતાનું જ કેસર, પોતાના જ
ફુલ, વાપરવા જોઈએ. મોટી શક્તિ કદાચ બધાની
ના હોય, નાની તો બધાની હોય, જ્યાં શક્તિ
પહોંચે છે, ત્યાં પણ જિનાલય નું વાપરવું એ
બરાબર નથી. પણ બીજુ બાજુ જ્યાં સાધારણ
ખાતા ની અંદર મોટા- મોટા ખાડા હોય, દેવદ્રવ્યની
એટલી બધી ઉપજ હોય, વધને ત્યાં જ બધું
સ્વદ્રવ્ય... સ્વદ્રવ્ય કર્યા કરે, અને બીજુ બાજુ
સંઘ સીદાતો હોય સાધારણ ખાતામાં મોટો તોટો
હોય, સંઘના પ્રયોજનો પાર ન પડતા હોય,
પાઠશાળા છે એ રડવું આવે એવી સ્થિતિ માં
ચાલતી હોય, એ સમયે સંઘનું ઔચિત્ય શું ?
આપણો વિવેક શું કહે છે ? તમે ઘરમાં કઈ
રીતે વ્યવહાર કરો ? ઘરમાં કઈ રીત તમે
ADMINISTRATION કરો, બરાબર એ જ બધું
જો અહીંયા લાવો, તો ખરેખર આપણો વિવેક
એમ કહે છે કે, ખરેખર ક્યાં આપણે આપવા
જેવું છે. શાસ્ત્ર વિરુદ્ધ ચાલવું એવી પણ
વાત નથી. શાસ્ત્રો માં પણ સંબોધ પ્રકરણ

શનિવાર

DATE 19 08 2017

વગેરે ની અંદર, હરીભદ્ર સૂરીજી મહારાજ વગેરે એ આખી વ્યવસ્થા બતાડી છે, ક્યું દ્રવ્ય, શેમાં ચાલે! દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય એનું તુલ્ય મહત્વ એ વાત આપેક્ષિત છે, બાકી એ ભંડાર નું દ્રવ્ય એનો એક રૂપિયો કે એક પૈસો પણ બહીયા લવાય નહિ. જે ભાવિકે જે વિશ્વાસે નાખ્યું છે, ભગવાનના ભંડારમાં નાખ્યું ભગવાનની ભક્તિ માટે, ઉછામણી - કોઈ એ લખાવ્યું, વૈયાવચ્ચ માં લેજો, એ રૂપિયો કદી પાઠશાળામાં લઈ જવાય નહિ, બધા ખાતા ની શુદ્ધિ ક્યારે રહે, સાધારણ ખાતું મજબુત હોય, તો દેવદ્રવ્યની પણ રક્ષા થાય!

હવે દ્રવ્ય માં આપતા જઈએ -----
આપતા જઈએ ----- આપતા જઈએ, સાધારણ ખાતામાં તોટો છે, હવે જ્યારે જરૂર પડી ત્યારે સંઘે શું કરવું પડશે, દેવ દ્રવ્ય માંથી હવાલો નાખીને લઈ લેવો પડશે. સાધારણ ખાતા ને આપણે FULL કરી દીધું, એકદમ FULFILL કરી દીધું, એનો અર્થ એ છે કે બીજા બધા ખાતા ની જે BOUNDARY હતી, તે સુરક્ષિત થઈ ગઈ, હવે દેવ દ્રવ્યની પણ રક્ષા થશે, ગુરુ દ્રવ્ય ની પણ રક્ષા થશે, જ્ઞાન દ્રવ્યની પણ રક્ષા થશે, સાધારણ ખાલી હશે તો સંઘમાં બધી જ ગરબડો થાતુ થઈ જશે, એ હવાલા એ ક્યાં સુધી ચાલશે, એ બધું ચુકવાશે કે નહિ ચુકવાય, એનું વ્યાજ ચુકવાશે કે નહિ ચુકવાય, એ અમર ભાવે ચુકવાશે કે આપણા ભાવે ચુકવાશે, આ બધા વિકટમાં વિકટ પ્રશ્નો છે,

અવિવેક હશે ત્યાં સુધી આ પ્રશ્નો નો ઉકેલ, આવવાનો નથી. ગઈકાલે અગ્રણીઓ આવ્યા હતા, મેં કહ્યું કે કરવું હોય એ કરો, અહીંયા ઉપાશ્રય માં જિંદગી માં કદી એ એક રૂપિયાની માંગણી કરવી ના પડે, એવો PLAN તમે બનાવો, આ જે સંઘની VALUE DOWN થાય, જિનશાસન ની જે આમાન્યા, જિનશાસન પ્રત્યે નો અહોભાવ, એ તુટી જાય, આનું નુકશાન બહુ મોટામાં મોટું છે. સંઘની અંદર વિવેક હોવો જોઈએ. સંઘ મારું ઘર લાગે, શાસન મારું લાગે, તો આવું કશું જ સમજાવવાની જરૂર ના પડે. ઘરની અંદર જે ઉચિત હોય છે એ બધું આપણે કરીએ છીએ.

ઘરમાં જવાની તકલીફ હોય ત્યારે, નવો બંગલો બાંધવા આપણે ક્યારે પણ રહેતા નથી! અહીંયા જ્યારે જે ખાતાની અંદર તકલીફ હોય, અને બીજા જ ખાતા, એમાં જ FULFILL કરવું, એવા સિદ્ધાંત અપનાવવા, એ ખાતું વધતું જ જાય, જ્યાં તોટો છે ત્યાં તોટો વધતો જ જાય, તો એમાં વિવેક નથી. ઘણું બધું આમાં કહેવા જેવું છે, અવસરે જરૂર કહીશું. તમારા જેટલા પ્રશ્નો હોય એ બધાના જવાબ છે. અત્યારે આપણે પ્રસ્તુત માં આગળ વધશું.

સાતમું જે કર્તવ્ય છે એ રાત્રિજગો, રાત્રિ જાગરણ કરીને એમાં જાપ કરાય, ભગવાન ના ગુણગાન ગવાય, એટલો વિવેક રાખવો આજના સમય ની અંદર, બહુ LATE NIGHT (મોડી રાત) સુધી, આ રાત્રિ જગો છે એ ના ચાલવો જોઈએ. ઘણા જુદા આશય થી આવે, કોઈ હોય એ છુ

જુદા આશયથી આવે. એના બહાને એના કામે, ખોટા કામો પણ થઈ શકે. એટલે બહુ મોડે સુધી રાત્રિજગો ના કરવો.

ત્રીજું છે "શ્રુતપૂજા". શ્રુત - એટલે ભગવાનનું વચન, જે પહેલા મુખપાઠથી આવતું, અને પાછળથી કાળને જોઈને લખવાની પરંપરા શરૂ કરવામાં આવી. એની પ્રતો હોય, એના પુસ્તકો હોય, સરસ મજાનો જ્ઞાનભંડાર સંઘની અંદર છે. રોજે રોજ અમને જરૂર પડે, રોજે રોજ ઉપયોગી થાય. એક જ્ઞાન - દ્રવ્યની પણ આપણે ત્યાં વ્યવસ્થા, માત્ર પૈસાની વાત નથી કરવી. શ્રુતપૂજા એટલે શું. કલ્પસુત્રને વધાવી દીધું, ચડાવો લઈ લીધો, વાસક્ષેપ પૂજા કરી દીધી, એટલે શ્રુતપૂજા આપણી પુરી થઈ. ઘરમાં છાપું પણ આવ્યું છે ને ઘરમાં ધર્મની ચોપડી પણ છે. આપણે જ્યાં છાપ નાખીએ છીએ એની આપણે પૂજા કરીએ છીએ.

જેમાં ગંદકીથી પણ ગંદકી આવતી હોય, એક સજ્જન માણસ હાથમાં પણ ના લઈ શકે એવી બધી જેની અંદર વસ્તુઓ છે, એવા ફોટા છે, એ બધાને આપણે વધાવીએ, WELCOME કરીએ, પૈસા આપીને, વ્યવસ્થા ઉભી કરીએ, HOME DELIVERY કરી, આપણા ઘર સુધી એ વસ્તુ આવે. બીજુ બાજુ આપણે કહીએ, પુસ્તકો ઘણા છે, ઘરમાં જગ્યા નથી. ઘરમાં ભેજ છે, ઘરમાં તેજ છે. કહી આપણે કહ્યું કે ઘરેણા બહુ વધી ગયા છે! કહી આપણે કહ્યું કે કપડા બહુ છે, કાઢી નાખવા છે, ગરીબોને

આપી દેવા છે. જેમાં આપણને રુચિ નથી એ
વસ્તુ આપણને વધારે લાગતી હોય છે. જેની -
અંદર રુચિ નથી, એમાં કંટાળો આવે છે, બોજો
લાગે છે. ખરી મુંઝવણ એ છે કે આપણે
જિનવચનને ઉપાદેય બુદ્ધિ થી જોઈએ. જિન-
વચન પ્રત્યે અહોભાવ લાવીએ, જિનવચનનું
આકર્ષણ અને, આર્ત અને રૌદ્ર ધ્યાન જે
સાહિત્ય ની અંદર થવાના છે, તમે મને કદાચ
પુછશો કે સાહેબ આમાં શું પાપ ? સમાચારની
સમય છે છાપુ તમે જોયું છે. અંદર તમે
વાંચ્યું છે, ભારતની BORDER ઉપર પાકિસ્તાનના
પચ્ચીસ આતંકવાદીઓની મારી નાખવામાં આવ્યા,
ને આપણને થયું બહુ સરસ થયું, મરી ગયા!
" વીણ ખાધા, વીણ ભોગવે,
ફોગટ કર્મ બંધાય "
એ પચ્ચીસ પંચેન્દ્રિય જીવોની જે હત્યા થઈને
એમનું મૃત્યુ થયું, એની અનુમોદના દ્વારા
એ પચ્ચીસ જીવો ને મારવાનું પાપ આપણ ને -
લાગી ગયું. હું તમને પુછું છું આ પાપ નહી?
કદાચ ઘર માટે રસોઈ કરવી પડે ને જીવોની
વિરાધના થાય, કદાચ ધંધામાં વિરાધના કરવી પડે,
આ બધી જરૂરની વિરાધના, કદાચ તમારી -
મજબુરી ની વિરાધના! અને આ બધી જે
છાપા ની વિરાધના, જે T.V. ની વિરાધના, જે
MOBILE ની વિરાધના, જ્ઞાન વાંચવાનું બંધ થઈ
ગયું છે એ બતાડે છે કે આપણું ભવિષ્ય
બહુ જ કાળું છે. જ્યાં સુધી સદ્વાચન નથી,
જ્યાં સુધી જિનવચન ની રુચિ નથી,
જિનવચન વખાણી લાજે ભવનો પાર
બીજા કેટલા કેટલા સંસારના યોગો છે કદાચ,

મનોરંજન ના કહો, કદાચ દુનિયાની જાણકારી ના કહો, આ બધા જ સંસારને વધારનારા છે. ભગવાનનું જે વચન છે એ ભવનો પાર પમાડનારું છે.

મોટા સાહેબ છે, સંસારી પણે પિતાશ્રી થાય. અઢાર વર્ષ સુધી ઘરમાં રહેવાનું થયું છે, પછી દીક્ષા થઈ છે, અઢાર વર્ષમાં અમારા ઘરે કદી છાપુ આવ્યું નથી. સંતાનોના - સંસ્કાર ની ચિંતા એમણે કરી છે, એવા - મા-બાપ મને મળ્યા છે, એ આજે છાતી ગદગદ ફુલે!

હું તમને કહું તમને શરમ ના આવે? જે સાહિત્ય, જે CHANNEL, જે વસ્તુ તમારા ઘરની અંદર પ્રવેશે, કદાચ તમે તમારા ISSUE થી બાળ્યા, તમારા છોકરા દસ વર્ષના, બાર વર્ષના, ચૌદ વર્ષના, એમના સંસ્કારોની તમને ચિંતા ખરી? એના પેટમાં ઝેર ન જાય એના માટે તમે કદાચ સાવધાન હશો. એવી દવા છે, જંતુનાશક છે આ છે તે છે! એ છોકરાઓ ની પહોંચ ની બહાર રાખવી એવી સુચના લખી છે, આપણે એનું બરાબર પાલન કરીએ છીએ. પેટમાં ગયેલું ઝેર છે કદાચ એકાદ ભવ વધારે માં વધારે મારશે, જે આંખમાં ગયેલું ઝેર, જે કાનમાં ગયેલું ઝેર, જે મનમાં ગયેલું ઝેર, એને આ ઝેર એના ભવોભવ બરબાદ કરી દેશે, એની આપણને ચિંતા ખરી? હું આ બધી વસ્તુ ને NON-VEG (માંસાહારી) કહું છું. NON-VEG ની આપણને સુગ છે ખબર પડે માંસ છે, ફેંકી દેશું આપણે, ગમે

જેટલી મોંઘી વસ્તુ હોય. NON VEG માત્ર ભોજન નથી હોતું, NON VEG વાંચન પણ હોય છે. NON-VEG ભાષા પણ હોય છે. NON VEG BUSINESS પણ હોય છે. NON-VEG પહેરવેશ પણ હોય છે, જે આ બધી વસ્તુમાં જે પણ NON-VEG છે એને ઓળખી લ્યો, તો-જિંદગીમાં આપણે એને અપનાવવું તો નહિ, એનો વિચાર સુધ્ધા કરી નહીં શકીએ.

પંદર લાખ કોપી ગુજરાત સમાચારની નીકળતી હોય ને, એક કોપી તમારા ઘરે આવે છે તો તમેય એના ઘરાક થાવ છો. તમે ઘરાક છો, માટે ADVERTISMENT મળે છે, ને તેના કારણે એ વસ્તુનો વધારે પ્રચાર થાય છે, પ્રચાર થાય છે ને જે નીચેમાં નીચે એ લોકો ઉતર્યા હોય, ગંદામાં ગંદુ એક સજ્જન માટે વિચારવું ઉચિત નથી, જે અંદર જે લખ્યું હોય, એ એક સજ્જન આંખ ઊંચી કરીને જોઈ ન શકે એવા એની અંદર ચિત્રો હોય, આપણે જૈન કહેવાઈએ, ધાર્મિક કહેવાઈએ, આરાધક કહેવાઈએ, આવી વસ્તુ આપણા ઘરની અંદર આવે !

જે કતલખાના વાળા ને પૈસા-આપવા કરતા પણ એ છાપા વાળા ને ત્યાં પૈસા-તમારા પહોંચે, એ વધારે મોટું પાપ છે. તમારા મગજમાં આ વાત બેસે કે કતલખાના ની અંદર કદાચ દ્રવ્ય હત્યા છે, ગાય, ભેંસ, ઘેટા, બકરા એની અંદર મરે છે, અહીંયા ભાવ હત્યા છે કે મનમાં વિચાર બેસાડે, કે મનમાં પાપ પેસાડે, કે ખોટા પ્રચારો કરે, કે સંસ્કૃતિ ના લીરે લીરા ઉડાવી દે, કે

ધર્મ ની મજાક કરે, જે વચન આવે આપણા
શાસનના આબરૂ ના ટુકડા થઈ જાય, એવા
લખાણ તેઓ છાપી શકે, હું તમને કહું કે
આપણે જૈન થઈ ને એમને PROMOTE -
કરીએ !

શાસનની દાઝ હોય ને, રગરગમાં -
શાસનનું લોહી વહેતું હોય ને, આપણા ઘરે
કોઈ આવું મુકી જાય તો એના ચાર ટુકડા -
કરીને બહાર ફેંકી દેવું જોઈએ, આવી વસ્તુ
મારા ઘરની અંદર ન જોઈએ ! નથી -
આપણને આપણા આત્મા ની ચિંતા, નથી
સંતાનો ની ચિંતા, નથી ધર્મની ચિંતા, નથી
સંસ્કૃતિ ની ચિંતા ! એક દિવસ ભેગા મળી
ને સંવત્સરી પ્રતિક્રમણ કરીને છુટ્ટા પડી -
જઈશું, સમજુ લો કે આટલા ધર્મથી આપણો
મોક્ષ નહીં થાય ! "શ્રુતપુત્ર" !!

એક ભાઈ મારી પાસે આવ્યા ને
કહે સાહેબ, આપને કંટાળો ના આવે આખો
દિવસ વાંચતા જ રહો તો ! મેં કહ્યું કે
જ્યારે એવા સંયોગ આવી ગયા હોય જ્યારે
સાથે કોઈ જ શ્રુત ના હોય, ભગવાનનું
વચન ના હોય, ત્યારે કંટાળો આવે ! તમે
T.V. જોવામાં જે મજા માનતા હો, કદાચ કોઈ
સ્ત્રી કે પુરૂષ ના ભોગમાં જે આનંદ માનતા
હો, કોઈ હોટલ કે લારી પર જઈને ભાવતા
ભોજનના ચટાકા લઈને, તમને જે સુખ થતું હોય,
એના કરતા વધારે સુખ, એના કરતા અનેકગણું
સુખ, ભગવાનના વચનની અંદર રહેલું છે
એને વાંચતા નથી એને માણતા નથી, એને
ઓળખ્યું નથી, ત્યાં સુધી એની કિંમત થઈ નથી,

શનિવાર

DATE 19 08 2017

ઉછામણી આપણે બોલીએ, વાસક્ષેપ પૂજા કદાચ આપણે કરીએ, આપણી પ્રતિ એ છાપામાં છે, આપણી પ્રતિ એ બાધ આવ્યોમાં છે, તો એ પણ શ્રુતની એક પ્રકારની આશાતના છે. પૂજન કરવા તમે આવ્યા-પાછળથી ધક્કો વાગ્યો, પ્રત હતી, સાપડા ઉપરથી પડી ગઈ, ટેબલથી નીચે પડી, સિસકારી નીકળી ગયો, દુ:ખ થયું, આઘાત લાગ્યો, આ શું થયું ! આપણને લાગે છે, આશાતના થઈ ગઈ, બહુ પાપ થઈ ગયું. ભગવાન કહે છે ભુલથી થયું, અનાભોગથી થયું, એ પાપ નાનું છે. અને જે આભોગથી કર્યું, જે જાણી જોઈને કર્યું. ચોપડા બધા કાઢી-નાખ્યા, જે કુસાહિત્ય હતું એને "WELCOME" કર્યું, આ જાણી જોઈને કરેલી આશાતના છે ને બહુ મોટી આશાતના છે.

શ્રુત પ્રત્યેની ભક્તિ, ગુરુદેવ પાસે અમે કદાચ અડધી રાતે પણ ગયા હોઈએ ને એ શ્રુતની ચિંતા કરે ! મારા ભગવાનનું શ્રુત, દસ વર્ષ-મહેનત કરી જેતપુર ORIENTAL LIBRARY ની અંદર, આપણા જૈન ધર્મની હસ્ત પ્રતો રહેલી છે, દસ વર્ષથી ગુરુદેવ ઝઝૂમતા હતા, એક કોપી એની સંઘને પાછી મળે... પાછી મળે... પાછી મળે !! ને દસ વર્ષ પછી, હમણાં બે મહિના પહેલા, ગુરુદેવનું એ સ્વપ્ન સાકાર થયું દસ વર્ષ ગુરુદેવ શા માટે ઝઝૂમ્યા ?, તમને જેની કોઈ કિંમત નથી, તમારા માટે જે કદાચ પસ્તી છે, વધારાનું છે, જગ્યા રોકે છે. શ્રુત નું મહત્વ જે સમજ્યા છે, એના માટે એ સર્વસ્વ છે. તમારી સમસ્યાઓ, તમારું TENSION તમારું DEPRESSION, તમારી ઉપાધિઓ, એ બધાનું રહસ્ય તમારા ઘરે રહેલી કોઈક ધાર્મિક-ચોપડીના એકાદ પાનાની અંદર રહેલું છે.

ક્રોધ એ પીછાણ શી કે આ મારા માટે કામની વસ્તુ છે, ઉપયોગી વસ્તુ છે, એનો તમે ઉપયોગ કરો એ સાચા અર્થ માં શ્રુત પૂજા છે. અહીંયા જે કરીએ એ દ્રવ્ય પૂજા છે, એમાં જે બહુમાન નો ભાવ ભળે, એ ભાવપૂજા છે અને ઉપાદેય બુદ્ધિ થી આપણે એનો ઉપયોગ કરીએ એ એની સર્વોત્કૃષ્ટ પૂજા છે.

કર્તવ્યમાં આગળ વધીએ, નવમું કર્તવ્ય "ઉજમણું" કોઈ વિશિષ્ટ તપ કે અનુષ્ઠાન કર્યા પછી એનું ઉજમણું કરવામાં આવે, એમાં ઉપકરણો રાખવામાં આવે, દેરાસર માં - ઉપયોગી થાય, મહાત્માઓ ને ઉપયોગી થાય, ધર્મ ની પ્રભાવના થાય, પાર્ટી ના નામે, જન્મ દિવસ ના નામે, ANNIVERSARY ના નામે, લાખો - કરોડો રૂપિયા વેડફાઈ જતા હોય છે, ઉજમણું એ વેડફાટ નથી, ધર્મની પ્રભાવના છે ધર્મની ઉપયોગિતા છે, ધર્મની અનુમોદના છે, ધર્મનો પ્રચાર છે.

દસમું કર્તવ્ય "શાસન | તીર્થ પ્રભાવના" કોઈ પણ વિશિષ્ટ સંઘનો પ્રસંગ હોય, કઈ રીતે સારામાં સારી રીતે થાય, કઈ રીતે આપણે એમાં ઉપયોગી થઈ શકીએ, તન - મન - ધનથી એમાં સહયોગ આપીએ, પ્રસંગ વધારે ને વધારે દીપે ! એને શાસન અને તીર્થ ની પ્રભાવના કહેવાય.

અગિયારમું કર્તવ્ય છે "પાપની શુદ્ધિ", એટલે કે આલોચના, પંદર દિવસે નહિ તો ચાર મહિને, નહિ તો મોડામાં મોડું એક વર્ષે પાપોની આલોચના કરવી જોઈએ. જ્યાં સુધી અંદર કાબર - ચીતરું છે, જ્યાં સુધી અંદર

અશુદ્ધિ છે, આરાધના ગમે તેટલી કરીએ, PAINTER છે દિવાલ ઉપર ચિત્ર બનાવવું છે, સારામાં સારી PAINTER, સારામાં સારા COLOURS, પણ દિવાલ એ કાબર ચીતરી છે, દિવાલ એ ચોક્ખી નથી તો એ ચિત્ર બરાબર બની નહી શકે, બન્યા પછી પણ ચિત્ર જેવું નહિ લાગે, આજ સુધીમાં કેટલા-કેટલા પાપો મન, વચન, કાયા થી કર્યા છે, ગીતાર્થ અને સંયમી ગુરુ ભગવંત હોય, ગંભીર હોય, જે કોઈને કહે નહિ, સમજે છે એ કોઈ ને કહું તો મારો અનંત સંસાર થાય, એવા ગુરુ ભગવંત ની પાસે, ખુલ્લા દિલે, બાળક બનીને, બધા જ પાપો ની આલોચના, કદાચ વર્ષે વર્ષે આપણે ના કરતા હોઈએ તો, પહેલા ભવ આલોચના, શાંતિથી એક મહિનો એવો કાઢો, એક નોટબુક લઈને બેસો, યાદ આવતું જશે, લખતા જાવ, અને લખ્યા પછી એ નોટબુક પોતાના નામ વગેરે સાથે, એવા ગીતાર્થ ગુરુ ભગવંત ને આપવી જોઈએ, એનું જે પ્રાયશ્ચિત આવે એ પ્રાયશ્ચિત વહન કરવું જોઈએ અને એના પછી પણ, વધુ માં વધુ એક વર્ષે ની આલોચના હંમેશા કરતા રહેવું જોઈએ, નહીં તો જે પાપોની આલોચના કે પ્રાયશ્ચિત નહીં થાય, એ પાપો આપણે જ ભોગવવા પડશે.

શ્રાદ્ધ જનમાં જેમ કહ્યું અગિયાર કર્તવ્ય સમજ્યા બાદ, પહેલા બે કર્તવ્યો એને કંઈક વધુ ઊંડાણ થી સમજ્યા છે. "સંઘપૂજા" અને "સાધર્મિક ભક્તિ"! સંઘ શું છે એ સમજવતા પહેલા તમને એક પ્રશ્ન કરું કે, દહેરાસરની અંદર આપણે "ENTER" થઈ ગયા છીએ, ઉંબરો આવ્યો છે આપણે શું કરીએ ? આપણે જે ઉંબરા ઉપર હાથ મુકીને માથે લગાડીએ છીએ,

શનિવાર
DATE 19 08 2017

એ શું ? આ દહેરાસરમાં આવનારા જે તીર્થંકરના
આત્મા, કે ગણધરના આત્મા, કે આચાર્યો ના
પુત્રો, એ બધા ની જે ચરણ રજ એ ઉંબરા
ઉપર છે, એને લઈને આપણે માથે મુકીએ
છીએ. નંદિ સુત્રની અંદર મંગલ કર્યું છે,
ચુમ્માલીસ નંબરનું આગમ નંદિસુત્ર, સંઘને
એક એક ઉપમા આપી છે, સંઘ રત્નાકર છે,
સંઘ રોહણાચલ છે, હું તમને પુછું કે જે
ભરતક્ષેત્ર માંથી નજીક ના કાળમાં મોક્ષે જવાના છે,
એ આત્માઓ અત્યારે ક્યાં હોય ?

ભરતક્ષેત્રના, નિકટ ના કાળમાં -
મોક્ષે જનારા આત્માઓ શું GULF COUNTRY માં
હોય ? શું એ કોઈ કસાઈ હોય ?
શું એ કોઈ મુસ્લિમ હોય ?
શું એ કોઈ ઈસાઈ હોય ?
શું એ કોઈ માંસાહારી હોય ?
એ બધા આત્માઓ સંઘની અંદર જ હોય !
જ્યાં સુધી સંઘને જોવાની આપણી દ્રષ્ટિ
નથી છે, ત્યાં સુધી આપણે ધર્મને સમજ્યા જ
નથી.

ગૌતમસ્વામી જી, મહાવીર સ્વામીજી ને
પ્રશ્ન કરે છે કે, ભગવાન,

જત્થ સવ્વધમ્મા

ત્રાજવા ના એક પલ્લા ની અંદર બધા જ ધર્મો
મુકી દીધા હોય. એમાં માસક્ષમણ મુકી દઈએ,
એમાં એકાવન ઉપવાસ, અડસઠ ઉપવાસ,
એકસો આઠ ઉપવાસ, એકસો એંસી ઉપવાસ,
મોટા- મોટા દહેરાસરો બંધાવ્યા હોય, એ ધર્મ
પણ એની અંદર મુકી દઈએ. આજીવન
બ્રહ્મચર્ય નું પાલન કર્યું હોય એ ધર્મ પણ

એની અંદર મુકી દઈએ. અરે, રોજે રોજ દસ દસ શ્લોકનો સ્વાધ્યાય કર્યો હોય, એ ધર્મ પણ એની અંદર મુકી દઈએ.

एगत्थ सव्वधम्मा साहम्मियवच्छलं तु एगत्थ ।

અને ~~ભગવાન્~~ બીજા પલ્લાની અંદર, સાધર્મિક ભક્તિ મુકીએ. ભગવાનને પ્રશ્ન કર્યો, ભગવાન આ બાજુ તો નવ્વાણું ટકા ને આ બાજુ એક ટકો, ને ભગવાન જવાબ આપે છે,

बुद्धितुलाइ तुलिया दोन्नि वि तुल्लाइ भणियाइं ॥

જે ત્રાજવામાં આ રીતે રાખવામાં આવે, એક બાજુ બધા જ ધર્મો ને બીજુ બાજુ માત્ર ને માત્ર - સાધર્મિક ભક્તિ, તો એ બંને પલ્લા તુલ્ય રહે છે, આ નવ્વાણું અને એક નો RATIO નથી, આ FIFTY - FIFTY નો RATIO છે, એક બાજુ બીજુ બધી જ આરાધના, અને બીજુ બાજુ સાધર્મિક-ભક્તિ !

પૂર્વકાળના એવા શ્રાવકો હતા કે જિનશાસનનું આ તત્ત્વ સમજ્યા હતા, વસ્તુપાલની ~~ઠે~~ સમીપ એક સંઘ - લઈ ને એક શ્રાવક આવી ગયા છે, સંઘની અંદર હજારો - હજારો માણસો છે, અને વસ્તુપાલ ની ભાવના છે, મારા ઘરે સંઘ જમવો જોઈએ. સંઘની આજની ભક્તિ હું કરીશ. સંઘના લોકો આવતા જાય છે..... આવતા જાય છે..... આવતા જાય છે, અને વસ્તુપાલ એમના ચરણ પ્રક્ષાલન કરતા જાય છે.. કરતા જાય છે --- કરતા જાય છે.... સાત વાગ્યા, આઠ વાગ્યા, નવ વાગ્યા, દસ, સાડા દસ, અગિયાર, સાડા અગિયાર, બાર, સાડા બાર, એક, કેટકેટલી વાર અંદર થી તેડું આવી ગયું, હવે તમે એક વાર ફક્ત વાપરી લો. ઉંમર છે, શરીર થોડું નબળું છે, સવારથી કંઈ ખાધુ - પીધુ નથી. વસ્તુપાલ એ

આમંત્રણને ઠેલતા જાય છે, ઠેલતા જાય છે, ઠેલતા જાય છે. તેજપાલ આચાર્ય ભગવંત પાસે દોડે છે અને આચાર્ય ભગવંત કહે છે, શરીર ધર્મનો આધાર છે. એને સાચવવું જોઈએ. આટલું કહેવું પોતાની મર્યાદામાં કહ્યું છે. અને જ્યારે વસ્તુપાલ પાસે આ સમાચાર પહોંચ્યા, આજ મોંથી બોલી નીકળી છે, અનંતભવો સુધી આ શરીર મળ્યું છે, પણ આ સંઘ મળ્યો નથી.

કલાપૂર્ણ સૂરીજી મહારાજ મુંબઈ-મુલુંડ પધાર્યા હતા, સાંજે આવ્યા હતા, સવારે નીકળી જવાના હતા. શેડ બધા ભરાઈ ગયા હતા. ઉપાશ્રય હકડેઠઠ ભરાયો છે. માંગલિક આપ્યું છે. સંઘની ભાવના છે આચાર્ય ભગવંત બે શબ્દ કહે. અધ્યાત્મ યોગી છે. જિનશાસનના એક ઉચ્ચ આરાધક છે. સંઘની આ ભાવના છે ને આચાર્ય ભગવંત જે થોડા વાક્યો બોલ્યા, એમાં એક વાક્ય આ હતું, કે સંઘે આજે મારા ઉપર આટલો ઉપકાર કર્યો કે સંઘે મને દર્શન આપ્યા!

એક ગામ હતું ને એની પાસેથી સંઘ જવાનો હતો ને સંઘ ગામની બહારથી નીકળવાનો હતો, અંદરથી નીકળવામાં વાંધો ન હતો પણ અંદર એક જુનું ઘર હતું ને એ ઘર પાસે ગલી એટલી નાની થઈ જતી હતી કે, સંઘ ત્યાંથી પસાર ના થઈ શકે. એમાં હાથી, ઘોડા વગેરે હોય, ગાડા વગેરે હોય, પેલા ભાઈને ખબર પડી કે આ મારું ઘર છે ને એના કારણે સંઘ અહીંયાથી જવાનો નથી. રાતો-રાત એ ભાઈએ પોતાનું જે ઘર હતું એ તોડાવી નાખ્યું.

મારા ગામ માંથી સંઘ જવો જોઈએ. મારા ઘરની -
પાસેથી સંઘ જવો જોઈએ, ઘર નો મેવો-મેવ મળ્યા,
પણ મને સંઘ મળ્યો નથી.

એક શેઠ, થોડા વર્ષો પહેલાની આ વાત,
આચાર્ય ભગવંત ને પોતાના ઘરે પગલા કરાવ્યા, -
ચતુર્વિધ સંઘ સાથે, એક એક ભાવિકોના પગ ધોયા,
આચાર્ય ભગવંતો ના ગુરૂ પૂજન કર્યા, સરસ મજાની
બધાને પ્રભાવનાની પહેરામણી આપી, સંઘ વિદાય
થઈ ગયો. એક આનંદ સાથે આંગણામાં શેઠ બેઠા
છે, ઘણી બધી ધુળ થઈ છે ને એ નોકર બધી
ધુળ સાફ કરી રહ્યો છે, ધુળ ને એક સુપડાની
અંદર ભેગી ભરી દીધી છે, એ નાખવા જઈ
રહ્યો છે ને શેઠ દોડે છે, નોકર ને કહે છે કે
ભાઈ આ કાંઈ નાખી દેવાની વસ્તુ નથી, આ
તો મારા સંઘની ચરણરજ છે! એ ધુળ લઈને
શેઠ પોતાના માથે લગાડે છે, નોકર આશ્ચર્ય-
ચકિત થઈ જાય છે, અને શેઠ કહે છે કે
તારું જીવન જો તારે પાવન કરવું હોય ને, તો
તું એ તારા માથે આને ચડાવી દે!

હું તમને કહું છું, બાહ્ય દ્રષ્ટિએ
આપણે ગમે તેટલા ધર્મી હશું, સંઘની એકાદ
સભ્ય, કદાચ ગરીબ ઘરનો હોય, કદાચ કોઈ
નાનો માણસ હોય, એક નાનામાં નાના સંઘના -
શ્રાવિકા છે, અને એમનું પણ અપમાન જો
આપણે કર્યું છે તો એ અપમાન મહાવીર નું
અપમાન છે. એને જો હીન દ્રષ્ટિ થી જોઈ છે,
એના જીવનના પાપો, એના કોઈ દોષો, એ
આપણને ખટકે છે, જેનું અપમાન કર્યું છે,
એમને ખખેર્યા છે, જેનું બધાની વચ્ચે
INSULT કર્યું છે તો સમજુ લો એ INSULT

એક વ્યક્તિ નું નથી, એ INSULT અનંત તીર્થંકરોનું છે. સંઘ જમણ એક જગ્યાએ હતું, મુરબ્બી શ્રી બહાર બેઠા છે, લોકો વાપરી ને નીકળે છે. એક બહેન સાડી ના પાલવમાં કાંઈક છુપાવી ને હળવે પગે નીકળે છે. મુરબ્બીશ્રી છે, જમાનાના ખાધેલ છે, ખ્યાલ આવી ગયો છે. પોતાના ઘરે બે-ચાર દિવસ ચાલે માટે મિઠાઈ ના ૫-૬ બટકા બહેન પોતાના પાલવમાં સંતાડી ને લઈ જઈ રહ્યા છે. આપણી ફરીયાદ હોય કે સાહેબ, સાધર્મિક ખોટા હોય છે. આપણી જાત ને એક પ્રશ્ન કરીએ, આપણે સાચા હોઈએ ? આપણે કેવા ?

હીકરો, હજાર ભૂલ કરે તો એ મારો દીકરો ઉભો છે. અંદર એ ભાવ છે મમત્વ નો મારો દીકરો. અહીંયા જરાક કાંઈ થયું નથી ને આપણે ફૂટ દઈને પેન્સિલની અણી ની જેમ બટકી ગયા નથી, એ આપણી સ્થિતિ હોય તો સમજવાનું કે જિનશાસનનું હાર્દ આપણે કાંઈ સમજ્યા જ નથી !

મુરબ્બી અંદર ગયા છે, નિર્ણય કાંઈક લીધો છે, પેલો માણસ અંદર હતો એને કહ્યું કે આપણે ત્યાં ફોસ હતો એ ફોરન ક્યાં ગયો ? ફોસ લે છે, એ વાડી સંઘજમણની હતી એમા પાછળના ભાગમાં જાય છે દિવાલ તોડી નાખે છે ત્યાંથી, એમને હાશકારો થાય છે, કે કોઈને આવા સમયે અહીંથી નીકળી જવું હોય તો નીકળી જાય, જેથી મુખ્ય દરવાજેથી નીકળતા એને શરમ ના આવે. પાછલા દરવાજેથી એ લઈ જઈ શકે, એના માટે આ વ્યવસ્થા કરી દીધી !

જે આવું કરે છે, તેવું કરે છે. આ બધા પ્રશ્નો કરતા પહેલા એક પ્રશ્ન આપણે આપણી મન ને કરવી જોઈએ, કે એને આવું શા માટે કરવું પડ્યું ? તમારી ક્રેડિટ એ કદાચ નાના હશે, તમારી ક્રેડિટએ કદાચ નીચા હશે, તમારી ક્રેડિટ એ કદાચ સાધારણ હશે.

[ ખિલાફત ની ચળવળ હતી ને એ સમયે - ગાંધીજી એ મુસ્લિમો ને ટેકો આપ્યો હતો, ત્યારબાદ INTERVIEW લેવાયો મુસ્લિમ નેતા નો કે ગાંધીજી એ તમને SUPPORT આપ્યો તમારો પ્રતિભાવ શું છે, ને મુસ્લિમ નેતા એ જવાબ આપ્યો કે અમારો કોઈ મુસ્લિમ હોય, એ દારૂ પીતો હોય, એ જુગાર રમતો હોય, એ ખુન કરતો હોય, એ ચોરી કરતો હોય, અમારો નીચ માં નીચ મુસ્લિમ હોય એ પણ, ગાંધી કરતા મહાન છે. કારણકે એ મુસ્લિમ છે.

આજે તમે મણ સુધી લઈ ને જાવ, મારા ભગવાન મહાન, મારા ગુરૂ મહાન, મારો સંઘ મહાન ! એ મહાન છે કારણકે એ મહાવીર ને ભગવાન માને છે. એ મહાન છે કારણકે એ નવકાર ગણે છે. એ મહાન છે, કારણકે એ સંવત્સરી પ્રતિક્રમણ કરે છે. એ મહાન છે, કારણકે એ પોતાને જૈન માને છે. એ મહાન છે કારણકે એના દસ બાય દસ ના ઘરની અંદર પણ એમ જઈએ ને એ ગાંડો ને ઘેલો થઈ જાય, પોતાના સગા દીકરાને ડાલડા ઘી ખવડાવતી અમારી શ્રાવિકાઓ, મહાત્મા આવ્યા છે, દીકરી શેરની વહોરવા જાય છે. મા કહે બેટા વધ્યા છે, તો શું મહારાજ સાહેબ ને લુખ્ખી વહોરાવાની, ના બેટા એવી વાત નથી. બેટા ઉપરથી ઘી ઉતારવાનું છે ! તમે સમજ્યા !

શનિવાર

DATE 19 08 2017

વિહાર કરતા મહારાષ્ટ્રમાં અમે બલ્લાપુર ગામની અંદર પહોંચ્યા, આજે પણ બલ્લાપુર ગામ છે. એકદમ LOWER- MIDDLE CAST ના લોકો ત્યાં રહે. એક ઘરની અંદર ગોચરી લેવા હું ગયો હતો, નાના - નાના ફ્લેટ હતા, ગોચરી મેં વહોરી ને બહેને વિનંતી કરી - સાહેબ દુધ, અમારા એકાસણા વાળા મહાત્મા હોય, દુધ મારે વહોરવાનું હોય, મેં કહ્યું ચાલશે, ને બહેને તપેલી ખોલી, નાની તપેલી હતી, ને અંદર પા તપેલી જેટલું જ દુધ હતું ને, એતાની સાથે મને થયું કે ભાઈ રહેવા દો! સાવ ના પાડીએ તો એમને કદાચ દુઃખ થાય, મને થયું કે આ મને વહોરાવી દેશે એમના સંતાનો માટે રહેશે નહિ! એકાદ- બે ટીપા નામ પુરતા વહોરી લઈએ અમારે ગૌતમસ્વામી ની લબ્ધિ છે, જોઈએ એટલું મળી જશે પણ આ ઘરમાંથી મારે વધારે દુધ વહોરવું નથી, ને બહેન તપેલી ઊંધી વાળવા જતા હતા, મેં બસ-બસ-બસ કર્યું ને આમ તરપણી લઈ લઉં તો દુધ ઢોળાય, મેં કીધું બસ-બસ-બસ, બહેન કહે વહોરી લો, અમે તો સંસારમાં બેઠા છીએ. ચૌદ વર્ષ પહેલાની આ ઘટનાને, કદાચ આ ઘટના અને એ શબ્દો ને હું જિંદગી ભર માટે ભુલી નહીં શકું. એનો શું ચોક્કસ અર્થ થાય હું આજ સુધી સમજી શક્યો નથી, સાહેબજી વહોરી લો, અમે તો સંસારમાં બેઠા છીએ!

મુંબઈ કાંદિવલી માં આગામું ચોમાસુ ને ભાઈ વિનંતી કરવા આવ્યા,

classmate

શનિવાર

DATE 19 09 2017

સાહેબ ઘર થોડું દુર છે, મેં કહ્યું કે હું દુર જ આવું છું. લઈ ગયા મને TOWERS ગયા, APARTMENTS ગયા, SOCIETY ગઈ, ઝુંપડપટ્ટી ચાલુ થઈ, અંદર TURN લીધો ને ધ્રાસકો મને પડ્યો, કે આપણા જૈન ભાઈ અહીંયા રહે છે. હું તમને કહું છું, જ્યાં સુધી એક જૈન પણ ઝુંપડામાં રહે છે, ત્યાં સુધી આપણા બધા નાગડધીન્ના, બધા જલસા જેટલા જેટલા આપણા શોખ ના ખર્ચા, એ બધું જ આપણા કપાળ ઉપરનું કલંક છે, આપણા માટે શરમ ની વાત છે. જૈન ઝુંપડામાં રહેતો હોય, પચાસ હજાર આપવા માટે એને આપઘાત કરવો પડતો હોય.

પાંચ-સાત વર્ષ પહેલાની વાત, અમદાવાદ માં એક FAMILY, પચાસ હજાર રૂપિયા નું દેવું છે, સજ્જન છે. મોઢું બતાડી શકે એમ નથી ઉઘરાણી થાય છે, પરિવાર ના ચાર સભ્યો, દરવાજો બંધ કર્યો છે ને, ચારે ચાર જણા એ ઝેર પી લીધું! મારે તમને અહીં કાંઈ એવું નથી કહેવું આટલા રૂપિયા આપો, આટલા રૂપિયા આપો, સાધર્મિક ને આપવા જેવું છે, મદદ કરવા જેવું છે, આવું પણ મારે તમને નથી શીખવાડવું, મારે તમને પહેલી વાત એ કરવી છે કે એ બધા મદદ કરવા જેવા છે, ભુલી જાવ આ વાત. એ બધા પૂજવા જેવા છે. એ બધા પગે લાગવા જેવા છે, જેટલું ભગવાન નું મહત્વ છે, એટલું સંઘ નું મહત્વ છે, એ વાત મારે તમને કરવી છે.

મુંબઈ ગોરેગાંવ નો એક યુવાન નિમેષ એનું નામ છે, પત્ની છે, દીકરા છે, પરિવાર છે. ફ્લેટ માટે LOAN લીધી છે, જે ધાર્યું હતું તે બધું ઊંધું પડ્યું છે. ગોરેગાંવ સ્ટેશન ઉપર એ યુવાન ઉભો છે, લોકલ ટ્રેન

શનિવાર
DATE 19 08 2017

આવી રહી છે. નવકાર એટલે ગણી લીધો છે.
ટ્રેન આવે ત્યાં લોકો જોતા રહી જાય, કુદીને
બેસી ગયો છે પાટા ઉપર, પલાઠી લગાવી ને
ટ્રેન એના ઉપરથી પાસ થઈ જાય છે.
પૈસા જતી જાય એ કદાચ સારી
વાત હશે, પણ જે પૈસાથી કોઈનો જીવ જતી
જાય એ તો વધારે સારી વાત છે.
एगत्थ सव्वधम्मा साहम्मियवच्छलं तु एगत्थ।
પાટણમાં કલિકાલ સર્વજ્ઞ નો પ્રવેશ છે, કુમારપાળ
મહારાજા છે, મન મયુર નાચી રહ્યો છે, મારા
ગુરુદેવ પધારે! નાચી રહ્યા છે, ચતુરંગી
સૈના સાથે સામૈયું થઈ રહ્યું છે. નાચતા-
નાચતા ગુરુદેવ ની નજીક આવે છે ને જ્યાં
ગુરુદેવ ના વસ્ત્ર જુએ છે, ગુરુદેવ આવા
જાડા કપડા આપના?, ગુર્જરેશ્વર ના આપ
ગુરુ છો, જે અઢાર દેશના માલિક છે,
એના આપ તારણહાર છો, આપને આવું
ના શોભે, આપનું આવું કપડું હોય, ખાદી
નું હોય, લટ્ઠા જેવું હોય, જાડું હોય,
આવું તો ગરીબ માણસ પહેરે! આપ
આવા કપડા પહેરો એ મારા માટે શરમની
વાત છે. એને કલિકાલ સર્વજ્ઞ એ કહ્યું,
કુમારપાળ, તારા જેવા હોતા છતા આવા
ગરીબ શ્રાવકો રહેતા હોય, એ તારા માટે
શરમની વાત છે. આ કપડું કાંઈ અમારે
ખરીદવાનું હોતું નથી, એક શ્રાવકે મને
વહોરાવ્યું છે ને તું કલ્પના કરી લે જે કે
એ શ્રાવક ની સ્થિતિ કેવી હશે. કે એણે
મને આવું કપડું વહોરાવ્યું છે. આંખમાં
આંસુ આવે છે ને કુમારપાળ મહારાજા

classmate

પોતાના કાન પકડે છે, ગુરુદેવ આપી નિયમ, દર વર્ષે
એક કરોડ સોનામહોર માટે સાધર્મિક માટે વાપરવાની.
આ ઘટના પછી ચૌદ વર્ષ કુમારપાળ જીવ્યા છે,
અને આ ચૌદ વર્ષની અંદર ચૌદ કરોડ સોનામહોર,
જે સાધર્મિક ભક્તિ માટે અર્પણ કરી છે.

એગત્થ સવ્વધમ્મા સાહમ્મિયવચ્છલ્લં તુ એગત્થ ।

પ્રવચન માં એક વાર આવી વાત ચાલતી હતી, મહાત્માએ
પ્રેરણા કરી, એક ભાઈ, જાના હતા, પોતે રીક્ષા-
ચલાવતા હતા, એમણે વિચાર કર્યો હું સાધર્મિક ભક્તિ
કઈ રીતે કરી શકું. વિચાર કરતા ઉપાય મળી ગયો
રોજ, વ્યાખ્યાન છુટે ને બહાર પોતાની રીક્ષા લઈને
ઉભા રહી જાય, વ્યાખ્યાન માંથી છુટેલા અમુક લોકો
એની અંદર બેસે, એમને ઘરે પહોંચાડે, બધાના
ઘર પાસે ઉતરી ને પાકીટ કાઢે એટલે એમને ના
પાડે, એક મિનિટ ઉભા રહેજો, પેલા કહે ભાઈ
શું છે. રીક્ષા ની અંદર એણે એક નાની વાટકી
રાખી હતી, એની અંદર કંકુ રાખ્યું હતું. એ
કંકુ થી એમને તિલક કરે, એમને એક રૂપિયો
આપે, અને કહે કે આ મારી સાધર્મિક ભક્તિ
છે, એનો તમે સ્વીકાર કરો.

★ રસ હશે તો, રસ્તો મળશે !

પટેલો - પટેલો ને SUPPORT કરે,
મુસ્લિમો - મુસ્લિમો ને SUPPORT કરે, અને જ્યારે
સાંભળીએ કે જૈનો - જૈનો ને કાપે છે, ત્યારે
અમારી જીભ કપાઈ જાય છે. આપણો ભાઈ આગળ
આવે એમાં એ આપણે રાજી નથી, આપણો સાધર્મિક
સુખી થાય એમાં એ આપણે દુઃખી થતા હોઈએ,
દહેરાસર બનાવે છે, ભગવાનનું દહેરાસર પણ એ
બનાવે છે, એ મુદ્દા ઉપર એ આપણે દુઃખી

શનિવાર

DATE 19 08 2017

છીએ તો, આપણો ઝઘડો એ વ્યક્તિ સાથે નથી. હકીકતમાં આપણો ઝઘડો ભગવાન સાથે છે.

जत्थ सव्वधम्मा साहम्मियवच्छलं तु जत्थ।

શું યુવનનું કર્તવ્ય છે ? ખરી રીતે સાધર્મિક ભક્તિ કઈ રીતે કરી શકાય. પૈસા એ તો એનો એક બહુ નાનો ભાગ છે. કેટલા કેટલા આપણા - કર્તવ્યો છે, ઘણી વાતો હજુ બાકી છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x

રવિવાર

DATE 20 08 2017

## પ્રવચન - 3 - પ્રયત્ન

શિષ્યો વીંટળાયેલા છે, સમાધિ પાન ગુરુદેવ ને
કરાવી રહ્યા છે, સૌથી આગળ મુખ્ય શિષ્ય છે ને
મુખ્ય શિષ્ય, જરાક બધાને ખસકાવે છે, હાથ જોડે
છે, ગુરુ ને વંદન કરી ને કહે છે કે ગુરુદેવ,
આપની કોઈ છેલ્લી ઈચ્છા છે ? આખી જીંદગી
ગુરુદેવ ને સમર્પિત રહ્યા છે, ગુરુદેવ ની બધી
ઈચ્છા પુરી કરી છે. કદાચ થોડી મિનિટો ની
અંદર ગુરુ ના પ્રાણ નીકળી જવાના છે, ને શિષ્ય
ને મનમાં અચાનક સ્ફુરણા થાય છે, કદાચ -
કોઈ ઈચ્છા હોય, પહેલા માંગી લઈએ. ગુરુ
એકીટસે શિષ્ય ની સામે જુએ છે, ધીરે થી ગુરુના
હોઠ ફફડે છે ને ગુરુ કહે છે, મારી છેલ્લી
ઈચ્છા એ છે કે, મારે તારામાં જીવંત રહેવું છે.
ગુરુ જવાના છતાં પણ ગુરુ જીવંત રહી શકે છે,
જે જવાનું હશે એ કદાચ શરીર હશે, જે
જવાનું એ કદાચ આત્મા હશે, પણ જે
આદર્શો છે, જે સદ્ગુણો છે, જે વારસો છે,
ને એ વારસા ને જો મુખ્ય શિષ્ય સાચવી લે તો
એમ કહેવાય કે ગુરુ એ મુખ્ય શિષ્ય ની અંદર
જીવંત રહ્યા !

જિનશાસન ની આ પરંપરા છે,
અહીંયા ગુરુ કદી પણ OFF થતા નથી, ગુરુ
હંમેશા ON હોય છે, ગુરુ હંમેશા EVER-
GREEN હોય છે, ગુરુ હંમેશા શિષ્યમાં જીવંત
રહે છે. મહાવીર સ્વામી ભગવાન, સુધર્મા સ્વામીમાં
જીવંત રહ્યા ! સુધર્મા સ્વામી, જંબુ સ્વામીમાં જીવંત
રહ્યા ! જંબુ સ્વામી પ્રભવ સ્વામીમાં, પ્રભવ સ્વામી,
સ્વયંભવ સ્વામી માં, સ્વયંભવ સ્વામી, યશોભદ્ર સ્વામીમાં
યશોભદ્ર સ્વામી. ભદ્રબાહુ સ્વામીમાં, ભદ્રબાહુ સ્વામી
સ્થુલભદ્ર સ્વામીમાં, અને આખી આ જિનશાસનની

પરંપરા, અહીંયા ગુરુ કદી મરતા નથી, ગુરુ હંમેશા પોતાના શિષ્યમાં જીવંત રૂપે જીવતા રહે છે! સદ્ગુરુના જન્મને સમજવાનો પ્રયાસ કરવો છે. સદ્ગુરુનો જન્મ એટલે શું? એક ભૌતિક ઘટના હોય છે એક રત્નકુક્ષી માતા હોય છે, એની કુક્ષીએ સદ્ગુરુનો જન્મ થાય, આ બધી જ ભૌતિક ઘટના છે. ગુરુના આદર્શો આપણા જીવનમાં આવે ગુરુના ચીંધેલા રસ્તે આપણે ચાલતા રહીએ, ગુરુના સદ્ગુણો આવે, ગુરુની આરાધના આવે, ગુરુનું વચન આપણા જીવંત માં જીવંત બને, એને સદ્ગુરુનો આપણી ભીતરમાં થયેલો જન્મ કહેવાય!

એવો જન્મોત્સવ આ છે કે આપણી ભીતરમાં સદ્ગુરુ જન્મે! આજે ગુરુદેવ ના જન્મની વાત કરવી છે, આજથી ૮૫ વર્ષ પહેલા, ખંભાત ની અંદર, સ્તંભન પાર્શ્વનાથ ભગવાન અને એ જ્યાં બીરાજમાન છે, એ ભગવાનની બહુ જ સાંનિધ્યમાં, એ મિનિટ ના અંતરમાં, ગુરુદેવ નો જન્મ થયો એક ભૌતિક ઘટના! એક આધ્યાત્મિક ઘટના એમના ગુરુદેવો નો એમની ભીતરમાં જનમ થયો. પ્રેમસૂરી દાદાને અમે જોયા નથી, ભુવનભાનુ સૂરી દાદા ને પણ જોયા નથી, ગુરુદેવ ના ગુરુદેવ, પદ્મવિજયજી મહારાજ, એમને પણ જોયા નથી અને છતાં પણ એમ થાય, કે બધા ગુરુદેવોના જીવંત દર્શન અમે ગુરુદેવની અંદર કરી રહ્યા છીએ. એક પુસ્તક છે એનું નામ છે ગુરુપ્રદક્ષિણા કુલક, અને એની અંદર કહ્યું છે.

તઇ દિટ્ઠે સુગુરુ તે દિટ્ઠા
હે સદ્‌ગુરુ અમને તમારા દર્શન થઈ ગયા એટલે અમને સુધર્મા સ્વામીજી ના દર્શન થયા, હરીભદ્રસૂરી મહારાજ ના એ દર્શન થયા, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ના એ દર્શન થયા. જિનશાસનની આખી પરંપરા, આમ જોઈએ તો અમે જોઈ નથી, પણ ગુરુદેવ આપના દર્શન થયા, અને એનાથી આખી પરંપરા ના દર્શન થયા, કારણકે એ આખી પરંપરા આપની અંદરમાં જીવંત છે!

ગુરુદેવે કેટલી પ્રતિષ્ઠા કરી એની કોઈજ વાત મારે કરવી નથી. કેટલા સંઘો કાઢયા, કેટલા શિષ્યો ના એ ગુરુ છે, કેટલા વર્ષનો દીક્ષા પર્યાય, કેટલી અંજનશલાકા, કેટલા ઉપધાન, કેટલી નવ્વાણું, આજે કોઈ આંકડા ની વાત નથી કરવી. આજે અધ્યાત્મ ની વાત કરવી છે.

નાની નાની એવી ઘટનાઓને એ ઘટનામાં, જિનશાસનની પરંપરા ક્યાં ગુરુદેવમાં જીવંત જોવા મળી ને, અને એ પરંપરાએ એમની ભીતરમાં જન્મ લીધો હોય. મુંબઈની અંદર રહેતા હતા, ખંભાત ની જ એક છોકરી, બાળપણથી એની સાથે રમ્યા હતા, એની સાથે મોટા થયા હતા ને એની સાથે પ્રેમ થયો હતો. એ સમય એવો હતો જ્યારે લગ્ન સુધી પેલી છોકરી ને જોવા પણ મળે નહિ, કોઈ આમ વળી પરાક્રમ કરીને બીજા ગામે જઈને જોઈ આવે, ને મળી આવે છુપી રીતે તો એ ય બહુ મોટી ઉપલબ્ધિ કહેવાય. અને એ સમયમાં પ્રેમ સગાઈ ગુરુદેવે કરી હતી, સગાઈ થઈ ગઈ છે, લગ્ન થયા નથી, એ વચ્ચે નો સમય છે. મારે તમને જન્મ ની વાત કરવી છે. એ કોલેજ જતો યુવાન હોય, એ વેપારી યુવાન હોય, ભોયબાલા ને

લાલબાગ ને પાયધુની ના વિસ્તારો હોય, ભુવન-
ભાનુસૂરી મહારાજ ના વ્યાખ્યાનો હોય, પદ્મ-
વિજયજી બાજુમાંથી સજ્ઝાય બોલે, પૃથ્વીચંદ્ર
ગુણસાગર ની વાત હોય, ધન્ના અને શાલીભદ્ર
ની વાત હોય. જે સંયમની ધારા વહે ને -
ભુવનભાનુ સૂરી મહારાજ જે વિવેચન કરે, પેલા
એક જુગા ની અંદર એક છોકરો બેઠો હોય
ને ઈન્દ્રવદન એનું નામ હોય, આખું આમ
એનો ઢાળી દીધું હોય, ને એ ધ્રુસકે ને
ધ્રુસકે રડતો હોય, એ લાલબાગ ના બે ચાર,
પાંચ, છ ને સાત, એ જે ચોમાસાઓ, એ
જે શેષકાળો, એ જે પ્રવચનો, અને જે
સંયમ ધારા એ દેશનાની અંદર વહેતી હોય,
અને ધારાની અંદર બધા જ યુવાનો ભીંજાઈ જાય.
યુવાનોની અંદર ગુરુદેવ હતા, ચંદ્રશેખર મહા-
રાજ હતા, જયઘોષસૂરીજી મહારાજ હતા, ગુણરત્ન-
સૂરીજી મહારાજ હતા, આજના જે જે ધુરંધરો
ને આપ દેખાય છે, જિનશાસન ની સર્વોત્કૃષ્ટ
PANEL (હરોળ) માં રહેલા એ મહાપુરુષોને
એ વખતે કોઈ કિશોર રૂપે, કોઈ યુવારૂપે,
એ સભાઓની અંદર બેઠા હતા.

ગુરુદેવ અમને વાત કરે, એક
બાજુ વ્યાખ્યાન ચાલતું હોય, બે આંખ માંથી
અનરાધાર આંસુઓ વહેતા હોય, વ્યાખ્યાન
પુરા થાય, જેવા વ્યાખ્યાન પુરા થાય,
અને અમે જઈએ પાયધુની ની અંદર,
આદિનાથ ભગવાનના દેરાસરજી માં, ગોડીજી
માં જઈએ, શાંતિનાથ ભગવાનના દેરાસરમાં
જઈએ, મોતીશા ના ભાયખલા ના દેરાસર-
માં જઈએ, ભગવાનની સામે બેઠા હોઈએ,

ન સ્તવન હોય, ન સ્તુતિ હોય, એ આખું વ્યાખ્યાન એની REPRINT અંદરમાં ચાલતી હોય. અશ્રુઓ અનરાધાર વહેતા હોય, રડી રડીને આંખો સુઝી ગય સાંજ પડે ઘરે જઈએ, લોકો બધા ભોયરુલ્લાની ચાલમાં અલક મલક ની વાતો કરે, ગુરુદેવ કહે કે આવા દિવસોમાં એ બધામાં કદી હું INVOLVE (સહભાગી) થવા હું જતો નહતો. અહીંથી વૈરાગ્યની ગમે તેટલી દેશના તમે સાંભળી ને, પછી તમને બહાર નીકળી ને ગપ્પા મારવાનું મન થયું તો સમજુ લો કે દેશના ની બધી અસર ભૂંસાઈ ગઈ!

જે પરિણતિ મળી, જે સંવેદના મળી, જે ભાવના મળી, જે જ્ઞાન મળ્યું, જે વિવેક મળ્યો ને તમે જેટલું શક્ય હોય એટલું વધારે મૌન રાખશો, શક્ય હોય એટલું મનોમંથન કરશો, શક્ય હોય એટલું કોઈ પ્રતિજ્ઞા લેવાની દિશા માં આગળ વધશો તો દેશના તમારા માટે સફળ થશે, નહીં તો કદાચ ગમે તેટલી ઉંચી દેશના હશે, આપણે આપણા બાહ્ય ભાવો માં, વિકથા ઓની અંદર, ઠઠા ને મશ્કરીની અંદર, એ દેશના ને આપણે સાફ કરી નાખશું, આપણા આત્મા ને એની કોઈ જ લાભ નહીં થાય.

ગુરુદેવ પોતે એક રૂમમાં જતા રહેતા, મનોમંથન કરતા, સુતા જી છેલ્લી ઘડી સુધી મનોમંથન ચાલતું, સપનાની અંદર સમવસરણ આવતું, ભગવાન દેશના દઈ રહ્યા છે, પોતે અંદર બેઠા છે. દેશનાની અંદર શું આવતું, જે પોતે આજે વ્યાખ્યાન માં સાંભળ્યું હોય તે દેશના રૂપે ભગવાન કહી રહ્યા હોય. એક બાજુ પ્રેમ છે, બીજુ બાજુ શાસન છે, ગુરુ વાણી છે, પ્રેમસુરીદાદા એ હાથ પકડ્યો છે. જે આપણે ગુરુના આદર્શો ની આપણે અવગણના કરીએ છીએ, એ આપણે ગુરુનું એક આધ્યાત્મિક સ્તરે ખુન

આપણા હાથે થઈ શક્યું હોય છે. જે વખતે ગુરુના આદર્શો નો આદર કરીએ ને એ દિશામાં એક ડગલું પણ માંડવાનો પ્રયાસ કરીએ, એ ક્ષણે આપણી ભીતરમાં સદ્ગુરુનો જન્મ થાય છે. એમની માતા એમને જન્મ આપે એ ભૌતિક ઘટના છે, આપણે એમને જન્મ આપીએ એ આધ્યાત્મિક ઘટના છે. સદ્ગુરુનો જન્મ ખરા અર્થમાં મનાવવો હોય, તો આપણી ભીતર એ સદ્ગુરુને જન્મ આપવો જોઈએ.

એક બાજુ ઘર આખું વિરોધમાં છે કે ભાઈ તે સગાઈ કરી, અમે તેં જ્યાં કીધું ત્યાં તારી સગાઈ કરાવી આપી, અને આ બધું કર્યા પછી એનું શું થાય, આનું શું, તેનું શું ?, એક બાજુ સંસારનું ખેંચાણ બીજુ બાજુ ગુરુવાણી છે. પ્રેમસૂરીદાદાનો હાથ માથે પડેલો છે, ગુરુદેવ ની કૃપા છે. અને ગુરુદેવે નિર્ણય કર્યો છે, મારે સંસારમાં પડવું નથી, વીસ વર્ષની યુવાન વયે ગુરુદેવે દીક્ષા લીધી છે, જેની સાથે સગાઈ થઈ હતી એમણે પણ દીક્ષા લીધી. ગુરુદેવ ની પાછળ એમના સગા નાના બેહેને પણ દીક્ષા લીધી. આજે ત્રણ પુણ્યાત્મા એમના પચાસ-પચાસ શિષ્યો, જે એક-જ્યોત માંથી હોઠસો જ્યોત પ્રગટી છે. અને એ જ્યોતો એતો અંદરની વાત, બીજા જિનવાણી ના નિમિત્તે જિનશાસનની અંદર કેટકેટલા સમુદાય ની અંદર, કેટકેટલા ગુરુ ભગવંતો, ગુરુદેવને આવી આવીને કહે, અમને વૈરાગ્ય થયો આપની વાણી થી! સદ્ગુરુનો જન્મ આપણી ભીતરમાં થાય એ આપણા જીવનની સાર્થકતા!

રવિવાર

DATE 20 08 2017

સદ્‌ગુરૂના આદર્શો આપણું ધ્યેય બને, સદ્‌ગુરૂના - આદર્શો આપણું લક્ષ્ય બને, એ જીવનની સાર્થકતા છે. સદ્‌ગુરૂએ વાત કરી છે, મારે તારામાં જીવંત રહેવું છે, બધા શિષ્યો મૌન થઈ ગયા છે, કેમકે એક સેકન્ડ ની અંદર હા જવાબ આપી હશે ને, મુખ્ય શિષ્ય છે મોઢું એમનું પડી જાય છે, આંખ એમની ભરાઈ જાય છે, એ ઉઠી જાય છે ને એમના રૂમમાં જતા રહે છે. આંખ માંથી અશ્રુ વહી રહ્યા છે, બધા ને આશ્ચર્ય થાય છે. આખી જિંદગી ગુરૂને સમર્પિત રહેનાર શિષ્ય જ્યારે છેલ્લી ઈચ્છા [illegible] પુછે, એ ઈચ્છા એવી છે કે ALREADY એમના જીવનમાં પાલન કરી જ રહ્યા છે અને POSITIVE જવાબ શા માટે નહિ, ઉભા કેમ થઈ ગયા, રડી કેમ રહ્યા છે ને બધા શિષ્યો વીંટળાઈ વળ્યા છે એક બાજુ સદ્‌ગુરૂના છેલ્લા શ્વાસ, બીજુ બાજુ આ મુખ્ય શિષ્યની આટલી ગમગીની ને બધા પુછે છે, શું થયું ? અને મુખ્ય શિષ્ય જવાબ આપે છે, મારામાં જીવંત રહેનાર ઈચ્છા કરનાર ગુરૂ ને, હું કઈ રીતે કહું, કે હું તો એમનામાં જ ક્યાર નો મૃત્યુ પામ્યો છું !

હું જીવંત એમને મારામાં ત્યારે રાખી શકું, જ્યારે મારું અસ્તિત્વ હોય, મારુ અસ્તિત્વ હોય તો મારા અહમનું અસ્તિત્વ હોય, મારા અભિમાન નું અસ્તિત્વ હોય, મારી રૂચિનું અસ્તિત્વ, મારી પસંદ નું અસ્તિત્વ, મારું સ્વતંત્ર અસ્તિત્વ હોય તો ગુરૂને મારામાં જીવંત રાખું ! મારામાં જીવંત રહેવાની ઈચ્છા કરનાર ગુરૂને હું કઈ રીતે કહું, કે જ્યારે એમના ચરણો ની અંદર મેં જીવન સમર્પણ કર્યું, એ જ પળે, હું તો એમનામાં જ મૃત્યુ પામ્યો !

રવિવાર

DATE 20 08 2017

જિનશાસનની આ પરંપરા છે, ગુરૂ અહીંયા - જીવંત રહે છે ને, શિષ્ય અહીંયા મરતા રહે છે.
ભદ્રબાહુ સ્વામી મહારાજ, યશોભદ્રસૂરી મહારાજની અંદર મૃત્યુ પામ્યા. યશોભદ્રસૂરી મહારાજ - સ્વયંભવસૂરી મહારાજ ની અંદર મૃત્યુ પામ્યા. સ્વયંભવસ્વામી એ પ્રભવસ્વામી ની અંદર મૃત્યુ પામ્યા, પ્રભવસ્વામી - જંબુસ્વામી ની અંદર મૃત્યુ પામ્યા, જંબુ સ્વામી - સુધર્મા સ્વામી ની અંદર મૃત્યુ પામ્યા, સુધર્મા સ્વામી એ મહાવીર સ્વામી ની અંદર મૃત્યુ પામ્યા!

યા ગુરૂ જીવી શકે યા શિષ્ય જીવી શકે, બંને ક્યાંથી જીવે? જ્યાં બે છે ત્યાં દુવિધા છે, જ્યાં બે છે ત્યાં દ્વૈત છે, જ્યાં બે છે ત્યાં સંસાર માર્ગ છે, જ્યાં અદ્વૈત છે ને શિષ્ય મરી ગયો છે, ને છે માત્ર ગુરૂ ત્યાં મોક્ષ માર્ગ છે!

આરાધના માં ઘણા- ઘણા આગળ વધેલા કહેવાતા આપણે, આપણું આત્મ - નિરીક્ષણ કરીએ કે આપણું અસ્તિત્વ શું સદ્ગુરૂમાં વિલિન થયું છે? એક પ્રશ્ન તમને કહું શું સાધુ જ શિષ્ય હોય શકે? કે શ્રાવક પણ શિષ્ય બની શકે? શ્રાવક શિષ્ય બની શકે? વગર દીક્ષાએ બની શકે?

ઉપાસક દશા નામનું આગમ છે ને, એમાં મહાવીર સ્વામી ભગવાન ગૌતમસ્વામી ને કહે છે, કે આ નગરી છે ને આની અંદર મારો શિષ્ય રહે છે, જેનું નામ છે કામદેવ શ્રાવક!

મમ અંતેવાસી

classmate

એક સાધુ છે ને એ ગુરુદેવને સમર્પિત નથી તો
ખરા અર્થમાં એ શિષ્ય નથી. એક શ્રાવક છે,
સદ્ગુરુને પૂર્ણ પણે સમર્પિત છે, સદ્ગુરુ ને -
ડગલે ને પગલે પુછે છે, સદ્ગુરુ કહે કે હમણાં
દીક્ષા લેવાની તો એ તૈયાર, સદ્ગુરુ કહે કે
તમારા માટે દીક્ષા નથી, ત્યારે સંસારમાં રહીને
ધર્મ કરવાનો, તો એ તૈયાર! સદ્ગુરુ ધોળે -
દિવસે કહે અડધી રાત છે, તો પણ તહત્તિ!
સદ્ગુરુ મધરાતે કહે અત્યારે ખેર તડકો છે તો
પણ તહત્તિ! સાધુ સમર્પિત ના હોય તો એ
શિષ્ય નથી, શ્રાવક સમર્પિત હોય તો એ શિષ્ય છે.

ગુરુદેવે જોયું દીક્ષા લઈને કે દાદા-
ગુરુદેવ પ્રેમસૂરી મહારાજ ને સ્વાધ્યાય બહુ ગમે!
એમનો પ્રિય ગ્રંથ કર્મપ્રકૃતિ ને કર્મશાસ્ત્રો ને
કર્મપ્રકૃતિ ને કંઠસ્થ કર્યા, રોજ રાતે આઠ વાગે
પ્રતિક્રમણ પુરું થાય, ગુરુદેવ પાઠ કરવા બેસી
જાય, બીજા કર્મગ્રંથ થી પાઠ ચાલુ કરવાનો,
ત્રીજો કર્મગ્રંથ, ચોથો કર્મગ્રંથ, પાંચમો કર્મગ્રંથ,
છઠ્ઠો કર્મગ્રંથ, અને કર્મપ્રકૃતિ. અને વચ્ચે
ઉદય ને સત્તા સુધી બધુ, સંક્રમકરણ, બંધનકરણ,
નિધત્તિ કરણ, નિકાચના કરણ, એ બધું જ આવતું
જાય, સળંગ પાંચ કલાક આ જે રીતે હું બોલી -
રહ્યો છું એ રીતે સ્પષ્ટ બોલીને પાઠ કરવાનો,
એકાદ- બે કલાક નો સ્વાધ્યાય થાય ને અમે
કદાચ થાકી ને લોથ થઈ જઈએ, એ ગુરુદેવે
નબળા શરીરે, નબળી તબિયતે, નાજુક સ્વાસ્થ્યની
અંદર પણ, ગુરુદેવ ને પ્રસન્ન કરવા માટે, પાંચ-
પાંચ કલાક ના રાત્રિ સ્વાધ્યાય, રાતે બાર અને
એક વાગ્યા સુધી ગુરુદેવ નો સ્વાધ્યાય ચાલે,
ગુરુદેવ નો આંધી બાંધવાની છે. પ્રેમસૂરી દાદાની

એ કુશળતા હતી, શિષ્યો ને સ્વાધ્યાયમાં કઈ રીતે જોડવા. ગોચરી માંડલી હોય ને આમ વાત મુકે મારો ઓઘો બાંધવાનો છે, ઓઘો બાંધવાનો એટલે એને ખોલવાનો હોય, પડિલેહણ કરીને પાછો એને ટાઈટ કરવાનો, એની ઉછામણી બોલવાની છે. અને સાધુ ઓએ ઉછામણી રાત્રિ સ્વાધ્યાય સ્વરૂપે બોલવાની, એક કલાક, દોઢ કલાક, બે કલાક, ચઢી કલાક, ગુરુદેવ આખી આખી રાતના સ્વાધ્યાય ની ઉછામણી બોલી ને, પ્રેમસૂરી દાદા નો ઓઘો બાંધવાનો લાભ ગુરુદેવ લેતા !

પ્રેમસૂરી દાદાના પાત્રા પોતે રાખવાના, એનું પડિલેહણ કરવાનું, વાપરતી વખતે ત્યાં મુકવાના, આ લાભ આપવાનો છે, પ્રેમસૂરીદાદા એ ઉછામણી બોલાવી છે, સ્વાધ્યાય ની મોટી ઉછામણી બોલી ને ગુરુદેવે લાભ લીધો છે, એક ભાવના છે મારે મારા ગુરુદેવને પ્રસન્ન કરવા છે.

જુનન દિક્ષિતો પ્રેમસૂરીદાદા પાસે બેસે હિતશીક્ષા લેતા હોય, અને પ્રેમસૂરીદાદા એક પ્રશ્ન કરે, તું હેમચન્દ્ર વિજય જેવો સ્વાધ્યાય ક્યારે કરીશ ? પ્રેમસૂરી દાદા છે, ROUND ઉપર નીકળ્યા છે, નીચે ગુરુદેવ, હેમચન્દ્ર વિજય મહારાજ ને વ્યાખ્યાન માટે મોકલ્યા છે, મહાત્માઓ એ આમ વ્યાખ્યાન માં જવાનું ના હોય, સ્વાધ્યાય કરવાનો હોય, શ્રાવકો માટે વ્યાખ્યાન, સાધુઓ માટે સ્વાધ્યાય, અને આ પ્રેમસૂરી દાદાનો નિયમ, ત્યાં ગુરુદેવને વ્યાખ્યાનમાં મોકલ્યા છે, પ્રેમ-સૂરીદાદા ROUND ઉપર નીકળતા, કોઈક

સાધુ ભગવંત હોય, એ ઊભા થઈ જાય, ગુરુદેવ
પધાર્યા, મત્થએણ વંદામિ! ગુરુદેવ કંઈ કામ!
કામ કંઈ જ નથી, સ્વાધ્યાય પછી પણ થશે,
જાવ હમણાં વ્યાખ્યાન સાંભળી લો. હેમચન્દ્ર વિજયની
દેશનામાં જે વૈરાગ્ય છે, આ વૈરાગ્ય શ્રાવકોને તો
ઉપયોગી છે જ, સાધુ ને પણ ઉપયોગી છે.
શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

ધન્નો સો જીઅલોએ ગુરુણો નિવસંતિ જસ્સ હિયયમ્મિ।

જેના હૃદયમાં ગુરુ વસે છે, જેના હૃદયમાં ગુરુનો
જન્મ થયો છે એ ધન્ય આત્મા છે.

ધન્નાણ વિ સો ધન્નો ગુરુણ હિયએ વસઇ જો ઉ ॥

જેના હૃદયમાં ગુરુ વસે તે ધન્ય છે, અને પોતાના
ગુણો દ્વારા જે ગુરુના હૃદયમાં વસી જાય, એ
ધન્યાતિ ધન્ય છે. ગુરુદેવ ની પ્રવચનયાત્રા, એમની જે
સાધના, એમની જે આરાધના, એમનો જે
વૈરાગ્ય, એમની જે પ્રભુભક્તિ, એમની જે
નિર્લેપતા, એમની જે નિસ્પૃહતા, કહાય કહેવા
બેસું તો મારી જીંદગી પણ પુરી થઈ જાય!

બે-ત્રણ વર્ષ પહેલાની વાત,
રાજસ્થાન માં અમે હતા ને પેરવા નામનું ગામ,
પચાસ વર્ષ દેરાસર ને પુરા થાય છે. મહોત્સવ
શ્રાવકો એ કર્યો છે, ગુરુદેવ ની નિશ્રા માંગી છે,
પિંડવાડા થી અમે નીકળ્યા છીએ, ગુરુદેવ ને
ભાવના થઈ, રસ્તામાં નાંદિયા ગામ છે જીવીતસ્વામી
ભગવાન છે, ભક્તિ કરવી છે, આપણે થોડું પછી
જઈશું. બીજા મહાત્માઓ ત્યાં આવી ગયા,
ગુરુદેવ ગયેલા છે, પહેલો દિવસ મહોત્સવ નો
ચાલુ થયો છે. જોરદાર સામૈયું છે પણ જેના
માટે સામૈયું છે, ગુરુદેવ ગેરહાજર! આજુ
બાજુના ગામડાઓ થી પણ જૈનો સામૈયામાં આવ્યા

હતા, ગાંદિયા ગામમાં ગુરૂદેવ બીજા મહાત્માઓ
સાથે બીરાજમાન છે, અને ગુરૂદેવે જોયું કે આ
જૈનો બધા ક્યાં જમે છે તો પૈરવામાં જમે છે.
અને ગુરૂદેવે કહ્યું શિષ્યોને કે જો ગોચરીની
તકલીફ હોય તો આપણે જતા રહીએ, શિષ્યોએ
કહ્યું ગુરૂદેવ ચિંતા નહી અમે અજૈનોમાંથી
વહોરી લઈશું, આપ જેટલી ભક્તિ કરવી હોય
એટલી ભક્તિ કરો, પહેલો દિવસ ટ્રસ્ટીઓ આવ્યા
છે ગુરૂદેવ આવ્યા નથી બીજો દિવસ, ત્રીજો
દિવસ, આઠ દિવસનો મહોત્સવ, કરોડો રૂપિયા
નાખ્યા હોય મહોત્સવમાં, રાજસ્થાનીઓએ અને
ગુરૂદેવ ત્યાં ભક્તિમાં ભાન ભુલ્યા છે, ત્યાં
બધુ સુમસામ છે, ત્યાં કોઈ લોકો નથી,
ત્યાં કોઈ ઢોલ નથી ત્યાં કોઈ જમણવાર
નથી, ગોચરીએ કોઈક રબારીઓને ત્યાંથી
કોઈક અજૈનોને ત્યાંથી પુરી કરવાની છે, ન
ગુરૂદેવ ને પુવિત સ્વામી મળ્યા, મહાવીર સ્વામી
મળ્યા, એવી જે મહાન વિભુતિ જેમને લોકોમાં
રસ ન હતો, લોકોના નાચમાં રસ હતો!
જેને ભક્તોની પડી નથી, જેને ભગવાનની
પડી છે. કદાચ કોઈ ગામે તેટલી શ્રીમંત
વ્યક્તિ પણ ગઈ હોય, કદાચ એને ભાવ
આપે કે ના આપે, અને દહેરાસરમાં જાય
અને ભગવાનની ભક્તિ ચાલુ કરે, આજની
તારીખની અંદર ગુરૂદેવનું નમુત્થુણં પુરું થાય
ને એટલી વારમાં તો મારા જેવાના ત્રણ
ચૈત્યવંદન પુરા થઈ જાય, જે નમુત્થુણં ને
એના એક....એક પદ હોય, પ્રતિદિન દેવ-
વંદન કરે, જે લોગસ્સ બોલે, જે પુખ્ખરવરદી
બોલે, અને જ્યાં સ્તવન આવે બરાબર

ચોકિબા શબ્દોની અંદર કહું, કોઈ વ્યક્તિ પૂછે તો એમ લાગે કે આ વ્યક્તિ પાગલ થઈ ગઈ છે. એ ભાવની ક્યાં સુધી સમ્ભાવના છે, ભાવની અંગ છે ત્યાં સુધી ભક્તિ નથી, જેટલું ગાંડપણ આવે છે એટલી જ ભક્તિ છે. વજે ૮૫ વર્ષના નહિ પણ પાંચ વર્ષના બાળક જેવા બની ગય, હાથો ઉછળતા હોય, શરીર ઊંચું નીચું થતું હોય, ભગવાનની ભક્તિના એક એક જ શબ્દો હોય, દુનિયામાં તમે કદાચ કેટલા ચૈત્યવંદન ગાયા હશે, કેટલા સ્તવન અને ભક્તિ જોઈ હશે, એમ કદાચ કહી શકાય કે ગુરુદેવ ને જોયા પછી એ બધું જ ભૂલી જશો. એ ભગવાન ની ભક્તિ હૃદય માં વસી છે. ત્રીજે દિવસે ટ્રસ્ટીઓ ગયા એમ ને એમ પાછા આવ્યા, ચોથા દિવસે ખૂબ આગ્રહ કર્યો, ગુરુદેવ ચોથા દિવસે પધાર્યા, એ સંઘનું માન રાખવા માટે, એ લોકોની ભાવના પોષવા માટે, જોરદાર ગુરુદેવ નું સામૈયું થયું, ગુરુપૂજન ની ઉછામણી બોલાતી હતી, લગભગ અગિયાર લાખ સુધી ની ઉછામણી થઈ, અગિયાર લાખમાં ગુરુપૂજનનો આદેશ દીધો, મોટી-મોટી નોટોની પ્રભાવના થઈ. મારી દ્રષ્ટિ ગુરુદેવ ના ચહેરા-ઉપર હતી, ગુરુદેવ નો ચહેરો તદ્દન નિર્લેપ !!

એ લાખો રૂપિયા ના ગુરુપૂજન થાય કે મંડપ આખો ભરેલો હોય, જ્યાં બધા લોકો અહોભાવ ભરી દ્રષ્ટિ એ પોતાની સામે જોતા હોય, અને ગુરુદેવ નું એક રૂવાંડું સુદ્ધા ફરકે નહિ, એ જ છે એ મહાપુરુષ ની મહા-પુરુષાઈ ! અધમ આત્મા હોય છે જે પોતાના મોઢે પોતાના વખાણ કરે. મધ્યમ આત્મા હોય છે. કોઈ વખાણ કરે ને રાજી થાય,

રવિવાર

DATE 20 08 2017

ઉત્તમ આત્મા હોય છે. પોતાના વખાણ થતા હોય ને અટકાવી દે, મારા માટે એક શબ્દ ના બોલો. કશું નથી મારામાં! એમને - ઉત્તમોત્તમ આત્મા એ હોય છે, વખાણ થઈ રહ્યા છે કે નથી થઈ રહ્યા, એની કંઈ ખબર સુદ્ધા નથી, એની ભાન સુદ્ધા નથી.

ત્રણ વર્ષ પહેલા બરોડામાં ચોમાસું હતું, આજનો જ દિવસ હતો, ગુરુદેવનો - જન્મ દિવસ, ગુરુદેવ ના ગુણાનુવાદ થઈ રહ્યા છે. FIFTY - FIFTY વ્યાખ્યાન હોય મારું અને ગુરુદેવ નું, ગુરુદેવ પધાર્યા હું નીચે ઉતર્યો, અહીંયા હું બેઠો છું, અહીંયા ગુરુદેવ બેઠા છે, ગુણાનુવાદ જે ચાલે છે ..... જે ચાલે છે મારી દ્રષ્ટિ ગુરુદેવ ના મુખારવિંદ ઉપર, પોતાની ઉંચા માં ઉંચી પ્રશંસા ને ગુણાનુવાદ થવા છતાં, ચહેરા ની એક રેખા જ ના ફરે મળે કશું બની જ રહ્યું નથી, હું તમને કહું છું બાહ્ય દ્રષ્ટિ એ મોટી - મોટી પ્રભાવના કરવી સહેલી છે. કદાચ ઉંચા માં ઉંચી જીવનની આરાધના, બાહ્ય દ્રષ્ટિ એ કરી લેવી સહેલી છે. કષાયો ની જે ઉપશાંતિ છે એ બહુ જ દુષ્કર છે.

ગુરુદેવે માત્ર પોતાની સાધના ને પોતાના ગુણો ને જ નહિ, અમારા માટે પણ જે ભોગ આપ્યો છે, અમારું બધી જ રીતે ઘડતર કર્યું છે. સંસારમાં પણ રાજકુમારની જેમ અમે રહેલા, એક રૂપિયો અમે કમાયા નથી, નાની વયમાં દીક્ષા થઈ. દીક્ષા થઈને અહીંયા આવ્યા પછી અમારા શરીરનું ધ્યાન, અમારા મનનું ધ્યાન, અમારા સંયમનું

ધ્યાન, અમારા આત્મા નું ધ્યાન, જે ગુરુદેવે રાખ્યું છે, એનું વર્ણન હું કરી શકું એમ નથી! દીક્ષાનું પહેલું વર્ષ ચાતુર્માસ પરાવર્તનનો દિવસ. કોઈક - ભાગ્યશાળી એ લાભ લીધો હતો, બધા મહાત્માઓ ગયા હતા, હું ગુરુદેવ ની સેવામાં, બે-ત્રણ મહાત્મા રહ્યા, બાકી બધા ઉપાશ્રયે જતા રહ્યા, ગુરુદેવ સાંજે પધારવાના હતા. બપોર નો સમય હતો, ગુરુદેવ થોડું પ્રવાહી લે એને ત્રણ વાગે જાપમાં બેસે, ગુરુદેવ વાપરી રહ્યા હતા. એક રૂમ છે ખુણામાં ગુરુદેવ ત્યાં બેઠા છે, હું પાત્રા લુછી રહ્યો છું, અને મેં ગુરુદેવ ને પુછ્યું, ગુરુદેવ અહીંયા આપનું ગોઠવી દઉં? બાનકડી ઘરના! ગુરુદેવે આમ થોડું મોઢું બગાડી ને ના પાડી, હું વિચારમાં પડ્યો આ ના પાડે એ ય બરાબર, મોઢું બગાડ્યું છે, અણગમો બતાડ્યો છે, જે ઉણની અંદર મને જવાબ મળ્યો, મેં જે જગ્યા બતાડી હતી ને, એ ગ્રહસ્થ નું ઘર હતું, BEDROOM હતો, DOUBLE BED હતો, ગાદલું હટાવી દીધું હતું પણ પલંગતો એ જ ને!

એ અણગમો ન હતો એ બ્રહ્મ નો ગમો હતો, એ એક સેકન્ડ મારી સ્મૃતિ ની અંદર કદાચ આખી જિંદગી કંડારાયેલી રહેશે, અને ગુરુદેવનો જે અણગમો હતો, એ - અણગમો નહિ પણ બ્રહ્મ નો ગમો હતો. ઉત્તરાધ્યયન સુત્રનું આખું બ્રહ્મ સમાધિ અધ્યયન ગુરુદેવે એક સેકન્ડ ની અંદર અમને શીખવી દીધું હતું, એક વસ્તુ સમજજો સદ્ગુરુ કહી જાય, આમ કરજો, તેમ કરજો, ફલાણું કરજો ઢીકણું કરજો, એ કદી પણ શિષ્યમાં આવશે નહિ, સદ્ગુરુ એ છે, જે પોતાના જીવનથી શિષ્યને



classmate

શિક્ષણ આપે છે. જે આચરણ નથી, જે પ્રવચન નથી, જે મનમાં નથી, તો શિષ્યો ને કહી-કહીને થાકી જઈએ તો એ કશું આવવાનું નથી. પાલી ની અંદર ગુરુદેવનું ચોમાસું, ચોમાસા પછી ઉપધાન પોષ દસમી નાકોડા તીર્થ ની અંદર છે, પાલી થી નાકોડા જવાનું છે, સંઘના શ્રાવકોને ભાવના થઈ ગુરુદેવ પધારે જ છે આપણે સંઘ કાઢીએ, વિનંતી લઈ ને આવ્યા, સાહેબ છ'રી પાલીત સંઘ અમે કાઢીએ સાહેબ, આપ નાકોડા પધારો જ છો, બરાબર ઉપધાનની માળ થાય બીજ દિવસે આપણે નીકળીએ, નાકોડા પહોંચી જઈએ સંઘની સાથે, સાહેબ વચ્ચે કોઈ ઘર નથી, એવી કોઈ વ્યવસ્થા નથી, સાહેબ ઉપાશ્રય ક્યાંક છે કે નથી સાહેબ બહુ સારુ પડશે, અને ગુરુદેવે ઘસીને "ના" પાડી દીધી.

પાલીના ચોમાસા પછી ઉપધાન પછી નાકોડા અમે પહોંચ્યા છીએ, સાથે ૨૦-૨૫ સાધુઓ છે, રસ્તામાં ઘર છે કે નથી, અજૈનોની ઓસરીઓ અમે વાપરી છે. ગુરુદેવે કેટકેટલા સંઘો ને ના પાડી છે. જેટલા સંઘો ની વિનંતી આવી છે એમાં ન છુટકે કદાચ, બે-પાંચ ટકા સંઘ ગુરુદેવે લીધા છે, ન છુટકે લીધા છે. ગુરુદેવ ને ખબર છે, પ્રેમસૂરી દાદા ના પાડતા હતા કે સાધુએ બને ત્યાં સુધી સંઘમાં જવું નહિ! ત્યાં બહેનો હોય ત્યાં સાધ્વીજીઓ હોય એક COMPLEX ની અંદર રહેવાનું આમાં સંયમની મર્યાદા ના સચવાય. વિહારો કરવાના, આગળ બહેનો હોય, પાછળ બહેનો હોય, કોઈ મહાત્મા

સ્થંડિલ ભૂમિ જાય ત્યાં કોઈક વિજાતીય આવી જાય, સંયમનું જોખમ છે. બહાર ગમે તેટલી પ્રભાવના થાય, આવી બધી વાતો નો બહાર વિરોધ કરવો એવી પણ વાત નથી. કોઈ કરતું હોય એના માટે NEGATIVE વિચારવું એવી પણ વાત નથી. એવાની વાત એટલી છે કે ગુરુદેવે અમારા સંયમની કાળજી કરી છે. ઢોલ નહિ વાગે તો ચાલશે, શાહી રસોડા નહિ હોય તો ચાલશે, મારા નામની જય જય કાર નહિ થાય તો ચાલશે, PRESS-પ્રસિદ્ધિ નહી મળે તો ચાલશે. મારે મારા સાધુઓનું સંયમ જીવન નિષ્કલંક રાખવું છે. ગુરુદેવે જો અમારી કાળજી ન કરી હોત, કદાચ વિહારની અંદર અમારું જીવન પુરુ થઈ ગયું હોત. આ જે સ્વાધ્યાયો મળ્યા, આ જે સંયમ મળ્યું, આજે ગુરુદેવ નો કંઈક પણ વારસો મળ્યો, એ ગુરુદેવના અનંત ઉપકાર છે, જો આ ગુરુદેવ ના મળ્યા હોત તો કદાચ દીક્ષા ના થઈ હોત, અમને હજુ આગળ વધીને કદાચ દીક્ષા પણ થઈ હોત, તો આજે જે સંતોષ અમને થાય છે, આજે જે સંયમ જીવનનો આનંદ છે, જે અનુભૂતિ છે, એ અનુભૂતિ ના હોત. આ બધો જ ઉપકાર એ ગુરુદેવ નો છે.

પાલીતાણા ની અંદર ચોમાસું, ત્રણ વર્ષ પહેલા ન છુટકે કરવું પડ્યું. ૮૫ વર્ષ ની ઉંમર, વીસ વર્ષે દીક્ષા લીધી. ૬૫ વર્ષનો ચારિત્ર પર્યાય, પાલીતાણામાં કેટલા ચોમાસા ગુરુદેવે કર્યા, માત્ર બે ચોમાસા! અને એ પણ ન છુટકે. તીર્થ છે તારક છે. ગૃહસ્થ માટે બહુ જ તરવાનું આલંબન છે. ગૃહસ્થ જઈને આવી જાય, સાધુ ત્યાં જ રહે. ગોચરીમાં કદાચ દોષો લાગે,

સંયમમાં કદાચ હોજો લાગે, લોકો ઓછા ને મહાત્મા વધી જાય, આવું પણ બને. ચોમાસામાં હીલ્લે ઉપધાન પુરા થઈ રહ્યા છે, એક ભાગ્યશાળી એ ગુરુદેવ ને વિનંતી કરી સાહેબ મારી ભાવના છે, આવતું ચોમાસું પાલીતાણામાં મારી તરફથી, ચોમાસા પછી ઉપધાન મારી તરફથી, અને ઉપધાન પછી નવ્વાણું પણ મારી તરફથી, સાહેબ લાભ આપો, સાહેબ આપની નિશ્રા મળે તો જ કરવું છે સાહેબ આવતું વર્ષ, સાહેબ "જય" બોલાવી એ, ગુરુદેવે સાફ "ના" પાડી, ગુરુદેવ ત્યાંથી વિહાર કરી ગયા, એ પાલીતાણા પછી શાંતિ નગરમાં ચોમાસું ગુરુદેવ નું થયું, ઘણી વાર ઘણા શિષ્યોને પણ સમજાય નહિ. નવ્યુક-ના ભક્ત શ્રાવક હોય એને થાય સાહેબ, આ તો શાસનની પ્રભાવના નો અવસર, સાહેબ આટલી એમની ભાવના સાપેક્ષી રહે છે. ઘરમાં ગરમ વિનંતી એની ઉપેક્ષા કરી ને, કડા ઔત્રની અંદર, કડકથી ચોમાસું પસાર-કરતા ગુરુદેવ જ્યારે સમજાય નહિ ને, ત્યારે શાસ્ત્રમાંથી એનો જવાબ મળે

० रागदोसा जह विज्जिज्जंति । तह तह पयट्टियव्वं ।

બીજું ગમે તે થાય કે ન થાય એ બીજા નંબર-ની વાત છે, જે રીતે સંયમની શુદ્ધિ મળે, જે રીતે રાગ અને દ્વેષ એ ઘટતા જાય, ગુરુદેવે એ પોતાના જીવનમાં પણ ઉતાર્યું. શક્ય હોય એટલું પોતાના શિષ્યો માં પણ આપ્યું.

એક નાનકડી ઘરના ગુરુદેવની - તબીયત સારી નહતી. અને નાજુક તબિયતનો

અંદર પીને કંઈ વિશેષ વાપરી જ ન શકે, શરીર પહેલાથી નબળું. કેરીની પોતાને બાધા છે, કેરીની SEASON આવી છે, ગોચરીમાં કેરી આવી છે, ભુવનભાનુસૂરી મહારાજ બેઠા છે, પાત્રા ભર્યા છે, એમ કરીએ આ હેમચન્દ્રવિજય ને વપરાવીએ એનું શરીર સારું નથી, બીજું વાપરી શકતો નથી, આ વાપરશે તો શરીરમાં કદાચ શક્તિ આવશે, સહારો મળશે. મહાત્મા ઓ પાત્રુ લઈને ગયું છે, ગુરુદેવનો આદેશ છે તમને આ આપવાનું છે, તમારે વાપરવાનું છે, આંખ માંથી અનરાધાર આંસુઓ ચાલ્યા, ઉભા થઈ ગયા ખુણામાં જતા રહ્યા, ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. કેરીની કથા આપણા જીવનમાં પણ બને ને એ મહાપુરુષ ના જીવનમાં પણ બને, પણ એ કથા-કથામાં ઘણો ફરક હોય છે. મહાત્માઓ આશ્વાસન આપી રહ્યા છે, ભુવનભાનુસૂરી દાદા પણ - વિચારમાં પડ્યા છે, CASE ગયો SUPREME - COURT માં પ્રેમસૂરી દાદા પાસે, અને પ્રેમસૂરી દાદા એ ભુવનભાનુસૂરી મહારાજ ને બોલાવી ને કહી દીધું, હેમચન્દ્રવિજય ને આ વપરાવાનો આગ્રહ કરવા જેવો નથી. કેરીથી એનું લોહી વધશે કે નહિ એ સવાલ છે, પણ આ જે રડી રહ્યો છે, જે એનો જીવ બળી રહ્યો છે. એનો જે વૈરાગ્ય છે, અને એનું જે રસવિજેતા પણું છે, કદાચ પરાણે વાપરવું પડશે ને એનાથી જે લોહી બળશે ને, તો લેવા ના દેવા થઈ જશે, SUPREME COURT નો ORDER સીધો HIGH COURT ઉપર, HIGH COURT નો ORDER આવ્યો કે હવે તમને આ સમમાંથી માફી મળી ગઈ છે, અને ગુરુદેવ પાછા -

સ્વસ્થ થઈ ગયા, એવો એમનો વૈરાગ્ય ! એવી નિસ્પૃહતા, એવું સંયમ, એવું નિર્મળ બ્રહ્મચર્ય, એવી શિષ્યો માટેનો પોતાનો પ્રયાસ. વર્ષોના વર્ષો સુધી એક ધારી વાચનાઓ આપી છે, માત્ર શાસ્ત્રોથી કામ થતું નથી, માત્ર પુસ્તકોથી કામ નથી થતું, જીવંત આચરણ જોઈએ છે, જીવંત પ્રેરણા જોઈએ છે, જીવંત આલંબન જોઈએ છે, આજના દિવસે ગુરુદેવ ૮૫ વર્ષ પોતાના જીવનના પુરા કરી રહ્યા છે, ૮૬ માં વર્ષમાં પદાર્પણ કરી રહ્યા છે, એક મંગલ ભાવના ભાવીએ, એમનું દીર્ઘાયુ થાય, બીજી ભાવના એ પોતાના આત્માનું પણ કલ્યાણ કરે ને આપણું પણ કલ્યાણ કરે, અને ત્રીજી ભાવના વહેલામાં વહેલી તકે, સદ્દગુરુનો આપણી ભીતરમાં જન્મ થાય, એમના સદ્દગુણો ને આદર્શો આપણા જીવનમાં પણ આવે, એવી ભાવના !!

x x x

શુક્રવાર
DATE 18 08 2017

# પ્રવચન - ૪ - પ્રિયમ્

બહુ અદ્ભુત (મંગળ શબ્દનો) અર્થ વિશેષ આવશ્યક ભાષ્યની અંદર,
જિનભદ્ર ગણી ક્ષમા શ્રમણ આપે છે,

मं गालेइ भवाओ त्ति मंगलं।

સંસારમાંથી મને ગાળી નાખે, મારો નિસ્તાર કરી દે,
સંસારના દુઃખ થકી મને હંમેશા માટે મુક્ત કરી દે,
એને મંગલ કહેવાય. જિનભદ્ર ગણી ક્ષમા શ્રમણ
મંગલની એક પછી એક જે વ્યાખ્યાઓ રજુ કરે છે,

न विद्यते गलोऽस्मादिति मङ्गलम्।

જીવનમાં જેનાથી ક્યાંય વિઘ્ન ન નડે, એને મંગલ
કહેવાય.

मङ्गं कल्याणं लातीति मङ्गलम्।

જે કલ્યાણ ને લાવે, એને મંગલ કહેવાય.

मङ्ग्यतेऽनेनेति मङ्गलम्।

જેનાથી આપણું જીવન અલંકૃત બને, એને મંગલ
કહેવાય.

माद्यति अनेनेति मङ्गलम्

જેનાથી આનંદ આનંદ થઈ જાય, એને મંગલ
કહેવાય.

भवति हितमस्मादिति मङ्गलम्।

જેનાથી આપણું બાહ્ય અને આભ્યંતર હિત થાય
એને મંગલ કહેવાય. મંગલ બે પ્રકારના હોય છે.
દ્રવ્ય મંગલ અને ભાવ મંગલ. જિનશાસનની જે-જે
ક્રિયાઓ કરીએ, જિનશાસનની કોઈ પણ આરાધના
કરીએ, આ બધું ભાવ મંગલ છે. બહાર ક્યાંક જવું છે
દહીં ખાઈને જઈએ. પહેલાના કાળમાં "સિદ્ધાર્થ"
જેને આપણે "સરસવ" કહીએ છીએ, વ્યાખ્યાન પાઠકો
સિદ્ધાર્થ રાજાનું આમંત્રણ આપ્યું ને, તો માથે
સિદ્ધાર્થ મુકી ને જાય છે. સરસવના દાણા મુકીને જાય
છે ક્યાંક જવાનું છે, સામેથી બેડું લઈને કોઈ
બહેન આવી રહ્યા છે, આ જે મંગલ છે, આ પણ

એક દ્રવ્ય મંગલ કહેવાય. અષ્ટ મંગલ શું છે તો દ્રવ્ય મંગલ છે અને ભાવમંગલ પણ છે. અષ્ટમંગલ આગમોમાં ઉપાતિત આગમ મેઈજે, ભગવતી સુત્ર મેઈજે, એક- એક ઘટના મેઈજે, દ્રોપદી ની સ્વયંવર ની ઘટના હોય કે, ભગવાનના દીક્ષા ના વરઘોડા ની ઘટના હોય, દરેકની અંદર અષ્ટમંગલ આવે છે. ભગવાન અશોક- વૃક્ષ ની નીચે બેઠા છે, અને પૃથ્વીશીલા પટ્ટક છે. અશોક વૃક્ષ ની ઉપર શું છે, - રાજપ્રશ્ની આગમની અંદર બજ્યું,

अट्ठ अट्ठ मंगला पण्णत्ता ।

આ એક શાશ્વત ચિહ્ન છે, શાશ્વત આકૃતિ છે અને સ્વયં મંગલ સ્વરૂપ છે. દ્રવ્ય મંગલ પણ છે, ભાવ મંગલ પણ છે, એક પ્રશ્ન તમને કરું, ગુલાબજાંબુ હોય એને ધર્મ કહેવાય કે ના કહેવાય ? ગુલાબજાંબુ ધર્મ ખરો કે નહિ ? એક વસ્તુ સમજુ લોકો કે તમે એને રાગથી ખાઈ રહ્યા છો તો એ અધર્મ છે. પણ એ જ ગુલાબજાંબુ લઈને તમે સંઘનું મોઢું મીઠું કરાવી રહ્યા છો, તો એ ધર્મ છે.

અષ્ટ મંગલ ના દર્શન. ગત વર્ષે મહાસંમેલનની અંદર, નક્કી કર્યું સંઘના આ અષ્ટ મંગલ દ્વારા મંગલ કરવાનું, સંઘને દર્શન કરાવવાનું. બહુ મજાની વાત ૧૪૪૪ ગ્રંથ કર્તા હરીભદ્રસૂરી મહારાજ પંચાસક ગ્રંથની અંદર કહે છે, કે સંઘ શું છે ? એક નાનકડું પદ મુક્યું પંચાસકમાં,

तित्थयराणंतरो संघो

સંઘ શું છે ? તીર્થંકર અનંતર સંઘ છે એ પ્રાકૃત પદને ટીકાકાર અભયદેવ સૂરીજી મહારાજ

એની વ્યાખ્યા કરે છે, એક સુત્રના અનંત અર્થો થાય, આપણી જિંદગી પૂરી થઈ જાય, સુત્ર છે એના અર્થ પુરા ના થાય. ત્રણ અર્થ ભુવનભાનુ સૂરી મહારાજ કરે છે,

તિત્થયરાણંતરો સંઘો

પહેલો અર્થ, તીર્થંકર પછી કોનો નંબર તો સંઘનો નંબર છે. NEXT TO તીર્થંકર જેને કહેવાય એ કોણ છે? કે સંઘ છે!

બીજો અર્થ,

તિત્થયરાણંતરો સંઘો

તીર્થંકર સાથે જેને કોઈ અંતર નથી, GAP નથી, DIFFERENCE નથી, જે તીર્થંકરનું સ્થાન છે એ જ સંઘનું સ્થાન છે, SECOND MEANING! અને ત્રીજા અર્થની વાત કરી, તીર્થંકર છે જેની અણંતર, તીર્થંકરનો નંબર બીજો, અને સંઘનો નંબર પહેલો! પહેલો અર્થ છે, તીર્થંકર પહેલા નંબરે, સંઘ બીજા નંબરે, બીજો અર્થ છે તીર્થંકર અને સંઘ બંને પહેલા નંબરે, બંને તુલ્ય! અને ત્રીજો અર્થ- ત્રીજો અર્થ એ જણાવે છે, કે આ સંઘ છે એ તીર્થંકર કરતા પણ ઊંચી વ્યક્તિ છે.

તપ્પુવ્વિયા અરહયા

તીર્થંકર પણ ક્યાંથી આવે છે? કે આ સંઘમાંથી આવે છે. સંઘએ રોહણાચલ છે.

સંઘએ રત્નાકર છે.

સંઘ જેને નીચું ઓત્ર લાગે, સંઘની વ્યક્તિ જેને નીચી લાગે, એ વ્યક્તિ હકીકતમાં સંઘની અંદર નથી, પણ સંઘની બહાર છે. ઘણા શાસ્ત્રોના આપણે DEVALUATION કરતા હોઈએ છીએ. એક શાસ્ત્રો તમને આપ્યું તમારી લાયક જુદી છે બીજાની લાયક જુદી છે. એ વ્યક્તિ કુસની વાત કરે છે, આપણે

આપણી ભાષામાં સગપુણે ભુલ એટલે પુણ્ય ! પણ એ ભાઈ ENGLISH ની વાત કરી રહ્યા છે. એ FOOL નો અર્થ મુર્ખ કરી રહ્યા છે.

સાધારણ શબ્દ, આપણે જે અર્થમાં લઈએ છીએ એ અર્થ જોયો છે. સાધારણ નો અર્થ શું છે ? સંસ્કૃત માં પણ સાધારણ શબ્દ છે, ગુજરાતીની અંદર પણ સાધારણ અર્થ છે, શાસ્ત્રકારો જે શબ્દ કહેવા માંગતા હતા એ સંસ્કૃત ના અર્થમાં હતો, ગુજરાતી ના સંદર્ભમાં આપણે લઈએ છીએ. અહીંયા આપણી ભુલ થાય છે, સંસ્કૃત માં સાધારણ નો અર્થ છે "COMMON"

સંવેગ રંગશાળાની અંદર કહ્યું કે સાત ક્ષેત્ર, એમાં એક માં પણ આપો ને મોટું પુણ્ય થાય, તો સાતે ક્ષેત્રમાં આપો, તો એનું તો કેટલું ગજબ- ગજબનું પુણ્ય હોય ! સંવેગ રંગશાળા ગ્રંથ કહે છે. એકાદ ક્ષેત્રમાં આપે એનું પુણ્ય ઓછું, સાધારણ MEANS COMMON જે બધા ક્ષેત્રમાં કામ લાગે, જે સંઘના બધા પ્રયોજનોમાં - ઉપયોગી થાય, એમાં તમે આપો, એનું પુણ્ય વધારે.

ગુજરાતી માં સાધારણ નો અર્થ છે "BACKWARD" આપણે કહીએ કે આ ભાઈ સાધારણ છે. સાધારણ નો અર્થ આપણે BACKWARD કરીએ છીએ, એ ગુજરાતી ના સંદર્ભ માં છે. અહીંયા જે વાત છે સાધારણ જાનું, એ કયું સાધારણ ? કે જે COMMON છે, જે સાતે ક્ષેત્રમાં વપરાય જેનાથી જિનશાસનની ઉન્નતિ થાય, જેનાથી

સંઘના ઘણા ઘણા પ્રયોજનો પાર પડે. અષ્ટમંગલ,
કૃત્ય મંગલ, અને જ્યારે સંઘને જણાવીએ, તીર્થંકર
કરતા પણ ઊંચી વ્યક્તિ, જે સંઘ છે જે પંચ-
પરમેષ્ઠી ઓ ની ખાણ છે, કેટકેટલા આત્માઓ તીર્થંકર
ના આત્માઓ, કેટકેટલા ગણધર ના આત્માઓ,
કેટકેટલા કેવળજ્ઞાની ના આત્માઓ, કેટકેટલા નજીકના
કાળમાં સિધ્ધિ ગતિ માં પહોંચનારા આત્માઓ, અને એ
પુણ્યાત્માઓ, એમને અષ્ટમંગલ ના દર્શન કરાવવા મળે
એક અપેક્ષા એ એવાય કે ઘોડિયા પારણા ની
આપણને કિંમત છે. એક અપેક્ષા એ કદાચ કહેવાય
લક્ષ્મી દેવીનું સપનું લેવું હોય, આપણને કિંમત છે.
કદાચ આ બધી વસ્તુઓની આપણને
કિંમત ના પતી હોય, તો આપણે ઘણા અંધારામાં
છીએ. એક અપેક્ષા એ ભગવાનનું ઘોડિયા-પારણું-
લેવાનું છે, જેટલો લાભ છે, ચૌદ સ્વપ્નો છે એને
વધાવવાના છે, ઝુલાવવાના છે, હેમની ને, રૂપાની
ને, પુષ્પની માળા પહેરાવવાની છે, એનો જેટલો
લાભ છે. અભયદેવસૂરી મહારાજ કહે છે, એક
અપેક્ષા એ બંને લાભ તુલ્ય છે, અને હજુ
આગળની અપેક્ષા, એ લાભ કરતા પણ, આખા
સંઘની ભક્તિ, આ સંઘની ભક્તિ કરવાનો લાભ
એના કરતા પણ ઊંચો છે. આપણને વિવેક નથી,
સમજ નથી, જ્ઞાન નથી, માટે કઈ રીતે વધારે
લાભ છે, એ આપણે આપણી રીતે ચલાવતા હોઈએ
છીએ. સરસ મઝાનું આલંબન, શ્રમણ સંમેલન
દ્વારા, બધા જ સૂરી ભગવંતો એ આ સંઘને
સરસ મઝાનું આલંબન આપેલું છે. આપણે જે
પ્રમાણે ભાવના હોય એ પ્રમાણે લાભ લઈએ.

classmate

# પ્રવચન - ૫ - પ્રિયમ

રવિવાર

DATE 20 08 2017

જે શ્રાવકો ને ધંધાની અનુકૂળતા હોય એવા સમયે પૂજા કરે. પ્રશ્ન કર્યો કે પૂજા એના સમયે જ કરવી જોઈએ, આ ધંધાની અનુકૂળતા શું ને, આ શું ને તે શું, આ બધું તો નહીં જોવાનું. મધ્યાહ્ને જ પૂજા કરવાની, અને હરીભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે.

निरविक्खस्स उ जुज्जइ संपुण्णो संजमो चेव

જેને કોઈ ધંધાની અપેક્ષા નથી, પરવા નથી, જરૂર નથી, ધંધાને આજુબાજુ કરી શકે છે, જેને અમુક INCOME જોઈએ આવી પણ જરૂર નથી. જેને પરિવાર ની એવી જવાબદારી નથી. એના માટે તો પૌષધ પણ નહી, પૂજા પણ નહીં, એના માટે તો સંયમ એ જ ઉચિત છે. જે આ બંધાયેલા છે, એના માટે અમે આ બધી અપવાદની વાત કરીએ છીએ. એટલે એ દ્રષ્ટિએ એમ પણ સમજવાનું, જેમ ધંધાની સાપેક્ષતા છે એમ પરિવાર વગેરે ની પણ સાપેક્ષતા એ બધું આવી ગયું.

धन्यास्ते कामदेवाद्याः श्लाघ्यास्तीर्थकृतामपि ।

બીજા દિવસ ની સવાર પડી છે, સમવસરણ ભગવાનનું મંડાયું છે. કામદેવ શ્રાવક હવે પ્રવેશ કરે છે. પોતાની સાધના પોતે કહેવાના નથી, પણ ભગવાન ઈચ્છે છે, કે આ શ્રાવક ની સાધના, એ બીજા બધા શ્રાવકો પણ જાણે ને શિષ્યો પણ જાણે કે એક શ્રાવક ને એ શ્રાવકપણામાં પણ આવી સાધના કરી શકે, તો આપણે તો બધું છોડીને આવ્યા છીએ.

हंहो कामदेवा! णूणं तव अंतिए

ગઈ કાલે રાતે તારી પાસે એક પિશાચ આવ્યો હતો
ને એણે આવું આવું કર્યું હતું ને, કામદેવ કહે
છે કે હે ભગવંત ! પરમાત્મા મહાવીર સ્વામી
હવે પોતાના શિષ્યોની તરફ ફરે છે ને કહે છે,

જઇ ગિહવાસમજ્ઝે વિ વસંતા -

શ્રી શ્રાવકો આ રીતે સંસારમાં રહીને પણ આવી
સાધના કરતા હોય, તો આપણે તો સાધુ છીએ.
આજે એવો કાળ આવ્યો છે, જેમાં સાધુ પણું બહુ સુલભ
છે, સાધુપણું ઉંચા માં ઉંચું
પળાઈ રહ્યુ છે. શ્રાવક પણું શોધવું હોય. આજે
એમ કહેવામાં આવે છે, આજે જેટલા સાધુઓ છે,
એટલા શ્રાવકો નથી. બાર વ્રતધારી હોય, સમ્યક્-
દર્શન જેનું નિર્મળ હોય. પરિણતિ જેની શુધ્ધ હોય,
શ્રાવકપણાનો જે વ્યવહાર હોય, એવા શ્રાવકો આજે
કેટલા ?

આપણે કહીએ ચાલીસ કરોડ હતા,
વીસ કરોડ થયા, દસ કરોડ થયા, બે કરોડ થયા,
એંસી લાખમાં આપણે આવી ગયા, એંસી લાખ જૈનો
બસ ? ચંદ્રાવતંસક નામના રાજા હતા, પૌષધ લીધો
છે, રાત્રિ નો સમય છે, શહેરની નીચે ભોંયરામાં
કાયોત્સર્ગ માં ઉભો છે. જિનશાસનની આ પરંપરા છે,
રાજા જે મહારાજા જેવા ધર્મ ને પામી ને, એક બાજુ
સેંકડો રાણીઓ હોય, એક બાજુ ખજાનાના ઢગલા હોય,
ત્રીજુ બાજુ નાટકો એટલા બધા તૈયાર હોય, એક
નાટક ના બત્રીસ બત્રીસ પાત્રો હોય. દેવલોક જેવા
સુખને ભોગવી શકે એવી બધી જ અનુકૂળતા હોય,
તો છતાં એ બધી જ અનુકૂળતા નો ત્યાગ કરી
ને, રાજમહેલના ભોંયરામાં ગયા છે, કાયોત્સર્ગ કર્યો
છે. અને કાયોત્સર્ગ ક્યાં સુધી ? બે લોગસ્સનો
કાઉસગ્ગ, ચાર લોગસ્સ નો કાઉસગ્ગ, વીસ લોગસ્સ

નો કાઉસગ્ગ, આવું નહિ. અહીંયા દીવો બળી
રહ્યો છે. આ દીવો જ્યાં સુધી ચાલે, ત્યાં
સુધી નો કાઉસગ્ગ ! દ્રઢતા ક્યાં છે ?
વઢવાણમાં એક રતિભાઈ નામના શ્રાવક થઈ
ગયા. હરસીયા નું OPERATION કરાવ્યું છે.
જ્યાં OPERATION THEATER માં ગયા છે.
ડૉક્ટર ENGLISH માં વાત કરી રહ્યા છે
આ દર્દી છે જે ધર્મનો બહુ કટ્ટી છે. એ
કહે છે કે હું પ્રાણીજ દવા નહીં લઉં ને આ
નહીં લઉં ને તે નહીં લઉં, પણ આપણે તો
આપવું જ પડશે ને. બેભાન થયા પછી -
એમને શું ખબર પડવાની છે. એમને એમ કે
રતિભાઈને ખબર નથી, ENGLISH એમને
આવડતું નથી, રતિભાઈ બધું સમજે છે
એનેસ્થીશિયા નું INJECTION આપવાની તૈયારી
થાય છે. એ સમયે રતિભાઈ કહે છે કે
હું એમ ને એમ OPERATION કરાવીશ,
હું આ બેભાની ની તમારી જે દવા છે એ
લઈશ નહિ. ડૉક્ટર કહે છે IMPOSSIBLE છે.
ચીસાચીસ કરશો, ઉછળકૂદ કરશો, કાંઈકનું
કાંઈક થઈ જશે. POSSIBLE જ નથી !
રતિભાઈ કહે છે કે બધી જ જવાબદારી
મારી, એક બેભાન માણસ પડ્યો હોય એ
રીતે હું પડ્યો રહીશ. OPERATION શરૂ
થાય છે. OPERATION પૂરું થાય છે. ડૉક્ટરો
તાજુબ છે એક ધર્મની દ્રઢતા કે મારે મારા
ધર્મને નેવે મુકવો નથી. મારા ધર્મને મારે
કલંક લગાડવા દેવું નથી, અસહ્ય વેદના હશે
નજર સામે પેટ ચીરાતું હશે, બેભાની નથી,
બેહોશી નથી, એ બધું જ સભાન છે ને

એવી સ્થિતિમાં ઓપરેશન કરાવવું એ એક ભાવના. મારા ભગવાનની આજ્ઞા ને એ આજ્ઞા નો ભંગ મારે કરવો નથી.

ચાર પ્રકારનો પૌષધ એમાં પહેલા નંબરનો પૌષધ બતાડ્યો છે, આહાર પૌષધ નો અર્થ છે ઉપવાસ કરવો કે એકાસણું કરવું. એક પ્રકારનો આંશિક ઉપવાસ, આંશિક અનશન, થોડા ટંક છોડવા. અથવા તો બધા ટંક છોડવા, આને આહાર પૌષધ કહેવાય !

કદાચ તમારી પાસે ધંધા વગેરેની અનુકૂળતા એવી ના હોય, પૌષધ તમે ના કરી શકો, તમે ઈચ્છો તો આહાર પૌષધ તમે ઘરે રહીને પણ કરી શકો. પૂર્વકાળમાં આવી પરંપરા હતી, એકાદ પૌષધ પણ લેવાતો, આજે પ્રત્યાખ્યાન રૂપે, એ પૌષધના સૂત્ર રૂપે પરંપરા નથી, પણ અભિગ્રહ રૂપે પરંપરા આજે પણ છે. એમને જ્યારે સાંભળવા મળે સાહેબ કંઈ પણ રાખવું હોય, રાત્રિ પ્રવચન પણ રાખવું હોય, સાહેબ રવિવારે સાંજે નહિ રાખતા, રવિવાર રાતનું કંઈ જ નહિ કરતા, મહાત્મા પુછે કે શા માટે નહિ, અને ત્યારે પેલા ભાઈ કહે કે સાહેબ રવિવારની રાત એ જૈનો ઘરે નથી હોતા, ક્યાંક હોટલે હોય છે, ખાતી એ હોય છે, હું તમને પુછુ એવા ઓપરેશન કરાવી શકો, અસહ્ય વેદના સહી શકો, મારા ભગવાનની આજ્ઞા ને એની મારે ભંગ કરવો નથી, આ જીભડી ના થોડી મિનિટો ના ચટકા માટે, ભગવાનની આજ્ઞાને માળિયે આપણે ચડાવી શકીએ, રાતે ખાઈ શકીએ, અભક્ષ્ય ખાઈ શકીએ, અને જીભનો ચટકો મળતો હોય તો બધા જ ધર્મને નેવે મુકવા આપણે તૈયાર હોઈએ, તો સમજી લો કે આપણી સ્થિતિ કઈ છે, આપણું સ્તર ક્યું છે, ધર્મમાં આપણું સ્થાન ક્યું છે !!

રવિવાર

DATE 20 08 2017

જે ભગવાને આપણા માટે છ-છ મહિનાના ઉપવાસ કર્યા,

હોય છ માસી નવ ચઉમાસી અઢીમાસી ત્રણમાસી રે
દોઢમાસી બે બે કીધા, છ કીધા બે માસી રે.
બાર માસી પક્ષ બહોંતેર, છટ્ઠ બસે ઓગણત્રીસ વખાણું રે
બાર અટ્ઠમ ભદ્રાદિક પ્રતિમા, દિન હોય ચાર દશ જાણું રે...

આ બધો જ તપ જે ભગવાને કર્યો, બે વાર છ મહિનાના ઉપવાસ, નવ વાર ચાર મહિનાના ઉપવાસ, હું તમને પુછું આ તપ શા માટે? એક સ્વાર્થ હતો મારે નરકમાં નથી જવું, મારે દુર્ગતિ માં નથી જવું, મારે મોક્ષે જતું રહેવું છે, એ આટલી જ ભાવના હોત, તો તીર્થંકરના થયા હોત!

ભગવાને સાધના કરી આપણને તારવા માટે, આ ઉપર કરૂણા વૃષ્ટિ કરી, કે ભગવાને આપણા માટે છ-છ મહિના આહાર અને પાણી છોડી દીધા, એ ભગવાનના નામે આપણે રાત્રિભોજન ના છોડી શકીએ! મારે જાવું પડે ને મારે ખાય છે ને મારે નેમ છે, હું કહું ના જમાય તો છોડી દો એક ટેક, આપણે અટ્ઠાઈ કરનારા, આપણે માસક્ષમણ કરનારા, ઉપવાસ ને એકાસણું કરનારા, એક સાંજનું ટેક ના છોડી શકીએ! શરમ આવવી જોઈએ આપણને આપણી મન ઉપર, ભગવાનની પૂજા કરવા જઈએ, હું કહું છું, કેસર પછી ચડાવજો, પહેલા નંબરમાં આંખ માંથી આંસુ પાડજો, અશ્રુથી ભગવાનનો અભિષેક કરજો, ભગવાન હું નાલાયક છું! તારા વચનનો હું રહેંદે કરનારો, તારી આજ્ઞાને માળિયે ચડાવનારો

ડગલે ને પગલે મારી અનુકૂળતા શોધનારી, મને સ્વાદ ક્યાં મળે, મારી ઈન્દ્રિયોને સુખ ક્યાં મળે, મારી આંખને શું સારું લાગે, મારી જીભને શું સારું લાગે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

आहारनिमित्तात् मच्छा गच्छंति सत्तमिं पुढवीं ।

માછલીઓ સાતમી નરક સુધી જાય છે, એવું કોઈ પાપ માછલીઓના જીવનમાં નથી હોતું ! જે ધંધાની ઉથલ-પાથલ તમે કરો છો, માછલીઓ કદી કરતી નથી. જે મોબાઈલ કે T.V. ઉપર તમે દ્રશ્યો જુઓ છો, એ માછલીઓ કદી જોતી નથી. તમારા જીવનમાં જે આર્ત અને રૌદ્ર ધ્યાન છે, એના જીવનમાં એવા પ્રકારના દુર્ધ્યાનો પણ નથી, તો એ માછલી સાતમી નરકે જાય એનું કારણ શું ? એની ત્યાં કારણ-બતાવ્યું આ જીભડી ની આસક્તિ, એ આહારની આસક્તિ,

सचित्तो आहारो ण खमो मणसा वि पत्थेउं ।

એ સચિત્ત આહાર છે ને મનથી પણ એની ઈચ્છા કરવી, એનો રાગ કરવો, એની પાછળ પડવું, આ બહુ મોટી ભૂલ(?)ની વાત છે, આજ આપણું ભવિષ્ય છે એ અંધકારમય થઈ જવાનું છે. જે નિઃસત્ત્વ આત્મા છે એનો ધર્મમાં કોઈ અધિકાર નથી. યોગસાર માં પ્રાચીન પરમર્ષિ કહે છે,

न हि धर्माधिकारोऽस्ति हीनसत्त्वस्य देहिनः ।

સત્ત્વ જેનું મંદ છે, સત્ત્વ માં જે પાછળ છે, સત્ત્વમાં જે BACKWARD છે, એ વ્યક્તિ ધર્મનો અધિકારી જ નથી. સાત દિવસ હજુ રતિભાઈને HOSPITAL માં રહેવાનું છે, દહેરાસર જવાની મંજુરી માંગી છે ડોક્ટરે આપી નથી. હાડકાં તમારા તુટી જશે અત્યારે RE-OPERATION કરવું પડશે, ભૂલ(?) ભૂલે ચુકે લેતા નહિ. પેલા કહે મને ભગવાનના દર્શનથી જ સારું થશે. ડોક્ટર કહે

રવિવાર

DATE 20 08 2017

એ બધું તમે ઘરે ગયા પછી કરજો, અહીંયા કશું થાવશે નહિ. ઓપરેશનના બીજા દિવસે રતિભાઈ સવાર પડી છે, પલંગમાંથી ઉઠ્યા છે, બહાર જવા જાય છે પેલી નર્સ વચ્ચે ઉભી રહી જાય છે, તમારે ક્યાં જવું છે. તમે દર્દી છો, તમારે ક્યાંય જવાની રજા નથી. રતિભાઈ કહે મને જવા દે - દહેરાસર દર્શન કરવા જવું છે, નહીં જવાય! અમુક લોહી વગેરે હોય એટલે પૂજા થાય નહીં પણ દર્શન થઈ શકે. દર્શનની ભાવના છે. નર્સ કહે છે કોઈ પણ હિસાબે તમને નહિ જવા મળે ને, રતિભાઈએ કહ્યું કે મને જવા દેતી હોય તો જવા દે, નહીં તો આ બારી પાસેના પાઈપ થી નીચે ઉતરી ને જઈશ. નર્સ ગભરાઈ ગઈ, એને થયું આ તો વધારે જોખમ થાય એવું છે, જવા દીધા. સાત દિવસ થયા, જ્યારે DISCHARGE લેતા હતા, ત્યારે ડોક્ટર કહે કેમ MR. રતિભાઈ તમે કહેતા હતા ને કે તમને આ દર્શન વગર સારું નહીં થાય એના વગર સારું થઈ ગયું ને, એટલે રતિભાઈ કહે કે દર્શન થી જ સારું થયું છે, સાતે દિવસ દર્શન કર્યા છે.

દીકરી ની મન છે ને મન લઈને બીકળ્યા છે, પહોંચતા પહોંચતા મોડું થયું છે, ચોવિયાર ને દસ-પંદર મિનિટ ની વાર છે. અને રસોઈ મેં હવે ચાલુ કરી, રાત્રિભોજન થાય એ રતિભાઈ ને મંજુર નથી. મનૈયા ઓની - સરભરા કરવાની છે, ને સરભરા માટે સંસાર આપણી સામે હોય, દીકરીનું ભાવિષ્ય નજર સામે હોય, બધા સિદ્ધાંતો ગૌણ કરવા માટે આપણે - તૈયાર હોઈએ, આ આપણી ભૂમિકા!

રતિભાઈએ કહી દીધું, સમય વધારે છે નહિ, ફક્ત ચા નું તપેલું મુકી શકાય, થોડી વારમાં ચા થઈ જાય, ચોવિયાર પહેલા પી લેવાય. ચા મુકાઈ છે, ચા પીરસાય છે, બધા વાતો કરતા કરતા ચા પી રહ્યા છે, ને રતિભાઈએ જોયું કે હવે ઘડિયાળ ટાઈમ બતાડે છે, પાંચ મિનિટ થી વધારે હવે સુર્યાસ્તની સમય નથી. અને આ રીતે જો ચા પીતા રહેશે તો રાત્રિ ભોજન થશે. રતિભાઈ નીકળ્યા છે ને એક એક મનૈયાઓના હાથમાંથી હવે કપ પાછા લઈ રહ્યા છે.

આપણે કહીએ છીએ દીકરીના ભવિષ્યનું શું, આનું શું, તેનું શું ? ફલાણું શું ? ઢીકણું શું, ને ભગવાન એક પ્રશ્ન કરે છે, તમારા આત્માનું શું ? બહુ તમે સારામાં સારી સરભરા કરી હોય છે, એટલે શું દિકરી તમારી સુખી થઈ જાય છે ! બધું જ આપણે ભોગ કર્યા પછી, બધું જ એમનું ઈચ્છિત કર્યા પછી, અને બધું જ સારું કર્યા પછી પણ, કંઈ જ સારું હોતું નથી ! કારણકે આપણે ધર્મને જીવનમાં - અપનાવ્યો નથી, પુણ્યાનુબંધી પુણ્ય ઊભુ કર્યું નથી,

धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः।

જે ધર્મ ને ઠોકર મારે છે, એના જીવનની અંદર ઠોકરોજ રહે છે. જે ધર્મની રક્ષા કરે છે, એની પોતાની રક્ષા થાય છે.

રતિભાઈ શ્રાવક છે, એમના ધંધાના શેઠ ઈંદોરના બહુ મોટા શેઠ અબજોપતિ, હુકમીચંદજી - એમનું નામ ! વઢવાણમાં પોતે આવવાના છે, - કહેવડાવ્યું છે, રતિભાઈએ કહ્યું છે કે તમે પાંચ વાગ્યા સુધીમાં આવી જજો, ગમે તે કારણસર મોડું થયું છે. સુર્યાસ્ત પછી આવ્યા ! એંગ્રોએ એ

જેને "સર" નો ખિતાબ આપ્યો હતો, અબજો-
પતિ માણસ, ધંધાના શેઠ છે. સુર્યાસ્ત પછી
ઘરે આવ્યા છે. રસોઈ બધી અંદર પડી છે.
રતિલાઈ જમાડવા માટે તૈયાર નથી, DRAWING
ROOM માં એમ ને એમ બધા બેઠા છે. પેલા
માંગવાના નથી ને આ આપવાના નથી. ઘરના
બધાને આમ- આમ- આમ- આમ થાય છે કે
હવે થશે શું ?, થશે શું ?, થશે શું ?,
હુકમીચંદજી એટલું બોલ્યા કે મને લવિંગ ચગળવાની
આદત છે, મને લવિંગ મળશે, અને રતિલાઈજે
હાથ જોડ્યા. તરસ્યા થયા છે, પાણી જોઈએ
છે. રતિલાઈજે લાચારી બતાવી. આપણે બધાને
ખુશ કરીએ છીએ આપણે ધર્મને ખુશ કરતા નથી.
અધ્યાત્મ કલ્પદ્રુમ ની અંદર મુનિસુંદર સૂરી -
મહારાજ કહે છે, ખુશ કરવા હોય તો એને
ખુશ કરી દે, જેનાથી તારું ભવોભવનું દળદળ
ફીટી જાય.

દીકરાને ખુશ કર્યો, પત્નીને ખુશ કરી,
બોસને ખુશ કર્યા, આ ઈન્દ્રિયો ને ખુશ કરી,
એમાં તારું કશું જ વળવાનું નથી. વઢવાણ
નગર પાલિકા તરફથી એ હુકમચંદ શેઠનો બહુમાન
સમારંભ હતો ને, બહુમાન સમારંભ ચાલુ છે.
હુકમીચંદ ને બોલવાનો વારો આવ્યો છે, વઢવાણ-
માં પડાપડી હતી, મારા ઘરે આવો, મારા ઘરે
આવો, મારા ઘરે આવો, ધંધાના વ્યવહારને
કારણે રતિલાઈના ઘરે ગયા છે, ભૂખ્યા રહ્યા છે
તરસ્યા રહ્યા છે, લવિંગ ચગળવું છે, એક
લવિંગ સુધ્ધા મળ્યું નથી, બધાને એમ કે
કે ભુખ્યા ને તરસ્યા હમણાં રતિલાઈનો ઉધડો
લઈ લેશે, માઈક હાથમાં લીધું છે, સંબોધન

રવિવાર

DATE 20 08 2017

કર્યું છે, સંબોધન આગળ ચાલ્યું છે, અને આવાવેશ માં આવી ને હુકમીચંદ શેઠ બોલી ઉઠ્યા, આ તમારા નગરનું શ્રેષ્ઠીરત્ન છે, જેમની ધર્મ ભાવનાનો હું ખુબ આદર કરું છું. બોલતા બોલતા ગળગળા થઇ ગયા, માઇક મુકીને દોડી ગયા, એમને ભેટી પડ્યા ને એમને ઉંચકી લીધા. ધર્મની આવી શ્રેદ્ધા! રતિભાઈ એ પણ માઇક લીધું ને બોલ્યા કે તમે પણ મારા જેવા ધર્મનિષ્ઠ બનો એવી હું ભાવના - વ્યક્ત કરું છું! તમારી ચાંપલુસી કરવી, તમારી પ્રશંસા કરવી, તમારી બધી જ રીતે સરભરા કરવી, અને આ બધું કરતા કરતા મે મારે ધર્મને ઠોકર મારવાની હોય તો, આ બિલકુલ મને ઈષ્ટ નથી.! એ હુકમીચંદજી નક્કી કરે છે કે આજથી હું પણ રાત્રિભોજનનો ત્યાગ કરીશ.

દેશ ને આઝાદી મળે છે ને જવાહર-લાલ નહેરૂ પહેલા વડાપ્રધાન બને છે ને એક દિવસ પોતે ઈંદોર ની ટુર પર જાય છે. હુકમીચંદજી એના મહેમાન બને છે. સાંજે એમની બરાબર - જમાડી દેવામાં આવે છે. એક દિવસ અને એક રાત માટેના મહેમાન છે. રાત્રના નવ વાગ્યા છે પેલો SECRETARY રસોઇયા પાસે જાય છે, કે આ જવાહરલાલ નહેરૂ અત્યાર ના વડાપ્રધાન છે, રાતે દુધ પીને સુવાની એમની આદત છે, એક ગ્લાસ દુધ મોકલો છો. પેલા રસોઇયાએ કહ્યું કે શેઠ સાહેબ ની અનુમતિ લી મળે. ઓલો કહે કે આખો દિવસ આટલી સરભરા કરી છે ને એક ગ્લાસ દુધ માટે તમારા શેઠ ને પુછવા જવાનું. એ બહાર નીકળ્યો ને એમ થયું કે હવે કોને પુછવા મળે ત્યાં, હુકમીચંદ નો દીકરો દેખાયો ને એને કહ્યું કે આ રસોઇયો આવી વાત કરે છે.

દીકરી કહે કે તમે ચિંતા ના કરો બહાર જઈને આવ્યા. નહેરુ જીને મળ્યા સાહેબ, બહાર ગાડી છે ડ્રાઈવર છે, તમે બહાર જઈને દુધ પી ને આવી જાવ, અહીંયા રાતે કોઈને કશુ આપવામાં આવતું નથી. વડાપ્રધાન જવાહરલાલ નહેરુ એટલું જ બોલ્યા, મુજે બહોત ખુશી હુઈ. આપ રાત કો કુછ નહી લેતે તો મેંને ભી આજ તય કીયા હૈ કે, આજ કી રાત મેં ભી કુછ ભી નહિં લુંગા, અને પોતાના બેડરૂમ ની તરફ - નહેરુ જી ચાલવા લાગ્યા, એક દીવામાંથી કેટલા દીવા પ્રગટે છે.

સંસર્ગેઽપ્યુપસર્ગાણાં દૃઢધર્મપરાયણાઃ।

ઉપસર્ગો જ્યારે આવે છે, જ્યારે પરિષહો આવે છે, જ્યારે કસોટીઓ આવે છે, ત્યારે તો ધર્મને બરાબર વળગી રહો, ત્યારે તો ધર્મ ની પરીક્ષા છે, એ પરીક્ષા વખતે જો તમે પાસ થઈ ગયા, સમજુ લો તમારું કામ થઈ ગયું. જેટલો - જેટલો ધર્મ કરીએ છીએ એ PRACTICE છે ને જ્યારે કષ્ટ આવે છે, એ EXAM (પરીક્ષા) છે. PRACTICE ઘણી બધી કરીએ, EXAM માં યા આપણે ABSENT હોઈએ યા EXAM માં આપણે FAIL થઈ જઈએ, તો એ PRACTICE નો કોઈ અર્થ નથી.

ચંદ્રાવતંસક રાજા છે પૌષધમાં પોતે ઉભા છે, દીવો ત્યાં ટમટમી રહ્યો છે, પ્રતિજ્ઞા છે કે જ્યાં સુધી દીવો ટમટમે ત્યાં સુધી મારે કાઉસગ્ગ કરવો, કાઉસગ્ગ પોતે ચાલુ કર્યો છે અડધો - પોણો કલાક થયો છે, પગ તૂટી રહ્યાં છે, શરીર થાકી રહ્યું છે. આવશ્યક નિર્યુક્તિ ની રચેર શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી મહારાજ

કહે છે,

काउस्सग्गे जियस्स जह जह भंजंति अंगुवंगाइं।

કાયોત્સર્ગમાં ઊભા છે ને જેમ જેમ શરીર ભાંગે, જેમ જેમ શરીર તૂટે, તેમ તેમ કર્મોના ભુક્કે-ભુક્કા બોલાતા હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રના સામાચારી અધ્યયન ની અંદર, વારંવાર એક પદનો પ્રયોગ છે,

काउस्सग्गं तओ कुज्जा सव्वदुक्खविमोक्खणं।

સર્વ દુઃખથી આત્માને જો કોઈ છોડાવનાર હોય તો એ કાયોત્સર્ગ છે. આજે પણ એવા મહાત્મા છે, આજે પણ એવા શ્રાવકો છે, દસ લોગસ્સ નો કાઉસગ્ગ, વીસ-લોગસ્સ નો કાઉસગ્ગ, પચાસ લોગસ્સ નો કાઉસગ્ગ, એકાવન લોગસ્સ, એકસો એક લોગસ્સ, અને આગળ વધી ને પાંચસો લોગસ્સ, આગળ વધીને હજાર હજાર લોગસ્સનો કાઉસગ્ગ એક સાથે કરનારા, એવા પણ આજે પુણ્યાત્માઓ છે. ચાર લોગસ્સ નો કાઉસગ્ગ-હોય, કોઈપણ કારણસર મહાત્મા એ કાઉસગ્ગ પાર્યો નથી સાચું બોલો આપણી દશા ? આપણે શું કહીએ ? સાહેબ પ્રકાશો. એમના શિષ્ય કહે ચાર લોગસ્સ છે, ગુરુને કદાચ વિસ્મૃતિ થઈ હોય, કદાચ કોઈક અનાભોગ થઈ ગયો હોય, ધ્યાન ન રહ્યું હોય, એ એમનો વિષય છે. આપણે ઊંચા-નીચા થઈએ, એમ લાગે કે ગુરુ ભગવંત જલ્દી પારે તો સારું, શું ગણના હશે, એક લોગસ્સ તો ક્યારનો થઈ ગયો, હજુ કેમ બાકી છે. આપણી નિઃસત્ત્વતા કેટલી !

व्यक्त्वा रजस्तमो भावौ सत्त्वे स्थिरं मतिं कुरु।

રજસ અને તમસ ભાવને છોડી ને, સત્ત્વ માં તમે સ્થિર થઈ જાઓ, જ્યાં સુધી સત્ત્વ નથી, ત્યાં સુધી ધર્મ નથી. જ્યાં સુધી ધર્મ નથી ત્યાં સુધી મોક્ષ નથી. આજે પણ હજારો યુવાનો એવા છે, મુંબઈ ગયા છે, ત્યાંની ભાગમારી છે, ક્યાં ના ક્યાં

ઘરે થી પચાસ-સો કીલોમીટર દૂર જવાનું છે અને
છતાં પણ ચોવિયાર નો સમય થાય, સુર્યાસ્તની
પહેલા અધુક જમી લે, એ મુંબઈમાં પણ રહી
ને કરી શકે ને આપણે અહીંયા રહીને પણ
ચાલુ દિવસ હોય કે રવિવાર હોય, રવિવાર ના
દિવસે સામે ચાલી ને આપણે જઈએ, ચુલડીના
ચટકા કરીએ, એ બે-પાંચ મિનિટના સુખની
પાછળ આપણે આપણા બધા જ ધર્મને બાળીને
રાખ કરી નાખીએ છીએ.

પોણો કલાક / કલાક થયો છે રાજા
કાઉસગ્ગ માં સ્થિર છે. દાસી આવે છે જુએ છે
રાજા કાઉસગ્ગ કરી રહ્યા છે. દીવાનું તેલ ખુટી
રહ્યું છે, એ ખુટી જશે તો કાઉસગ્ગ કરશે કઈ
રીતે ? દાસી આવી આવીને ફરી ફરી તેલ
પુરતી જાય છે. બીજો કલાક, ત્રીજો કલાક,
ચોથો કલાક, પાંચમો કલાક, તેલ એટલું ~~છ~~ હતું
કે રાજાને કદાચ એક/દોઢ કલાકની અંદર
કાઉસગ્ગ પતી જાત, દાસીને ગેરસમજ થઈ છે,
બોધ લેવાનો છે, અભિગ્રહની એને કંઈ જ
ખબર નથી, એ તેલ ને પુરવા આવ્યું, પાછું
એણે પૂરી દીધું છે, પાંચ કલાક, છ કલાક,
સાત કલાક, આઠ કલાક, નવ કલાક, દસ
કલાક, આખી રાત એ રાજાનો કાર્યોત્સર્ગ
ચાલતો રહ્યો છે. હું તમને પુછું કે આવા-
સમયે આપણી સ્થિતિ શું હોય ? પૌષધમાં
છે, કાઉસગ્ગ માં છે, દાસીને કહેવાનું નથી,
નથી તેલ નાખવાનું, કાંઈ ખબર પડતી નથી
કાર્યોત્સર્ગ અને અભિગ્રહ ની બધી એસી કે તૈસી
કરીને, થા આપણે દાસીને ધધડાવી નાખીએ,
હવે તેલ પુર્યું છે તો જોઈ લેજે, નહી તો

ઢુંઢક મારીને બોલવી નાણ નો કાઉસગ્ગ પુરો થાય.
ન હિ ધર્માધિકારોऽસ્તિ હીનસત્ત્વસ્ય દેહિનઃ।
એક દીપક એકાસણું આપણે કરીએ ને આપ બરાબર થી
ચેક કરી લીધું હોય, દીવાની બરાબર કેબીન બનાવી
દીધી હોય, કે દીવાને ઉની આંચ આવે નહિ. સારું છે
આપણી પરીક્ષા કરવા કોઈ આવતું નથી. આખી રાતનો
કાયોત્સર્ગ ચાલ્યો છે, સવારે અજવાળું થયું છે. હવે
દાસીએ તેલ વધારે પુર્યું નથી, દીવો ઓલવાયો છે,
કાયોત્સર્ગ પાર્યો છે ને, પારણા ની સાથે, વેદના
થઈ છે ને, રાજા ત્યાં ને ત્યાં પડી જાય છે.
કાળ કરી જાય છે. દેવલોકમાં જાય છે. અને દેવલોક-
માંથી ચ્યવી ને માત્ર એક જ ભવ, રાજા થશે-
દીક્ષા લેશે, અને મોક્ષે જશે.

સહન આપણે નથી કર્યું એવું નથી,
અનાદિકાળના સંસારમાં, ઘણું ઘણું સહન કર્યું છે.
ખંધક મુનિની ચુવતા ચામડી ઉતરી છે, તો આપણી
પણ અનંતાભવોમાં ચામડી ઉતરી છે, એ ગજસુકુમાલ
મુનિનું માથું બળ્યું છે, તો આપણું એ અનંત વાર-
બળ્યું છે, સહન બધું જ કર્યું છે, ન છુટકે કર્યું,
મજબુરી થી કર્યું, દુર્ધ્યાન થી સહન કર્યું, કદી ધર્મ
બુધ્ધિથી સત્ત્વથી સહન કર્યું નથી, અને એના કારણે
આપણા ભવનો આરો આવ્યો નથી.

એ ચંદ્રાવતંસક રાજા જેવા એ પૌષધનું
પાલન કરીને પોતાની સદ્ગતિ ને પરમગતિ ને પામી ગયા.
સુદર્શન શેઠ જેવા શ્રાવકો, પૌષધમાં પોતે ઉભા છે,
રાણીઓ નો ભયંકર ઉપસર્ગ આવે છે, કલંક આવે છે,
સામે શુળી છે, ને છતાં અભિગ્રહ છે, ઉપસર્ગ ટળે
નહી, ત્યાં સુધી કાઉસગ્ગ પારું નહિ, રાજા કહે
બોલો શેઠ તમે આવું કરો જ નહિ, તમારા ઉપર
મને વિશ્વાસ છે. તમે કંઈ બોલશો નહિ તો ગુનેગાર

પણ એક શબ્દ સુદર્શન શેઠ બોલવા માટે
તૈયાર નથી.

ગૃહિણોઽપિ હિ ધન્યાસ્તે પુણ્યં યે પૌષધં વ્રતમ્ ।

રાજાનું પણ સિંહાસન થઈ જાય ને રાજા પણ
સિંહાસન પરથી ઉથલી જાય. એ ગૃહસ્થનો ધર્મ
કેવો હતો, એ પૌષધનો મહિમા કેવો હતો. જિન
શાસનની અજબ-ગજબની પ્રભાવના, માત્ર ઢોલો થી
નથી થતી, માત્ર જમણવારો થી નથી થતી,
ખરી ધર્મની કોઈ પ્રભાવના થાય છે તો એ ધર્મ-
ની "દ્રઢતા" થી થાય છે. એક નાનો નિયમ પણ
એવો લો કે જેને તમે પ્રાણના ભોગે પણ
છોડો નહિ. એક નાના ધર્મને પણ એવી રીતે
પકડો, બીજું બધુ જ ગૌણ, એક બાજુ આખી
દુનિયા હોય ને બીજુ બાજુ ધર્મ હોય, હું ધર્મને
અપનાવીશ, હું ધર્મને પસંદ કરીશ, હું ધર્મને
વરમાળા પહેરાવીશ, પણ દુનિયા માટે ધર્મને હું
કદી ઠોકર નહિ મારું.

ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।

જે ધર્મની રક્ષા કરે છે, એની પોતાની રક્ષા-
થાય છે. ડગલે ને પગલે ધર્મની અવગણના
કરીને સંસારમાં ઢગલાબંધ પાપો કરીને, છેવટે
જીવ દુઃખી થતો આવ્યો છે. અનાદિકાળ ની
આપણી આ જ યાત્રા છે. સંસારને પ્રધાન
કર્યો, ધર્મને ગૌણ કર્યો, અને એના દ્વારા
આપણે આપણા જ આત્મા ને દુઃખી કર્યો.

પૌષધ ની મહિમા બતાવીયા બતાડે છે.
પૌષધનું ફળ કેટલું ? એક સામાયિક નું ફળ
કેટલું ? શાસ્ત્રકાર ભગવંતો કહે છે, સાધિક
એટલે SOMETHING PLUS સાધિક બાણું
કરોડ પલ્યોપમ નું દેવ લોક નું આયુષ્ય,

એક સામાયિક થી બંધાય. અને પૌષધ નું ફળ કેટલું.
નો ૨૭ અબજ, ૭૭ કરોડ, ૭૭ લાખ, ૭૭ હજાર,
૭૭૭ પલ્યોપમ, Plus ૭ નવમાંશ પલ્યોપમ,
આટલું દેવલોક નું આયુષ્ય, એક પૌષધ થી બંધાય!
શાસ્ત્રકાર ભગવંતો કહે છે, શ્રાવકપણામાં જેટલો સમય
તમારો સામાયિક માં ગયો, જેટલો સમય તમારો પૌષધ-
માં ગયો, એટલો જ સમય સફળ છે. બાકી -
સંસારની ગમે તેટલી લીલી વાડી હોય, સંસારની
ગમે તેટલી તમારી પાસે સુખની સામગ્રી હોય,
ઓફિસમાં બેઠા છો, કમાણી તમારી સારામાં સારી
થઈ રહી છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે, એ
બધો જ તમારી જિંદગી નો વેડફાટ છે.

શ્રાવક ની ઉપમા આપી છે, શ્રાદ્ધ
વિધિ ગ્રંથની અંદર કે શ્રાવક હોય તો વેશ્યા જેવા
હોય. સમજવા જેવો પદાર્થ, એક વેશ્યા છે, એક
દિવસ એનો સંગ કરવો હોય તો એક હજાર સોના-
મહોર આપવી પડે. વિદેશથી કોઈ વ્યક્તિ આવે છે,
લાખ સોના મહોર લઈને એ વ્યક્તિ આવી છે,
વેશ્યા ના મહેમાન તરીકે ત્યાં રહે છે. રોજ એક
હજાર સોના મહોર વેશ્યા ને આપતો જાય. પાંચ -
દિવસ, પચ્ચીસ દિવસ, પચાસ દિવસ, સાંઈઠ દીવસ,
સિત્તેર, એંશી, નેવું, પંચાણું, છન્નું, સત્તાણું, અઠ્ઠાણું,
નવ્વાણું, સો. છેલ્લો દિવસ છેલ્લી હજાર સોનામહોર
વેશ્યાને આપી દીધી. એકસો એક મો દિવસ ઉગ્યો છે,
આથમ્યો છે, આજે વેશ્યા ના હાથમાં કશું આવ્યું નથી.
એકસો બે મો દિવસ, આજે પણ વેશ્યા ના હાથમાં
કંઈ આવ્યું નથી, વેશ્યા છે કોઈ પ્રેમ નથી,
પૈસા થી એને મતલબ હતો ને, ખ્યાલ આવી ગયો
કે આની પાસે જે હતું એ ખાલી થઈ ગયું છે,
એ કડકો થઈ ગયો છે, હવે એની પાસેથી કંઈજ

આશા નથી. સો દિવસ તો એક- એક રુપિયર, સોનામહોર મળી, એકસો એક મા દિવસે નથી મળી, એકસો બે માં દિવસે નથી મળી. એ વેશ્યા એને કાઢી મુકવાની છે, બસ હજુ સુધી કાઢી નથી મુક્યો એટલો જ ફરક છે. એ વ્યક્તિ હજુ ત્યાં જ છે એટલો જ ફરક છે, આજે કાઢે કે કાલે કાઢે !

શ્રાદ્ધ વિધિ ગ્રંથની અંદર રત્નશેખર-સૂરિ મહારાજ કહે છે.

वेस व्व निरासंसो अज्जं व कल्लं व चामि त्ति चिंतंतो।

એ વેશ્યા ને એ કડકો ઘરાક છે, એમાં જેના દર્શન થાય, એને એવું લાગે કે આ નકામો છે, આ અસાર છે, આ કાંઈ કામનો નથી, આ કાઢી મુકવા જેવો છે, હમણાં કાઢું, પછી કાઢું, આજે કાઢું, કાલે કાઢું, જલ્દી માં જલ્દી આને કાઢી મુકું.

वेस व्व निरासंसो अज्जं व कल्लं व चामि त्ति चिंतंतो।

વેશ્યા માટે એ વ્યક્તિ કડકી છે, શ્રાવક માટે આખો સંસાર કડકો છે. શ્રાવક સમજે છે, દીકરા માટે, પત્ની માટે, ધંધા માટે, ઘર માટે, આકાશ પાતાળ એક કરી દઉં તો એ મારા આત્મા ને કોઈ જ લાભ થવાનો નથી. હું એના માટે આખી જિંદગી ઘસી નાખીશ, એના માટે મારી જાત નીચોવી નાખીશ, હકીકતમાં મને એમાં કોઈ જ લાભ નથી ! લલિત વિસ્તરા ગ્રંથની અંદર, હરીભદ્રસૂરી મહારાજ શ્રાવક ધર્મની વ્યાખ્યા કરે છે.

अणुव्रतादिक्रिया~~[illegible]~~ व्यङ्ग्यः साधुधर्माभिलाषातिशय~~[illegible]~~रूपः ०

श्रावकधर्मः

અણુવ્રત વગેરે જે ક્રિયા છે ને જે ક્રિયાથી પ્રગટ

થાય. શું પ્રગટ થાય તો, અંતરંગ પરિણામ પ્રગટ થાય. શ્રાવક સામાયિક કરે, શ્રાવક પૌષધ કરે, આ બધા થી એની ભિતર ની સ્થિતિ છતી થાય, કઈ સ્થિતિ છતી થાય.

સાધુધર્માભિલાષાતિશયરૂપ: ० શ્રાવકધર્મ: ।

સામાયિક છે એ બાહ્ય ક્રિયા છે, પૌષધ છે એ બાહ્ય ક્રિયા છે. અણુવ્રત એ બાહ્ય વસ્તુ છે. શ્રાવક જીવનની બધી જ બાહ્ય ચર્યા એ બાહ્ય વસ્તુ છે. આ બધી બાહ્ય વસ્તુની અંદર એનું અંતરંગ પરિણામ હોય છે, એ કે ક્યારે મને સંયમ મળે. પળે પળે જેના હૃદયમાં સંયમ ધર્મ ની ઝંખના છે. સાધુ થવાની તમન્ના છે. એને શ્રાવક કહેવાય!

આપણે કહી એ દીકરા દીક્ષાર્થી છે, આ ભાઈ દીક્ષાર્થી છે, આ છોકરો દીક્ષા લેવાનો છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે દીક્ષાર્થી નથી તે શ્રાવક નથી, જે દીક્ષાર્થી નથી તે જૈન નથી. જે દીક્ષાર્થી નથી તે સમકિતિ નથી. પળે-પળે હૃદયમાં સંયમની અભિલાષા હોય, સાધુ થવાની તમન્ના હોય, એજ સમ્યક્ત્વ, જૈનત્વ ને શ્રાવકત્વ નું લક્ષણ છે. શ્રાવક કદાચ નાહવા બેઠો હોય ને સ્નાન કરતો હોય, સ્નાન કરતા કરતા એની આંખ માંથી એક આંસુ નીકળી જાય. આજે સ્નાન કરું છું પણ સંસાર ના નામનું હું ક્યારે નાહી લઈશ. શ્રાવક દહેરાસરમાં જાય, ભગવાનની પુજા કરતો હોય, જાનુ બળે કાઉસગ્ગ રહ્યા, ગળગળો થઈ જાય, હૈયું એનું ભરાઈ જાય અને એનું અંતર બોલી ઉઠે મારા ભગવાને જેવા વિચારો કર્યા, એવા વિચારો મારા જીવનમાં ક્યારે આવશે? શ્રાવક પુષ્પ ચડાવે ને ભગવાનના ખોળામાં પુષ્પ મુક્તા-મુક્તા ગળગળો થઈ જાય, એક ભાવના થઈ જાય આજે આ પુષ્પ ભગવાનના

રવિવાર

DATE 20 08 2017

ચરણોમાં સમર્પિત થઈ રહ્યું છે, મારા જીવનને હું
ભગવાનના ચરણોમાં સમર્પિત ક્યારે કરીશ ?
શ્રાવક પોતાની ઓફિસે બેઠો હોય, જમા-
ઉધાર - જમા - ઉધાર ચોપડાઓ જોવાના હોય,
જોતા જોતા જોતા જોતા આંખ એની ઉભરાય
જાય, ને ટીપું ચોપડા ઉપર પડે ને બાજુમાં
દીકરો હોય એ જુએ, ને એ વિચાર કરે,
પપ્પા કોના પૈસા બાકી છે, કોણ છે,
ગમે તેવો ચમરબંધી હશે એની પાસેથી હું
લઈ આવીશ, પપ્પા દુ:ખી થવાની જરૂર નથી.
કોણ આપવા ત્યારે છે, પપ્પા મને કહો. અને
પપ્પા કહે, શ્રાવક છે, શ્રાવકના હોઠમાંથી
શબ્દો નીકળે કે આપવા ત્યારે હોયને, તો એ
આપણા કર્મો સીવાય બીજું કશું જ નથી !
કોઈના રૂપિયા બાકી છે, ને એ કારણે મને
આંસુ આવ્યા નથી, જમા-ઉધાર જોતા-જોતા
એક ભાવના અંતર માંથી પ્રગટી છે કે, મારા
કર્મોના જે લેણાં છે, કર્મોની જે ઉધારી છે,
એ ઉધારી ચૂકવી ને આ સંસારમાંથી મુક્ત
થઈ ને વહેલામાં વહેલી તકે હું મોક્ષે ક્યારે
પહોંચીશ ? જે દીઆવ્યો નથી તે શ્રાવક નથી.

શ્રાવિકા જિનશાસનની કેવી હોય ?
એક બાજુ શાક સમારાતુ હોય શાક સમારાતુ
જાય ને આંખ માંથી ટપોટપ આંસુઓ પડતા જાય.
ક્યારે પ્રભુ હું ષટ્કાય જીવના વધ થકી હું વિરમું,
હે ભગવાન, ષટ્કાય જીવના વધથી હું વિરમીશ
ક્યારે ? ભગવાન રોજ સવાર પડે, અને આ
આટલું ભરવાનું ! પેસુ ખાલી કરવાનું, ગટરમાં
નાખવાનું એક એક ટીપાની અંદર અસંખ્ય
જીવો હોય ! ભગવાન રોજ સવાર પડે ને આ

ચુલા પેટાવવાના, ભગવાન રોજ સવાર પડે ને આ
વનસ્પતિકાય ના જીવોને કસાઈ બનીને, મારે એકેન્દ્રિય
જીવોની હિંસા કરવાની. જિનશાસનની શ્રાવિકા હોય,
દીવાળી ના દીવસો આવ્યા હોય, જાળાઓ લેવા પડે,
કોઈ ખુણા-ખાચરાના જાળાઓ પડતાં જાય ને બીજુ બાજુ
જાળાઓ પડતા જાય! ભગવાન આ ઘર સંસાર લઈને
બેઠી છું, આવા કામ કરવા પડે ને ભગવાન, વહેલામાં
વહેલી તકે, મારો આત્મા આમાંથી છુટી જાય, ભગ-
વાન એટલી કૃપા કર. જેના અંતરમાં આવી તમન્ના
છે, એને જિનશાસનની શ્રાવિકા કહેવાય!

મુંબઈ- ભાયખલ્લામાં અમારું ચોમાસું
હતું, ગોચરી હું નીકળ્યો હતો, ગોચરી વહોરી ને
ઘર ની બહાર નીકળતો હતો, સાહેબ જરા અહીંયા
પધારશો, માંગલિક સંભળાવવા! મારે તમને વાત
કરવી છે કે જિનશાસન ની શ્રાવિકા કોને કહેવાય.
ઘણી વાર આવી વાત અમારી પાસે આવે ને
કોઈક માંદી વ્યક્તિ હોય, કોઈ દાદા હોય, કોઈ
દાદી હોય, કોઈ SERIOUS હોય, પોતે ના-
આવી શકે, એટલે અમને બોલવવા પડે, સાહેબ
આ રૂમમાં આવીને એમને માંગલિક સંભળાવો,
બેને કહ્યું સાહેબ આ રૂમમાં માંગલિક સંભળાવવાનું
આવી કોઈક ધારણા સાથે હું આગળ વધ્યો
જોયું ત્યાં કોઈ દાદા નથી, દાદી નથી, કોઈ
SERIOUS નથી, કોઈ PATIENT નથી, ત્યાં,
એક ઘોડિયું છે. કદાચ એકાદ મહિનાની ઉંમરના
બાળક છે. ઘોડિયામાં સુતેલો છે. સાહેબ આને
માંગલિક સંભળાવશો. માંગલિક સંભળાવ્યુ ને હું
જવા જતો હતો ને, બેન કહે સાહેબ એક
મિનિટ, એના માથે હાથ મુકીને આશિર્વાદ આપોને
એ સાધુ બને.

એક ઘરની અંદર, અમારા મહાત્મા છે ને એ વહોરવા ગયા હતા ને, એવું તો બહારની રૂમ માં જ બે ઘોડિયા પડ્યા છે ને, બંને ઘોડિયા ની વિશેષતા એ હતી કે બંની ને BORDER હતી, ત્યાં આટલા નાના ઓઘા લગાડ્યા હતા. નાના નાના ઓઘા આખી BORDER (કીનારી) માં લગાડ્યા છે, મહાત્મા એ પુછ્યું આ શું છે અને શ્રાવકે ખાસ ખુમારી સાથે કહ્યું, અત્યાર-થી એવા સંસ્કાર આપવા છે, આ બંને ને મારે દીક્ષા અપાવવી છે.

હું તમે પુછુ કે તમારો દીકરો તમારી પાસે દીક્ષા ની રજા માંગે તો તમને આનંદ થાય કે દુઃખ થાય ? તમારો અંગત મિત્ર તમારી પાસે આવ્યો છે, વાત કરે છે, મારા દીકરાને દીક્ષા ની ભાવના થઈ છે, બહુ અડગ છે, ઘણો સમજાવ્યો, સમજતો નથી. તારી સલાહ લેવી છે, શું કરું ? આપણો જવાબ ?

જ્યાં સુધી આપણી સ્થિતિ એવી છે, મહાત્મા ને વંદન કરાય, મહાત્મા ને - વહોરાવાય, મહાત્મા નો લાભ લેવાય. મહાત્મા-ના સામૈયા કરાય, મહાત્મા નું ગુરૂપૂજન - કરાય, મહાત્મા બનાય નહિ ! જ્યાં સુધી આપણી આવી મનઃસ્થિતિ છે, ત્યાં સુધી સમજી લેવાનું કે આપણે જૈન નથી. જૈનત્વ ની અસ્મિતા એ છે કે જ્યાં પળે- પળે સંયમની ઝંખના હોય, કુમારપાળ મહારાજા હતા, એક- એક દીકરી આવે ને, પોતે યૌવન માં પ્રવેશી છે, લગ્ન ની હવે એની તૈયારી કરવાની હોય ત્યારે એક જ પ્રશ્ન પુછે, તારે રાણી થવું છે કે

દાસી થવું છે. રાણી થવું હોય તો ચાલ નેમિનાથ -
ભગવાન પાસે, સંયમ નું ગ્રહણ કરી એનાથી તમે રાણી
બનશો, અને દાસી બનવું હોય તો જણાવી મને.
તમારું કોઈની સાથે ગોઠવી આપીશ, પણ તમારી
જીંદગી બરબાદ થઈ જશે.

એ કૃષ્ણ મહારાજ હતા ને અંતરમાં -
સંયમ વસ્યું હતું, ને આખી દ્વારિકા નગરીની બહાર
ઢંઢેરો પીટાવ્યો હતો, જેને દીક્ષા લેવી હોય, એ દીક્ષા
લઈ શકે છે, એને કૃષ્ણ મહારાજ દીક્ષા ની અનુજ્ઞા
આપે છે, એણે દીક્ષા લીધી પછી એનો પરિવાર
હોય, એના છોકરા હોય, એના વૃદ્ધ મા-બાપ હોય,
એની પત્ની હોય, એ બધા ના ભરણ-પોષણની
જવાબદારી મારી. સંયમનો રાગ અંતરમાં કેટલો વસ્યો
હશે, કુમારપાળ રાજા હોય પાટણમાં ઢંઢેરવાડા ની બહાર,
પોતે અઢાર દેશના રાજાઓની સાથે, કેટકેટલા શ્રેષ્ઠી
ઓની સાથે સામુહિક પૂજા કરવા જાય. જે ઠાઠમાઠ
હોય, જે વૈભવ હોય, જે ભક્તિ હોય, જે પૂજાના
દ્રવ્યો હોય, અષ્ટપ્રકારી પૂજા થઈ છે, ચૈત્યવંદન -
થયું છે. સર્વમંગલ થયું છે, અને થયા પછી એ
બધા રાજાઓ પૂછે છે આગળ એ નીકળે, પછી
આપણે નીકળીએ, કુમારપાળ મહારાજા આમ ઈશારો
કરે ને બધા સમજી જાય, નીકળી જાય બધા.

શામળા પાર્શ્વનાથ ભગવાનના ચરણની
પાસે કુમારપાળ મહારાજા આવે, ઘૂંટણીયે બેસે -
માથું ઝુકાવે, ધ્રુસકે ને ધ્રુસકે ત્યાં રડી પડે,

તવ શાસનસ્ય ભિક્ષુત્વં દેહિ મે પરમેશ્વર:।

ભગવાન આ અઢાર દેશનું સામ્રાજ્ય છે, આટલી રૈલચઠેલ
છે, આટલો વૈભવ છે, આટલું આજ્ઞા ઐશ્વર્ય છે.
ભગવાન આ બધું જ આપ લઈ લો, અને મને
તારા આ શાસનનું ભિક્ષુત્વ આપી દે, આજ મારી

રવિવાર

DATE 20 08 2017

જિનશાસન અશ્રુઓ વહી રહ્યા છે, સંયમની - સંવેદના છે, સંયમની ગર્જના છે. હું તમને કહું છું કે તમે મહાત્મા ને સમજો છો કે નથી સમજતા. શ્રાવક શું છે, શ્રાવકત્વ શું છે, શ્રાવક પણા ની અસ્મિતા શું છે. એ પણ - કદાચ આપણે હજુ સુધી સમજ્યા નથી.

એક જિનશાસનના શ્રાવિકા, શિખરજી ની યાત્રા એ નીકળ્યા છે ને, યાત્રા - કરતા - કરતા એક ભાવના કરે છે. પોતે ગર્ભવતી છે, ને ભાવના કરે છે કે જો જે સંતાન મને આવે, એને જિનશાસન ને - સમર્પિત કરી દેવું છે. એક ના એક દીકરાને દીક્ષા આપી, બીજુ જે દીકરીઓ ને પણ દીક્ષા આપી. પોતે પણ શ્રાવક સાથે પાછળથી દીક્ષા લીધી, અને આજે એ આખો પરિવાર સંયમની સાધના કરી રહ્યો છે, મુળ માં કંઈ હોય તો એ જિનશાસનના શ્રાવિકા છે.

અમારા ગુરૂદેવ ઘણી વાર કહે કે શાસન શ્રાવિકાઓ થી ચાલે ! એક પાહીણી - શ્રાવીકા એ પોતાના પાંચ વર્ષના ચાંગા ને જિનશાસનને સમર્પિત કરી દીધો. એક માતા થઈ ગઈ સૌભાગ્યદેદ એનું નામ છે, પોતાના નાનકડા જસવંત ને જિનશાસનને સમર્પિત કરી દીધો. એ ચાંગો પછી થી કલિકાલ સર્વજ્ઞ બન્યો. એ જસવંત હતો જે મહોપાધ્યાય યશોવિજયજી બન્યો. એક નાથીબાઈ ની શ્રાવિકા થઈ ગઈ, એનો દીકરો હતો એ આગળ જઈને હીરસૂરીજી મહારાજ બન્યાં. જિનશાસન કોઈનાથી ચાલતું હોય તો એ આ શ્રાવિકાઓથી ચાલે છે. આજે અમારા અંતરમાં ઘણી વેદના છે. જિનશાસનની પરંપરમાં એવી

શ્રાવિકાઓ થઈ ગઈ. એક સપનું હતું મારે મારા-
દીકરાને સાધુના વેષમાં જોવો છે. એ દીકરાને-
પીરસતી જાય ને કહેતી જાય કે તારે સંસારમાં-
પડવાનું નથી, બેટા આ સંસારનો ગટર છે, બેટા
આ સંસાર નરક નો રસ્તો છે. બેટા આ સંસાર
એ દુર્ગતિ નો રસ્તો છે. બેટા તારે દીક્ષા જ લેવાની
છે. તારે સંસારમાં પડવાનું નથી !

આજની એવી એવી માતાઓ પેદા
થવા લાગી છે, દીકરાને SWIMMING POOL માં
લઈ જવો છે, દીકરાને SKETING કરવા લઈ-
જવો છે. દીકરાને આ COMCHING CLASS કરાવવા
છે, દીકરાને આ TUTION કરાવવું છે. દીકરાને
આ DEGREE અપાવવી છે. દીકરાને સારામાં-
સારી ને એ સારામાં સારીની વ્યાખ્યા પોતાની હોય,
એવી છોકરી સાથે પરણાવવો છે. દીકરાને સંસારમાં
પાડવો છે. અધ્યાત્મ કલ્પદ્રુમ ની અંદર મુનિસુંદરસૂરિ
મહારાજ કહે છે, સાચી "મા" કોને કહેવાય ?
અને સાચો "બાપ" કોને કહેવાય ?

માતા પિતા स्वः सुगुरुश्च तत्वात्, प्रबोध्य यो योजति शुद्धधर्मे ।

દીકરાને સંયમમાં અંતરાય કરે, દીકરાને ધર્મમાં અંતરાય
કરે, એને "મા" ન કહેવાય એને "પિતા" ન
કહેવાય. સાચી "મા" જે છે સાચા "પિતા" એ છે.
કે જે અંતરાય તો ના કરે ને સામેથી પ્રેરણા કરે,
અને શુધ્ધ ધર્મની અંદર સંતાનો ને જોડી આપે !

न तत्समोऽरिः क्षिपते भवाब्धौ, यो धर्मविघ्नादिकृतेश्च जीवम् ॥

જે ઉપરથી પોતે અંતરાય કરે, ઉપરથી પોતે રોકે,
ઉપરથી પગ આડો રાખે, ઉપરથી ઉંધી સલાહ
આપે, ઉપરથી કજા નાખે, મુનિસુંદર સૂરિ મહારાજ
કહે છે, માત નથી એ શત્રુ છે. એ પિતા નથી
એ દીકરાના દુશ્મન છે.

રવિવાર

DATE 20 08 2017

ये धर्मविघ्नादिकृतेश्च जीवम् ।

જે પોતાના દીકરાને ધક્કો મારીને સંસારના કુવાની અંદર પાડી નાખે છે.

જિનશાસનનો શ્રાવક હોય, પણ પણ એના અંતર ની અંદર સંયમની ઝંખના હોય, પોતાને અનુકૂળતા ન થાય, કદાચ પોતે ન નીકળી શકે, એક ભાવના એના અંતરમાં હંમેશ- હંમેશા- માટે જીવંત હોય, કે મારા દીકરાને તો સંસારમાં નથી જ પાડવો, એના બધા પ્રયાસો હોય, એની બધી તૈયારી હોય, દીકરાને તૈયાર કરે, દીકરાને મહાત્મા ની પાસે રાખે.

નવસારી માં એક શ્રાવિકા ને એ શ્રાવિકાને ઈચ્છા કે મારો દીકરો દીક્ષા લે, એને ભાવ થાય, હજુ દીકરો નાનો છે, એની TRAINNING ચાલુ છે. એની બહેનપણી કહે છે કે જો તું રોજ સ્નાત્ર ભણાવે તો તારા દીકરાની દીક્ષા થઈ જાય. અને "મા" એ રોજ સ્નાત્ર ભણાવવાનું શરૂ કર્યું છે. કોઈ કહે કે આ ચાલુ કરો તો દીક્ષા થઈ જાય એ ચાલુ કર્યું! કોઈએ કહ્યું કે આ ચાલુ કરો તો દીક્ષા- થઈ જાય, એ ચાલુ કર્યું. પણ- પણ એક ભાવના છે કે મારો દીકરો સંસારમાં ના જ પડવો જોઈએ.

શ્રાવકપણા ની અસ્મિતા, સામાયિક અને પૌષધમાં વધારે થી વધારે સમય જાય, એમાં રહેલી છે. અને એમાં સમય પસાર કરતા- કરતા, પોતાનો સમય કંઈક સાર્થક લાગે, સાધુ પણાનો કંઈક આસ્વાદ મળે, સાધુપણાની પરિણતિ મળે અને જો સંસારમાંથી છુટાતું હોય તો એની કાળ ના કરે, એની જિનશાસની

classmate

શ્રાવક કહેવાય. પૌષધનો મહિમા, સામાયિકનો મહિમા, ધર્મની શ્રેષ્ઠતાનો મહિમા, પળે પળે સંયમની સંવેદના, આ બધું જેને સ્પર્શેલું છે, જિનશાસનનો એને શ્રાવક કહેવાય.

આજે પર્યુષણ નો ત્રીજો દિવસ - શ્રાવણ-વદ- ચૌદસ, ગુરુદેવનો આજે જનમદિવસ, ૮૫ વર્ષ પોતાના જીવનના પુરા કરીને, ગુરુદેવ - આજે ૮૬ માં વર્ષમાં પદાર્પણ કરે છે. એક વ્યક્તિગત ગુરુ રૂપે નહિ પણ, ગુરુતત્વ રૂપે કંઈક સમજવાનો પ્રયાસ કરીએ. એમનો જન્મ છે એનું આધ્યાત્મિક અર્થઘટન, એમાંથી આપણે શું લેવાનું, આપણને શું આલંબન મળે, એને પણ કંઈક, સમજવાનો પ્રયાસ કરવો છે. આજે સમય વધ્યો છે આજે આટલું રાખીએ.

x x x x

# પ્રવચન- ૬ - પ્રથમ

સોમવાર
DATE 21 08 2017

ખુબ જ ઉલ્લાસપૂર્વક કલ્પસુત્ર ની જ્ઞાનપૂજા અને વધામણા આપણે કર્યા. ખુબ જ ભાગ્યશાળી છે સંઘ જેને આવો લાભ મળ્યો, સર્વશાસ્ત્ર શિરોમણી, - અદ્ભુત જેના પદાર્થો, અદ્ભુત જેના ભાવો, અદ્ભુત જેના શ્રવણ નું ફળ શાસ્ત્રકારો એ બતાવ્યું. અને આ કલ્પસુત્ર, સંઘ આને સાંભળવાનો અધિકારી ન હતો, સાધુ ભગવંત માં પણ ફક્ત યોગોદ્વહન કરેલા સાધુઓ, અને સાધ્વીજી ભગવંતો વાંચનના પણ અધિકારી નહી, માત્ર શ્રવણ ના અધિકારી. કઈ રીતે સભા સમક્ષ, સંઘ સમક્ષ એનું વાંચન શરૂ થયું, એની અહીંયા વાત કરે છે. કે સભા સમક્ષ કલ્પસુત્ર ના વાંચનનો પ્રારંભ, એ ક્યારે થયો, તો પહેલા તો એ આ રીતે નહતું વંચાતું.

પુત્ર મરણ ના શોક ભુવનસેન રાજા દુ:ખી હતા. એમની સમાધિ માટે, આનંદપુર નગર માં સભા સમક્ષ સૌ પ્રથમ કલ્પસુત્ર નું વાંચન થયું. ત્યારથી નવપદ વિહાર ના ક્રમથી, જ્યાં યોગ્ય ક્ષેત્રમાં મહાત્મા, આવી જાય, પરંપરાથી ગુર્વાદેશ ક્ષેત્ર હોય, ચાતુર્માસ માં રહેલા સાધુઓ હોય, શ્રીસંઘ માટે પાંચ દિવસમાં નવ ક્ષણ, એટલે નવ વ્યાખ્યાનથી કલ્પસુત્રનું વાંચન કરે છે.

કલ્પનો અર્થ શું ?. સરસ મજાનો અહીંયા અર્થ બતાડે છે, સાધુનો આચાર એને કલ્પ કહેવાય. કલ્પ ના દસ ભેદ છે. પહેલો ભેદ આચેલક્ય, આચેલક્ય એટલે વસ્ત્ર રહિત પણું. તીર્થંકરો ને આશ્રી ને પ્રથમ જિનેશ્વર છે એના શક્રદત્ત દેવદુષ્ય એ જતું રહે, ત્યારે અચેલક પણું સર્વથા થાય, પહેલા અને છેલ્લા ભગવાનને દેવ-દુષ્ય આપ્યું હતું એ જતું રહ્યું, એટલે એ અચેલક થયા. બાકીના જે બાવીસ જિનેશ્વરો, એમાં હંમેશા

સચેલક પણું હોય છે, કારણકે એમનું દેવદુષ્ય છે જે
આપવાનું થયું હતું, સાધુઓને આસરી ને બાવીસ
જિનેશ્વર ભગવંતના સાધુઓ, તેઓ બહુમુલ્ય વિવિધ
વર્ણ વાળા વસ્ત્ર, ના પરિભોગ એમને
અનુજ્ઞાત હોય છે. માટે એમને સચેલક કહેવાય.
ચેલ નો અર્થ છે વસ્ત્ર। સચેલક એટલે વસ્ત્ર-
સહિત. અચેલક એટલે વસ્ત્ર રહિત. બાવીસ-
ભગવાન ના સાધુ એનો અર્થ શું? પહેલા અને
છેલ્લા ભગવાન, ચોવીસ માંથી પહેલા - છેલ્લા કાઢીએ
એટલે બાવીસ રહે, એ બાવીસ ભગવાન ના સાધુઓ
સચેલક હોય છે.

ક્યારેક તેઓ પણ સફેદ વસ્ત્ર,
અને એ પણ પુર્ણ હોય, તુરછ હોય, એવું પણ
વસ્ત્ર એ વાપરે, અચેલક પણ કહેવાય. એમનો-
આ કલ્પ અનિયત છે, શ્રી મહાવીર ના
યતિ હોય છે તે અચેલક હોય, પહેલા અને છેલ્લા
ભગવાનના શ્વેત વસ્ત્ર, પ્રમાણ રૂપે, પુર્ણ પ્રાય એવું
વસ્ત્ર એ ધારણ કરે, એક પ્રશ્ન ઉઠાયા કર્યો કે એ
વસ્ત્ર ધારણ કરે, તો અચેલક કઈ રીતે, અને જવાબ
એનો આપે છે, કે એવું પુર્ણ પ્રાય ને તુરછ વસ્ત્ર
હોય, અને હોવા છતાં પણ અવસ્ત્રપણું, એ સર્વથી
પ્રસિદ્ધ છે. કોઈએ માત્ર પોતડી પહેરી હોય, નદીને
ઉતરી ભય ને પછી કહે કે અમે નદીમાં વસ્ત્ર વગર
ઉતર્યા, એટલે ઓછા વસ્ત્ર કર્યા એટલે એવો -
વ્યવહાર છે, કે વસ્ત્ર નથી એવું પણ કહેવાય.
આગળ વધી ને કહે છે, કે કોઈએ ધોબીને વસ્ત્રો
આપ્યા હોય, ઘણા બધા આપી દીધા ને હવે પોતાની
પાસે થોડાક જ રહ્યા હોય, તો ધોબીને કહે કે
મારી પાસે વસ્ત્રો નથી, મને જલ્દી વસ્ત્રો ધોઈને
પાછા આપ, આ રીતે વસ્ત્રો હોવા છતાં પણ વસ્ત્રો

નથી. આ રીતે લોકવ્યવહાર પણ છે. સાધુઓ છે જે બહુમુલ્ય વસ્ત્ર ન વાપરે. જીર્ણ-વાપરે તુચ્છ વાપરે. તો એ હિસાબે તેઓ પણ વસ્ત્ર રહિત, અચેલક કહી શકાય.

બીજો કલ્પ છે ઉદ્દેશ્ય. ઔદ્દેશીક - એટલે આધાકર્મી જે સાધુ માટે બનાવ્યું હોય, અશન-પાન-ખાદીમ-સ્વાદીમ-વસ્ત્ર-પાત્ર-વસ્તી-વગેરે. પ્રથમ અને ચરમ જીન જેમાં એક સાધુના માટે, કે સાધુ સમુદાય માટે, એક ઉપાશ્રયને આસરી ને જે બનાવ્યું હોય, તે બધા સાધુ-સાધ્વીજી ને કલ્પે નહિ. બાવીસ તીર્થંકરો ના સાધુઓને ઉદ્દેશી ને જે બનાવ્યું હોય, એમને ન કલ્પે, બીજા ને કલ્પી શકે.

શૈયાતર એટલે વસ્તીનો સ્વામી, એનો પિંડ એટલે કે એના ઘરેથી કંઈ પણ ખાવાપીવાનું, ખાદીમ, સ્વાદીમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, સોય, કર્ણશોધન, નખ કાપવાનું, આ બાર પ્રકારની ઉપાધિ છે જે ચોવીસે તીર્થંકરોના તીર્થમાં સર્વ સાધુઓને કલ્પતું નથી. એ જો લે, તો પોતે અનેષણીય વગેરે. વસ્તિ દુર્લભ થાય, અનેષણીય પ્રસંગ થાય, એવા ઘણા દોષો થાય, માટે શૈયાતર નો પિંડ કલ્પે નહિ. સાધુઓ આખી રાત જાગે અને પ્રતિક્રમણ બીજે કરે, તો મુળ ઉપાશ્રય નો સ્વામી છે એ શૈયાતર ના થાય, જ્યાં નિદ્રા કરી, પ્રતિક્રમણ બીજે કર્યું, તો બંને શૈયાતર થાય. તૃણ ડગલ, પથ્થર, માત્રાની કુંડી, પાટલો, પાટ, વસ્તી સંથારો, લેપ વગેરે વસ્તુ છે, જે ચારિત્રેચ્છુ, જે દીઓપકરણ શિષ્ય હોય, તો આ બધી વસ્તુ છે એ શૈયાતરની પણ કલ્પી શકે. પાટ, પાટલા છે,

દીક્ષાથી છે, તો એ કલ્પી શકે. રાજપિંડ કલ્પ કહે છે કે, સેનાપતિ, પુરોહિત, શ્રેષ્ઠી, અમાત્ય, અને સાર્થવાહ, આ પંચ અંગ સાથે રાજ્ય કરે, જેનો અભિષેક કરાયો હોય, એનો પિંડ અશનાદિ ચતુષ્ક, વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, આ આઠ પ્રકારનો પ્રથમ જિન સાધુ, છે એમને કલ્પતો નથી. એ ગ્રહણમાં કંઈક લાલસા થઈ જાય, લઘુતા થાય, લોકોની નિંદા થાય, એવા ઘણા દોષો થાય. ઘણા બધા લોકો ત્યાં આવ જા કરતા હોય, રાજદ્વારમાં, એટલે ત્યાં જલ્દી થી જઈ ના શકાય, સ્વાધ્યાય વ્યાઘાત થાય. કોઈ અપશુકન સમજે, તો મારી પણ નાખે. એટલે ત્યાં જવું એ કલ્પે નહિ. બાવીસ જિનેશ્વર ના સાધુ઼ઓ ને આ કલ્પ અનિયત છે, જે લોકો જુએ કે આવા દોષો લાગે છે, તો ના જાય, અને લાગતા હોય તો પોતે એનો પરિહાર કરે, અને દોષો ના લાગતા હોય તો પોતે લઈ શકે. એ લોકો ઋજુ અને પ્રાજ્ઞ હોય છે. માટે વિવેક કરીને પોતે હૈ માટે એનો કલ્પ જુદો છે.

કૃતિકર્મ કલ્પ કહે છે, વંદન! એ બે પ્રકારનું છે, અભ્યુત્થાન અને દ્વાદશાવર્ત! આ સર્વ તીર્થંકરો ના તીર્થમાં દીક્ષા પર્યાય અનુસાર, સાધુએ પરસ્પર કરવાનું. સાધ્વીજી ના વિષયમાં, ચીર દીક્ષીત સાધ્વીજી હોય, એમના કરતા પણ ધર્મ, પુરુષ પ્રધાન હોવાથી, નુતન દીક્ષીત સાધુ હોય, એમને પણ એમણે વંદન કરવા જોઈએ.

વ્રતએવ કલ્પ કહે છે, મહાવ્રતો! બાવીસ ભગવાનના સાધુઓના ચાર મહાવ્રતો છે, તેઓ માને છે કે સ્ત્રીનો પરિગ્રહ નથી કર્યો, તેનો ભોગ ના થઈ શકે માટે, સ્ત્રી પણ પરિગ્રહ છે.

પરિગ્રહ નું પચ્ચક્ખાણ કર્યું છે એટલે સ્ત્રીનું પચ્ચક્ખાણ કર્યું જ છે. પ્રથમ અને ચરમ જિન-સાધુ છે, એવું જ્ઞાન એમની પાસે નથી, વિવેક નથી, માટે એમને પાંચ મહાવ્રતો ને બ્રહ્મચર્ય અલગથી જુદુ વ્રત ! આપેલું છે.

જ્યેષ્ઠ કલ્પ એટલે જયેષ્ઠ કલ્પ ! મોટા અને નાના નો વ્યવહાર. પ્રથમ - ચરમ જિન સાધુમાં, એની જ્યારથી વડી દીક્ષા થાય, ત્યારથી તે વ્યવહાર થાય. બાવીસ જિન સાધુઓ ને દીક્ષા દીન થી જ પર્યાયની ગણના થાય. હવે પિતા-માતા હોય, એમના દીકરા-દીકરી-વગેરે એ દીક્ષા લીધી હોય. રાજા અને મંત્રીએ દીક્ષા લીધી હોય, શેઠ અને એમના બીજાના લોકો એ દીક્ષા લીધી હોય, અને યોગોદ્વહન થી સાથે જ યોગ્યતા પામ્યા છે, તો ક્રમથી એમની વડી દીક્ષા કરવી અને યોગ્યતા એ ન મળી હોય તો કંઈક વિલંબ કરવો, પહેલા પિતા ની વડી દીક્ષા કરવી, પછી દીકરા વગેરે ની દીક્ષા કરવી. નહીં તો પિતા વગેરેને અપ્રીતી થાય. પુત્ર વગેરે પ્રજ્ઞા વાળા છે, અને બીજા છે એ અલ્પ બુદ્ધિ વાળા છે, એટલે પિતા ને ઘણી-બધી વાર લાગે એમ છે, તો એમને સમજાવવાનું કે એ તમારા દીકરાની વડી દીક્ષા વહેલી થશે, તો બીજા થી એ મોટા થશે, એમાં તમારું જ ગૌરવ છે, અને એ અનુજ્ઞા આપે, તો પુત્ર વગેરે ની વહેલી વડી દીક્ષા કરવી, અને છતાં એમનું મન ન માને, તો થોડ઼ અંથી, એમનો પણ અભ્યાસ થઈ જાય, પછી બધાની સાથે વડી દીક્ષા કરવી.

પ્રતિક્રમણ કલ્પ કહે છે, અતિચાર

થાય કે ના થાય, આદિનાથ ભગવાન અને મહાવીર સ્વામી ભગવાન એમના સાધુઓને ઉભય કાળ, અવશ્ય પ્રતિક્રમણ કરવું જ ! બાવીસ ભગવાનના સાધુઓને દોષો લાગે તો પ્રતિક્રમણ કરવું, નહીં તો ના કરવું. આ રીતે એમનો કલ્પ છે. કારણ હોય તો એ દેવસિક અને રાઈ આ બે જ પ્રતિક્રમણ હોય છે. પાક્ષિક વગેરે પ્રતિક્રમણ હોતા નથી.

માસ કલ્પ. પહેલા અને છેલ્લા ભગવાનના સાધુઓનો માસ કલ્પ અ-નિયત છે. દુર્ભિક્ષ હોય, અશક્ત હોય, રોગ વગેરે કારણ હોય, તો શહેરનું પરું, પોળ, જુદો વગેરે ના પરાવર્તન થી પણ, માસ કલ્પની એની મર્યાદા, એનું રક્ષણ વગેરે કરવી જોઈએ. શેષ કાળમાં માસથી વધારે રહેવું ના જોઈએ. પ્રતિબંધ થાય, રાગ થાય, લઘુતા થાય. મધ્યમ જિનસાધુ જેને પુર્વકત દોષ છે, એનો અભાવ છે, એટલે એમનો માસ-કલ્પ અનિયત છે. દેશોનપૂર્વકોટી સુધી પણ જો દોષો ન લાગે તો એક જગ્યા એ રહી શકે, જો કારણ હોય, તો માસ-કલ્પની અંદર પણ પોતે વિહાર કરી શકે.

પર્યુષણા કલ્પ કહે છે, કે સામયથી એક ક્ષેત્રમાં રહેવું, તેને પર્યુષણ કહેવાય. પર્યુષણ પર્વ થી સાંવત્સરીક પર્વ એનું પણ ગ્રહણ થાય. સાંવત્સરીક પર્વ પહેલાના કાળમાં ભાદરવા-સુદ-પાંચમ ના દિવસે હતું. કાલકસૂરી મહારાજ થયા, એના પછી એ ભાદરવા સુદ ચોથ થી થાય છે. સામયથી જ્યાં રહેવું એને પર્યુષણાકલ્પ, બે પ્રકારનો છે, સાલંબન અને નિરાલંબન જે સ્થાનમાં કારણથી રહેવાય એને સાલંબન પર્યુષણાકલ્પ કહેવાય. જ્યાં કારણ વગર રહેવાય એને નિરાલંબ પર્યુષણા કલ્પ કહેવાય. જઘન્ય અને ઉત્કૃષ્ટ બે પ્રકારનો છે. સાંવત્સરીક પ્રતિક્રમણ થી શરૂ કરીને, કાર્તકી

ચોમાસું સુધી નો સિત્તેર દિવસનો જઘન્ય પર્યુષણાકલ્પ.
ઉત્કૃષ્ટ છે એ એકસો વીસ દીવસ નો છે.
આ બંને નિરાલંબ પર્યુષણા કલ્પ. સ્થવીર કલ્પ કોને,
નિરાલંબ કોને, નિરાલંબન ચાર્તુમાસિક એ જ
પર્યુષણા કલ્પ છે. સાલંબન કલ્પ એ છ માસનો
પણ હોય છે, જે એમાં માસ કલ્પ કર્યો,
ત્યાં ફરીથી ચોમાસું કર્યું, ચોમાસુ કર્યા પછી
માસ કલ્પ કર્યો, ત્યાં છ મહિનાનો પર્યુષણાકલ્પ
હોય છે. આ પર્યુષણાકલ્પ એ સ્થવીર કલ્પીઓનો
જ હોય છે, આ વર્ણક સ્વરૂપ, આ પર્યુષણા
કલ્પ એ પ્રથમ જિન ના તીર્થમાં થાય છે.
બાવીસ ભગવાનનું જે તીર્થ છે, એને મહાવિદેહ છે
એ અનિયત છે, એ હોય ન હોય, તો એક
સ્થાને દેશોન પૂર્વ કોટી વર્ષ પણ રહે, હોય હોય
તો એક મહિનો પણ ના રહે. આ દસે કલ્પો
પહેલા અને છેલ્લા ભગવાન ના તીર્થમાં નિયત છે
બાવીસ ભગવાનના તીર્થમાં શૈયાતર, ચર્તુવ્રત કલ્પ,
જયેષ્ઠ કલ્પ, કૃતિકર્મ કલ્પ, આ ચાર કલ્પ નિયત,
શેષ છ કલ્પ અનિયત છે. આ રીતે નિયતા-
નિયત વિભાગ છે.

હવે અહીંયા પ્રશ્ન કરે છે કે તમે
કહો છો, પહેલા છેલ્લા ભગવાન ના આ કલ્પ,
અને વચ્ચે ના ભગવાનના જે સાધુઓ છે એમનો
આ કલ્પ, તો આ ભેદ શા માટે કે બધા માટે
એક જ નિયમ હોવો જોઈએ, એ પ્રશ્ન કર્યો ને
એનો જવાબ આપે છે, કે હકીકતમાં મોક્ષ માર્ગ તો
એક જ છે, મોક્ષ પણ એક જ છે. પણ
છતાં ય આચાર નો ભેદ શા માટે, કારણ કે
જીવો ની યોગ્યતા નો ભેદ છે. પહેલા અને
છેલ્લા ભગવાન હોય છે, ત્યારે કાળ એવો

હોય છે, ને એ કાળને કારણે પહેલા ભગવાનના
જે સાધુઓ છે, આદિનાથ ભગવાનના કાળમાં એ
જીવો ઋજુ અને જડ હોય, ધર્મને સમજવો એમના
માટે બહુ મુશ્કેલ, પાલન કરવું સહેલું છે. છેલ્લા
ભગવાન, એમના કાળમાં જીવો કેવા હોય, એમનું જ્યારે
તીર્થ હોય ત્યારે જીવો વક્ર અને જડ હોય, ધર્મ
સમજવો પણ દુર્લભ, અને ધર્મનું પાલન પણ
દુષ્કર! અને વચ્ચેના બાવીસ ભગવાન છે, એમના
કાળના જીવો કેવા હોય, ઋજુ અને પ્રાજ્ઞ હોય. ધર્મને
સમજવો પણ સહેલો, અને ધર્મનું પાલન પણ સહેલું,
માટે એમના માટે જુદો જુદો આચાર લઈ બતાડ્યો છે.

અહીંયા એક દ્રષ્ટાંત આપે છે,
આદિનાથ ભગવાનના સાધુઓ છે, પાને બહિર્ભૂમિ
ગયા છે, પાછા આવતા બહુ મોડું થાય છે. રોજ
કરતાં અડધો-પોણો કલાક માં આવી જાય, સવા-દોઢ
કલાકે આવ્યા, ગુરુ ભગવંતે પુછ્યું કે ભાઈ તમે કેમ
મોડા આવ્યા? અને એ સમયે સાધુઓ કહે છે કે અમે
આવતા હતા ને રસ્તામાં ચોતરા ઉપર એક નટ-
નાચતો હતો, એને જોવા અમે ઉભા રહ્યા, એના
માટે મોડું થયું. ગુરુ ભગવંત કહે છે કે આવું તો
આપણને ના કલ્પે. આ રીતે ન જોવું જોઈએ.
એ લોકો એ કહ્યું કે ભલે હવે થી અમે નહિ
જોઈએ. બે-ચાર દિવસ થયા, ફરીથી બહાર ગયા હતા,
ફરીથી મોડા આવ્યા. ગુરુએ પુછ્યું કે ભાઈ કેમ મોડા
આવ્યા, અને ત્યારે સાધુઓ કહે છે, કે આજે
અમે આવતા હતા ને ચોતરા ઉપર નટડી નાચતી
હતી, એ નટડી ને નાચતી જોતા અમે ઉભા રહ્યા ને
એના કારણે અમને મોડું થયું છે, અને એ
સમયે ગુરુ ભગવંત કહે છે, કે જો ભાઈ, નટ
છે એને જોવાની ના પાડી, તો નટડીની ના તો

એમાં આવી જ ગઈ. એ નટ ને જોતા પણ રાગ થાય, તો નટડી તો વિશેષ રાગનું કારણ છે, એ માટે એને ના જ જોવી જોઈએ, અને જ્યારે આવી રીતે વાત કરી, ત્યારે સાધુઓ હાથ જોડીને કહે છે કે, હે સ્વામી અજ્ઞાનથી આવું જાણી શકાયું નહિ, અજ્ઞાનમાં એટલો વિવેક ના રહ્યો, અમે મિચ્છામિ દુક્કડં માંગીએ છીએ, હવેથી આવું નહિ કરીએ.

બીજું દ્રષ્ટાંત કહે છે, કોંકણ દેશીય કોઈ વેપારી છે, વૃધ્ધપણામાં દીક્ષા લે છે, કાઉસગ્ગ કરી રહ્યા છે, કાઉસગ્ગ બહુ લાંબો ચાલે છે. ગુરૂ પુછે છે કે કેમ બહુ આટલો લાંબો કાઉસગ્ગ ? અને એ કહે છે કે મેં જીવદયાનો વિચાર કર્યો છે. ગુરૂ કહે છે કઈ જીવદયા ? તો કહે છે કે જીવદયા એટલા માટે કે પહેલા તો છે ને ચોમાસું નજીક આવે ને એટલે હું બધું ઘાસ વગેરે કાઢી નાખતો ખેતર ખેડી નાખતો બીજ વાવી દેતો, અને ફસલ સારી થતી ને હવે તો મારા દીકરાઓ છે, આળસુ છે, આ બધું કરશે નહિ, તો બીચારા દુ:ખી થશે, એમને કંઈ ખેતી નો પાક પણ નહિ થાય, એટલે એમની દયા નો મેં વિચાર કર્યો, અને ત્યારે ગુરૂ કહે છે,

દુધ્યાનં કૃતં ભવતા ।

તમે શું કર્યું ? દુધ્યાન કર્યું છે. જ્યારે તમે સંસાર છોડયો, પછી સંસારની કોઈ વાતનો વિચાર કરાય નહિ. એની વગેરે બોકો નહી કરે તો દુ:ખી થશે, ખેતી કરે તો સારું, આવું સાધુ થી વિચારી શકાય નહિ, અને એ સાધુ પણ મિચ્છામી દુક્કડં માંગે છે.

વીર જિનેશ્વર સાધુ છે એમની વાત કરી છે. કે એમના કાળના બે પુત્રો, વક્ર અને જડ હોય. પોતે બહાર ગયા છે, વળતા મોડા આવ્યા છે, ગુરુએ પુછ્યું કે કેમ મોડા આવ્યા, અને એ સમર્થ કહે છે નટ ને જોવા અમે ઉભા રહ્યા હતા. ગુરુ છે કહે છે કે ના જોવાય આપણાથી રાગનું કારણ છે, કહે છે કે ભલે હવે થી નહી જોઈએ, બે-ચાર દિવસ ગયા, ફરી મોડા આવ્યા, ગુરુએ પુછ્યું કેમ મોડા ? ત્યારે જવાબ આપે છે કે આજે નટડી નાચતી હતી, એને જોવા ઉભા રહ્યા ને ગુરુ કહે કે ભાઈ નટની ના પાડી તો નટડી ની ના એમાં આવી જ ગઈ, વક્ર ને જડ પુત્રો હોય આ શાસનમાં ને એ કાળના પ્રભાવથી, એ શિષ્યો જવાબ આપે છે કે તમારી ભુલ છે, તમે કીધું હોત કે નટ ની ના જોવો ને નટડીને પણ ના જોવી, તો અમે એવું ના કરત, અમે જોવા ના ઉભા રહેત. આજે અમે જોવા ઉભા રહ્યા એમાં દોષ અમારો કે તમારો ?

સુત્રકુતાંગ સુત્ર છે, એની અંદર લખ્યું છે,

सत्थारमेव परुसं वदंति।

જીવની યોગ્યતા ઓછી હોય ત્યારે ઉપદેશક, એ પોતાની જે ભુલ કાઢનાર, સામે પ્રેરણા આપનાર, એ બધા દુશ્મન લાગે. પ્રેરણા આપનાર ગમે ત્યારે સમજવાનું કે, મારી વક્રતા ને જડતા કંઈક ઓછી થઈ, ને ઋજુતા ને પ્રાજ્ઞતા મળી. ટ્રેનમાં આપણે ક્યાંક મુસાફરી કરી રહ્યા છીએ, કોઈ ભાઈ ટોકીને કહે, કે ભાઈ આ તારી ગળા ની ચેન છે એની કડી ખોલી ગઈ છે, જરા ઉપર આમ લટકી રહી છે, સોના ની ચેન છે, સાચવ નહી તો પડી જશે. સાચું બોલો આપણને કેવું લાગે ?, પેલા એ

લોભી આવ્યો છે હં ! આપણે કહીએ કે ભાઈ
બીજો લોભી આવે તો એ વાંધો નથી, તારા
જેટલો આત્મા માનું એટલું ઓછું છે. સોનાની
કિંમત છે. તો સોનું બતાવનાર, સોનાની રક્ષા
કરનાર, એ ગમે તે રીતે કહે સારા લાગે છે.

આત્માની કિંમત થશે તો આત્માનું
હિત બતાવનાર ગમે તે રીતે કહેશે, એ સારા
લાગશે, એ ગમશે. વક્ર અને જડ ચુપ છે,
એ ગુરુની સામે પડે છે. ગુરુને સામે જવાબ
આપે છે, અને પછી જડીયા સવાલ કરે છે કે
ભાઈ ઋજુ અને પ્રાજ્ઞ હોય એનો ધર્મ હોય શકે,
વક્ર અને જડ એનો આ રીતે કઈ રીતે ધર્મ
હોય શકે ? એનો ધર્મ ના હોય શકે.

બાવીસ જિનેશ્વરના સાધુઓ છે એ
પણ આ રીતે ગયા છે, મોડા આવ્યા છે, ગુરુ
એ પુછ્યું કે કેમ મોડા આવ્યા તો કીધું કે
ભાઈ નટ નાચતો હતો, એ જોવા ઉભા રહ્યા,
બે-ચાર દિવસ થયા ફરી બહાર ગયા છે, રસ્તામાં
જોયું નટડી નાચે છે ને, સાધુઓ વિચાર કરે
છે કે ગુરુદેવે નટની ના પાડી, તો નટડીની
ના તો એમાં આવી જ ગઈ.

બુધ્ધિ આપણી પાસે છે, કુશળતા
આપણી પાસે છે, ધર્મ ક્ષેત્રમાં આપણે જે વિવેક-
પૂર્વક એનો ઉપયોગ કરીએ તો મોક્ષ બહુ જ નજીક
આવી જાય. એ વિવેક પ્રગટે કે ભાઈ એ જે
ધર્મની પાછળ આશય શું છે ! એક જિનવચન-
એક ગુરુવાણી, એક સુત્ર, એની પાછળનો જે
આશય છે, એ આશય સમજીએ, સુત્રોના
શબ્દો LIMITED હોય છે, જિનવચન -
LIMITED હોય, એક સુત્રના અનંત અર્થો

થાય, જે એ અનંત અર્થો માંથી પ્રસ્તુત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, માં ક્યો અર્થ લગાડવો, નટની ના પાડી તો નટડીની પણ ના આવી ગઈ, બીડું, ગીત કોઈ ગાય છે તો એની ના આવી ગઈ, એ નાચ્યું એ જોવાની ના પાડી, એની અંદર કોઈ બજાર ભરાઈ છે, જોણી વગેરે ભરાયો છે, એ પણ ના જોવું, એમાં તાત્પર્ય સમજશે કે વાત નટની નથી, વાત નટડીની નથી, વાત તો મૂળ રાગની છે, જે જે રાગના નિમિત્ત છે, એ બધાની ના પાડી છે, અને આ વિવેક અંદરથી પ્રગટે, તો જેના જેનાથી રાગ થાય, એના થી ખુબ દુર જતો રહે. અહીંયા સાધુને ઉદ્દેશીને મુખ્યત્વે ઉપદેશ આપ્યો છે.

હવે આપણે કહીએ કે આ સાધુઓ કેવા કે નટને જોવા ઉભા રહી ગયા, નટડીને જોવા ઉભા રહી ગયા, આપણે તો કેટલા સારા! આપણે તો ફક્ત T.V. જોઈને બેસીએ, ગાડી ક્યાંય ચોતરે ઉભા ના રહીએ, વિવેક જોઈએ કે ભાઈ જે જે રાગનું કારણ છે, એ બધાની ના પાડી, તો એમાં T.V. એ આવી ગયા, મોબાઈલ એ આવી ગયા, જે - જે રાગના કારણ, એ બધાની ના સમજાય, તો ઋજુતા અને પ્રાજ્ઞતા મળે, જ્યાં સુધી એ ના મળે, ત્યાં સુધી પણ ધર્મ જશે કે નહિ ? સવાલ પુછ્યો છે, સવાલ નો બહુ સરસ જવાબ આપે છે, કે વક્ર અને જડ જે છે એનો ધર્મ એ ઋજુ અને પ્રાજ્ઞ ની અપેક્ષા એ, કદાચ અશુધ્ધ છે. પણ છતાં પણ સર્વથા ધર્મ નથી એવું ના કહેવું જોઈએ, એવું જે કહે, એને બહુ મોટો દોષ લાગે.

नो भणाइ नत्थि धम्मो।

જે એમ કહે છે ધર્મ છે જ નહિ,

સોમવાર
DATE 21 08 2017

ण सामाइयं ण चेव य वयाइं

ધર્મ નથી, સામાયિક નથી, વ્રત નથી, જે એવું બોલે, આજ ના કાળમાં દીક્ષા છે જ નહિ, જે એવું બોલે આજના કાળમાં ચારિત્ર છે જ નહિ, એનું શું કરવાનું. અહીંયા કહે છે,

सो समणसंघबज्झो कायव्वो समणसंघेण ।

શ્રમણ સંઘે ભળીને, સમસ્ત શ્રમણ પ્રધાન - ચતુર્વિધ સંઘ, ભેગો થાય અને એ વ્યક્તિ ને - સંઘની બહાર કરે. ધર્મ નથી આજે, આવું - બોલવામાં પણ મહાપાપ લાગે, અને એના માટે અહીંયા કહે છે, કે નિયત અવસ્થા લક્ષણ, સિત્તેર દિવસ નો પર્યુષણ કલ્પ, એ જે કહ્યો એ કારણ અભાવમાં છે, કારણમાં તો એમાં વચ્ચે વિહરવું પણ કલ્પે. એટલે પહેલા અને છેલ્લા - ભગવાનના સાધુઓ છે. એ પણ વિવેક કરે, એમાં પણ આંશિક ઋજુતા - પ્રાજ્ઞતા હોય, - અને સિત્તેર દિવસ નો જે કલ્પ, ચોમાસું કેટલા દિવસનું ! તમે આવ્યા ચોમાસાની જય બોલાવી ગયા, અને અમે કહીએ કે અમે તમારે ત્યાં ચોમાસું કરવાના, તેર દિવસનો પર્યુષણ કલ્પ એ જે કહ્યો. એ કારણ અભાવમાં છે, કારણમાં તો એમાં વચ્ચે પણ વિહરવું કલ્પે, એટલે પહેલા અને છેલ્લા ભગવાનના સાધુઓ છે એ પણ વિવેક કરે, એમાં પણ આંશિક ઋજુતા - પ્રાજ્ઞતા હોય, અને સિત્તેર દિવસ નો જે કલ્પ, ચોમાસું કેટલા દિવસનું, તમે આવ્યા ચોમાસાની જય બોલાવી ગયા, ને અમે કહીએ કે અમે તમારે ત્યાં ચોમાસું કરવાના તો ય અમને દોષ લાગે. ચોમાસા નો પ્રવેશ થઈ ગયો, તમે અમારી પાસે આવ્યા, અમને કહ્યું કે સાહેબ તમે અહીંયા

ચોમાસું કરશો ને, ચાર મહિના રહેશો ને! કલ્પસૂત્ર કહે છે કે ત્યારે શું કહેવાનું, જોઈશું. ચોમાસી ચૌદસ આવી ગઈ, તમે અમને પુછવા આવ્યા, સાહેબ કરશો ને ચોમાસું, અમે કહીશું જોઈશું! પહેલો દિવસ જોઈશું, દસમો દિવસ જોઈશું, પંદર દિવસ ચોમાસા ને થઈ ગયા, તમે પુછો સાહેબ અહીંયા જ રહેશો ને, અમે કહીશું જોઈશું.

પર્યુષણનો છેલ્લો દિવસ આવે, સંવત્સરી નું પ્રતિક્રમણ થઈ ગયું ને પછી તમે પુછો સાહેબ, અને અમે કહીશું હવે કાર્તિક પૂર્ણિમા સુધી અમે રહીશું. નિયત ચોમાસું કેટલા દિવસનું છે તો સંવત્સરી થી માંડી ને, કાર્તિક પૂર્ણિમા સુધી ના જે સિત્તેર દિવસ, એ FIX ચોમાસું છે, એની પહેલા અષાઢ ચોમાસી પહેલા તમે આવ્યા, ચોમાસું નક્કી કર્યું, અમે કહીએ કે ભાઈ રહીશું, ને કદાચ અહીંયા રંગરોગાન થાય, અહીંયા કાંઈક બીજું કરો, અહીંયા કાંઈક ત્રીજું કરો, સાહેબે કીધું છે - આપવાના છે, રહેવાના છે, એ દોષ અમને લાગે. એના માટે મુળ વિધિ આ છે. ક્યાંય પણ શૈયાતર હોય, કોઈ પણ મકાન હોય, મકાન અમે જોઈ લીધું છે, મકાનમાં અમે આવી પણ ગયા છીએ, પણ. અમે અહીંયા "જ" રહેશું, આવું અમે કહીએ નહિ, સંવત્સરી પછી પ્રાયઃ કરીને વરસાદ ખાસ આવે નહિ, વિશેષ ચોમાસા ને હિસાબે જે REPAIRING, નળિયા, લીંપણ વગેરે, રંગરોગાન વગેરે, એ બધું કરવામાં ન આવે, મહાત્મા કહે કે અમે રહીશું, તો પણ ગૃહસ્થ વિચારે, કે ભાઈ હવે તો આ બધી જરૂર નથી, આવો દોષ ન લાગે એના માટે સિત્તેર દિવસ નું નિયત ચોમાસું છે. એની પહેલા કોઈ કારણ હોય, તો એની પહેલા વિહાર પણ થઈ

શકે, આગળ વધી ને કહે છે, સિત્તેર દિવસની અંદર પણ, એ કંઈક એવું કારણ આવ્યું, એટલી બધી જીવાતો થઈ ગઈ કે સંયમની રક્ષા શક્ય નથી, બહારની સ્થિતિ એવી થઈ ગઈ કે બહાર નીકળાય એવું નથી. કોઈ પણ સંયમ-રક્ષા, સ્વાધ્યાય રક્ષા, એમાં કંઈ પણ ઉપદ્રવ આવ્યો, તો ચોમાસા ની અંદર પણ, આ સિત્તેર દિવસ ની અંદર પણ, મહાત્મા છે જે વિહાર કરી શકે. ક્યા-ક્યા કારણ જે કહે છે એ ગોચરી દુર્લભ થઈ જાય, એ રાજાનો ઉપદ્રવ થાય, રોગથી પરાભવ થાય, સ્થંડિલ ભૂમિ નો-અભાવ હોય, સ્થંડિલ ભૂમિ જીવાકુલ હોય, - ડંખવાળા સાપ વગેરે નો ઉપદ્રવ હોય, તો ચોમાસાની અંદર પણ મહાત્મા બીજે વિહાર કરી શકે.

ચોમાસું પુરું થઈ ગયું, પણ વરસાદ હજુ અટકતો જ નથી, કાદવ છે રસ્તામાં, - તો ચોમાસા પછી પણ મહાત્માઓ સ્થિરતા કરી શકે. અતિવાસી દોષ ના હોય તો સંયમ - સ્થિરતા માટે ક્ષેત્ર ગુણો જોયા જોઈએ. ક્ષેત્ર ત્રણ પ્રકારનું છે, જઘન્ય - મધ્યમ અને ઉત્કૃષ્ટ. ચાર ગુણ વાળુ ક્ષેત્ર, તે જઘન્ય કહેવાય જ્યાં વિહાર ભૂમિ સુલભ હોય, જ્યાં દહેરાસર નજીક હોય, સ્થંડિલ ભૂમિ જ્યાં શુદ્ધ એટલે કે નિર્જીવ હોય, અનાલોક હોય, જ્યાં કોઈ જોવે નહિ એ પ્રકારની સ્થંડિલ ભૂમિ હોય, સ્વાધ્યાય ભૂમિ સુલભ હોય, અસ્વાધ્યાય વગેરે થી રહિત હોય, માંસ હોય, કલેવર વગેરે પડ્યા રહેતા હોય આજુ-બાજુ તો અસજ્ઝાય થાય, એવું પણ ન હોય. અને ગોચરી જ્યાં સુલભ હોય. તેર ગુણ વાળુ

ક્ષેત્ર ઉત્કૃષ્ટ કહેવાય, જ્યાં બહુ કાદવ ના હોય, જ્યાં બહુ પ્રવાતો ના થતી હોય, સ્થંડિલ ભુમિ નિર્દોષ હોય. ઉપાશ્રય છે જે સ્ત્રી સંસર્ગ વગેરેથી રહિત હોય. દહીં, દુધ વગેરે જ્યાં પ્રચુર પ્રમાણમાં મળતું હોય, જનસમુદાય બહુ ભદ્રિક હોય, વૈદો પણ ભદ્રિક હોય, ઔષધો સુલભ હોય, ગૃહસ્થ ના ઘરો તે કુટુંબ સહિત હોય, ધન-ધાન્યાદિ પૂર્ણ હોય. રાજા પણ જ્યાં ભદ્રિક હોય, જ્યાં મુનીઓનું બ્રાહ્મણ વગેરે થી અપમાન ન થતું હોય, ભિક્ષા-સ્વાધ્યાય ભુમિ પણ સુલભ હોય, તો આ તેરગુણ વાળુ ક્ષેત્ર ઉત્કૃષ્ટ કહેવાય.

ચાર ગુણથી અધિક અને તેર ગુણથી ન્યુન, આવું જે ક્ષેત્ર હોય, તે મધ્યમ ક્ષેત્ર કહેવાય. ઉત્કૃષ્ટ ક્ષેત્ર મળે તો ત્યાં રહેવું, તે ના મળે તો મધ્યમમાં રહેવું, તે પણ ન મળે તો જઘન્ય ક્ષેત્ર-ની અંદર પર્યુષણા કલ્પ કરવો જોઈએ. વર્તમાનમાં તો જ્યાં ગુરૂ આજ્ઞા કરે, ત્યાં સાધુઓ પર્યુષણા કલ્પ કરે છે.

ઈસ પ્રકારનો કલ્પ જે દોષાભાવ માં કરો તો તૃતીયવૈદ ના ઔષધ ની જેમ હિતકારક થાય. તૃતીય-વૈદ ઔષધ એટલે શું ? તે સમજવી છે. રાજા પોતાના દિકરાનું એકદમ આરોગ્ય રહે, કોઈ રોગ આવે જ નહિ, એના માટે ત્રણ વૈદ ને બોલાવે છે. પહેલા વૈદ ને પુછે છે કે તમારું ઔષધ કેવું છે ? તે એ કહે છે કે મારું ઔષધ એવું છે કે, જો રોગ હોય તો તો રોગ મટાડી દે, ને રોગ ના હોય તો રોગને ઉભો કરે. બીજો રાજા કહે કે તારું ઔષધ તો એવું છે, સુતેલા સાપને જગાડવા જેવું છે. એટલે એ ઔષધ નું કામ નથી. બીજો કહે છે કે મારું ઔષધ જે રોગ હોય તો દુર કરે, ને જો

રોગ ના હોય તો કોઈ ફાયદો એ ના થાય ને નુકશાન પણ ના થાય ! ~~[illegible]~~ રાજા કહે છે કે તારું જે ઔષધ છે એ રાજની અંદર થી નાખવા બરાબર છે. ત્રીજા એ કહ્યું કે મારું ઔષધ એ જો રોગ હોય તો રોગને દુર કરે, રોગ ન હોય તો શરીરમાં સૌંદર્ય, વીર્યની તુષ્ટિ અને પુષ્ટિ કરે. રાજા કહે છે કે આ ઔષધ બરાબર છે. એ ઔષધનો સ્વીકાર કરે છે.

એ કલ્પ શું છે, તો દોષ હોય તો દોષ ને દુર કરે, દોષ ના હોય તો ધર્મનું પોષણ કરે. આ રીતે પર્યુષણ પર્વ આવે ત્યારે મંગલ માટે પાંચ દિવસમાં, કલ્પસુત્ર નું વાંચન કરવું જોઈએ, જેમ દેવોમાં ઇન્દ્ર છે, તારાઓમાં ચન્દ્ર છે, ન્યાય પ્રવિણોમાં રામ છે, રૂપવાનો માં કામદેવ છે, રૂપવતીઓમાં રંભા, હાથી ઓમાં ઐરાવણ, સાહસીકો માં રાવણ, બુધ્ધિમાનો માં અભય, તીર્થો માં શત્રુંજય, ગુણોમાં વિનય, ધનુર્ધરમાં અર્જુન, મંત્રોમાં નમસ્કાર, વૃક્ષો માં આમ્ર વૃક્ષ એ રીતે કલ્પસુત્ર સર્વ શાસ્ત્રોમાં શિરોમણી છે. અહીંયા કહે છે, કે અરિહંત કરતા શ્રેષ્ઠ કોઈ દેવ નથી, મોક્ષ કરતા શ્રેષ્ઠ કોઈ પદ નથી, શત્રુંજય જેવું કોઈ તીર્થ નથી, અને કલ્પસુત્ર છે એનાથી મહાન કોઈ શ્રુત પણ નથી. હવે આગળ વધી ને કહે છે, કલ્પવૃક્ષ સાક્ષાત કલ્પવૃક્ષ છે. અનાનુપૂર્વી થી અહીંયા વીર ચરિત્ર એ બીજ છે, પાર્શ્વ ચરિત્ર અંકુર છે, નેમિ ચરિત્ર સ્કંધ છે, ઋષભ ચરિત્ર એ શાખા સમું છે, સ્થવીરાવલી એ પુષ્પ છે, સામાચારી જ્ઞાન એની સુરભિ છે, અને ફળ શું છે તો મોક્ષની પ્રાપ્તિ છે.

કલ્પસુત્ર નું વાંચન કરે, વાચનામાં સહાય કરે, અને સર્વાક્ષર નું શ્રવણ એનું કરે, તો આઠ ભવની અંદર, કલ્પસુત્ર મોક્ષ નું દાયક થાય છે. સરસ - મજાની અહીંયા વાત કરે છે, ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, કલ્પસુત્ર ના શ્રવણ નું ફળ શું ? મને ખબર છે થોડું ઘણું તમને સમજાય છે, થોડું ઘણું ઉપરથી જાય છે, બધું સમજાવીએ તો તમારે પ્રતિક્રમણ માટે પાછું આવવાની જરૂર પડે નહિ, એટલા માટે અમે બધુ સમજાવતા નથી, છતાં પણ ખુબ જ શ્રદ્ધા ભાવ થી, અહોભાવ થી, એક એક અક્ષરોનાં ને સાંભળવામાં આવે, ભગવાનનું વચન છે. ભગવાન-નું વચન પણ ભગવાનની તુલ્ય છે, ભગવાનનો આ અક્ષરદેહ છે. અનંત તીર્થંકરો ની જે વાણી એના જે ભાવો, એના જે પદાર્થો, એ દ્વા - દ્વાદશાંગી માં રહેલા છે, દ્વાદશાંગી નું આ એક અંગ છે કલ્પસુત્ર, અહોભાવ થી એને સાંભળીએ, ગૌતમસ્વામી ને મહાવીર સ્વામી જવાબ આપે છે,

એગગ્ગચિત્તા જિણસાસણમ્મિ;

જેનું મન જિનશાસન ની અંદર એકાગ્રચિત્ત વાળુ છે.

પભાવણા પુયણાયરચ્ચા ય

જિનશાસન ની જેઓ પ્રભાવના કરે છે, સંઘ અને શાસનના કાર્યોમાં અગ્રેસર રહે છે. અહોભાવ થી જિનશાસન ના દરેક અંગ નો સત્કાર કરે છે.

તિસત્તખુત્તો સુણંતિ કપ્પં

તીસત્ત, ત્રણ ગુણીયા સાત, સાત તેરી એકવીસ, એકવીસ વાર કલ્પસુત્ર નું શ્રવણ કરે,

ભવણ્ણવં ગોયમ તે તરંતિ ।

હે ગૌતમ, તેઓ આ સંસાર સાગરને તરી જાય, આપણે નક્કી કરીએ, કે પહેલાના વર્ષોમાં કદાચ ઓછું વતું સાંભળ્યું, અમુક સાંભળ્યું, અમુક છુટી ગયું, આ

પર્યુષણ ની આપણે નક્કી કરીએ, કલ્પસુત્ર નું જેક પણ વ્યાખ્યાન અને એનો એક પણ અક્ષર - આપણે છોડવો નથી, ગણવાનું શરૂ કરી દઈએ, આ વખતે આપણું પહેલું વરસ, આ રીતે એકવીસ વર્ષ કલ્પસુત્ર નું શ્રવણ થાય એ સંસાર સાગરનો પાર પામે, એનો નિસ્તાર થાય, વધુમાં વધુ એના આઠ ભવ થાય, આઠ ભવથી વધારે એનો સંસાર ના થાય, આ કલ્પસુત્ર છે, એની અહીયા વાત કરે છે, કે એના અર્થ કેટલા છે તો, અને કહે છે કે બધી જ નદીઓ એ નદીઓની કેટલી રેતી હોય એ રેતી ના કેટલા કણ હોય એ દરેક કણ એને બે ગણી લઈએ, અને એને અનંતથી ગુણી દઈએ, તો એટલા આ સુત્રના અર્થ છે.

બીજુ ઉપમા આપી છે, કે બધા દરિયાઓ એનું જે પાણી છે અને એ પાણી જેટલું થાય, એના દરેક ટીપા કરતા અનંતગણો દરેક સુત્રનો અર્થ છે. કલ્પસુત્ર નું મહાત્મ્ય કેવું મોઢાની અંદર એક હજાર મુખ હોય, હૃદયની અંદર કેવળજ્ઞાન હોય,

तथापि कल्पमाहात्म्यं वक्तुं शक्यं न मानवैः

એક મુખ છે (LIMITED) જ્ઞાન છે, (LIMITED) આયુષ્ય છે, એમાં આપણે કલ્પનો મહિમા - કરીએ તો અશક્ય જ છે. હજાર મુખ ને કેવળજ્ઞાન મળી જાય, આયુષ્ય બહુ જ વિરાટ હોય, તો પણ આનો મહિમા પુરો ન થાય, એવો એનો મહિમા છે. વાંચન અને શ્રવણ માં મુખ્ય તથા, લોક યોગાનુષ્ઠાન, જોગ જેમણે કર્યા હોય, એવા મહાત્મા છે, કાળથી કલ્પ - સુત્ર ક્યારે વંચાય, રાતે વંચાય! અને આગળ

કહે છે કે સાધ્વીજી છે, એ નિશિથ ચૂર્ણીમાં કહેલી વિધિથી દિવસે પણ શ્રવણ ના અધિકારી છે, રાતે સાધ્વીજી સાધુ ઉપાશ્રયમાં આવી ના શકે, એટલે વિધિ એવી બતાડી, સાધ્વીજી પુરતુ દિવસે વાંચન થાય, એટલે દિવસે શ્રવણ ના અધિકારી, વાંચનના પણ અધિકારી નહિ, વીર નિર્વાણ થી નવસો એંશી વર્ષ થયા, મતાંતરે નવસો ત્રાણું વર્ષ થયા, અને એ સમયે

પુત્રમરણાર્ત્તસ્ય ધ્રુવસેનરાજ્ઞ:

દીકરાનું મૃત્યુ થયું છે, રાજા શોકમાં છે, આનંદપુર નગર છે, અને એ સમયે સભા સમક્ષ મહોત્સવ સહિત, કલ્પસુત્ર વાંચવાની પરંપરા શરૂ થઈ, ત્યારથી માંડીને ચતુર્વિધ સંઘ, એના શ્રવણ ના અધિકારી છે, વાંચનમાં તો જેમણે યોગ કર્યા છે, એવા સાધુઓ જ એના અધિકારી છે, અહીયા કહે છે કે વાર્ષિક પર્વમાં કલ્પ શ્રવણની જેમ બીજા પાંચ કાર્યો પણ કરવાં જોઈએ,

ચૈત્યપરિપાટી, સમસ્ત સાધુ વંદન, સાંવત્સરીક પ્રતિક્રમણ, પરસ્પર સાધર્મિક ક્ષમાપના, અને અઠ્ઠમ તપ. આ પાંચ કર્તવ્ય, કલ્પસુત્ર શ્રવણ ની જેમ ઉચિત છાયક, એ કર્તવ્ય ની બજાવાને અનુજ્ઞા આપી છે.

અઠ્ઠમ તપ ત્રણ ઉપવાસ નો હોય છે, રત્નત્રયી દાયક છે, ત્રણ શલ્ય નું ઉન્મુલન કરનાર છે, જન્મત્રયી ને પાવન કરનાર છે, શરીર, વચન, અને મન, એના દોષો ને દુર કરનાર છે, મોક્ષ-પદ પ્રાપક છે, એટલે મોક્ષકાંક્ષી ઓ એ નાગકેતુની જેમ, અઠ્ઠમ તપ અવશ્ય કરવો જોઈએ, નાગકેતુ કોણ હતો ? કઈ રીતે એણે અઠ્ઠમ તપ કર્યો ? એની વાત કરે છે. ચંદ્રકાંતા નગરી છે, વિજય સેન રાજા છે, શ્રીકાંત નામના વેપારી છે, શ્રી સખી એમની પત્ની છે.

સોમવાર

DATE 21 08 2017

અને એક બાળક એમને બહુ માનતા ઓ પછી થયો છે. અને પર્યુષણ પર્વની અંદર કુટુંબમાં - બધા વાત કરી રહ્યા છે, અઠ્ઠમ.. અઠ્ઠમ.. અઠ્ઠમ. અઠ્ઠમ... અઠ્ઠમ.. નો જાતિસ્મરણ જ્ઞાન એને થાય છે અને એ પુત્ર અઠ્ઠમ નો તપ કરે છે. હજુ તો બાળક જન્મેલો છે, ઉપવાસ ભારે લાગે, તપ અઘરો લાગે, ત્યારે નાગકેતુને યાદ કરવો જોઈએ. હજુ જન્મ થયો છે ને જન્મ થતાની સાથે, અઠ્ઠમ કરે છે. બીજું તો કોઈ ખાવાનું કે પીવાનું નથી, ફક્ત માતાનું દુધ પીવાનું છે, માતા બાજ પ્રયાસ કરે પણ એ માતાનું દુધ પીતા નથી, અને પોતે એકદમ મુર્છાઈ જાય છે. ઘણા ઉપાયો કરે છે, એવા ભુવાઓ અને માંત્રિકોને બોલાવે છે, વૈદો ને હકીમો ને બોલાવે છે. કોઈ ને કોઈ ખબર પડતી નથી. છેવટે બાળક બેભાન થઈ જાય છે, બધાને લાગે છે કે બાળક મરી ગયો છે, એટલે એને લઈ જાય છે, જમીન માં ખાડો ખોદીને એને દાટી દે છે, ને આ બાજુ પિતા છે એમને પણ એટલો શોક થઈ ગયો, પિતા નું પણ મૃત્યુ થયું. વિજયસેન રાજા એ બંને નું મરણ સાંભળી ને, પૂર્વકાળમાં એવી પધ્ધતિ હતી, જો ઘરનો અંદર કોઈપણ પુરૂષ ના રહે, એ ઘરમાં જેટલું ધન હોય તે રાજા લઈ જાય. દીકરો off થઈ ગયો, પિતા off થઈ ગયા, એટલે હવે રાજા સુભટો ને મોકલે છે. આ બાજુ અઠ્ઠમ તપના પ્રભાવથી ધરણેન્દ્ર નું આસન કંપિત થાય છે. જ્ઞાનથી બધું જાણે છે, ત્યાં આવે છે, અમૃત છે એ બાળક ઉપર છાંટે છે, ને એને આશ્વાસન મળે છે. એમાં પ્રાણ પુરાય છે, નવું જીવન મળે

છે, એલાની હતી એમાંથી કંઈક સ્વસ્થતા આવે છે.
બ્રાહ્મણનું રૂપ કરીને ત્યાં ઘરે આવે છે. અને
ચુલટોને કહે છે, કે તમે આ નહીં લો. રાજા-
આવે છે, રાજા કહે છે, કે ભાઈ એને હવે-
દીકરો નથી, પુરૂષ OFF થઈ ગયા છે. તો તમે કેમ
રોકો છો! અને એ સમયે બ્રાહ્મણ કહે છે, કે
એનો દીકરો હજુ જીવીત છે, અને એ સમયે
રાજા કહે છે કે ક્યાં જીવે છે, અને બધાને ત્યાં
લઈ જાય છે, ખાડો પાછો ખોદાવે છે, ભાગે જમીન
માંથી જમનો નીકળે એ રીતે બાળક ને બહાર કાઢે
છે. બધા લોકો વિસ્મય પામે છે, પુછે છે કે તમે
કોણ છો, એ સમયે બ્રાહ્મણ કહે છે કે હું નાગરાજ
ધરણેન્દ્ર છું, આ બાળક ના અઠ્ઠમ ના પ્રભાવથી,
એની સહાય માટે હું આવેલો છું. હજુ તો જન્મ જ
થયો એમાં અઠ્ઠમ તપ કઈ રીતે કર્યો, એ સમયે
ધરણેન્દ્ર વાત કરે છે.

પુર્વભવની અંદર વેપારી નો દીકરો છે.
બાળપણમાં માતા મરી ગઈ છે. સાવકી માતા બહુ
દુઃખ આપે છે ને, મિત્ર ને વાત કરે છે કે મારી
સાવકી માતા મને બહુ હેરાન કરે છે. કોઈ આપણી
પાસે સલાહ માંગે ત્યારે સલાહ કેવી આપવી, એ
નાગકેતુ ના દ્રષ્ટાંત માંથી સમજ્યા જેવું છે. સલાહ
કોની પાસે માંગવા જવું, મિત્ર કેવા રાખવા, પાપ-
મિત્ર કે કલ્યાણ મિત્ર, જે તમને એવી સલાહ આપે
કે પપ્પા તને પૈસા નથી આપતા તો, COURT માં
CASE ઠોકી દે, ભાઈ સાથે ઝઘડો કરી નાખ,
ભાઈ ઉપર CASE ઠોકી દે, આવી બધી જે સલાહ
આપે એને કલ્યાણ મિત્ર કહેવાય નહિ. નાગકેતુ ની
વાત કરે છે, પુર્વભવ ની અંદર સાવકી માતા છે બહુ
હેરાન કરે છે, અને મિત્ર કહે છે કે મિત્ર,

તેં પૂર્વભવમાં તપસ્યા નથી કરી, માટે તને દુઃખ
આવે છે. જો પૂર્વભવમાં તેં તપ કર્યો હોત,
જો આરાધના કરી હોત, જો પુણ્યનું ઉપાર્જન
કર્યું હોત, તો તને દુઃખ આવત નહિ. અને
જે દુઃખ આવ્યું છે એમાં નિમિત્ત કાંઈ તારી
સાવકી માતા નથી, તારા કર્મો નિમિત્ત છે.
જ્યાં સુધી આપણા કર્મો છે ત્યાં સુધી બીજા
ઉપર દોષારોપણ કરવું, બીજાને આપણા દુઃખ
માટે દોષિત ઠેરવવું, આ બિલકુલ ઉચિત નથી.
જો કર્મો નહિ હોય તો આખી દુનિયા ભેગી
થઈ ને પણ આપણું કંઈ બગાડી નહી શકે.
જો કર્મ હશે, તો ગમે તેટલા ધમપછાડા -
આપણે કરશું, આપણા દુઃખો ટળવાના નથી.
અને નાગકેતુ કહે છે કે મારે શું કરવું ?
અને મિત્ર કહે છે કે જો હવે પર્યુષણ આવે
છે, અને પર્યુષણ આવે એટલે તું અઠ્ઠમનો
તપ કરજે. (

મિત્ર ની વાત હૃદયમાં બેસે છે, પોતે
વિચાર કરે છે, અઠ્ઠમ કરવો છે... કરવો છે...
કરવો છે, હજુ પર્યુષણ આવે એની પહેલા, ઘરની
બહાર ઘાસ ની ઝુંપડી છે, નાગકેતુ અંદર
સુતો છે, અઠ્ઠમ... અઠ્ઠમ.. અઠ્ઠમ.. અઠ્ઠમ...
અઠ્ઠમ, હું તમને કહું છું, ધર્મ કેટલો મહાન,
ધર્મની ક્રિયા ને ધર્મનું અનુષ્ઠાન કરશો તો તમારું
કલ્યાણ થાય જ, ધર્મના મનોરથથી પણ કલ્યાણ
થયા વગર રહે નહિ. સાવકી માતા જુએ છે કે
લાગ છે, કાંડી ત્યાં નાખી દે છે, ઝુંપડી
આખી બળવા લાગે છે, નાગકેતુ અંદર એ
ઝુંપડીમાં બળી જાય છે, અઠ્ઠમના મનોરથ
સાથે બળે છે, અને જન્મ લે છે, શ્રીમંત

ના ઘરની અંદર, જન્મ જૈનાની સાથે હવે પર્યુષણ નજીક છે, પર્યુષણ આવી ગયા છે. અઠ્ઠમ ની વાતો થઈ રહી છે, મતિસ્મરણ જ્ઞાન થાય છે, અઠ્ઠમ તપની શરૂઆત કરી દે છે, અને ધરણેન્દ્ર કહે છે, કે આ મહાપુરૂષ છે, લઘુકર્મી છે, આ જ ભવમાં મોક્ષે જનાર છે. યત્નપૂર્વક તમારે એનું પાલન કરવું. એનું પાલન કરશો તો તમારા ઉપર પણ મહાઉપકાર થશે. નાગરાજ ધરણેન્દ્ર પોતાનો હાથ એના ગળામાં મુકીને, પોતાના સ્થાને જાય છે. શેઠનો શ્રીકાંતની મૃત ક્રિયા કરે છે, નાગકેતુ નામ રાખે છે, બાળપણા થી જિતેન્દ્રિય છે, પરમ શ્રાવક છે.

એક વાર વિજયસેન રાજા, એ પોતે કોઈ ચોર નથી એવા પણ પ્રમનનને પોતે ચોર કલંકથી મારી નાખે છે, અને એ સમયે એ મરીને પછી, વ્યંતર થાય છે. આખા નગરના વિનાશ માટે એ વ્યંતર શીલા રચે છે, ત્યાં આવીને પોતે પાદ પ્રહારથી પોતે પગ મારીને રાજાને પાડી દે છે, રાજાને લોહીની ઉલટી થઈ જાય છે, એ સમયે નાગકેતુ વિચારે છે કે જો આ શીલા પડશે, દહેરાસર વગેરે બધું જ તૂટી જશે, આવું તો હું નાં થવા દઉં, અને પોતે દહેરાસર ના શિખર ઉપર ચડે છે, અને એ શીલાને પોતે હાથથી અડે છે, અને વ્યંતર છે એ એની તપ શક્તિને સહન કરી શકતો નથી, શીલા ને આખી સંહરી લે છે. નાગકેતુને પ્રણામ કરે છે. રાજા ને પણ છોડી દે છે, અને એક વાર નાગકેતુ ભગવાનની પૂજા કરતા હોય છે. ફુલની છાબ છે, અંદર હાથ નાખે છે, યોગાનુયોગ અંદર સાપ હોય છે. સાપ એને કરડે છે, ઝેર પ્રસરી રહ્યું છે, પણ આ ક્યાં હું પૂજા કરવા આવ્યો, ક્યાં હાથ નાખ્યો, ક્યાં હું ફુલ પૂજા કરવા આવ્યો, અને આ શું થઈ ગયું, આ તો ધર્મ કરતા ધાડ પડી, આવો કોઈ જ વિચાર નાગકેતુ

કરતો નથી. જે પરમ સમાધિમાં છે. ભલે સાપે ડંખ માર્યો, આવા ભગવાનની પૂજા કરતા-કરતા મૃત્યુ પણ પડે તો આવું મૃત્યુ તો બહુ ભાગ્ય થી મળે. અને આ રીતે શુક્લ ધ્યાનમાં આગળ વધતા... વધતા, ક્ષપક શ્રેણિ માંડી ને, નાગકેતુ કેવળજ્ઞાન પામે છે. દેવતા ઓ આવે છે, વિધ સંહરી લે છે, મહોત્સવ કરે છે. સાધુ વેષ આપે છે. અને ચીર કાળ સુધી વિહાર કરી ને, અનેક ભવ્યો ઉપર ઉપકાર કરીને નાગકેતુ મોક્ષે જાય છે. આ નાગકેતુ ની કથા - સાંભળી ને, બીજાઓ એ પણ અઠ્ઠમ તપમાં પ્રયાસ કરવો જોઈએ.

કલ્પસુત્રમાં અંદર શું આવે છે, તો કહે છે ત્રણ વસ્તુ આવે, પહેલા નંબરમાં જિનચરિત્ર આવે, જિન ચરિત્રો આસન્ન ઉપકારી હોવાથી, એમાં સૌ પ્રથમ મહાવીર સ્વામી ભગવાનનું ચરિત્ર છે. ચોમાસું હોય કે ના હોય, પર્યુષણ આવશ્ય કરવું જોઈએ. પર્યુષણા કલ્પ, એટલે કે ચોમાસું, વરસાદ થાય કે ના થાય, આપણે કહીએ કે ભાઈ અહીંયા તો વરસાદ પડતો જ નથી. અમુક એવા વિસ્તારો હોય છે છતાં પણ શાસ્ત્રો નો આચાર, ભગવાનનો આદેશ, કે પર્યુષણ અવશ્ય કરવાના. પહેલા અને છેલ્લા - ભગવાન ના કલ્પ છે, પર્યુષણા સ્વયં મંગલ સ્વરૂપ છે. વર્ધમાન સ્વામી ના તીર્થ માં મંગલ કારણ છે. માટે આ કલ્પ આવશ્ય કરવો જોઈએ. ઉપલક્ષણ હોવાથી કલ્પ - સુત્ર પણ અવશ્ય વાંચવાનું. કલ્પસુત્ર માં જિનેશ્વરોના ચરિત્રો, ગણધર સ્થવીરો ની પટ્ટાવલી, અને સાધુનો આચાર, આ ત્રણ વસ્તુ આવેલી છે. એ કલ્પસુત્ર મંગલ નું કારણ છે.

કલ્પસુત્રમાં પહેલા અધિકારની અંદર, જિનચરિત્ર માં આસન્ન ઉપકારી હોવાથી, મહાવીર-

સ્વામી નું ચરિત્ર છે. ભદ્રબાહુ સ્વામી મહારાજ, જઘન્ય મધ્યમ વાચના સ્વરૂપ પહેલા સુત્રની રચના કરે છે. તે કાળે તે સમયે, શ્રમણ ભગવાન મહાવીર, જેમની પાંચ વસ્તુ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થઈ. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ભગવાનનું ચ્યવન થયું, એ જ નક્ષત્રની અંદર ગર્ભથી ગર્ભમાં સંહરણ થયું, એ જ નક્ષત્રમાં જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન પણ થયા. માટે ભગવાન પંચ હસ્તોત્તર કહેવાય છે. નિર્વાણ કલ્યાણક વીર સ્વામીનું સ્વાતી નક્ષત્રમાં થયું છે. ભગવાન શબ્દ ની અંદર ભગ શબ્દના કેટલા અર્થ થાય એ કહે છે, તો ભગ શબ્દના ચૌદ અર્થ થાય, ક્યા ક્યા અર્થ !

- ☆ સુર્ય,
- ☆ જ્ઞાન,
- ☆ ~~[illegible]~~ મહાત્મ્ય,
- ☆ યશ,
- ☆ વૈરાગ્ય,
- ☆ મુક્તિ,
- ☆ રૂપ,
- ☆ વીર્ય,
- ☆ પ્રયત્ન,
- ☆ ઈચ્છા,
- ☆ સ્ત્રી,
- ☆ ધર્મ,
- ☆ ઐશ્વર્ય, અને
- ☆ યોનિ,

આ રીતે ચૌદ અર્થો થાય. એમાં ~~[illegible]~~ સુર્યવાન અને યોનિવાન એ બે અર્થ છે જે ના ઘટે, બાકીના જે બાર અર્થ છે, એ ભગવાનમાં ઘટે છે. હવે વિસ્તર વાચનાથી વિર જિનેશ્વર નું ચરિત્ર કહે છે. તે કાળે તે સમયે, શ્રમણ ભગવાન મહાવીર, ગ્રીષ્મ કાળની ચોથો

સોમવાર

DATE 21 08 2017

મહિનો, આઠમો પક્ષ, એનો છઠ્ઠો દિવસ, અષાઢ સુદ-છઠ્ઠ, મધ્ય રાત્રિનો સમય છે, વીસ સાગરોપમનું ભગવાનનું પુષ્પોત્તર દેવલોક નું આયુષ્ય, પુરૂં થયું છે દિવ્ય શરીર ને છોડીને ત્યાંથી ચ્યવી ને, અહીંયા જંબુદ્વીપ, ભરતક્ષેત્ર, દક્ષિણાર્ધભરત, જ્યાં રૂપ, રસ, આયુ વગેરે ની સમયે - સમયે હાનિ છે, ચોથો આરો એની અંદર સાડા આઠ મહિના, ને પંચોતેર વર્ષ, આટલો સમય બાકી રહ્યો છે, ઈક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થયેલ, કાશ્યપગોત્રિય એકવીસ તીર્થંકરો, હરીવંશ કુળમાં ઉત્પન્ન થયેલ, ગૌતમ બુદ્ધ, મુનીસુવ્રત, નેમીનાથ ભગવાન, આ ત્રેવીસ તીર્થંકરો પસાર થઈ ગયા છે. બ્રાહ્મણકુંડ ગામ છે, કુડાલસ ગોત્રિય ઋષભદત્ત બ્રાહ્મણ, એની પત્ની છે, જલંધર ગોત્રિય દેવાનંદા બ્રાહ્મણી, એમની કુક્ષીમાં મધ્યરાત્રિ ના સમયે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ-થયો છે, જે સમયે પૂર્વ તીર્થંકરો એ કહેલા, ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી, દિવ્ય - આહાર, દિવ્ય ભવ અને દિવ્ય શરીરના ત્યાગથી ગર્ભ પણે ઉત્પન્ન થાય છે. ભગવાનનું ચ્યવન કલ્યાણક થયું.

હવે કહે છે કે શ્રમણ ભગવાન મહાવીર, જે સમયે ગર્ભમાં ઉત્પન્ન થયા, ત્યારે ત્રણ જ્ઞાન થી યુક્ત હતા, હું ચ્યવીશ એમ - ભવિષ્ય કાળ માં છે. મારું ચ્યવન થયું એમ ભુતકાળ માં છે, મારું ચ્યવન થઈ રહ્યું છે. આ વર્તમાન ક્રિયા ને જાણતા નથી કારણકે, તે એક જ સમય ની છે, જે રાતે શ્રમણ ભગવાન મહાવીર, જલંધર ગોત્રિય દેવાનંદા બ્રાહ્મણી ની કુક્ષિ માં ઉત્પન્ન થયા, એ રાતે દેવાનંદા બ્રાહ્મણી પલંગમાં સુતા, અલ્પ નિદ્રા કરતા, આ પ્રશસ્ત

સોમવાર



ઉપક્રમ્હર, ધન્ય,

કલ્યાણકારક, મંગલકારક સુશોભિત, એવો ચૌદ મહાસ્વાનો ને જોઈને, પોતે જાગૃત થાય છે. ક્યા ચૌદ મહાસ્વાનો, જે કહે છે,

- પહેલું સ્વાન હાથી,
- બીજું સ્વાન વૃષભ,
- ત્રીજું સિંહ,
- ચોથું શ્રીદેવી,
- પાંચમું પુષ્પમાલા,
- છઠ્ઠું ચંદ્ર,
- સાતમું સુર્ય,
- આઠમું ધ્વજ,
- નવમું પૂર્ણકળશ,
- દસમું સ્વાન પદ્મ સરોવર,
- અગિયારમું ક્ષીરસમુદ્ર
- બારમું સ્વાન વિમાન,
- તેરમું સ્વાન રત્નરાશી, અને
- ચૌદમું સ્વાન નિધુર્મ અગ્નિ !

પછી દેવાનંદા બ્રાહ્મણી આ સ્વાનો ને જોઈને પોતે જાગે છે. વિસ્મય પામે છે. ખુબ જ આનંદ આનંદ થઈ જાય છે, હર્ષોલ્લિત, રોમાંચિત વાળી છે, તેથી સંયુક્ત ચિત્ત વાળા છે, સ્વાનો નું સ્મરણ કરે છે, સ્મરણ કરીને પલંગ માંથી ઉઠે છે, અને ધીમે-ધીમે પોતે રાજહંસી જેવી ગતી થી, જ્યા ઋષભદત્ત બ્રાહ્મણ છે, ત્યાં પોતે પહોંચે છે, ઋષભદત્ત બ્રાહ્મણના જય અને વિજય થી પોતે એના વધામણા કરે છે, વધામણા કરીને ભદ્રાસન ઉપર પોતે બેસે છે. બેસી ને પોતે સ્વસ્થ થાય છે. અને પોતે માથા ઉપર અંજલિ કરી ને, પોતાના સ્વામી ને કહે છે કે હે સ્વામી, આજે શૈયામાં અલ્પ નિદ્રા કરતા કરતા, મેં ચૌદ મહાસ્વાનોને જોયા, હે દેવાનુપ્રિય, હું વિચારું છું. કે આ મહા-

સોમવાર

DATE 21 08 2017

સ્થાનો નું કયું વિશેષ ફળ હશે ? કલ્પસુત્ર ના શબ્દે શબ્દની અંદર રહસ્ય છે. કલ્પસુત્રની અંદર, ભલે સીધા સાદા શબ્દો હોય, ભલે સીધી સાદી ઘટના હોય, આપણે લેવો હોય તો એમાંથી - પણ ઉચ્ચ સંદેશ લઈ શકીએ.

સ્થાનો ભેદ છે, એટલે કે ચ્યવન થયું છે, ચ્યવન થયું છે એટલે એ ગર્ભાધાનની જ રાત્રિ છે, છતાં પણ પતિ- પત્ની આજી રાત ભેગા સુતા નથી, પણ જુદા-જુદા સુવે છે. શાસ્ત્રમાં એનું પણ રહસ્ય જણાવ્યું કે, સ્ત્રી - સતત બાજુમાં હોય, તો બળની હાની થાય, ફરી - ફરી વાસના જાગી શકે, ફરી- ફરી - વિષયસેવન નું મન થાય, અને આ જે પ્રવૃત્તિ એ ધર્મ માટે તો ઉચિત નથી જ શરીર માટે પણ ઉચિત નથી, આરોગ્ય માટે પણ ઉચિત નથી, માનસિક સ્વસ્થતા માટે પણ ઉચિત નથી. શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

न तस्य धर्मो धनं शरीरं वा यस्य स्त्रीष्वत्यन्तमासक्तिः ।

સ્ત્રીમાં જેને અત્યંત આસક્તિ છે, સ્ત્રીના પગે સમજવાનું પુરૂષ માં આસક્તિ, એનો ધર્મ નથી રહેતો, એનું ધન નથી રહેતું, અને એનું - શરીર નથી રહેતું, આ ત્રણે વસ્તુ જેની સાફ થઈ જાય, કેટકેટલા રહસ્યો વાક્યે વાક્યે છે.

દેવાનંદ બ્રાહ્મણી પોતે ત્યાં જાય છે. જવાનો અર્થ એ છે કે પોતનું શયનખંડ જુદું છે, પોતાનું જુદું છે હજુ આગળ વધીને પતિ ને કઈ રીતે પોતે વાત કરે છે, સંબોધના કેવા છે ! હે દેવાનુપ્રિય, હે સ્વામી, જ્યારથી આપણે ભાગ્યનું સ્તર નીચે ઉતર્યું છે, ત્યારથી આપણા જીવનનું ~~સ્તર~~ સ્તર પણ નીચે

ઉતર્યું છે. તમારું જીવન સુધારવું હોય તો પહેલી
જરૂર એ છે, કે તમારો શબ્દકોષ સુધારો !
જ્યાં સુધી શબ્દકોષ સુધર્યો નથી, ત્યાં સુધી જીવન
પણ સુધરવાનું નથી. જીવનમાં ઘણા બધા રાગ-દ્વેષ,
ઘણા બધા આર્ત-રૌદ્ર ધ્યાન, ઘણા બધા દુર્ધ્યાનો
એ શબ્દનો જાગી ને લીધે પેદા થતા હોય છે.
મધુર વચન હોય, નમ્ર વચન હોય, પ્રિય વચન
હોય, અલ્પ વચન હોય, નિરવદ્ય વચન
હોય, સત્ય વચન હોય, અને આવી જે ભાષા
શુદ્ધિ હોય, તો બીજાની જે કષાય નો ભાવ,
એ પણ શમી જાય, આપણે જો ગમે તેવા શબ્દો
બોલીએ, બીજાની પણ કષાય ની ઉદીરણા થાય,
સરસ અમના સંબોધન આવી, દેવાનંદા બ્રાહ્મણી,
પોતાના પતિ ની સાથે કઈ રીતે વાત કરે છે,
આપણને લાગે કે હવે કદાચ COMEDY થઈ જાય,
જે હે દેવાનુપ્રિય બોલીએ તો ! આગ્રહ નથી કે
આ જ શબ્દ તમે બોલો. પણ કંઈક સન્માન-
હોય, કંઈક સત્કાર હોય, કંઈક બહુમાન ભાવ
હોય, અને એ રીતે શબ્દો બોલવા, એ જુદી
વસ્તુ છે. આપણે વ્હાલો એ બોલી શકીએ ને
સાલો એ બોલી શકીએ. બેને શબ્દો એ જુદા છે ને
બેની શબ્દોની અસર એ જુદી છે.

વધારે કશું આપણાથી ના થઈ શકે,
આપણે એટલું નક્કી કરીએ, આ પરમ પાવન
કલ્પસૂત્ર એનું શ્રવણ કર્યા પછી, ભદ્રબાહુ સ્વામી
મહારાજ ના આવા ઉચ્ચ શબ્દો સાંભળ્યા પછી હવે
જીંદગીમાં કદી પણ મોઢા માંથી ગાળ નહી નીકળે.
હવે જીંદગીમાં કદી મોઢામાંથી અપશબ્દ નહીં નીકળે.
આપણે ત્યાં પરંપરા હતી, પત્ની છે એ પતિને
"તુ" ના જ કહે, આ પરંપરા હવે કદાચ આપણને

જરૂર છે. આપણે ત્યાં પતિ પણ પત્નીને માનથી બોલાવતા, તમે કહી ને બોલાવતા. પતિ પણ પત્ની ને તુંકારે નહિ બોલાવતા. આપણે બીજા ને સમ્માન આપીએ તો બીજુ વ્યક્તિ પણ આપણને સમ્માન આપશે, જ્યાં તુ ને તા હોય ત્યાં હુતુતુ ને કબડ્ડી થાય. એ ઘરસંસાર છે એ ભાડકે બળે, આગળ કેટકેટલા વૈમનસ્યો થાય આ બધા ના મુળમાં ક્યાંક આપણા શબ્દ ની પદ્ધતિ, આપણા સંસ્કારની પદ્ધતિ એને આપણે ભુલી ગયા છીએ, આ પણ એક બહુ મોટું કારણ હોય છે.

હેવાબેદા બ્રાહ્મણી પ્રશ્ન કરે છે કે શ્લોકો ના ક્યા અર્થ હશે ? અને એ સમયે આ ત્રપુષભલ્લિક બ્રાહ્મણ, પોતે વિદ્વવાન છે, આ સાંભળીને એને બહુ હર્ષ થાય છે. રોમાંચિત થાય છે. શ્લોકાનો અર્થ ચિત્તમાં ધારણ કરે છે, એનો વિચાર કરે છે, ઈહાં માં અનુપ્રવેશ કરે છે, પોતાની બુદ્ધિ ના - વિજ્ઞાન થી પોતે વિચારે છે, કે આ શબ્દોનો અર્થ શું હોય ! અને નિશ્ચય કરીને કહે છે. ડાહ્યો માણસ છે, વિચારીને બોલે છે, મુર્ખો છે એ બોલ્યા પછી વિચારે છે કે હું શું બોલ્યો હતો. જ્યાં સુધી બોલ્યા નથી ત્યાં સુધી આપણે માલિક છીએ, શબ્દો ગુલામ છે. બોલી ગયા પછી શબ્દો માલિક થઈ જાય છે, આપણે ગુલામ થઈ જઈશું. શાસ્ત્રકાર બતાવતો કહે છે,

પુવ્વિં બુદ્ધિઇ પેહિત્તા પચ્છા વક્કમુદાહરે ।

કંઈ પણ તમે બોલો, ત્યારે પહેલા એમો બુદ્ધિથી વિચાર કરો, શું બોલી રહ્યા છો, એનો વિચાર કર્યા પછી એનો વિવેક કર્યા પછી.

બરાબર છે કે નહિ, સાચું છે કે ખોટું છે, કોઈને
ગમશે કે નહિ ગમે, આ બધો વિચાર કર્યા પછી
જે તમે બોલો, તો જીવનમાં કદી પણ તમારું કે
બોલેલું, થૂંકેલું પાછું ચાટવું ના પડે, એનાથી
નુકશાન ન થાય, ઝઘડો ન થાય, દુર્ધ્યાન વગેરે
પણ ના થાય, એની માટે આ વિચારીને કહે છે,
હે દેવાનુપ્રિયે, તે પ્રશસ્ત સ્વપ્નો ને જોયા છે. કલ્યાણ
કારણ, ઉપદ્રવ હારક, મંગલકારક, શોભાસંયુક્ત, આરોગ્ય-
પ્રાપક, તુષ્ટિકારક, એવા સ્વપ્નો ને, દીર્ઘાયુ પ્રાપક,
સમૃદ્ધિકારક, વાંછિત પ્રાપક, એવા સ્વપ્નોને તમે જોયા
છે. આ સ્વપ્નો ના પ્રભાવથી, હે દેવાનુપ્રિયે, આનાથી
અર્થ લાભ થશે, ભોગલાભ થશે, પુત્ર લાભ થશે,
સુખ લાભ થશે, અને નિશ્ચયથી નવ મહિના અને
સાડા સાત દિવસ, આટલું પસાર થયા પછી, સુકુમાર
હાથ-પગ વાળા, પ્રતિપૂર્ણ શરીરવાળા, લક્ષણ-વ્યંજન
વગેરે ગુણોથી યુક્ત, એવા પુત્ર રત્નને તમે જન્મ આપશો.
જ્યાં લક્ષણ કહ્યા, એ કહે છે છત્ર ચામર વગેરે
તીર્થંકરો ને, એક હજાર ને આઠ લક્ષણ હોય. બલદેવ
વાસુદેવ ને એકસો આઠ હોય, બહુ ભાગ્યશાળી હોય તો
બત્રીસ લક્ષણ હોય, બત્રીસ લક્ષણ કયા એ કહે છે.
છત્ર, કમળ, બાણ, શ્રેષ્ઠ રથ, વજ્ર, કૂર્મ, અંકુશ, વાપી, સ્વસ્તિક,
તોરણ, સરોવર, સિંહ, વૃક્ષ, ચક્ર, શંખ, હાથી, સમુદ્ર, કળશ, પ્રાસાદ,
મત્સ્ય, યવ, યૂપ, સ્તૂપ, કમંડળ, પર્વત, શ્રેષ્ઠ ચામર, દર્પણ, વૃષભ,
પતાકા, અભિષેક લક્ષ્મી, માળા અને મયૂર.
તો આ રીતે બત્રીસ લક્ષણ કહ્યા, બીજી રીતે પણ
બત્રીસ લક્ષણ છે જે સમજવે છે, સાત રક્ત અંગો
કહ્યા, રક્ત એટલે લાલ, તો નખ, પગ, હાથ,
જીભ, હોઠ, તાળવું અને આંખ નો છેડો. આ સાત
લાલ હોય, છ ઉન્નત હોય, કક્ષા, હૃદય, ગ્રીવા,
નાસા, નખ અને મુખ આ ઉન્નત હોય.

સોમવાર

DATE 21 08 2017

પાંચ સુક્ષ્મ હોય, દાંત, ચામડી, કેસ, આંગળીના સાંધા અને નખ. પાંચ દીર્ઘ હોય, આંખ, હૃદય, નાસિકા, અનુ એટલે કે હડપચી, અને ભુજ, ત્રણ વીસ્તીર્ણ હોય, લલાટ, છાતી અને વદન. ત્રણ લઘુ હોય, ગ્રીવા, જંઘા અને મેહન, ત્રણ ગંભીર હોય, સત્વ, સ્વર અને નાભિ. આ લક્ષણો બાહ્ય છે, આભ્યંતર તો અનેક લક્ષણો છે.

હવે વધારે વાત કહે છે. કે આખા શરીરનો અડધો ભાગ શું છે ?

मुखमर्धं शरीरस्य सर्वं वा मुखमुच्यते।

મોઢું એ શરીરનો અડધો ભાગ છે, અથવા આખું શરીર એ હકીકતમાં મોઢું જ છે, કારણ કે, તે પ્રધાન અંગ છે, શ્રેષ્ઠ અંગ છે, અને દેહ-કરતા પણ નાસિકા શ્રેષ્ઠ છે. નાસિકા કરતા પણ નેત્ર, આંખ છે જે શ્રેષ્ઠ છે, જેવી આંખ હોય એવું શિર હોય છે. જેવી નાસિકા હોય એવી સરળતા હોય છે. જેવું રૂપ હોય એવું ધન હોય છે. જેવું શિર હોય એવા ગુણો હોય છે. બહુ જ કોઈ ઠીંગણુ હોય, બહુ જ લાંબુ હોય, બહુ જાડા હોય, બહુ જ પતલા હોય, બહુ કાળા હોય, અને બહુ ગોરા હોય, આ ઉ-ચોક્ત હોય, એની અંદર સત્વ હોય છે, જે ધર્મવાન, સૌભાગ્યવાન, આરોગ્ય વાન, સ્વાનવાન, બિતિવાન, કવિ હોય એ દેવલોક-માંથી આવ્યા હોય, અને દેવલોક માં જ જાય. હવે કહે છે કે મનુષ્યગતિ માંથી આવ્યા હોય તો, મનુષ્યગતિ માં જાય, એ કેવા હોય ? તો કહે છે જે નિર્દંભ હોય, જે દયાવાન હોય, જે જ્ઞાની હોય, જિતેન્દ્રિય, દક્ષ, અને

સરળ હોય, તો પોતે મનુષ્યભવથી આવ્યા છે, અને મનુષ્યભવમાં પોતે પાછા જશે. તીર્યંચ યોનિ માંથી-આવ્યા અને એમાં જવાના, એના લક્ષણ કહ્યા, જે બહુ માયા કરે, લોભથી અંધ હોય, ક્ષુધાતુર હોય, આળસી હોય, બહુ આહાર પોતે જમતા હોય, એવા પુરુષ છે જે તિર્યંચ માંથી આવ્યા, તીર્યંચમાં જવાના. અને જે નરકમાંથી આવ્યા ને નરકમાં જવાના, એની વાત કરે છે, જેને બહુ રાગ હોય, પોતાના સ્વજનો સાથે પણ જેને ઝઘડો હોય, દ્વેષ હોય, જેની ભાષા બહુ ખરાબ હોય, દુર્જનોનો સંગ કરે, એ નરક માંથી આવેલા હોય અને નરકમાં પોતે પાછા જાય.

બીજા પણ જે શરીર ના લક્ષણો છે, આજનું પહેલું વ્યાખ્યાન.

"પ્રથમ વખાણે ધર્મ સારથી પદ"

ધર્મ સારથી પદ જ્યાં શક્રસ્તવ માં આવશે, ત્યાં પહેલું વ્યાખ્યાન પુરું થશે. સંઘના અમુક જે પણ કાર્ય હોય, થઈ જાય પછી આપણે આગળ વધશું.

સોમવાર

DATE 21 08 2017

# પ્રવચન-9- પ્રથમ

જેમની છાતી વિશાળ હોય, એને શું મળે ?
શરીર ના જુદા જુદા લક્ષણો અને એ લક્ષણો
ના જુદા જુદા ફળો, સરસ મઝાની વાત કરે છે,
વક્ષસ્થલ વિશાલ હોય તો ઘણા ધન ધાન્ય મળે,
મસ્તક વિશાલ હોય તો એ શ્રેષ્ઠ રાજા થાય.
કટીતટ વિશાલ હોય બહુ પુત્ર-પત્ની વાળા થાય.
અને જે પુરૂષ નું ચરણયુગલ વિશાલ હોય, તો
એ સતત સુખી થાય.

વ્યંજન શું છે, એ કહે છે,
મસ, તિલક વગેરે જેને આપણે શરીર ઉપર
રહેલું ચિહ્ન કહીએ, એ તલ વગેરે કહીએ,
પુરૂષ છે એને દક્ષિણ ભાગમાં, સ્ત્રીને ડાબે
ભાગે, પુરૂષને જમણે, સ્ત્રીને ડાબે, એ બધા
લક્ષણો પ્રશસ્ત કહેવાય.

માન, એક પાણીથી ભરેલો કુંડ છે,
એ પુરૂષ અંદર મૂક ને દ્રોણ જેટલું પાણી
બહાર નીકળે, એને માનપ્રાપ્ત પુરૂષ કહેવાય.
ઉન્માન એટલે, પુરૂષ છે એને તુલામાં આરો-
પિત કર્યો છે, એનો અડધો ભાર થાય,
તો એ ઉન્માનપ્રાપ્ત પુરૂષ ગણાય. પ્રમાણ
કહે છે, પોતાની આંગળીથી એકસો આઠ-
આંગળી એટલો ઉંચો પુરૂષ હોય, તો ઉત્તમ
કહેવાય. ૯૬ આંગળી ઉંચો હોય તે મધ્યમ કહેવાય
૮૪ આંગળી ઉંચો હોય તે જઘન્ય પુરૂષ કહેવાય.

તીર્થંકરો ને માથાના મધ્યભાગમાં-
બાર અંગુલ પ્રમાણ, ઉર્ધ્વ આકાર શિખા હોય છે.
માટે તીર્થંકરો એકસો વીસ આંગળ ઉંચા હોય
છે.

હે દેવાનુપ્રિય, આ બધા લક્ષણથી-
યુક્ત, એવા પુત્ર રત્નને તમે જન્મ આપશો.

classmate

એ આઠ વર્ષનો થશે, લોક વ્યવહારજ્ઞ થશે, ક્રમથી
તરુણ થશે, યૌવન માં પ્રવેશ કરશે. ઈતિહાસ, નિઘંટુ,
જેવા સરહસ્ય સાંગોપાંગ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ,
અથર્વવેદ, આ ચાર વેદો ની અંદર પોતે નિપુણ બનશે.
શબ્દતંત્ર અને ગણિત શાસ્ત્રમાં પણ નિપુણ બનશે.
અહીં કહે છે શીક્ષા શાસ્ત્ર, નિતિશાસ્ત્ર, યજ્ઞાદિ-
વિધિ શાસ્ત્ર, એમાં પણ નિપુણ બનશે. ને સાથે
ઐન્દ્ર, જૈનેન્દ્ર, સિદ્ધ હેમચંદ્ર, સારસ્વત, શાકટાયન,
વામન, વિશ્રાન્ત, બુદ્ધિસાગર, સરસ્વતી કંઠાભરણ,
વિદ્યાધર, કલાપક, ભીમસેન, શૈવ, ગૌડ, નંદિ,
જ્યોત્પલ વૃત્તિ, જયદેવ નામના વ્યાકરણોમાં, છંદ શાસ્ત્ર
ની અંદર, નિયુક્તમાં, ભૌતિક શાસ્ત્રોમાં, બીજા પણ
બ્રાહ્મણીય શાસ્ત્રો માં, એ ખુબ જ નિપુણ થશે.
માટે હે દેવાનુપ્રિય, તમે ઉદાર-
સ્વપ્નો જોયા છે. આરોગ્ય કારક, તુષ્ટિ કારક, પુષ્ટિ-
કારક, કલ્યાણ કારક, મંગલ કારક સ્વપ્નો જોયા છે.
આ રીતે વારંવાર ઋષભદત્ત બ્રાહ્મણ, એ દેવાનંદા
બ્રાહ્મણી ની અનુમોદના કરે છે. દેવાનંદા બ્રાહ્મણી,
ઋષભદત્ત બ્રાહ્મણ ની પાસે, આ સ્વપ્નો નો અર્થ
સાંભળી ને ખુબ જ આનંદિત થાય છે. તુષ્ટ
થાય છે. હર્ષપૂર્ણ હૃદય વાળા થાય છે. મસ્તકે અંજલિ
કરે છે ને પોતાના સ્વામી ને કહે છે, હે
સ્વામી, તમે જેમ કહ્યું, એમ જ છે. તે તે
પ્રમાણે જ છે. તે યથાસ્થિત છે. સંદેહ રહિત
છે. એ ઈચ્છિત છે. તમારા મુખમાંથી જેવું
પડ્યું, એવું જ મેં એને ગ્રહણ કર્યું છે. હે સ્વામી
એ વાંછિત છે. પુન: પુન: વાંછિત છે. અને
જે આપ કહો છો, તે સાચી વાત છે. આ
રીતે દેવાનંદા બ્રાહ્મણી, એ સ્વપ્ન અર્થ ને-
સમ્યક્ સ્વીકારે છે, ઋષભદત્ત બ્રાહ્મણ ની સાથે

મનુષ્ય સંબંધી ભોગર્ય ભોગો, જેને ભોગવતા પોતે રહે છે. દેવાનંદા કુક્ષિ માં રહેલા એવા ભગવાનને શક્રેન્દ્ર શક્રસ્તવ થી પોતે સ્તુતિ કરે છે, એની પહેલા કહે છે કે શક્રેન્દ્ર કેવા છે ! એમના કયા કયા નામો છે. તો જે જતાવે છે.
તે કાળે તે સમયે સૌધર્મેન્દ્ર એ શક્ર નામના સિંહાસન ઉપર બેઠેલા છે. માટે એને શક્ર કહેવાય, દેવેન્દ્ર છે, દેવરાજ, વજ્રાયુધધારી, દૈત્ય નગર વિનાશક, આ એના સમાનાર્થી નામો છે. શતક્રતુ એ કાર્તિક શેઠ ભવની - અપેક્ષા એ છે.

પૃથ્વીભૂષણ નગર છે, પ્રજાપાલ રાજા છે, કાર્તિક નામના ત્યાં શેઠ છે. એ શેઠ છે જે શ્રાવકની પાંચમી પ્રતિમા, પ્રતિમા એટલે વિશિષ્ટ અભિગ્રહ, જે શ્રાવકે સો વાર એનું પાલન કર્યું, માટે શતક્રતુ આ રીતે એમનું નામ પડ્યું. એક વાર એ નગરમાં મહાસુજવાસી ગૈરિક નામનો તાપસ આવે છે, મહિને - મહિને પારણું કરે, માસક્ષમણ ના પારણે માસક્ષમણ, કાર્તિક શેઠ ને છોડીને, બધા લોકો એમના ભક્ત થઈ જાય છે. કાર્તિક શેઠ જે સમ્યક્દૃષ્ટિ છે, એટલે તાપસ પાસે જતા નથી. ગૈરિક તાપસ ને એના ઉપર ગુસ્સો આવે છે. એક વાર રાજા નિમંત્રણ આપે છે, કે હે તાપસ તમે અમારે ત્યાં પારણું કરવા પધારો, લાભ મળ્યો છે અને તાપસ કહે છે, કે જો આ કાર્તિક શેઠ ત્યાં પીરસવા આવે, તો હું તમારે ત્યાં પારણું કરવા આવું. રાજા કહે છે ભલે, શેઠને વાત કરે છે, તમે એમને ભોજન આપો, અને જે વખતે કાર્તિક શેઠ કહે છે, આપ કહો

છો માટે હું પીરસવા આવીશ. એ સમયે પોતે એમને પીરસી રહ્યા છે. અને તાપસ છે એ આવી રીતે ઈશારો કરે છે, કે મેં તમારું નાક કાપ્યું છે. આ રીતે પરાભવ એમનો કરે છે. શેઠ વિચારે છે, કે મેં પહેલા દીક્ષા લીધી હોત તો આ રીતનો મારો પરાભવ થાત નહીં, અને વૈરાગ્ય પામીને એક હજાર ને આઠ વેપારીઓની સાથે મુનીસુવ્રત સ્વામી ભગવાન પાસે દીક્ષા લે છે. દ્વાદશાંગીનો અભ્યાસ કરે છે, બાર વર્ષનો દીક્ષા પર્યાય પાળે છે. અને પોતે સૌધર્મેન્દ્ર થાય છે. અત્યારે જે સૌધર્મેન્દ્ર છે, પૂર્વ ભવમાં કોણ હોય છે. કાર્તિક શેઠ હોય છે. અને એ સમયે પોતે - સૌધર્મેન્દ્ર થયા, આ બાજુ જે તાપસ હતો, એણે પોતે આ રીતે અજ્ઞાન કષ્ટ કર્યું, પછી મરીને એ ઈન્દ્ર ના વાહન ઐરાવત હાથી તરીકે ઉત્પન્ન થાય છે. એ હાથી શું હોય, હકીકતમાં દેવલોકમાં કોઈ પશુ વગેરે ના હોય, હકીકતમાં એ દેવ જ હોય, પણ એ પોતે સેવક દેવ હોય, નોકર દેવ હોય, એટલે જ્યારે જ્યારે એમના સ્વામી આજ્ઞા કરે, ત્યારે એ લોકો પોતાના સ્વામી નું જે વાહન ગણાતું હોય, એવું રૂપ લે. હોય પોતે દેવ, પણ હાથી બનવું પડે, એની ઉપર પોતાના શેઠને બેસાડવા પડે.

એક વાત સમજી લેજો, આજે કદાચ આપણે પૈસા વાળા હોઈએ, સત્તા વાળા હોઈએ, કદાચ આમ ઐશ્વર હોઈએ, બળવાન હોઈએ, અને એનો એ આપણે લાભ ઉઠાવવા ગયા, એના જોરે એ આપણે કોઈને દબાવવા ગયા, કોઈનું આપણે અપમાન કર્યું છે, આજે આપણાંએ કોઈ વહુ હોય શકે, કોઈ દીકરો હોય શકે,

કોઈ નોકર હોય શકે. કોઈ નાનો માણસ હોય શકે. અને આપણે એને મે હલાવ્યો, આજે એ કદાચ હલાઈ જશે, થોડી વાર માટે આપણને EGO FEEL થશે. મોટાઈ FEEL થશે. પણ એનાથી જે કર્મ બંધાશે, એનાથી ઘણા - ભવો સુધી આપણે, નીચા અવતાર કરવા પડશે. આજે જેને હલાવ્યા છે, એના હાથે આપણને પણ હલાવું પડશે, તાપસ પાસે રાજા નો સહારો હતો, એ સહારા નો એણે દુરુપયોગ કર્યો. પોતે એ સહારા ને બળે શું કર્યું, તો એણા શેઠ ન હતા ઈચ્છતા, પરાણે કરાવ્યું.

જિનશાસનની એક બહુ સરસ મજાની સામાચારી છે, ઈચ્છાકાર સામાચારી ! કોઈના ઉપર પણ આદેશ કરવો, તમે આમ કરો, તમે ગમે તેટલા અમને વંદન કરો, પગે લાગો, સાહેબ આદેશ કરો, પણ અમારાથી તમને આદેશ કરાય નહિ. નિર્વધ્ય ભાષા સાધુ ની બતાડી. આમ - કરવા યોગ્ય છે, આમ કરવામાં લાભ છે. આવી ભગવાનની આજ્ઞા છે. આવી ભાષા માં - અમારે બોલાય, આદેશ ભાષામાં જો અમે બોલીએ આમ કરો, તેમ કરો, તો અમને પણ પ્રાયશ્ચિત આવે, દસ પ્રકારની સાધુ સામાચારી, ને એ સામાચારી ની અંદર એક સામાચારી બતાડી - ઈચ્છાકાર સામાચારી ! ઈચ્છાકાર સામાચારી હોય, એટલે એક સાધુએ બીજા સાધુને કઈ રીતે કહેવાનું, ગુરુ છે પોતાના શિષ્યને કહેશે તો પણ કઈ રીતે કહેશે, કોઈ પણ ક્રિયા કરીએને સૌ પ્રથમ ઈરિયાવહી આવે, અને ઈરિયાવહીનું સૌથી પહેલું વાક્ય આવે, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અદ્ભુત વાક્ય ને એમાં સાધનાના

એટલા બધા રહસ્યો, પ્રસન્નતા ના એટલા બધા રહસ્યો નાના વાક્યની અંદર પડેલા છે. એ આપની ઈચ્છા હોય, તો આપ આદેશ કરો !

સંસારના બધા જ ઝઘડાઓનું મુળ શું હોય છે, આગ્રહ હોય છે ! મારી ઈચ્છા, તમારી ઈચ્છા કશું જ નહિ, મારી ઈચ્છા છે માટે કરો, આ ઝઘડાનું મુળ છે, આ સમસ્યાનું મુળ છે, એ તમારી ઈચ્છા હોય, તો તમે આમ કરો, આ સમાધાન નું મુળ છે. આ સમાધિનું મુળ છે. આગ્રહ આવે છે ત્યાં ઝઘડો છે, આગ્રહ આવે છે ત્યાં દુર્ધ્યાન છે, આગ્રહ આવે છે ત્યાં રાગ દ્વેષ છે, ઈચ્છાકારી !

એક વાત તમને પુછુ કે એમને વંદન કરતા પહેલા તમારે ના પુછવું જોઈએ, સાહેબ વંદન કરીએ કે નહિ ?, કઈ રીતે પુછવું જોઈએ ? પરંપરાઓ તુટી રહી છે, આ પ્રશ્ન કરવાનો છે, શાસ્ત્રકારો એ વંદન ની અંદર જ આ પ્રશ્ન મુકી દીધેલો છે, ઈચ્છામિ ખમાસમણો વંદિઉં, આપણે બોલીએ ? ખમાસમણ ના પહેલા ત્રણ શબ્દ, ઈચ્છામિ ખમાસમણો વંદિઉં, હે ક્ષમા શ્રમણ મારી ઈચ્છા છે આપને વંદન કરું ? અહીંયા અટકવાનું છે, અહીંયા તમારો વારો આવે છે તમારે શું કહેવાનું ? ગુરુવચન મુક્યું છે શાસ્ત્રમાં છંદ, છંદ એટલે ઈચ્છા, છંદ એટલે અભિલાષા, કરો એમ પણ નહિ, તમે ક્યારે કહો જ છો, હું ઈચ્છું છું તમને વંદન કરવાને અને એ સમયે પણ કરો એવું નહિ બોલવાનું, "છંદેણ" એ તમારી ઈચ્છા હોય તો કરો. જિન-શાસન ને બરાબર અનુસરીએ ને તો બધા જ આગ્રહો ઓગળી જાય, કોઈ રાગ-દ્વેષ ઉભો

ન કહે,

छंदेण अणुजाणामि तहत्ति तुब्भं पि वट्टए एवं ।

अहमवि खामेमि तुमं वयणाइं वंदणारिहस्स ॥

તમારું એક વંદન પુરુ થાય એટલી વારમાં અમારે આટલા આટલા જવાબ આપવાના છે.

છંદેણ = ઇચ્છા હોય તો કરો. તમે કહો મે મિઉગ્ગહં નિસીહિ, આ ઉત્કૃષ્ટ વંદન એની અંદર ના પ્રતિવચન છે. જ્યારે વાંદણામાં - આગળ આવવાનું છે, ગુરુના અવગ્રહમાં આવ-વાનું છે,

અણુજાણહ, મે મિઉગ્ગહં ।

મને થોડા અવગ્રહ ની મે રજા આપો, તો હું નજીક આવું. આપણે તો ઘસી જઈએ ને સીધા સ્થાપી દઈએ. ગુરુ કહે,

અણુજાણામિ

અનુજ્ઞા આપું છું, પછી કહે,

સુહરાઈ, સુહદેવસિ, અથવા તો ઉત્કૃષ્ટ વંદન ની અપેક્ષા એ,

જત્તા- ભે

જવ-ણિજ્જં ચ ભે - અને ગુરુ કહે

તહત્તિ

શુભ રાત મારી વિતી છે, શુભ દિવસ મારો વીત્યો છે, સંયમ યાત્રા સુખે થી હું નિર્વહું છું. મહાત્મા ની અપેક્ષા એ પ્રતિવચન છે, તારી પણ સંયમ યાત્રા સારી રીતે નિર્વહે છે ? અને જ્યારે જાત્રણા આવે, મિચ્છામિ દુક્કડં - આવે, અબ્ભુટ્ઠિઓ પુરો થાય. અને એ સમયે ગુરુ કહે,

अहमवि खामेमि तुमं

તમે તો અમને ખમાવો છો, અમે પણ તમને

જમાવીએ છીએ. આમ એક એક અક્ષર ધર્મ શાસ્ત્રની વાંચીએ ને જિનશાસન પ્રત્યે નો-અહોભાવ વૃદ્ધિ પામ્યા કરે. દુનિયામાં ક્યાંય જોડ ના મળે, દુનિયામાં જેની ઝલક સુદ્ધા ના મળે, દુનિયા જેની કલ્પના સુદ્ધા ન કરી શકે, એવું અદ્ભુત આ જિનશાસન છે.

તાપસે સત્તાનો દુરુપયોગ કર્યો, રાજા દ્વારા સત્તા છે એ કાર્તિક શેઠ ઉપર લાદી દીધી, થોડી મિનિટો નું સુખ મળ્યું, કેટલું સુખ !! જમતા કેટલી વાર લાગે ! મેં તારા હાથે પીરસાવ્યું મેં તારા હાથે પીરસાવ્યું, એના ઉપર ચડી બેસવાનો ભાવ આવ્યો ને પરિણામે પોતાને અસંખ્ય વર્ષો-સુધી, એ વ્યક્તિ નું વાહન બનવું પડ્યું. ઐરાવત હાથી બનવું પડ્યું, ઐરાવત હાથી તરીકે જન્મ થયો, દેવમાંથી હાથી નું રૂપ લેવાનું, ઇન્દ્ર આજ્ઞા કરે જ્યારે જ્યારે, એ પોતે જુએ છે, કે આ તો પેલો કાર્તિક છે. આખું નગર આવતું હતું એ નહતો આવતો, હું આની રાહ જોતો હતો હજુ કાર્તિક નથી આવ્યો, હજુ કાર્તિક નથી આવ્યો, એક દિવસ.. બે દિવસ.. ત્રણ દિવસ.. ચાર દિવસ, પાંચ દિવસ... દસ દિવસ અરે પણ શું જરૂર છે એની, કેમ ન આવે ! ચાલે જ નહિ ને આ મારો ભાવ હતો, એ કાર્તિક જેનું મેં નાક કાપ્યું, જેની આગળ પીરસાવ્યું, એના માટે વાહન બનવાનું ! એને મારા બળે મારી પીઠ ઉપર બેસાડવાનો, એ કહે એમ મારે ચાલવાનું, નહીં મને આ નહીં ચાલે. અને ઇન્દ્ર આજ્ઞા કરે છે કે ભાઈ ઐરાવત બનીને આખો ભવ હવે હાથીની જરૂર છે. એ ભોગવા

લાગે છે. અને એ સમયે ઈન્દ્ર છે. એ પોતે જ્ઞાનથી જુએ છે. કે પૂર્વભવની અંદર આ કોણ છે. આ તાપસ હોય છે. અત્યારે એને મારા વશમાં આવવું નથી માટે એ ભાગે છે. તો પોતે [crossed out] શક્તિશાળી છે. એને પકડી ને એના મસ્તક ઉપર આરૂઢ થાય છે. શક્ર ને ડરાવવા માટે હાથી બે રૂપ કરે છે. શક્ર પણ બે રૂપ કરે છે. એ ચાર રૂપ કરે છે. ઈન્દ્ર પણ ચાર રૂપ કરે છે. અવધિજ્ઞાન થી એના સ્વરૂપ ને જાણે છે અને એની તર્જના કરે છે. અને એ સ્વાભાવિક રૂપે કરે છે.

ઈન્દ્ર ના પાંચસો સંખ્યાવાળા જે મંત્રી છે. એ પાંચસો મંત્રી એની આંખો પણ ઈન્દ્ર સંબંધી થાય. ઈન્દ્ર પણ હજાર આંખ-વાળા કહેવાય. દૈત્ય ને શિક્ષા આપે માટે પાક શાસન કહેવાય. દક્ષિણાર્ધ લોકાધિપતિ, જેની દક્ષિણ દિક્ષ્વર્તી એવો જે અર્ધલોક, એના અધિપતિ છે એ સૌધર્મેન્દ્ર છે. બત્રીસ લાખ વિમાન ના સ્વામી છે. ઐરાવણ હસ્તી વાહન વાળા છે. સુરેન્દ્ર ઉજ્જ્વળ એમના વસ્ત્રો છે. પોતાપોતાના ના સ્થાને પહેરેલા માળા ને મુકુટ છે. સુવર્ણમય, મનોહર, આશ્ચર્યકારી આસપાસ કંપતા એવા કુંડલ યુગલથી એમનો કપોલ ભાગ એ ઘસાઈ રહ્યો છે. મહર્ધિક છે, મહા તેજસ્વી છે, મહાબળી છે, મહાયશ વાળા છે. મહાનુભાવ છે. મહાસુખી દેદીપ્યમાન શરીર, એમના પગ સુધી લંબાતી એવી પાંચ વર્ણના પુષ્પની માળા છે. સૌધર્મ કલ્પ માં સૌધર્મવતંસક વિમાનની અંદર સુધર્મા

સભામાં, શક્ર ના સિંહાસનની ઉપર પોતે બેઠેલા છે. બત્રીસ લાખ વિમાન, ૮૪ હજાર સામાનિક દેવો, 33 ત્રાયસ્ત્રીંશક દેવો, ૪ લોકપાલ, ૮ સપરિવાર પદ્મા, શિવા, શચી, અંજુ, અમલા, અપ્સરા, નવમિકા ને રોહિણી, આ આઠ જેની અગ્રણી પટરાણીઓ છે, ત્રણ પર્ષદા, ગાંધર્વ, નાટક, અશ્વ, ગજ, સુભટ, વૃષભ આ સાત સૈન્ય એના અધિપતિઓ છે. ત્રણ લાખ અને છત્રીસ હજાર, અને બીજા પણ ઘણા બધા સૌધર્મ કલ્પોતિ વૈમાનિક દેવો અને દેવીઓ, એમનું આધિપત્ય, સ્વામીત્વ, ગુરૂપણું અને આજ્ઞા પ્રાધાન્ય, એ બીજા વડે પણ કરાવે છે. પોતે પણ પાળે છે.

વીણા, કાલિકા, મેઘધ્વનિ, મૃદંગ, પટહ આદિ વાજિંત્રો, મધુર મારવ જેવા અવિચ્છિન્ન નૃત્ય ગીતો, આ બધા દ્વારા દિવ્ય ભોગોને પોતે ભોગવતા રહે છે, અને પોતાના વીસ્તીર્ણ અવધિજ્ઞાનથી, સકલ જંબુદ્વીપને પોતે જોઈ રહ્યા છે, અને ત્યાં જંબુદ્વીપમાં દક્ષીણભરતમાં બ્રાહ્મણકુંડ ગ્રામમાં, ઋષભદત્ત બ્રાહ્મણ એમની પત્ની દેવાનંદા બ્રાહ્મણી, એમની કુક્ષીમાં ગર્ભ પણે ઉત્પન્ન, એવા ભગવાન શ્રી મહાવીરને જોઈને, હષ્ટ-તુષ્ટ જેવા ચિત્ત વાળા થાય છે, આનંદ પામે છે. હર્ષ- ઘન થી સમૃધ્ધિ પામે છે. અતિ સમૃધ્ધ ભાવ પોતે મનથી પામેલા છે, ચિત્તમાં પ્રિતી થઈ છે, ચિત્તમાં સંતુષ્ટિ છે, હર્ષથી ઉલ્લસિત હૃદય છે, મેઘધારાથી કદંબ પુષ્પમાં જાણે સિંચન થયું હોય, એ રીતે પોતે રોમાંચિત છે, અને પ્રમોદ થી એમના મુખ અને નેત્ર એ બંને વીકસ્વર કમળ જેવા થઈ જાય છે, ભગવાનના દર્શનથી આનંદ થાય છે. કટક, બાહુરક્ષક, બાજુબંધ, કુંડળ વગેરે કંપિત થઈ જાય

છે. હારથી ઘધ્ય શોભી રહ્યું છે. પ્રમોદનો પાર નથી. સિંહાસન પરથી પોતે ઉભો થઈ જાય છે, નીચે પોતે ઉતરે છે. પાદપીઠ થી પણ આગળ વધે છે. નીલવર્ણ મરકત રત્ન, શ્યામ-વર્ણ રીષ્ટ રત્ન, કુશલ રત્ન શીલ્પી અણે નિર્મિત હોય, દીપ્યમાન કાંતિ છે, મણિઓનું તેજ છે, એવી પાદુકા પણ પોતે પગ થી ઉતારે છે. ઉતારીને એક પટ ઉત્તરાસન કરે છે, કરીને મસ્તક પર અંજલી કરે છે. તીર્થંકર ની સન્મુખ, સાત-આઠ ડગલા પોતે જાય છે. ડાબો જે ઢીંચણ એને જમીન ઉપર અધ્ધર રાખે છે. જમણા ઢીંચણને જમીન ઉપર રાખે છે. ત્રણ વાર મસ્તક ને - ધરતી ઉપર લગાડે છે, અને પોતે થોડા ઉંચા થાય છે. અને ઉંચા થઈ ને, કંકણ, બાજુ રક્ષક થી સ્તંભીત એવી ભુજાઓ, એ ભુજાઓને વાળે છે, મસ્તક માં પ્રદક્ષીણ ભ્રમણ અંજલિ કરીને શક્રસ્તવ થી આ રીતે ભગવાનની સ્તુતિ કરે છે. હે અરિહંત ભગવાન, આપને નમસ્કાર થાઓ! અરિહંત કોને કહેવાય ? એની જુદી જુદી રીતે વ્યાખ્યા કરે છે, ત્રણ ભુવનની પૂજના જે યોગ્ય છે, રાગ-દ્વેષ રૂપ કર્મ વૈરી એને હણનારા છે, કર્મરૂપ બીજ જેમને નથી, એટલે સંસાર ક્ષેત્ર માં જેમણે ફરીથી રોપાનું નથી, એટલે તે ઉગવાનું નથી. માટે એમને અર્હંત કહેવાય. જે જ્ઞાનાદિ થી યુક્ત છે માટે ભગવંત કહેવાય. પોતાપોતાના તીર્થ ને હિસાબે ધર્મના આદિ કરનારા છે, શરૂઆત કરનારા છે, માટે આદિકર કહેવાય. ચર્તુવિધ સંઘ, એ તીર્થ છે એનું સ્થાપન કરનારા હોવાથી, તીર્થંકર કહેવાય. પરઉપદેશ વગર સમ્યક્ત્વ તત્ત્વ હોવાથી સ્વયંસંબુદ્ધ -

કહેવાય. અનંત ગુણના નિધાન છે, માટે પુરૂષોત્તમ
કહેવાય. કર્મ વૈરી માં શુર છે. આપણે જે
નમુત્થુણં બોલીએ છીએ ને, એ નમુત્થુણં દ્વારા
શક્ર જેમની સ્તુતિ કરે. આ શાશ્વત સુત્ર છે,
જ્યારે જ્યારે જે જે તીર્થંકરના ચ્યવન કલ્યાણક
વગેરે થાય, ત્યારે ઇન્દ્રો આ સુત્ર દ્વારા ભગવાન-
ની સ્તુતિ કરે. જેમાં ભગવાનના જે વિશેષણો
છે, નમુત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઇગરાણં,
તિત્થયરાણં, એ એક એક પદ છે એની અમે
વ્યાખ્યા કરે છે. ભગવાન પુરૂષોત્તમ શા માટે?
અનંત ગુણ નિધાન છે માટે. ભગવાન પુરૂષસિંહ
શા માટે? કર્મ વૈરી માં શુર છે માટે. પુરૂષો
માં ભગવાન વર પુંડરીક સમાન, એટલે શ્વેત કમળ
સમાન છે. જેમ એ કમળ છે એ કાદવમાં જન્મ
પામે છે, પાણીથી પછી વૃદ્ધિ પામે છે, પણ
પાણી અને કાદવ એ બંને ને છોડી ને, જેમ-
ઉપર રહે છે, એમ ભગવાન પણ કર્મ રૂપી કાદવ
એમાં ઉત્પન્ન થાય છે, ભોગ જળથી પછી મોટા
થાય છે. કર્મ અને ભોગ, એ બંનેને છોડીને
ભગવાન એનાથી નિર્લેપ રહે છે. પુરૂષમાં શ્રેષ્ઠ
ગંધ હસ્તિ સમાન છે, જેમ ગંધ હસ્તિ એટલે
શ્રેષ્ઠ જાતની હાથી, જેની જે સુગંધ હોય, એનાથી
બીજા દુષ્ટ હાથીઓ છે એ ભાગી જાય, એમ
ભગવાનના પ્રભાવથી, વિકાર વગેરે પણ નાશ પામે છે.
ચોત્રીસ અતિશય થી યુક્ત છે. ભવ્યો માં ઉત્તમ છે.
ભવ્ય જીવોના યોગક્ષેમ કરનારા હોવાથી, લોકના નાથ
છે. અપ્રાપ્ત એવા સમ્યક્ જ્ઞાનાદિ ને પ્રાપ્ત કરાવવા
એને યોગ કહેવાય, પ્રાપ્ત એવા જે સમ્યક્-
જ્ઞાનાદિ, એનું રક્ષણ એને ક્ષેમ કહેવાય. સમસ્ત
જીવ, એના હિત પ્રરૂપક હોવાથી, ભગવાન લોકના

હિતકારી છે. મિથ્યાત્વ અંધકારનો નાશ કરનારા હોવાથી લોકમાં પ્રદીપતુલ્ય એવા ભગવાન છે. સુર્યની જેમ સર્વ ભાવનું પ્રકાશન કરનારા હોવાથી, ભગવાન લોકમાં પ્રદ્યોત કરનારા છે. સાત ભયથી ભગવાન રક્ષા કરે છે. માટે અભયદાયક છે. સાત ભય કયા એ કહે છે. મનુષ્ય નું મનુષ્ય થી ભય એ ઈલોક ભય છે. મનુષ્ય નો દેવ વગેરે થી ભય છે એ પરલોક ભય છે. ધનાદિ ગ્રહણ થી ભય છે જે આદાન ભય. બાહ્ય નિરપેક્ષ નિમિત્ત થી જે થાય એ અકસ્માત ભય, આજીવિકા નો ભય, મરણ નો ભય, અને અપયશનો ભય, આ બધા ભયથી ભગવાન રક્ષા કરે છે. ચક્ષુ સમાન શ્રુત જ્ઞાનના દાયક છે. સમ્યક્દર્શન, જ્ઞાનાદિ માર્ગ ના દાયક છે. સંસાર ભયથી ત્રસ્ત જીવો, એમના રક્ષક હોવાથી ભગવાન શરણ દાયક છે. સમ્યક્ત્વ દાયક છે. જન્મમૃત્યુ રૂપ મોક્ષ ના દાયક છે. શ્રુત ચારિત્ર રૂપ ધર્મના દર્શક છે. ધર્મના ઉપદેશક છે. ધર્મ ના નાયક છે. સ્વયં ધર્મનું પાલન કરે છે, બીજા ને ધર્મનો ઉપદેશ પણ આપે છે. માત્ર નાટકીયા ની જેમ ઉપદેશ જ આપે પાલન ન કરે, એવું ભગવાનમાં નથી. અને ભગવાન ધર્મના સારથી સમાન છે. જેમ ઉન્માર્ગમાં રથ જતો હોય, તો સારથી એને સન્માર્ગમાં સ્થાપીત કરે, બરાબર એ જ રીતે, ભગવાન [redacted] પણ ધર્મ માર્ગથી ભ્રષ્ટ એવા જીવને ધર્મ માર્ગમાં સ્થાપન કરે છે. અહીંયા દ્રષ્ટાંત આપે છે.

એકવાર ભગવાન મહાવીર રાજગૃહી નગરીમાં સમવસરે છે, શ્રેણિક રાજા ને ધારીણી દેવી, એના દીકરા છે, મેઘકુમાર. દેશના સાંભળવા આવે છે. ભગવાનની દેશના સાંભળી ને પોતે પ્રતિબોધ પામે, એક બાજુ વૈરાગ્ય થયો છે, ઘરે જાય છે.

માતા ને વાત કરે છે કે માતા, આજે શ્રમણ ભગવાન મહાવીર ની મેં વાણી સાંભળી અને વાણી સાંભળવાની મને બહુ જ રૂચિ છે. માતા કહે છે બહુ જ સુંદર બેટા તું ભાગ્યશાળી છે, કે સાંભળવાની તને રૂચિ છે. મેઘકુમાર પોતાની વાત આગળ વધારે છે કે, માતા એ વાણી સાંભળી ને મને એવો ભાવ થયો છે, કે હું ભગવાનની પાસે દીક્ષા લઉં ને આ શબ્દ-સાંભળતા ની સાથે, ધારીણી માતા ત્યાં પોતે ઢળી પડે છે, ને બેભાન થઈ જાય છે.

પૂર્વકાળમાં સ્નેહ ન હતા એવું નથી, એ લોકો ને દીક્ષાની બહુ અનુકૂળતા હતી એવું એ નહતું. માતાનો મોહ હતો એવું એ નહતું. કદાચ-આજના કાળમાં જે મોહ નથી એ એ કાળમાં હતો. અને એ મોહથી વશીભુત એની માતા હોય, દીકરા તો હવે વાત કરે, જ્ઞાતા ધર્મ કથા આગમ, અંતઃકૃત દશા આગમ, અનુત્તરોપાતિક દશા આગમ, જે જે મહાપુરૂષો એ દીક્ષા લીધી ને કઈ રીતે દીક્ષા લીધી છે મેઘકુમાર હતા ને પોતે આઠ- આઠ પત્ની ના સ્વામી છે, હોમ- હોમ સાહિબી છે. માતા ને કહે છે કે માતા મેં ભગવાનની વાણી સાંભળી ને દીક્ષા લેવી છે ને માતા બેભાન થઈ ને ઢળી પડી છે. દાસીઓ દોડી આવે છે, સિંચન કરે છે, પવન નાખે છે, મોડ-મોડ માતા ભાનમાં આવે છે, અને દીકરો એ જ રીતે હાથ જોડી ને સામે છે, મોહ અંદર થી ઉછળે છે. માતા ! અહીંયા જે શબ્દો મુકયા છે,

છિણ્ણમુત્તાવલિપ્પગાસે અંસૂણિ મુયમાણી।

આમ જાણે મોતી ની માળા હોય, એ માળાને આગ પકડી છે, અહીંયા થી દોરો એનો કાપી નાખ્યો ને, દટ દટ એક પછી એક મોતી જેમ પડવા લાગે, એવી રીતે આંખમાંથી દડ- દડ દડ- દડ મોતી જેવા આંસુ

ઓ પડી રહ્યા છે. અને મા કહે છે કે દીકરાનું
મારો એક જ દીકરો, તુ મને બહુ જ વ્હાલો છે.
હું તારો એક દિવસ માટે પણ વિયોગ સહન
કરી શકું એમ નથી, અને માટે તારે દીક્ષા
લેવાની નથી. અને સામે મેઘકુમાર કહે છે કે મા,
વિયોગ ના થાય ને એના માટે તું દીક્ષા ની ના
પાડે, પણ આ સંસારમાં શેનો વિયોગ નથી !

संयोगा विप्रयोगान्ता: पतनान्ता ह्वोच्छ्रया: ।

કંઈક ઉછાળ્યું છે તો જેમ એ પડવાનું જ છે,
એમ જેનો સંયોગ થયો એનો વિયોગ થવાનો જ છે
સંસાર છોડવો આપણને બહુ અઘરો લાગે, બહુ
દુશ્કર લાગે, આપણને થાય આ બધું તો કઈ રીતે
છુટી શકે, હું તમને પુછુ છું આ બધું છુટવાનું
નથી ? ભર્તૃહરિ એ બહુ મજાની વાત કરી છે,

व्रजन्तो स्वातन्त्र्याद्तुलपरितापाय मनस: स्वयं त्यक्तास्त्वेते शमसुखमनन्तं विद्धति,

એ પોતાની મેળે જ્યારે છુટશે ત્યારે તમારા દુઃધ્યાન
નો કોઈ પાર નહિ રહે હૈયા હોળીનો પાર નહી
રહે. ત્યારે દુઃખ નો કોઈ પાર નહી રહે ને તમે
જો સત્ય દાખવી ને તમે જ એને છોડશો, તો
એ જ ત્યાગ તમારા સુખનું કારણ બનશે, એ
છુટે કે ના છુટે એ ખરો પ્રશ્ન નથી, છુટવાનું
નક્કી છે. કઈ રીતે છુટે છે તે ખરો પ્રશ્ન છે.
દીકરો કાયમ માટે તમારી સાથે રહેવાનો ?
વધુ માં વધુ આ ભવ સુધી રહેવાનો, આ ભવ સુધી
પણ રહે તો આશ્ચર્ય કહેવાય, આ જે કાળ છે ને
એમી અંદર કદાચ દીકરો એક ભવ પણ રહે, યા
એ ઉપડી જવાનો યા આપણે ઉપડી જવાના,
જેનું પહેલા આયુષ્ય પુરું થશે, વિયોગ થશે,
સંબંધ પુરો થશે ને આ જ બધી મોહમાયામાં
અટવાઈ ને આત્મા નું હિત આપણે ભુલતા હોઈએ

છીએ. ધારિણી માતા કહે છે,

तुमं मम एगे पुत्ते कंते

તું એક નો એક મારો દીકરો, તું મને બહુ જ વહાલો છે. તુ મને બહુ જ પ્રિય છે. હું તારા વગર બિલકુલ રહી શકું એમ નથી. અને મેઘકુમાર કહે છે કે માતા, આખી દુનિયા આપણા દીકરા ને દીકરી છે. આખી દુનિયા આપણા માતા અને પિતા છે. અનાદિકાળના ભવભ્રમણ ની અંદર તમે ક્યારેક મારા માતા બન્યા, હું દીકરો બન્યો. ક્યારેક હું માતા બની, તમે દીકરા બન્યા. ક્યારેક કોઈ બીજો જીવ માતા બન્યો, કોઈ ત્રીજો જીવ માતા બન્યો. ક્યારેક ચોથો જીવ માતા બન્યો. કાળ પણ અનાદિ, જીવ પણ અનાદિ, કર્મ સંયોગ પણ અનાદિ, એ ઘટના ઓ પણ અનાદિ છે, આ પરિવાર એવો કોઈ માતા બને કોઈ દીકરો બને, આ કોઈ અભુતપૂર્વ-ઘટના નથી, આ અનાદિકાળમાં બનતી આવતી એવી ઘટના છે, અનંતવાર દરેક જીવ આપણા દીકરા બની ગયા, અનંતવાર દરેક જીવ આપણી માતા બની ગઈ.

વૈરાગ્ય શતક કહે છે,

मायपियबंधूहिं संसारत्थेहिं पूरिओ लोओ।

આખી દુનિયામાં જેટલા જીવો દેખાય છે, સમજુ લો - તમારા મા છે, તમારા બાપ છે, તમારા દીકરા છે, તમારી પત્ની છે, તમારા ભાઈ છે, તમાર બેન છે, જે કોઈ પણ જીવો દેખાય છે, એ ચાહે એકેન્દ્રિય ના હોય, ચાહે વિકલેન્દ્રિય ના કીડા - મકોડાના હોય, ચાહે પશુ - પંખી હોય, ચાહે કોઈ માણસ હોય, જો મા-બાપ ઉપર પ્રેમ છે તો વહેલા માં વહેલી દીક્ષા લઈ લેવી જોઈએ. જો દીક્ષા નહીં લે, સંસાર માં જેટલું રહેશો, જેટલા દિવસ રહેશો, જેટલા જીવો ની વિરાધના કરશો, જેટલા જીવોનો કચ્ચરઘાણ વાળશો,

એ બધા જીવો કોણ છે ! માતા, પિતા, પત્ની, પુત્ર વગેરે છે. સંસારનો એ પર્દાફાશ થઈ જાય તો આપણો આખો ભૂતકાળ આપણી સામે છતો થઈ જાય. એક પળ પણ સંસારમાં રહેવું આપણા માટે શક્ય ના બને, અંધારામાં છીએ, અજ્ઞાનમાં છીએ. એક ભવ માત્ર દેખાય છે, આ ભવ એ જ સાચું છે. આ ભવ એ જ વાસ્તવિકતા છે, આવું લાગે છે, અને એના કારણે આપણે સંસારમાં બેઠા છીએ.

મેઘકુમાર માતાને કહે છે કે મા, આ બત્રીસ પકવાન વાળું જે ભોજન હોય છે, મને એ ભોજનની અંદર મારા મા-બાપોના મડદા દેખાય છે. એક રોટલીનો ટુકડો છે આપણે તોડ્યો છે, શાક અંદર લીધું છે, દાળમાં બોળ્યો છે, મોઢામાં મૂક્યો છે, આપણને ખબર નથી આપણા અસંખ્ય માતા- અને પિતાના કલેવરો, એ અંદર એ ભોજનમાં રહેલા છે. એ જે જીવો હતા, એ જે ઘઉં હતા, એ ઘઉં છે વનસ્પતિમાં હતું, વનસ્પતિમાંથી ઘઉં આવ્યા. એ ઘઉંના પ્રત્યેક વનસ્પતિ કાયના જીવો એ પણ આપણા મા-બાપ અને દીકરા-દીકરી છે. એ શાક હતું જે સુધારાઈ ગયું એ આપણા સ્વજનો હતા, એ દાળ હતી જે બફાઈ ગઈ, એ આપણા સ્વજનો હતા. એ ભાત હતા ને, ચોખાનું એક ખેતર જોયું હોય ને જે વિરાધના થાય, અંદર તળાવ ભરેલું હોય, ક્યારેક નિગોદના જીવો થાય, ક્યારેક માછલીઓ થાય, ભયાનક વિરાધના ને આખું ખેતર સાફ થઈ જાય, ફસલ લઈ લેવામાં આવે ને એ ડાંગર ને છાંડવામાં આવે, એ જીવોની યાતના અને જીવોની પીડાનો વિચાર કરીએ, આ બધી પીડા કોની છે, આપણા સ્વજનોની પીડા છે. જે એમ કહે છે કે

દીક્ષા લેનાર એ મા-બાપ ની સેવા કરવી જોઈએ,- દીક્ષા લેવા કરતા મા-બાપની સેવા કરવી એ વધારે ઉંચો ધર્મ છે. એ લોકો કશું સમજ્યા જ નથી, કે મા-બાપ કોણ છે ?

રેઆ ભવમાં જે દીક્ષા લેવાના નથી, એ આવતા ભવમાં. આ ભવમાં જે મા-બાપ ની સેવાની વાત કરીને દીક્ષા લીધી નહિ, એક મા-બાપની કતલ પોતાના જ હાથે, આવતા અનેક ભવો સુધી થાય એવી સંભાવનાને ઉભી કરી રહ્યા છે.

વૈરાગ્ય શતક કહે છે.

बहुजोणीहिं णिवासिहिं ण य ते ताणं च सरणं च ।

મેઘકુમાર માતાને કહે છે કે, માતા તારા મોહને આધીન થઈ ને સંસારમાં રહી તો જાઉં, મા મને એટલું વચન આપ. રાજકુમાર છું. રાજા બનવાનો. રાજેશ્વરી એ નરકેશ્વરી. રાજપાટનું સંચાલન કરીને હું નરકે જવાનો, મા તું મને ત્યાં બચાવવા આવીશ. મા પરમાધામી મારી ચટણી કરતો હશે, મને કાપતો હશે, મને બાફતો હશે, મારી કચ્ચરઘાણ વાળતો હશે, શરીર ના તલ-તલ જેટલા ટુકડા કરી, મારું જ માંસ કાઢીને મને જમાડતો હશે, મા હું ચીસાચીસ કરતો હોઈશ, મા ત્યારે તું મને બચાવવા આવીશ ખરી ?

" કોઈ કિસીકે કામ ન આયે "

દીકરા પાછળ તમે લાખો ના ખર્ચા કર્યા, કરોડો ના ખર્ચા કર્યા, ઘર લઈ આપ્યું, બંગલો લઈ આપ્યો, લગ્ન કરી આપ્યા, ધંધે લગાડી દીધો, બધી જ રીતે દીકરા પાછળ તમે નીચોવાઈ ગયા, સમજી લો તમારા આત્માને તમારો દીકરો બિલકુલ કામમાં આવવાનો નથી. સંસારના જે જે સંબંધ ને સાચવવા માટે આપણે ધર્મ ને ગૌણ કરીએ છીએ, આત્માને ગૌણ કરીએ છીએ, આત્મ-

હિત, છે જે એક બાજુ દેખાઈ રહ્યું છે ને આજ
મોંઘામૂલા આપણે કરીએ છીએ, એમાંથી એક પણ
સંબંધ આપણા આત્મા ને કામ આવવાનો નથી.
સંસારના વ્યવહારો માં જેટલા આપણે ઘસાઈએ
છીએ, ઘર માટે જેટલા નીચોવાઈએ છીએ, એનો
એક ટકો પણ આપણે ધર્મ માટે કરીએ ને, તો
ક્યારનો આપણા આત્માનો નિસ્તાર થઈ ગયો હોત.
છતાં ય હજુ સંસાર મારો લાગે, હજુ સંસાર
વહાલો લાગે, હજુ દીકરો મારો લાગે, હજુ ધર્મ મારો
લાગતો નથી, હજુ આત્મા મારો લાગતો નથી.
હજુ જિનશાસન આપણું લાગતું નથી, ને માટે
આપણું ઠેકાણું પડતું નથી.

ભોગ આપવો તો એની પાછળ -
આપવો જેનાથી આપણા આત્માનું કલ્યાણ થાય.
દીકરાની પાછળ ભોગ આપ્યો હશે, પરિવારની
પાછળ ભોગ આપ્યો હશે, સંસાર માટે ભોગ
આપ્યો હશે, જરા પ્રેમથી તમને પુછુ તમારા કોઈક
સગા મુંબઈ રહે છે, લગ્ન છે, તમારી પાસે
સમય નથી, કદાચ શારિરીક અનુકૂળતા નથી,
ધંધાની પણ પ્રતિકુળતા છે, બે દિવસ કાઢીને
મુંબઈ તમે જાવ, એ વ્યવહાર સાચવી લો, એ
સગપણ સાચવી લો. વ્યવહારનો કોઈ નિષેધ
નથી, બધા વ્યવહારો ખોટા એવી પણ વાત નથી.
મારે તાત્વિક દ્રષ્ટિ ની વાત તમને કરવી છે.
કાલે ઉઠી ને તમને તકલીફ આવી ત્યારે એ
જ સંબંધ કામ આવશે એની ખાત્રી ખરી ?
બધી રીતે ઘસાઈ ને જે સંબંધોને આપણે
સાચવતા હોઈએ છીએ, એમાંથી ક્યો સંબંધ
ખરા અર્થમાં આપણને સાચવે છે, એ લાખ
રૂપિયાનો પ્રશ્ન છે!

મેઘકુમાર કહે છે કે માતા જન્મવા આવું ને પાળીની -
અંદર માતા-પિતા દેખાય છે. મેઘકુમાર કહે છે કે
માતા આપણો રાજ મહેલ રોજ ફુલોથી સજાવાય ને,
મારા માતા-પિતા એમાં દેખાય ! મેઘકુમાર કહે છે કે
માતા આપણે તો રોજ દિવાળી હોય છે, રોજ દીવડા-
ઓ આપણા રાજમહેલને શણગારે ને એક - એક
દીવાની અંદર, મને મારા માતા-પિતા દેખાય !
"મા" એ તું કહેતી હોય કે મા ની શાતાનો વિચાર
કરવો જોઈએ, મા એ તું કહેતી હોય કે "મા" ની
ની સમાધિ સાચવવી જોઈએ, તો તુ જ કહે કે
"મા" ની સમાધિ ને સાચવવા માટે મારે સંસારમાં રહેવું
જોઈએ, કે પછી મારે દીક્ષા લઈ લેવી જોઈએ !
ધારિણી માતા મેઘકુમાર ને કહે છે કે આટઆટલાં
જન્મના ભરેલા છે, આટલી સંપત્તિ છે, આખી જીંદગી
તું લુંટાવે, તો ય ખુટે એમ નથી, અહીંયા જલસા
કરને તારે દીક્ષા શા માટે લેવી છે ?

મેઘકુમાર કહે છે કે મા આપણે
સમજીએ છીએ કે જન્મનો આપણો જ છે, હકીકતમાં
આ ચોર નો પણ છે. હકીકતમાં અગ્નિ નો પણ છે.
હકિકતમાં બીજ રાજકુમારી હોય ને, જેમને ભાગીદારી
કહેવાય, એમની પણ છે.

અગ્નિસાહિત મચ્છુસાહિત દાઇયસાહિત

આપણે ભ્રમણામાં છીએ કે આપણું જ છે. આમા-
કોઈ પણ વ્યક્તિ આમાંથી ક્યારે પણ લઈ જશે.
એ દિવસે રડવાનું બાકી રહેશે. મા તને ખબર હશે
ગયા વર્ષે માથુ બધુ જ દુખતું હતું, ફાટી જતું હતું,
એમ લાગતું હતું હમણાં માથાના ભુક્કા બોલાઈ જશે.
ભપકારા મારતા હતા, સણકા મારતા હતા, મા તું
રડતી હતી, વૈદો અને હકીમો ની લાઇન લાગી હતી,
પિતાજી એ જાહેર કર્યું હતું, જોઈએ એટલા રૂપિયા લઈ

લો, મારા દીકરા ને સારું કરી દો. મા એક વૈદ પણ મારા માથા ના દુ:ખાવા ને મટાડી ન શક્યો હતો, અરે દુ:ખાવા ને મટાડવાની વાત ગઈ, ઓછો ય નહતો કરી શક્યો. મા આ રૂપિયાનું કરવાનું શું છે

ધારિણી દેવી કહે છે કે બેટા બીજી બધી વાત જવા દે, આઠ- આઠ રાજકુમારીઓ ને તને પરણાવી છે.

પુત્રને પરણાવી આઠ કુમારિકા, સુંદર અતિ સુકુમાલ,
મલપતિ ચાલે જુમ વન હાથણિ, નયન વયન સુવિશાળ,

બેટા દુનિયા જેના માટે મરે છે, એ ભોગો તારા ચરણો માં આવેલા છે. બેટા અત્યારે ભોગવી લે ભોગો, પછી જ્યારે મોટો થઈને ઘરડો થાય ત્યારે જે કરવું હોય તે કરજે. ત્યારે મેઘકુમાર કહે છે કે મા કોણ જાણે છે... કોણ પહેલા જશે..

કે પુવ્વિં ગમણાએ કે પચ્છા ગમણાએ।

મૃત્યુ આજે આવી શકે છે તો આરાધના પણ આજે જ કરી લેવી જોઈએ. આરાધના ને પાછળ ઠેલવી એ બહુ મોટું જોખમ લેવા જેવું છે. મા એક એક ક્ષણ મારી લાખેણી જાય છે, વિલંબ કરવો એ મને બિલકુલ પાલવે એમ નથી, આ બધા જ ભોગો મને સાપની ફેણ જેવા લાગે છે. મા મને આ બધા જ ભોગો માં નરકના દર્શન થાય છે. મા તુ પત્ની ની વાત કરે, અંદર માત્ર ને માત્ર અશુચિ ભરેલી છે, એ રાજકુમારી હોય, ભલે રૂપાળી હોય, ભલે એ યુવતી હોય, અંદર ગંદકી સિવાય બીજું કશું જ નથી. ખેર મા જે પશુ કરે, એ કરવા માટે નો આ ભવ નથી, ભગવાનની વાણીથી મેં જાણ્યું, આ ભવ ચારિત્રની સાધના કરવા માટે છે.

સોમવાર

DATE 21 08 2017

એક કુતરો એ કુતરી ની પાછળ દોડે, ગધેડો એ ગધેડી ની પાછળ દોડે, એ ભુંડ ભુંડણ ની પાછળ દોડે ને, મારે આ ભવમાં આજ કરવાનું, એરે મા આનુ શું બોલે છે! મા તને તો એમ થઈ જવું જોઈએ કે મારો દીકરો છે એ આ પશુક્રિયા કરવા માટે નથી જન્મ્યો. એ પશુઓના ભવોમાં જ દુર્લભ હતું, એ દુર્લભ વસ્તુ કરવા માટે જન્મ્યો છે. મા તને તો એવી ખુમારી હોવી જોઈએ, મા તારે તો મને પ્રેરણા કરવી જોઈએ, બેટા તારે સંસારમાં નથી પડવાનું, ચારિત્ર ની સાધના કરવાની છે. મારા ખોળે આવેલો જીવ, મારી કુક્ષિ થી જન્મેલો જીવ, એ જો દુર્ગતિમાં જાય તો તો મારી કુક્ષિ લાજે. મારી કુક્ષિ એ આવેલો જીવ, એ ભોગોની ગટરમાં જો જીવન વેડફી નાખે, તો એ તો મારું કલંક કહેવાય. બેટા તારે સંસારમાં નથી પડવાનું. ચારિત્ર ની સાધના કરી ને તારે તો મોક્ષે જવાનું છે. સાચી મા કોને કહેવાય એની વાત મારે તમને કરવી છે.

એક દુન્યવી મા હોય છે એને ઈચ્છા છે દીકરો જલ્દી GYM માં જાય, શરીર એનું બહુ મજબુત થાય, જિનશાસન ની મા હોય છે એની એક ઝંખના હોય છે, મારા દીકરાનો આત્મા મજબુત થાય. એક દુન્યવી મા હોય છે જે ઈચ્છે છે કે મારો દીકરો SWIMMING POOL માં જઈને તરતા શીખી જાય, તો શાર્ક ની જેમ થઈ જાય. જિનશાસન ની મા જેવી હોય, દીકરો ભવસાગરને તરતા શીખી જાય, હરજપટુ થઈ જાય. એક દુન્યવી મા હોય છે, દીકરો S.S.C. માં 12th માં સારા PERCENTAGE લાવ્યો, કોઈ DEGREE એને મળી ગઈ, CA, MBBS, CS દીકરો થઈ ગયો,

જે શત્રુ થાય. એક જિનશાસનની મા હોય છે,
એની આંખમાં એક સપનું છે, મારો દીકરો -
પીસ્તાલીસ આગમ ક્યારે ભણે ! એક દુનિયાની
મા હોય છે, મારો દીકરો ICE- SKETING
શીખી જાય, બરફ ઉપર લસરતા શીખી જાય,
અને આનંદ થાય, અને એક જિનશાસનની માં
હોય છે, એક મનોરથ હૃદયમાં છે, મારો દીકરો
સંસારમાં ક્યાંય લપસી ના જાય, આત્મહિત થી
ક્યાંય ભ્રષ્ટ ન થઈ જાય, મારો દીકરો આત્મહિત
ના માર્ગે આગળ ને આગળ વધતો જ રહે.

આજ તમે રસોઈ બનાવી દીધી ને દીકરાનું પેટ ભરી દીધું, આટલાથી એ માતૃત્વની જવાબદારી પૂરી નથી થતી. પેટ તો ચકલીઓ પણ ભરે છે ને કાગડાઓ પણ ભરે છે, કુતરા- અને કુતરી પણ પોતાના સંતાનનું ભરણ- પોષણ કરે છે. જિનશાસન મળ્યા પછી પણ આપણે એ આ જ કરશું, તો આપણા માતૃત્વ અને પિતૃત્વ નો અર્થ નહિ રહે, અને જિનશાસનનો પણ આપણા માટે કોઈ જ અર્થ નહિ રહે.

જિનશાસન પામેલી દરેક વ્યક્તિ ના અંતરમાં એક જ ભાવના હોય,

સસ્નેહી પ્યારા રે, સંયમ કબહિ મીલે !

મેઘકુમાર છે, દરેક વાત નો જવાબ આપે છે, પણ હજુ મોહ ઉતર્યો નથી. વૈરાગ્ય જોવે છે દીકરાનો ને હવે આ રહે એમ નથી, ભલે બેટા તારી ઇચ્છા છે તો ભલે જા, સિંહ ની જેમ નીકળજે, સિંહ ની જેમ પાળજે, માતા- પિતા ના આશિર્વાદ મળે છે. જબરજસ્ત મહોત્સવ થાય છે અને મહોત્સવ સાથે દીક્ષા લે છે. દીક્ષા લીધી છે,

પહેલો દિવસ છે, ભગવાને સ્થવિર ભગવંતો ને સોંપ્યા છે. નવા મહાત્મા છે. મેઘકુમાર મુનિ ! દિનચર્યા- પુરી થાય છે, પ્રતિક્રમણ થાય છે. સ્વાધ્યાય થાય છે. સંથારાની વ્યવસ્થા થાય છે, સ્થવિર ભગવંત હોય એ બધી વ્યવસ્થા કરે. અને પર્યાયના ક્રમ WISE નંબર આવતા આવતા, મેઘકુમાર નો જે સંથારો હતો ને, એ છેક દરવાજા પાસે આવ્યો. ગઈ કાલ સુધી જે પલંગ ઉપર સુતા હતા, રેશ્મી શયનખંડ હતો. આજે સંથારો છે, ઉત્તરપટ્ટો છે. દરવાજા પાસે સંથારો છે, ત્યાંથી જ બધું ENTRY- EXIT છે, ઘણા બધા મહાત્માઓ છે, ક્યારેક કોઈક ને બહાર જવાનું થાય, ક્યારે બીજાને થાય, ક્યારેક ત્રીજા ને થાય, એમ થતા થતા આખી રાત જે અવરજવર થઈ, થોડીક ધુળપણ એમના પગની નીકળી હોય એ એમના સંથારા- માં આવી, કષ્ટ આવ્યું છે, અને મન થોડું વિચલિત થયું છે. મન જ્યાં વિચલિત થયું ને એ સમયે, પોતે વિચારે છે કે આ તો આપણને ફાવે નહિ, બહુ મોટા ઉપાડે નીકળ્યા, પણ હવે આ કષ્ટો ની આખી જિંદગી સહન કરવાના, આ તો મારાથી ના થઈ શકે. અને આ વિચારો ને મેઘકુમાર, મનમાં એવું વિચારે છે કે, હવે આવતી કાલની સવાર થાય, એટલે ભગવાન પાસે જઉં, ભગવાન આપનો ઓઘો આપને પાછો, ને મારાથી તો અહીંયા રહેવાય એવું નથી, એવું કહીને પાછો ઘરે જઈશ. મેઘકુમાર જ્યાં આ વિચાર કરે છે, આપણને થાય કે આટલા વૈરાગ્યથી દીક્ષા લીધી ને આવો વિચાર આવી ગયો. ઉપદેશમાલા ની અંદર કહ્યું છે,

ઇક્કદિવસમ્મિ બહુઆ સુહા અસુહા જીવપરિણામા: ।

એક જ પ્રહરને એક જ દિવસની અંદર ઘણા શુભ પરિણામ પણ આવી શકે, ને અશુભ પરિણામ પણ

આવી શકે. અતુલ પરિણામ આવ્યો છે. પણ મેઘ-
કુમાર ક્યાં કુમાઈ ગયા છે, બારોબાર ગયા નથી.
શું વિચાર્યું છે, ભગવાનને કહીને જઉં.

મરીચિ પણ પડ્યા છે, નંદીસેણ પણ
પડ્યા છે, મેઘકુમાર પણ પડ્યા છે. ફરક એટલો
હતો કે મેઘકુમારે પોતાની જે દોર હતી એ ભગવાનના
હાથમાં રાખ્યો, ને બાકીના હતા એ બારોબાર ગયા છે.
માટે એમનું પતન ખરેખર સાર્થક થઈ ગયું.
મેઘકુમારનું માનસિક પતન થયું છે. ભગવાનની -
પાસે ભય છે, ભગવાન તો કેવળજ્ઞાનમાં બધુ જાણે
છે, ને ભગવાન કહે છે કે તમે આવો વિચાર
કર્યો! તમે કોણ છો, તમે યાદ કરો! પૂર્વ-
ભવમાં તમે શું હતા, કઈ સાધનાથી તમે અહીંયા
આવ્યા, કેટલું પૂર્વ ભવમાં પણ સહન કર્યું, ને હવે
શું સાધુ થઈને તમે સહન નહિ કરો. મેઘ-
કુમાર કહે છે કે મેં શું સહન કર્યું ?
અને ભગવાન ત્યાં વાત કરે છે, કે આ પૂર્વ-
ભવની અંદર, તૃતીય ભવમાં વૈતાઢ્ય ભૂમિમાં,
છ દાંત વાળો, શ્વેત વર્ણ વાળો, સફેદ, એક
હજાર હાથિણી ના સ્વામી, એવા સુમેરુપ્રભ નામના
ગજરાજ તમે હતા. એક વાર દાવાનળ લાગ્યો.
જંગલમાં આગ લાગી મય ને એને દાવાનળ
કહેવાય. એક વાર દાવાનળ લાગ્યો છે, તમે
ભાગ્યા છો, તરસ લાગી છે, ઘણા બધા કાદવ
વાળા એક સરોવરની અંદર તમે પહોંચ્યા છો,
અને ત્યાં તમને કંઈ ખબર પડી નહી, ક્યાંથી
જવાનું, એટલે ત્યાં કાદવમાં તમે ખૂંપી ગયા.
ન હવે તમે પાણીમાં જઈ શકો, ન તમે કિનારે
જઈ શકો, ત્યાં તમે ફસાઈ ગયા છો, પહેલાનો
કોઈ દુશ્મન હાથી છે એ ત્યાં આવે છે.

સોમવાર

DATE 21 08 2017

તમે દાંતો એ મેરુથી માર્યા છે તમે લોહિલુહાણ થઈ જાવ છો. સાત દિવસ સુધી પીડા ભોગવીને, એકસો વીસ વર્ષનું આયુષ્ય પુરુ કરીને, હાથી રૂપે મરીને, ફરીથી વિંધ્યાચલ પર્વતમાં લાલ વર્ણના ચાર દાંત વાળા, સાતસો હાથીણીના નાથ એવા તમે હાથી થયા. દાવાનળને તમે જોયો, જાતિસ્મરણ પામ્યા, પૂર્વભવ તમને યાદ આવ્યો, ને તમે વિચાર્યું કે આ દાવાનળથી તો બળી જવાય એવું છે. શું કરવું જોઈએ ?

અને વિચારતા તમને ખ્યાલ આવ્યો કે આ બધું ઘાસ હોય તો ત્યાં આગ લાગે. ઘાસ બધુ દુર કરી દઈએ, તો જમીનમાં આગ લાગી શકે નહિ, એટલે તમે શું કર્યું. એક યોજન જેટલી જે જમીન હતી ને, એમાં જે કંઈ પણ ઘાસ કે વેલડી વગેરે હતું બધું કાઢી કાઢીને તમે દુર નાખી દીધું. દાવાનળ એક વાર ફાટી નીકળ્યો, બધા જીવો હતા જે એક યોજનના CIRCLE (કુંડાળા) ની અંદર આવી જાય છે. મેઘમુનિ તમે પણ ત્યાં આવી ગયા. ત્યાં તમે ઉભા છો, અને એવું થયું કે તમને શરીરમાં ખંજવાળ આવી. પગમાં ખંજવાળ આવી. પગ ખંજવાળવા માટે જરા ઉંચો કર્યો, ખંજવાળ્યું, ને હવે જ્યાં પગ મુકવા જાવ છો, ત્યાં શું થયું ? કે પગની નીચે એક સસલું આવી ગયું, તમે જોયું કે હવે જો હું પગ મુકુ તો સસલું દબાઈ જશે. એટલા બધા પ્રાણી એટલું બધુ જીવોજીવ ભરેલું CIRCLE, ક્યાંય જગ્યા નથી, સસલાને ત્યાં જગ્યા મળી, આવી ગયું. પગ જો મુકું તો સસલું મરી જાય, એ સસલુ મરે નહિ, એટલા માટે હાથીના ભવમાં તમે ઉંચોને ઉંચો પગ રાખ્યો, આ ઉંચો પગ રાખવામાં વેદના થઈ, સહન કરવું પડ્યું, પણ જીવદયાથી એ તમે ખુબ સરસ રીતે સહન કર્યું. દાવાનળ શાંત થઈ ગયો,

બધા પુવો ગયા, અને તમે હવે ક્યાં જ્યા થવ છો,
એમનું નીકળી ગયું છે, પગ મુકવા થવ છો,
ત્યાં તો તમારો પગ એટલો જકડાઈ ગયો. તમે
જમીન ઉપર નીચે પડી ગયા. ત્રણ દિવસ સુધી ભૂખ
તરસ તમે સહન કર્યા, પણ હૃદયમાં એક આનંદ
હતો, એક જીવની મેં દયા કરી. સો વર્ષનું આયુષ્ય
હતું એ તમે પુરું કર્યું. શ્રેણિક અને ધારિણી -
એમના મેઘકુમાર નામના તમે દીકરા થયા, તો
હે મુનિ, તમે તિર્યંચ ભવની અંદર પણ, ધર્મ માટે
મે કષ્ટ સહન કર્યું. તો જગતવંદનીય એવા સાધુ
ઓ જે છે, એમના પગ ક્યાંક લાગી ગયા,
એમની જે ચરણ રજ, જે દેવો ને પણ દુર્લભ હોય,
એ મે સામગ્રી તમને મળી છે, તો પછી કેમ
હવે તમે એનાથી દુઃખી થાઓ છો, અને ત્યાં
ભગવાન આ વાત કરે છે, આંખ માંથી આંસુની
ધારા થય છે. મેઘકુમાર મુનિને પણ પશ્ચાતાપ
થાય છે. અને ભગવાનને કહે છે કે ભગવાન
મારી ભુલ થઈ, હવે આપની પાસે મારે અભિગ્રહ
કરવો છે. સાધુઓની સેવા માટે, આ જીવનમાં હું
મારું આખું શરીર આપી દઉં છું. બે આંખ
સિવાય, આખું શરીર એને વોસિરાવિ દઉં છું, શરીરમાં
ગમે તે થાય, એટલા માટે હું આંખ ને
સાચવીશ, બે આંખ સિવાય બીજા કોઈ અંગની હું
આળ- પંપાળ કરીશ નહિ. આ રીતે પોતે અભિગ્રહ
કરે છે, નિરતીચાર ચારિત્ર ની પાલના કરે છે,
એક માસની સંલેખના કરે છે, ને અનુત્તર -
વિમાન જે વિજય નામનું છે, એમાં દેવ થાય છે
ત્યાંથી ચ્યવી ને મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષે જશે.
આ રીતે મેઘકુમારનું દ્રષ્ટાંત પુરુ થાય છે. પહેલું
વ્યાખ્યાન પણ પુરુ થાય છે. કલ્પસુત્રના આ

ભાવો, શાંતિથી ઘરે ગયા પછી, એક ભાવના એવી થાય, આ પર્યુષણમાં શક્ય હોય એટલું વધારે મૌન રાખો, જે અહીંયા સાંભળ્યું છે, એના ઉપર ચિંતન અને મનન કરો, મનોમંથન કરો, તો આ વ્યાખ્યાન શ્રવણનું તમને વધારે ઉંચુ ફળ પ્રાપ્ત થાય.

× × × ×

# પ્રવચન - ૮ - પ્રથમ

સોમવાર

DATE 21 08 2017

સંગત થાય, તર્ક સંગત, બુદ્ધિ સંગત, અનુભવ સંગત, બીજા શાસ્ત્રોના સંદર્ભે સંગત, એવું જે તત્ત્વ છે એ ક્યાં મળે છે, જિનશાસનની અંદર મળે છે. શ્રી કૃષ્ણ નરસિંહ શા માટે? કારણકે અપરકંકામાં નરસિંહ નું રૂપ લીધું હતું, મોઢું સિંહનું બાકીનું શરીર મનુષ્ય નું. ત્યાં પોતે ઉંચી કાયા વૈક્રીય લબ્ધિ થી બનાવીને ભય છે. એક ભેર-ભેરવી બાજુ પગ પછાડે છે, એની નગરી હતી એના બધા કિલ્લા પડવા લાગ્યા, અંદર ના મહેલો પડવા લાગ્યા, સૈન્ય બધું ભાગી ગયું, અંદર પેલો પદ્મોત્તર રાજા જે ભાગી ગયો હતો એને પકડીને લાવે છે, માફી મંગાવે છે. દ્રૌપદીને પાંડવો ને સોંપી દે છે, પાછા પોતે નીકળે છે. દરીયા કિનારે આવે છે. વચ્ચે આખો દરીયો છે લવણસમુદ્ર, ઓલી બાજુ જંબુદ્વીપ, આ બાજુ ધાતકી ખંડ, પોતે અહીંયા સુધી આવ્યા, બે લાખ યોજનની મુસાફરી કરી ને, હવે જઈ રહ્યા છે, આ બાજુ કોઈને કાંઈ ખબર પડી નથી, ખબર પાડવા માટે શંખ વગાડે છે. પાંચજન્ય નામનો શંખ હોય વાસુદેવ નો. અજબગજબ ની એની શક્તિ હોય ને ક્યાંય સુધી એનો અવાજ પહોંચે. આખું એ જે ક્ષેત્ર હતું એ ગુંજી ઉઠે છે, એ જે પ્રદેશ હતો ત્યાં અવાજ પહોંચ્યો છે, એ પ્રદેશની અંદર મુનિસુવ્રત સ્વામી, એ વિચરી રહ્યા હતા, એ ધાતકી ખંડ ના ભરતક્ષેત્ર ની ચોવીસી ના મુનીસુવ્રત સ્વામી, એમના સમવસરણ ની અંદર, ત્યાં એક વાસુદેવ જે એ ક્ષેત્રના હતા, કપિલ વાસુદેવ! એ ત્યાં પોતે દેશના સાંભળે છે, દેશનાની વચ્ચે ત્યાં શંખનો અવાજ આવ્યો, પ્રશ્ન કરે છે, આ શાનો અવાજ છે?

સોમવાર

DATE 21 08 2017

અને ભગવાન બધી વાત કરે છે. આ રીતે જંબુદ્વીપ ભરત ક્ષેત્રના વાસુદેવ એ અહીંયા આવ્યા હતા, આ રીતે યુધ્ધ કરીને પાછા જતા પહેલા શંખ એમણે વગાડ્યો છે. આનંદ થઈ ગયો, હું એ વાસુદેવ - એ ય વાસુદેવ, ચાલો મળીએ. અને પોતે બહુ જલ્દી જલ્દી ત્યાં કિનારા સુધી આવે છે, ત્યાં સુધી માં તો શ્રી કૃષ્ણ, એ અડધે પહોંચી ગયા હોય છે, અને પોતે કિનારા ઉપરથી શંખ વગાડે છે, ફરીથી શ્રી કૃષ્ણ ત્યાંથી શંખ વગાડે છે, બે વાસુદેવ કદી મળે નહિ, બે તીર્થંકર કદી મળે નહિ, બે ચક્રવર્તી હોય એ ય કદિ મળે નહી, પણ આ બે વાસુદેવના શંખ ના શબ્દો મળ્યા, એ પણ એક આશ્ચર્ય છે, એટલે એ પણ અહીંયા આશ્ચર્ય કહ્યું, પાંચમા નંબર નું આશ્ચર્ય !

છઠ્ઠું આશ્ચર્ય કહે છે, સુર્ય-ચંદ્રનું અવતરણ, ભગવાનની દેશના માં સુર્ય-ચંદ્ર આવે ખરા, પણ મુળ વિમાન લઈને આવે નહિ, પોતે બીજું વિમાન લઈને આવે. વૈક્રિય લબ્ધિ થી આવે, પણ એક વાર એવું બન્યું, ભગવાન કૌશાંબી માં સમવસર્યા છે, એમને વંદન માટે સુર્ય અને ચંદ્ર આવે છે, પણ પોતાના મુળ વિમાન સાથે, મુળ એટલે આપણે જે જોઈએ છીએ તે મુળ વિમાન કહેવાય, એની સાથે પોતે આવે છે. છઠ્ઠું આશ્ચર્ય.

સાતમું આશ્ચર્ય છે હરીવંશ કુળની ઉત્પત્તિ ! હરીવંશ કુળ એ કયું હતું, તો એની વાત કરે છે, કૌશાંબી નગરી માં સુમુખ રાજા છે, એ જોવે છે કે પોતાની નગરની અંદર એક વિરક સાળવી છે, વિરક શાળાપતિ, તો એ જે શાળાપતિ છે એની પત્ની છે વનમાલા, બહુ જ સુંદર છે, પોતાની પાસે રાજ્ય છે, સત્તા છે, બળ જબરીથી

classmate

એને ત્યાંથી ઉપાડી ને પોતાના રાણીવાસમાં મુકી દે
છે. અને આ બાજુ એનો પતિ છે એ ગાંડો થઈ
જાય છે, એને વિયોગ ની એટલી વેદના છે
જેને શોધે એને વનમાલા... વનમાલા કર્યા કરે,
નગરી માં ભમ્યા કરે, પાછળ નાના.. નાના છોકરાઓ
હોય, એ પાગલ.. એ પાગલ કહીને એની પાછળ
દોડે, રાજા અને રાણી ઝરૂખામાં બેઠા છે,
આ દ્રશ્યને જુએ છે. અંદર બહુ જ દુઃખ થાય
છે, કે આપણે સારું કર્યું નહિ. રાજાએ પાપ
કર્યું છે, રાણી એ પાપ સ્વીકાર્યું છે. બંને
પાપી થયા છે આ બંનેના પાપમાં એનો જે
પેલો પતિ હતો, એ પાગલ થઈ ગયો. આટલો
વિચાર આવ્યો કે આપણે સારું ના કર્યું. આ
વિચાર છે, ઉપરથી વિજળી પડે છે, અને
રાજા અને રાણી બંને ત્યાં મૃત્યુ પામે છે.
મૃત્યુ પામીને પોતાની જે આંતરિક ભાવ, પશ્ચાતાપ
નો ભાવ, એમાં મૃત્યુ પામ્યા, એટલે મરીને
હરિવંશ ક્ષેત્રની અંદર, યુગલિક રૂપે જન્મે છે.
જેને અકર્મ ભૂમિ કહેવાય, કલ્પવૃક્ષો હોય, ત્યાં
પોતે યુગલિયા મનુષ્ય રૂપે જન્મે છે, અને આ
બાજુ જે એનો પતિ હતો એને ખબર પડી બંને
મરી ગયા, એને થોડી શાંતિ થઈ કે ચાલો
એમને પાપનું ફળ મળ્યું, વૈરાગ્ય થયો, પોતે
તાપસ થઈ જાય છે એ લોકોની તાપસી દીક્ષા
લે છે, અને તાપસ થઈ ને અજ્ઞાન તપ કરીને
વ્યંતર થાય છે. પૂર્વભવ જુએ છે, અને
પૂર્વ ભવના પોતાના જે વૈરી હતા, પોતાને
જેમના ઉપર વેર હતું, એ બંને ને જુએ છે
કે આ તો યુગલિક છે. વ્યંતર માને છે,
યુગલિક છે મરીને અવશ્ય દેવલોક માં જાય,

અહીંયા કલ્પવૃક્ષો છે, મરીને દેવલોકમાં જશે, આવું તો
ના થાત, મારા દુશ્મન છે, દુઃખી થવા જોઈએ.
હવે એમને દુઃખી કઈ રીતે કરવા. બહુ મજાની
વાત છે સમજવા જેવી, યુગલિક ક્ષેત્રની અંદર હતો
તો ભદ્રિક હશે, પાપ નહિ હોય, સરળ હશે, કષાયો
મંદ હશે, દેવલોકમાં જશે. એટલે વ્યંતર દેવ શું
કરે છે, એમના શરીર નાના કરી દે છે. એમના
આયુષ્ય નાના કરી દે છે, અહીંયા ભરતક્ષેત્રની અંદર
એક રાજા મરી ગયો હતો જેને કોઈ દીકરો ન
હતો, બધા ચિંતામાં હતા, નવા રાજા કોને બનાવવા?
તો એ આકાશમાં આકાશવાણી કરે છે કે હું તમને
નવા રાજા-રાણી આપું છું. પણ એ આખા જુદા
પ્રકારના છે, તો તમારે એમની જુદી પ્રકારની સેવા
કરવી પડશે, બધી સુવિધાઓ આપવી પડશે. બધા
કહે છે, તૈયાર છીએ. અને એ યુગલિકો એને જે
એ ક્ષેત્રના આયુષ્ય, શરીરની લંબાઈ હતી, એવી
લંબાઈ વાળા, એવા આયુષ્યવાળા કરીને એ કહે છે કે
આ મેં રાજા-રાણી આપ્યા, આને તમારે જુગાર-
રમાડાવવાનો, આ લોકો માંસ જ ખાશે, બીજું કંઈ ખાશે
નહિ, તમારે રોજ આમને નવું-નવું માંસ આપવાનું,
એમને શિકાર કરાવવાનો, એ શિકાર કરે, માંસ ખાય,
દારૂ પીવે, એ લોકોને આવું બધું શીખવાડે છે,
રાજા અને રાણી સાતે વ્યસનમાં ચકચુર થાય છે, મરીને
નરકમાં જાય છે.

રાજ્ય છે, પૈસા છે, સત્તા છે, આ બધું
પ્રાય: કરીને જીવના અહિતમાં ઘણું હોય છે, કોઈ
વિરલ જીવ હોય, આ બધી વસ્તુને પચાવી શકે,
બુદ્ધિને શુદ્ધ રાખી શકે, લૌકિક ક્ષેત્રે જેટલી-
જેટલી સમૃદ્ધિ છે, એની પ્રાય: કરીને આધ્યાત્મિક
ક્ષેત્રમાં દરિદ્રતા હોય છે. એ બધાની કોઈ આશંસા

કરવા જેવી, સ્પૃહા કરવા જેવી નથી. સરવાળે એમાં દુ:ખ વધારે છે. કષ્ટ વધારે છે. નીચું જોવાનું છે. દુ:ખી થવાનું છે. સ્પૃહા કરી હોય તો આધ્યાત્મિક સમૃદ્ધિ ની કરવા જેવી છે. સાચી સમૃદ્ધિ આધ્યાત્મિક સમૃદ્ધિ છે. સાચી સમૃદ્ધિ ગુણ ની સમૃદ્ધિ છે. સાચી સમૃદ્ધિ જેટલી જેટલી ભગવાનના માર્ગ, દર્શન, જ્ઞાન, ચારિત્ર ની આરાધના થઈ, એટલુ આપણું છે. બાકી બધુ શેના જેવું છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

યથા શોફસ્ય પુષ્ટત્વમ્ ।

જ્ઞાનસારમાં મહોપાધ્યાયજુ કહે છે કે, કોઈ માણસ હોય, સોજા બહુ થયા હોય, જો શરીર હષ્ટ-પુષ્ટ લાગે તો હકિકતમાં એ કોઈ પુષ્ટિ નથી, - તંદુરસ્તી નથી, એ હકીકત માં શું છે, સોજા છે. રોગ છે, તકલીફ છે,

યથા વા વધ્યમણ્ડનમ્ ।

કોઈ માણસ ને મારી નાખવાનો હોય ને, એને સ્થ કરવાની હોય, મૃત્યુદંડ હોય, તો પૂર્વકાળ માં એને શણગારતા. એને શણગારે, એને સારી રીતે લઈ જાય, વાજતે- ગાજતે એનુ વાગતું હોય. પણ એ બધું સારું નથી, એ બધું મરવા માટે છે.

તથા જાનન્ ભવોન્માદ- માત્મતૃપ્તો મુનિર્ભવેત્ ।

સંસારના કોઈ તત્વથી તૃપ્ત થવા જેવું નથી, ખુશ થવા જેવું નથી. સંસાર ની બધી જ સમૃદ્ધિ, હલાલ કરવાનો જે બકરો હોય, એના શણગાર જેવી છે. તૃપ્તિ હકીકતમાં આત્મા ની અંદર જ છે. આત્મ ગુણો થી જ તૃપ્ત થવા જેવું છે. બાકી નરક માં જાય છે. પણ એમનો જે વંશ ચાલ્યો, અહીંયા ના વંશો FDX હતા, પિતા હોય એનો દીકરો ... એનો દીકરો ... એનો દીકરો ... એનો

દીકરી, પણ એ હરિવંશ ક્ષેત્ર માંથી યુગલિક અહીંયા આવ્યું, એ અહીંયા રહ્યું, અને અહીંયા એમના જે સંતાનો થયા, એ સંતાનો નો વંશ ચાલ્યો હરિવંશ ક્ષેત્ર માંથી આવ્યા હતા, માટે એમના વંશ નું નામ પડ્યું હરિવંશ. ઈક્ષ્વાકુ કુળમાં બાવીસ તીર્થંકરો-થયા, મુનીસુવ્રત સ્વામી ભગવાન અને નેમીનાથ-ભગવાન, એ હરીવંશ કુળની અંદર થયા છે, તો આ જે યુગલિકો ને અહીંયા લાવવામાં આવ્યા, શરીર એમના જે નાના કરાયા, આયુષ્ય નાનું કરાયું, યુગલિક કદી નરકમાં જાય નહિ, પણ યુગલિક હતા એ પણ નરકમાં ગયા, આ પણ શું છે, આશ્ચર્ય છે.

આઠમું આશ્ચર્ય કરે છે, ચમરોત્પાત છે, પૂરણ નામનો બાળ તપસ્વી, તપ કરે છે, ચમરેન્દ્ર થાય છે. હજુ નવો ઉત્પન્ન થયો છે ચમરેન્દ્ર નીચે ભવનપતિ દેવલોક ની અંદર હોય, એ ચમરેન્દ્ર પોતાના જ્ઞાનથી જુએ છે, કે બરાબર મારી ઉપર, અસંખ્ય યોજન ઉપર, સૌધર્મેન્દ્ર દેવલોક ને એમાં સૌધર્મેન્દ્ર ની સભા પણ બરાબર મારી ઉપર. અને સૌધર્મેન્દ્ર નું સિંહાસન પણ બરાબર મારી ઉપર, અને એના પગ છે એ મારા ઉપર આવે, આ તો મારું અપમાન કહેવાય. એ નક્કી કરે છે કે હમણાં હું ત્યાં જઉં ને આ બધો અવિનય છે એનું ફળ ચખાડી દઉં. તૈયાર થાય છે, મંત્રીઓ વારે છે કે ભાઈ તમે અહીંયાના ઈન્દ્ર છો, એ ત્યાંના ઈન્દ્ર છે, કોઈ અપમાન નો ભાવ નથી, શાશ્વત વ્યવસ્થા છે. સમજવા માટે તૈયાર નથી. પોતે ત્યાં હરાવવા માટે જવાની ઈચ્છા કરે છે. ઉપર જંબુદ્વીપ સુધી આવે છે ને, વિચારે છે કે આ મંત્રીઓ આટલા વારતા હતા, ને એ બહુ બળિયો છે, બહુ જોરાવર છે, આમ તો હું

જે ઐરાવત છું, પણ જો એમની વાત સાચી નીકળી, તો મારું શું થશે ? ચમરેન્દ્ર પોતે વિચારે છે કે કોઈ બળવાન હોય તો, એનું - શરણ લઈને આપણે જઈએ, મારા કરતા વધારે મહાન હોય, એમનું શરણ લઉં તો પછી મારે તકલીફ નહિ. એવું કોણ છે ? તો પોતાના જ્ઞાનથી જુએ છે કે શ્રમણ ભગવાન મહાવીર, જ્યારે છદ્મસ્થ અવસ્થા ની અંદર, સાધના કરી રહ્યા છે, ભગવાન પાસે આવે છે, ત્રણ પ્રદક્ષિણા દે છે, પ્રણામ કરે છે, હે ભગવાન, સૌધર્મેન્દ્રને હું જીતવા માટે જાઉં છું, આપનું મને શરણ હોજો તો આ રીતે ભગવાનને કહે છે, અને ભગવાન તો પોતે કાઉસગ્ગ માં છે, પણ આ રીતે કહીને ત્યાંથી પોતે નીકળે છે. એક લાખ યોજનનું વૈક્રિય રૂપ બનાવે છે, ઉપર તીવ્ર ગતિથી જાય છે, જ્યોતિષચક્ર હતું એમાં ખળભળાટ મચી જાય છે. તારાઓ બધા ખસી જાય છે. અટ્ટહાસ્ય કરતો વિકરાળ રૂપ બનાવી ને, ઠેઠ ઉપર ત્યાં સૌધર્મ દેવલોક માં પહોંચે છે, ત્યાં એ પગ સૌધર્મ ની સુધર્મા નામની સભા છે, ત્યાં મુકે છે. અને બીજો પગ સૌધર્મેન્દ્ર નું પાદપીઠ છે, એના ઉપર મુકે છે. ગમે તેવા શબ્દો બોલે છે.

હંહો અપત્થિયપત્થિયા

તમારે મરવું છે. તમારે દુઃખી થવું છે. આ રીતે મારા માથા ઉપર બેઠા છો. આ બધું શું છે ? અને સૌધર્મેન્દ્ર જ્ઞાનથી જુએ છે કે આ કોણ છે ? કઈ રીતે આવ્યો છે ? બધુ જાણ્યા પછી, સૌધર્મેન્દ્ર મનમાં હસે છે, તાકાત મારી તુલનામાં કાંઈ છે નહિ, જોરો રુવાબ જમાવવા આવ્યો છે. એ સમયે સૌધર્મેન્દ્ર પોતે શું કરે છે. પોતાના વજ્ર નું સ્મરણ

કરે છે. હાથમાં વજ્ર આવી જાય છે. અને વજ્ર જ્વાળાઓ છોડી રહ્યું છે. એ જ્વાળાઓ છોડતા વજ્ર ને જોઈને, ચમરેન્દ્ર ગભરાય છે, થોડો પાછો ભાગવા જાય છે, વજ્ર એની પાછળ છોડી દે છે, પોતાની બધી જ શક્તિ લગાડી ને ચમરેન્દ્ર નીચે આવી રહ્યા છે. હવે બીજું કશું જ નથી દેખાતું, શ્રમણ ભગવાન મહાવીર દેખાય છે.

અસંખ્ય યોજન નું અંતર છે, ચમરેન્દ્ર પણ ખુબ જ ઝડપથી દોડી રહ્યા છે, પાછળ વજ્ર પણ એમનો બરાબર પીછો પકડી રહ્યું છે, આ બાજુ સૌધર્મેન્દ્ર વિચારે છે કે આવું કદીએ બનતું નથી, કે ચમરેન્દ્ર અહીંયા સુધી આવે. એ કોના બળથી, કોના ટેકાથી અહીં સુધી આવ્યો ને જ્ઞાનથી જુએ છે, કે એણે ભગવાનનું શરણ લીધું હતું. જેણે ભગવાનનું શરણ લીધું ને મારું વજ્ર જો એના ઉપર પ્રહાર કરશે, તો માત્ર એ એના ઉપર પ્રહાર નહી હોય, એ ભગવાન ની આત્મા ઉપર પણ પ્રહાર હશે, આ તો ભગવાનની આશાતના થઈ જશે, ગભરાય છે સૌધર્મેન્દ્ર ને પોતે દોડે છે, ભગવાનની આશાતના મારાથી ના થાય, આગળ ચમરેન્દ્ર છે, એની પાછળ વજ્ર છે, એ વજ્ર ને પાછું પકડવા માટે સૌધર્મેન્દ્ર દોડયા છે, દોડતા .. દોડતા .. દોડતા .. દોડતા, એ ચમરેન્દ્ર છે એનું રૂપ વધારે સંકુચિત થતું જાય છે, લાખ યોજન માંથી પચાસ હજાર, પચ્ચીસ હજાર, દસ હજાર, પાંચ હજાર, હજાર, પાંચસો, સો યોજન, પચાસ યોજન, દસ યોજન, પાંચ યોજન, ચાર યોજન, ત્રણ યોજન, ને હજુ નાનો થતા...થતા...થતા મચ્છર જેટલો ચમરેન્દ્ર થઈ જાય છે. ભગવાન જ્યાં સાધના કરે છે ત્યાં આવે છે. શરણ...શરણ...શરણ કરતો, જો નાનો કુંથવો હોય એમ ભગવાનના બે પગની વચ્ચે ચમરેન્દ્ર ભરાઈ જાય છે. અને ચાર આંગળ નું અંતર હતું જ્યાં

સોમવાર

DATE 21 08 2017

વજ્ર ને, ત્યારે સૌધર્મેન્દ્ર તીવ્ર ગતિ થી આવીને એ વજ્ર ને પકડી લે છે. સૌ પ્રથમ ભગવાનની ક્ષમા માંગી છે, તમારા શરણાગત ઉપર મેં વજ્ર છોડ્યું ભગવાન ! મને ક્ષમા કરો ! ~~ચમર~~ ચમરેન્દ્ર ને કહે છે, ભગવાનના તમે શરણાગત હતા, મને ખબર નહિ, માટે મેં આ વજ્ર છોડ્યું છે. હવે આ વજ્ર થી કે મારાથી કોઈ ભય નથી. આપ પણ મને ક્ષમા કરજો, આ રીતે ચમરેન્દ્ર જે ઉપર સુધી ગયા એને ચમરા નો ઉત્પાત કહેવાય, આવું પણ કદી બનું નથી. આ આઠમું આશ્ચર્ય છે.

નવમું આશ્ચર્ય છે, એકસમય સિદ્ધિ, સિદ્ધ પ્રાભૃત નામની ગ્રંથ છે ને, એની અંદર બતાડ્યું છે કે જુદી જુદી કઈ કઈ રીતે સિદ્ધ થાય. એનો એક પદાર્થ એવો છે કે, એક સમયે ઉત્કૃષ્ટ અવગાહના વાળા, એકસો આઠ આત્મા કદી મોક્ષે જાય નહિ. આ અવસરપીણીમાં આ રીતે સિદ્ધ થયા છે. ઋષભદેવ ભગવાન, ભરતચક્રી સીવાય ના નવ્વાણું દીકરાઓ, આદિનાથ ભગવાનના, અને ભરત ચક્રવર્તી ના પોતાના આઠ દીકરા, આ બધા ઉત્કૃષ્ટ અવગાહના વાળા, પાંચસો ધનુષ્ય વાળા હતા, એકસો આઠ ની સંખ્યા હતી. એક જ સમયે અષ્ટાપદ પરથી તેઓ બધા મોક્ષે ગયા, નવમું આશ્ચર્ય !

દસમું આશ્ચર્ય છે અસંયતો ની પૂજા, જેઓ વિરત નથી ને એમની જે પૂજા થાય, એ અસંયત પૂજા કહેવાય. જે આરંભ પરિગ્રહમાં આસક્ત છે. ગુરુ કોને કહેવાય, વંદન કોને કરાય, ગુરુ કોને મનાય, ગુરુદેવ આ શબ્દ કોની સાથે લગાડાય, તો આરંભ અને પરિગ્રહ, આરંભનો અર્થ છે ષટ્કાયની હિંસા, પરિગ્રહ નો અર્થ છે,

classmate

ઘર વગેરે ની માલિકી, આ બધું જેની પાસે હોય, એને અસંયત કહેવાય. એનો સત્કાર, એ થઈ શકે નહિ. જો એ થાય, સાધર્મિક રૂપે કરીએ એ વાત જુદી છે. અહીંયા ગુરૂ રૂપે કરાય એની વાત છે. એમની એ સત્કાર થવા લાગે, ગુરૂ તરીકે, તો મિથ્યાત્વની પ્રવૃત્તિ થાય. લોકોની અંદર પણ મતમતના પંથો ફુટી નીકળે. એટલે એવું થાય નહિ. પણ આ અવસરપીણીની અંદર, નવમા અને દસમા ભગવાનનું જે આંતરું હતું, એમાં અસંયત એવા બ્રાહ્મણો વગેરેની પણ પૂજા થઈ તો એ પણ આશ્ચર્ય છે. આ દસે આશ્ચર્ય, એ અનંત કાળે ક્યારેક થાય છે. આ દસ આશ્ચર્ય માં કયું આશ્ચર્ય કયા તીર્થ માં થયું, એ કહે છે.

ઋષભદેવ ભગવાનના તીર્થ માં એકસો ને આઠ મોક્ષે ગયા, સુવિધિ નાથ ભગવાનના તીર્થ માં - અસંયત ની પૂજા, તીર્થ નો અર્થ લેવાનો શાસનકાળ. અત્યારે મહાવીર સ્વામી ભગવાનનું તીર્થ ચાલુ છે, એમ સમજવાનું. શિતલનાથ ભગવાન ના તીર્થમાં, હરિવંશની ઉત્પત્તિ થઈ. મલ્લિનાથ ભગવાનના તીર્થમાં સ્ત્રી તીર્થંકર થયા. નેમિનાથ ભગવાન ના તીર્થ માં અપરકંકા ગમન જે કૃષ્ણની ઘટના કહી તે થઈ. બાકી ના ઉપસર્ગ- ગર્ભ હરણ, પર્ષદા ભાવિત ન થઈ, ચમરા નો ઉત્પાત થયો, ચંદ્ર- સુર્ય નું અવતરણ થયું, આ પાંચ આશ્ચર્ય ક્યાં થયા, તો ભગવાન મહાવીર સ્વામી ના તીર્થમાં થયા. ત્યાં સૌધર્મેન્દ્ર પણ વિચાર કરે છે કે આ રીતે બ્રાહ્મણ કુળમાં અવતર્યા ભગવાન, એ પણ આશ્ચર્ય છે. મરીચિ ના ભવમાં, જે નીચ ગોત્ર કર્મ, હજુ એ ક્ષીણ થયું નથી, એના પ્રભાવ થી ભગવાન આ રીતે બ્રાહ્મણ કુળ માં ઉત્પન્ન થયા. આ પ્રસંગ થી ભગવાન ના ૨૭ ભવો, એનું વર્ણન કરે છે. પહેલા ભવમાં ભગવાન પશ્ચિમ મહાવિદેહમાં નયસાર નામના પોતે ગ્રામપતિ હતા,

લાકડા માટે વનમાં ગયા છે, મધ્યાહ્ન નો સમય છે,
ભોજનના સમયે માર્ગ ભૂલેલા મહાત્માઓને જુએ છે,
આનંદ થાય છે, પોતે એમને ગોચરી વહોરાવે છે,
ભોજન પછી એમને રસ્તો બતાડે છે, મહાત્માઓ
પણ જુએ છે કે આ જીવ યોગ્ય છે. યોગ્યતા જોઈને
એમને ધર્મનો ઉપદેશ આપે છે. સમ્યક્ત્વ પામે છે.
આરાધના કરીને અંત સમયે નમસ્કાર પૂર્વક, નવકાર-
સ્મરણ પૂર્વક મૃત્યુ પામીને, બીજા ભવમાં સૌધર્મ
દેવ લોકમાં એક પલ્યોપમ આયુષ્ય વાળા દેવ થાય છે.
ત્રીજા ભવે મરીચિ નામના ભરત ચક્રવર્તી ના દીકરા થાય
છે. વૈરાગ્ય પામીને આદિનાથ ભગવાન પાસે દીક્ષા
લે છે. સ્થવિર ભગવંતો પાસે અગિયાર
અંગો ભણે છે. એક વાર એવું બને છે, ગરમીનો
સમય છે, તાપ બહુ લાગે છે, એટલી બધી
આમ પીડા પામે છે, આ તડકો કેવો આ
ગરમી કેવી, આ ખુલ્લે પગે ચાલવું, આવું તો
આપણાથી ના થઈ શકે અને પોતે વિચારે છે કે
આ સંયમનો ભાર, એ હું નહિ ઉપાડી શકું,
અને ઘરે પણ જવું એ પણ ઉચિત નથી, તો
પોતે નવો વેષ રચે છે. પોતે વિચારે છે કે
શ્રમણો છે જે ત્રિદંડ રહિત છે, મનથી-
અશુભ વિચારવું, વાણીથી અશુભ બોલવું, કાયાથી
અશુભ કરવું, આને ત્રણ દંડ કહેવાય, એ લોકો
ત્રણ દંડથી રહિત છે, હું તો એવો નથી,
એટલે મારે હવે આ દાંડો નહિ ત્રિદંડ રહેશે,
પોતે ત્રિદંડ રાખે છે, શ્રમણ ભગવાન કેવા છે(?)
તો એ લોકો તો પોતે દ્રવ્ય ભાવ બંને થી
મુંડ છે. અંતરમાં કષાયો નથી. માથા ઉપર કેશ
વધારવાના નથી, વરસમાં બે વાર લોચ કરાવવાનો
છે. એ બધું મારાથી ના થઈ શકે, એટલે

પોતે અસ્ત્રા થી મુંડન અને ચોટલી રાખે છે. શ્રમણ ભગવંતો તો મહાવ્રતધર છે, હું તો એવો નથી, મને અણુવ્રત ભલે હો. શ્રમણો તો શીલ સુગંધી છે, ચારિત્રની સુરભિ ના સ્વામી છે. મારી પાસે એવું ચારિત્ર નથી. એટલે મારે ચંદન થી વિલેપન હો, પરિમીત જળથી હું સ્નાન પણ કરું, શ્રમણો મોહ રહિત છે. હું એવો નથી, એટલે મારા માથે છત્ર હો, શ્રમણો કોઈ પગમાં પહેરતા નથી, હું એવો નથી, એટલે મને પાદુકા પણ હો. શ્રમણ ને કષાય નથી, હું એવો નથી, માટે કાષાયીક વસ્ત્ર, કાષાયીક વસ્ત્ર ને કહેવાય ભગવું વસ્ત્ર, કષાય ના બે અર્થ છે, એક તો ક્રોધ વગેરે ને પણ કષાય કહેવાય, ભગવા રંગને પણ કષાય કહેવાય, તો કહે છે કે હું કષાય વાળો છું. એટલે મારે ભગવા વસ્ત્ર હો. આ રીતે પોતાની બુદ્ધિથી પરીવ્રાજક વેશ ની કલ્પના કરે છે. એમની વેષ બાજો જુદો પડે છે, એટલે બધા પુછે છે કે ભાઈ તમારો કયો ધર્મ છે ? અને બધાને સાધુ ધર્મનો જ ઉપદેશ આપે છે. દેશના શક્તિથી ઘણા રાજકુમારો એમને પ્રતિબોધ કરે, જ્યારે એ કહે કે મને આપો દીક્ષા અમે તમારા શિષ્ય થઈએ, અને એ સમયે મરીચિ કહે, હું સાચો સાધુ નથી, મારી પાસે સાચો ધર્મ નથી, સાચો ધર્મ હોય તો એ આદિનાથ ભગવાન પાસે છે, એમના શિષ્યો પાસે છે, તમારે દીક્ષા લેવી હોય તો એમની પાસે લો ! પ્રતિબોધ પોતે કરે, પણ બધાને ત્યાં મોકલે. એક વાર એવું બને છે, કે ભગવાન અયોધ્યામાં સમવસર્યા છે, ભરત ચક્રવર્તી ભગવાનને વંદન કરે છે ને પુછે કે હે ભરતક્ષેત્રમાં આ ચોવીસી માં, જે કોઈ પણ તીર્થંકર બનશે, આપ પહેલા તીર્થંકર છો. ત્રેવીસ તીર્થંકર બાકી છે, અત્યારે આ પર્ષદાની અંદર એવો કોઈ આત્મા ખરો, જે આમાંથી કોઈ

સોમવાર

DATE 21 08 2017

તીર્થંકર બનવાના હોય ? અને એ સમયે ભગવાન કહે છે. કે હે ભરત, તમારો પુત્ર જે છે મરીચિ આ અવસરપીણી ના છેલ્લા તીર્થંકર થશે, વિદેહ નગરી ની અંદર, વિદેહ ક્ષેત્રની અંદર, મુકા નગરી પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થશે, આ ભરતક્ષેત્રમાં - શ્રી કૃષ્ણ નામના પહેલા વાસુદેવ પણ થશે, ને આ રીતે ભરત સાંભળે છે. મરીચિ ની પાસે જાય છે ત્રણ પ્રદક્ષિણા આપે છે, અને કહે છે હે મરીચિ, જગતમાં જેટલા લાભો છે, તે તમે જ મેળવ્યા છે, કારણકે તમે તીર્થંકર, વાસુદેવ અને ચક્રવર્તી થશો. હું તમને પરિવ્રાજક રૂપે વંદન નથી કરતો, પણ તમે ચોવીસ માં તીર્થંકર થવાના છો, એ કારણથી હું તમને વંદન કરું છું. એ રીતે ફરી - ફરી સ્તુતિ કરી, ભરત એ પોતાના સ્થાને જાય છે.

મરીચિ એ સાંભળીને ખુબ જ હર્ષના ભર થી, ત્રીપદી ગાય છે, પહેલો હું વાસુદેવ, પછી હું ચક્રવર્તી, ચરમ હું તીર્થંકર,

મમાહો ઉત્તમં કુલમ્।

મારું કુળ ઘણું ઉત્તમ છે. હું વાસુદેવમાં પહેલો થઈશ, મારા પિતા ચક્રવર્તી માં પહેલા છે. મારા દાદા - જિનેન્દ્રો માં પહેલા છે, એટલે મારું કુળ ઘણું ઉત્તમ છે, આ રીતે કુળનો મદ કર્યો, તેમની મરીચિ છે એમને નીચ ગોત્ર કર્મ છે, જે બંધાયું છે.

સભાનો પ્રશ્ન :- જે હોય એનો મદ કર્યો છે, એમાં આટલું બધું કર્મ કેમ આવું બંધાઈ ગયું ? આટલું એમણે કીધું એમાં શું ખોટું કર્યું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- બસ મારે એ જ વાત કહવી છે

તેમને હું પ્રશ્ન કરું પહેલા કે, તેનું એનો મદ કર્યો છે, કે ખોટી વસ્તુ નો મદ કર્યો છે.
સભાનો પ્રતિભાવ :- એમનું કુળ ઉત્તમ જ છે. એમના દાદા, પ્રથમ તીર્થંકર, પોતે વાસુદેવ થવાના પછી તીર્થંકર થવાના, અમે પણ લગભગ આવું કહેતા હોઈએ કે આપણા પરિવારમાં કોઈને વ્યસન નથી, આ નથી, તે નથી, એ કેટલું સારું કહેવાય, એને મદ કર્યો કહેવાય ?
પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- શ્રાદ્ધ વિધિ ગ્રંથની અંદર રત્નશેખરસૂરી મહારાજે કહ્યું કે, કુળ નો વિચાર કરવાનો કે નહિ કરવાનો ? બે - અપેક્ષા એ કુળનો વિચાર થઈ શકે. એક અપેક્ષા - તમે જે હમણાં કહી એ અપેક્ષા, અને બીજુ અપેક્ષા - મરીચી એ જે અપેક્ષા એ મદ કર્યો, એ અપેક્ષા. શ્રાદ્ધવિધિ ગ્રંથની અંદર કહ્યું કે શ્રાવક રોજ સવારે ઉઠી ને વિચારે કે મારું કુળ કયું ? મારો વંશ કયો ? મારો ધર્મ કયો ? મારા વ્રતો કયા ? અને આ બધું વિચારી ને પોતે ધર્મમાં વધારે દૃઢ થાય. સવારે વિચાર કર્યો છે, બહાર પોતે નીકળ્યો છે, કોઈક એવું દૃશ્ય જોને મોહનિ આંખો માં વિકાર જગી શકે, આંખો ખેંચાઈ રહી છે, શ્રાવક ને યાદ આવશે મારું કુળ કયું ! મારો ધર્મ કયો ! એટલે એ આખી અપેક્ષા જુદી છે.
એક પ્રશસ્ત કષાય છે, એક અપ્રશસ્ત કષાય છે, હું કેટલો ભાગ્યશાળી કે મને જિનશાસન - મળ્યું, જૈન ધર્મ મળ્યો, આ સંઘ મળ્યો, આ પર્યુષણની આરાધના મળી, પર્યુષણ ના બે દિવસ પહેલા એક ભાઈ મારી પાસે આવ્યા, મને કહે સાહેબ એક RELATIVE (સંબંધી) છે, U.S.A. માં રહે છે, મને પ્રશ્ન કર્યો છે જવાબ લઈ આવા કહ્યું છે, માટે આપને પુછવા આવ્યો છું. સાહેબ એ લોકો જ્યાં રહે છે ત્યાં CENTRAL A.C. છે

સોમવાર

DATE 21 08 2017

આજું મકાન AIR CONDITIONED છે. પરઠવવાની ક્યાંય વ્યવસ્થા નથી, પૌષધ કરવો છે, શું કરી શકે ? મેં કહ્યું દેશાવગાસિક થાય, પરઠવવાની વ્યવસ્થા હોય નહિ, A.C. હોય, તમે કદાચ સાપેક્ષ ભાવ માટે, તમે જેમાં ઓઢી લો, A.C. નો - આસ્વાદ લો નહિ, જે રીતે તમે કદાચ સામાયિક કરી શકો, પણ પૌષધમાં તમારે બહાર જવું પડે, ને ત્યાં જગ્યા ન હોય, નિર્દોષ ભૂમિ ન હોય, પૌષધ ન થાય, સાહેબ રાતનો પૌષધ થઈ શકે એવું છે, દિવસે જો પોતે પણ વ્યસ્ત છો. દેશાવગાસિક કરવું એટલે દસ સામાયિક થાય એમાં બે પ્રતિક્રમણ અંદર આવી ગયા, રાતના માં તો દેશાવગાસિક પણ ના થઈ શકે.

અહીંયા બધી અનુકૂળતા સાથે પણ આપણને એ પ્રમાદ થાય કે ભાઈ, જવા દો પૌષધ નથી કરવો અનુકૂળતા ન હોય એ વાત જુદી છે, આજે કેટલા આત્માઓ એવા હશે દુનિયાના જુદા-જુદા છેડા હશે, વતન યાદ આવતું હશે, અમદાવાદ, મુંબઈ, સુરત વગરે યાદ આવતા હશે, આજ ભરાતી હશે કે આ સમયે ત્યાં ઉપાશ્રય ભરેલો હશે. અત્યારે જન્મ વાંચન થતું હશે. અત્યારે પ્રતિક્રમણ થતું હશે, સકળ શ્રી સંઘ ભેગો થયો હશે, અને આજ ઉભરાય કે અહીંયા આપણે દસ હજાર માઈલ દુર બેઠા છીએ, કશું કરી શકીએ એમ નથી. આપણે વિચારીએ કે આ અનુકૂળતા છે તો મારે આરાધનામાં - આગળ વધવું જ જોઈએ, જે અનુકૂળતા એના માટે આપણને આત્મગૌરવ થાય કે હું કેટલો ભાગ્યશાળી, કે મને આ અનુકૂળતા મળી ! હું કેટલો ભાગ્યશાળી કે મને જિનશાસનમાં જન્મ

મળ્યો, જિનવાણી મળી, આવી આમ આત્મગૌરવ થાય, એ પણ એક કષાય નો જ પ્રકાર છે. કેવળજ્ઞાનીને આવો કષાય પણ થાય નહિ. પણ આ કષાય શું છે પ્રશસ્ત કષાય છે.

મરીચિ ને પ્રશસ્ત કષાય થયો નથી, એ આત્મગૌરવ- ગૌરવ માં લોઈ છે. મારું કુળ - ઉત્તમ ... મારું કુળ ઉત્તમ એટલે બીજા બધા જ નીચા, અને હું ઊંચો આવો ભાવ છે. અહીંયા ધર્મ જનિત ગર્વ નથી, અહીંયા જેને આત્મગૌરવ - કહેવાય એ પણ નથી, અહીંયા અહંકાર નામનો અપ્રશસ્ત કષાય, એનો ઉદય થયો છે. આની લેઇ રેખા કઈ રીતે કરવી, એનું માપદંડ તમને કહું, આપણા બે હું છે એક ઔપાધિક હું ને બીજું સ્વાભાવીક હું. ઔપાધિક હું એટલે શરીર અને સ્વાભાવીક હું એટલે આત્મા, જેટલું જેટલું કર્મોના ઉદય થી થાય, જેટલું જેટલું, એમાં આત્માના ગુણો નો કંઈ જ સંદર્ભ નથી. કંઈ સંબંધ પણ નથી, પૈસા તમે બહુ જ કમાયા, અહીંયા તમારો આત્મા પુષ્ટ નથી થતો, ઔપાધિક હું પુષ્ટ થાય છે. કોઈ- એ પ્રશંસા કરી, તમારી SPEECH બહુ જ સરસ છે, આ SPEECH છે એ આત્મા નો- સ્વભાવ છે કે શરીર નો સ્વભાવ છે. વાત મેં જિનવાણી ની છે તો યશ જિનવાણીને આપી દેવો જોઈએ, પણ હું વિચારું કે મારી SPEECH કેવી સરસ ! તો આ જે ઔપાધિક હું હતું, એના કારણે મને ગર્વ આવ્યો, આ થયો કષાય, "અપ્રશસ્ત કષાય". પડોશી ને ત્યાં ગમે તેટલી, પૈસાની રેલમછેલ થાય, એનાથી આપણે કદી એ ગર્વ કરતા નથી, અભિમાન કરતા નથી. પડોશીની સંપત્તિ એ આપણી સંપત્તિ નથી, પડોશી ની -

વિશેષતા એ આપણી વિશેષતા નથી, પડોશીને કોઈપણ સિધ્ધિઓ મળી હોય, એ આપણી સિધ્ધિ નથી. જ્ઞાનીઓ સમજે કે શરીરની જેટલી સિધ્ધિ છે, કુળ કોનું છે તો શરીરનું છે. પૈસા કોના છે, પરિવાર કોનો છે સફળતા કોની છે SPEECH કોની છે, શરીર બહુ રૂપાળું છે તો એ રૂપ પણ કોનું છે. એ બધું ઔપાધિકોનું છે. ઔપાધિક હું એના જે ગુણધર્મો એને પોતાનાંમાં લગાડવા, એ પણ એક પ્રકારનું મિથ્યાત્વ છે.

સમાધિતંત્ર ની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે,

घने वस्त्रे यथाऽऽत्मानं, न घनं मन्यते तथा।

વસ્ત્રો જાડા હોય એનાથી જેમ સમજુ માણસ પોતાને જાડો સમજતો નથી.

घने स्वदेहेऽप्यात्मानं, न घनं मन्यते बुधः॥

એ રીતે શરીર જાડું હોય, એનાથી સમજુ માણસ પોતાને જાડો સમજતો નથી. સમાધિતંત્રમાં પૂજ્ય પાદ સ્વામી કહે છે કે સંસારના જેટલા વ્યવહાર છે ને, એ બધા પાગલખાનાના વ્યવહાર છે.

यत्परैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये।

જે સમજે છે, એ કદી કંઈ મળતું નથી, એ શરીરની સાથે બધો વ્યવહાર કરવામાં આવે છે માણસ સમજે કે આ જ બધું, આનામાં જ હું બધું ધરાયું, એ શરીર માટે બધી ધારણા બાંધે છે, શરીરને કહેવા જાય છે, શરીર કશું કાંઈ સમજતું નથી. જે સમજે છે એ કદી દેખાતું નથી.

उन्मत्तचेष्टितं तन् मे यदहं निर्विकल्पकः

નિશ્ચય પ્રાપ્ત એ જોઈએ તો દુનિયાના જેટલા ઝાલિમ છે એ પાગલપણા સિવાય બીજું કશું જ નથી.

પૈસા શરીરના છે, પૈસા તમારા નથી.
રૂપ શરીરનું છે, રૂપ તમારું નથી.
ઉચ્ચકુળનું અભિમાન પણ હોય તો એ અભિમાન આત્મા
નું નથી, શરીરનું છે. પડોશીની વાતોને આપણામાં
લગાડીને ખુશ થવું, આ પાગલપણું નહી તો બીજું શું
છે ?

પ્રશમરતિમાં ઉમાસ્વાતિ મહારાજ કહે છે,

नीचैर्गोत्रं प्रतिभवं अनेकभवकोटिदुर्मोचम् ।

તમારી જાતિ બહુ સારી હોય, બહુ પૈસા હોય, બહુ
રૂપ હોય, બહુ તપ હોય, બહુ જ્ઞાન હોય, બહુ-
બુધ્ધિ હોય, હોય તો પણ તમે એનો અહંકાર નહી
કરતા. જે જે વસ્તુનો અહંકાર કરશો, એ-એ વસ્તુમાં તમે
વધારે ને વધારે પછાત થશો. આગળ ભગવાનની કથા
આવશે, આટલો કુળ મદ કર્યો છે. અસંખ્ય કાળ સુધી
ભગવાનને અનેક ભવો સુધી, નીચ ગોત્ર કર્મનો ઉદય
થયો છે. દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવ્યા એ
કર્મનો છેલ્લો પ્રભાવ હતો, એની પહેલા અસંખ્ય વાર
કર્મે પોતાનો પ્રભાવ બતાડ્યો છે. થોડી મીનીટોનું
અભિમાન !

ममाहो उत्तमं कुलम् ।

કેટલી ઉણ લાગી, કોઈ એની નવકારવાળી ગણી હોય, કોઈ
આખો દિવસ એની ધારણામાં રહ્યા હોય, આવી પણ
વાત નથી. થોડી મીનીટો નો અહંકાર ને એનું આવું
ફળ મળતું હોય, એક વાત સમજ લો કર્મોના ઉદયથી
જે જે ભાવો થાય છે, જે જે એના પ્રભાવો થાય છે.
જે જે અસર થાય છે, એમાં આપણી કોઈ વિશેષતા
નથી, એ ભાવો આપણા નથી, એનાથી હરખાવું એ
પણ પાગલપણું છે. એ અનન્ત દુઃખી કરવાની ચેષ્ટા છે.
કરોડપતિ તમે હો, એમાં પણ તમારી વિશેષતા નથી,
અને સાક્ષાત તીર્થંકર હોય, સમવસરણ બન્યું છે,

બાર ગુણ છે, ચોત્રીસ અતિશય છે, પાંત્રીસ વાણી ના ગુણો છે એક કરોડ જઘન્ય થી દેવતા ઓ છે, તીર્થંકર પણાની પણ બાકી જે ઋધ્ધિ છે, એ આત્મા નો સ્વભાવ નથી, આત્માનો ગુણ નથી, એ પણ કર્મના ઉદયથી થયેલા કર્મના પરીણામો છે. પછી ભગવાન દેશના આપે જેનાથી જીવોનું હિત થાય, એ આખી વાત કહી છે. બાકી ભગવાનના મનમાં પણ આ વાત એકદમ સ્પષ્ટ હોય, જ્ઞાનમાં બહુ જ ચોક્ખું હોય, કે આ બધું જે છે એ મારા આત્મા નો સ્વભાવ નથી, જે મોક્ષમાં સીધો સાથે છે, એ જ આત્માનો સ્વભાવ છે, તીર્થંકર નામ કર્મના ઉદયથી તીર્થંકર ની પણ ઋધ્ધિ થાય, એ ઋધ્ધિ પણ આત્મા નો સ્વભાવ નથી, અને મે જો પણ આત્માનો સ્વભાવ નથી, તો બીજું આપણી દુનિયામાં, આપણી બધી વસ્તુઓમાં, આત્મા નો સ્વભાવ શું છે ?

શાંતસુધારસ ની અંદર વિનયવિજ્ય - મહારાજ કહે છે,

ज्ञानदर्शनचारित्र - केतनां चेतनां विना ।

તમારું કંઈ પણ હોય તો જે ત્રણ જ વસ્તુ છે, એક જ્ઞાન, બીજું દર્શન, ત્રીજું ચારિત્ર,

सर्वमन्यद् विनिश्चित्य यतस्व स्वहिताऽऽप्तये॥

તમારી દીકરી એ તમારી નથી, ઘરેણા તમારા નથી, ઘર, પરિવાર, પૈસો, ધંધો, કશું જ તમારું નથી. તમારું શરીર પણ તમારું નથી, તમારા વિચાર - પણ તમારા નથી, તમારી પસંદ પણ તમારી નથી, તમારું કંઈ હોય તો દર્શન, જ્ઞાન, અને ચારિત્ર છે. એને પકડી લો અને પકડીને તમારું હિત સાધી લો. બાકી બધું જે કંઈ પણ છે, પડોશીનું છે, તમારા ભાગમાં નથી, ઉલ્ટાનું એના મમત્વ ભાવથી,

એના માટે અભિમાન કરી ને તમારો આત્મા વધારે દુઃખી થવાનો, મરીચિ છે, નીચ ગોત્ર કર્મ બાંધે છે.

સભાનો પ્રશ્ન :- મરીચિ ના ભવમાં એમને મદ ઉદયમાં આવવાનો હતો એટલે ભરત મહારાજ નિમિત્ત બન્યા ? કે આ બધું આપોઆપ બની ગયું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- મે આ પ્રશ્નને હું સાર્વત્રિક રૂપ આપું. કોઈ પણ ઘટના બની છે ને, એ પંચસમવાય થી બને છે. સંમતિ તર્ક પ્રકરણ ની અંદર સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજે કહ્યું,

કાલ સહાવો ણિયઈ કમ્મ પુરિસગાર (મિચ્છં) એગંતા ।

આ પાંચ છે, કાળ, સ્વભાવ, નિયતિ, પુરૂષાર્થ અને કર્મ,

તે ચેવ અણેગંતા સમાસઓ હુંતિ સમ્મત્તં ॥

એટલે એમાંથી એક ને કારણ માનવું એ મિથ્યાત્વ, પાંચે ને કારણ માનવા એ સમ્યક્ત્વ. જે માને ભવિતવ્યતા છે એમ જ થાય, આને મિથ્યાત્વ કહેવાય. જે કહે કર્મ થી જ થાય, આને મિથ્યાત્વ કહેવાય. જે કહે પુરૂષાર્થ થી જ થાય, આને મિથ્યાત્વ કહેવાય. આપણે પણ એમ કહી શકીએ કે મારું એવું કર્મ હતું, મારે નરકમાં જવાનું હતું, માટે મેં રાત્રે ખાધું. હવે આમા મારો શું દોષ છે ? તો આ ભવિતવ્યતાના પદાર્થ ઉપર, બધો જ દોષનો કળશ એના માથે ઢોળ્યો, એને જ કારણ બનાવ્યું, તો આ મિથ્યાત્વ કહેવાય. મરીચિ ની એવી ભવિતવ્યતા, ત્રિદંડી પણું લીધું, પોતે આવો માર્ગ શરૂ કર્યો, સાધુ ધર્મની પ્રરૂપણા કરે છે, નીચ ગોત્ર કર્મ બાંધ્યું, ભરત ચક્રવર્તી આવ્યા ભગવાનને જે પ્રશ્ન કર્યો, ભગવાને જે જવાબ આપ્યો, આ બધું નિમિત્ત

બન્યું. છેવટે પોતાના આત્માનો સ્વભાવ, પોતાના કર્મ,
પોતાની ભવસ્થિતિ કે ભવિતવ્યતા, નામે તે કહી શકાય
હજુ આગળ વધી ને એમના જેવા કર્મો ને એ કર્યો
જે ઘટના બની, પણ માત્ર ભવિતવ્યતા થી બને નહિ.
મગ છે, એ મગ તમારે ત્યાં ડબ્બામાં છે તમારે -
એમાંથી મગ બનાવવાના છે એની PROCESS તમે
ચાલુ કરી, કુકરની અંદર મગ મુક્યા, હવે મગ હતા
એટલા માત્રથી તમે પેટ ભરી શકતા નથી, PROCESS
કરવી પડે છે. કુકરમાં મુક્યા એટલે બની જશે એવું
નથી, એની જેટલી સીટી વગાડવાની હોય એ વગાડવી
પડશે, પછી તૈયાર થશે આ કાળ પદાર્થ આવ્યો.
એમાં જે કોરડું મગ હશે, જેને કંકડુ મગ કહેવાય,
શાસ્ત્રની ભાષામાં કોરડું મગ કહીએ આપણે, એ
કોરડું મગ જે ત્રણ નહિ, ત્રીસ સીટી વાગે તો એ
સીઝવાનો નથી, તો એ એનો સ્વભાવ થયો ને પાછે
તમારી થાળી માં પીરસાયા હતા ને, ફોન એવો આવ્યો
કે તમારે થાળી મુકી ને ભાગવું પડ્યું, એમાં ને
ભવિતવ્યતા કહેવાય ! અને બીજા કોઈ મહેમાન એ જ
સમયે ઘરમાં આવ્યા, એણે ENTRY લીધી ને
તમારી ડીશ એને READY (તૈયાર) મળી ગઈ,
આ એના પુણ્ય કર્મનો ઉદય કહેવાય. એટલે ઘણા
બધા FACTORS (કારણો) ભેગા થાય, અને પછી
કોઈ ઘટના બને. આપણે કહીએ કે ભાઈ આ તો
મારા નસીબ માં હશે તો મને મળી જ જવાના છે
ડબ્બામાં તમે એ એને રહેવા જ દો તો તમારું
પાંચમ નું પારણું ક્યારે થાય ?, એટલે આ
વસ્તુ સમજવાની છે કે કોઈ પણ વસ્તુના ઘણા -
બધા FACTORS (કારણો) ભેગા થાય,

नैकं वै कारणं स्यात् ।

કદી પણ એક વસ્તુ છે, એક વ્યક્તિ છે, એ

કારણ ના બની શકે. ઘણા FACTORS (કારણો) ભેગા થઈને કારણ થાય. WORLD TRADE CENTER હોય, જે વિમાન એની સાથે અથડાય, અંદર કેટલા બધા માણસો હોય, જે બધાના કર્મો પણ એ સમયે ઉદયમાં આવ્યા હોય, પેલા માણસનું પણ કર્મ ઉદયમાં આવ્યું છે. ભવિતવ્યતા પણ એવી રચાઈ છે. એવા પ્રકારની તે તે પુદ્ગલોનો, તે મકાનનો એવો સ્વભાવ છે, આ રીતે એ તૂટી પડે, અને આ રીતે તે ઘટના બને, એમાં ઘણા બધા કારણો JOINT (ભેગા) થાય. હકીકતમાં આ પદાર્થ છે એ ઘણો સૂક્ષ્મ છે. કેવલી ગમ્ય છે, કોણ જાણે જાણી શકે, કેવળજ્ઞાની જાણી શકે, આપણે એને થોડી સ્થૂલ દ્રષ્ટિ થી જાણી શકીએ. આપણા જીવનના બધા વ્યવહાર પણ આપણે ક્યા - હિસાબે કરીએ છીએ, આ સમ્યક્ત્વ ના આધારે - કરીએ છીએ. સમ્યક્ત્વ એટલે પંચસવાય રૂપ રે સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજ સાહેબે કહ્યું, જે સમ્યક્ત્વ લેવાનું, સમ્યક્ત્વ ની સ્પર્શના થઈ છે એવું નહીં, મારા નસીબમાં હશે તો પૈસા મારે ઘરે આવી જશે, આમ સમજુ તો કોઈ ધંધો બંધ કરવું નથી. બધી રીતે પુરુષાર્થ પણ કરે, નિષ્ફળતા પણ મળે, હજુ વધારે પુરુષાર્થ કરે, નિષ્ફળતા છે એને પણ પોતે ACCEPT (સ્વીકાર) કરે, સફળતા જે રીતે મળે એ રીતે વધારે પુરુષાર્થ કરે, પછી પણ પૈસા જેટલા મળવા હોય એટલા મળે, વધારે કદાચ ના પણ મળે, ક્યારેક TARGET (લક્ષ્ય) થી વધારે મળી જાય, ક્યારેક ઓછા મળી જાય, ક્યારેક આપણે કહીએ. નસીબ થી મળ્યા, ત્યાં પણ શું થતું હોય છે, એ સ્થિતિ ની અંદર પણ, હકિકતમાં કંઈક પુરુષાર્થ હોય છે. યોગબિંદુ ની અંદર હરીભદ્રસૂરી મહારાજે, પુણ્ય અને પુરુષાર્થ આ બંને નું વિશ્લેષણ કર્યું છે,

નસીબ થકી કે પુરુષાર્થ થકી ? આપણે કહીએ કે આને નસીબથી રૂપિયા મળ્યા, કેમ એ તો લોટરીથી મળ્યા, આપણે કહેશું નસીબ થી મળ્યા. જ્યાં નસીબ થી મળ્યા એમ આપણે કહીએ છીએ ત્યાં, પણ પુરુષાર્થ રહેલો હોય છે. એ માણસ છે એ લોટરીની ટીકિટ ખરીદવા ગયો, આ પુરુષાર્થ છે, સાચવીને રાખી આ પુરુષાર્થ છે. RESULT (પરિણામ) ચેક કર્યું આ પુરુષાર્થ છે. ઈનામ લેવા પોતે જાય છે. આ બધો પુરુષાર્થ છે. એકલા નસીબ થી કદી લોટરી થી પણ રૂપિયા મળતા નથી. એટલે સમજવાનું કે એમાં પણ બંને વસ્તુ રહેલી છે, આપણે કહીએ આ મજૂર છે, એ પુરુષાર્થ થી પૈસા કમાય છે, એનું કોઈ નસીબ નથી. જો એનું નસીબ બિલકુલ નહીં હોય ને તો એને મજૂરી કર્યા પછી પણ, પગાર મળવાનો નથી, એનું કંઈક નસીબ પણ છે, પણ પુરુષાર્થ નો ROLE (ભાગ) વધારે છે. આને પ્રધાન ગૌણ ભાવ કહેવાય, જે પ્રધાન હોય એના થી કાર્ય થાય. પ્રધાન એટલે જેનું પ્રાધાન્ય હોય, આચાર્ય મહારાજ સાહેબ પધારે, સાથે દસ-પંદર-શિષ્યો હોય, આપણે શું કહેશું, આચાર્ય મહારાજ આવી ગયા, કારણકે તે મુખ્ય છે. જે મુખ્ય હોય એનાથી એનો વ્યપદેશ કરાય.

રોજ છે, એની એક હજાર માણસ-શિબિકા ઉપાડી ને જઈ રહ્યા છે. અને રાજા શિબિકા ની અંદર બેઠા છે, લોકો શું કહેશે.

રાજા જાય છે।

રાજા જાય છે, હકીકતમાં પણ પ્રધાન હોય એનો વ્યપદેશ કરાય, એટલે ક્યારેક ઘણું બધું કરવા છતાં પણ પરિણામ ન મળે ને, ત્યારે શું કહેવાય ? એની ભવિતવ્યતા એવી હતી. કહેશું આપણે !

એટલે પુરૂષાર્થ, કર્મ વગેરે બધાની ઉપર ભવિતવ્યતા હાવી થઈ ગઈ. પુરૂષાર્થ વગેરે હતા, પણ ભવિતવ્યતા નો ભાગ વધારે હતો, એટલે આપણે કહેશું જેવી ભવિતવ્યતા !

કોઈ બહુ જ નિરોગી હતો, એણે કોઈ સિગરેટ નથી પીધી, ગુટખા નથી ખાધા, અને એને કેન્સર થઈ ગયું, આપણે કહીએ કે કર્મનો કેવો ઉદય છે. કોઈ મહાત્મા છે, અને પોતે ખુબ જ આરાધના કરે છે. ખુબ આરાધના કરીને કેવળજ્ઞાન પામે છે. ત્યારે એમ કહેવાય કે એમનો પુરૂષાર્થ કેટલો બધો કામ કરી ગયો, એટલે આ રીતે જુદી જુદી રીતે વ્યપદેશ થાય. જ્યાં નસીબ કહીએ છીએ, ભવિતવ્યતા કહીએ છીએ, ત્યાં પણ કંઈક પુરૂષાર્થ હોય છે, માત્ર કોઈ એકાદ નય ઉપર, એકાદ કારણ ઉપર કળશ ઢોળવો, આમાં ગેરસમજ છે, આપણ ને સમજાય કે ના સમજાય. આપણી બુદ્ધિમાં ઉતરે કે ના ઉતરે, કોઈ પણ ઘટના આ બધા જ કારણો ભેગા થઈ ને જ બનતી હોય છે, એના વગર બનતી નથી.

આગળ કહીયા કરે છે. કે. ભગવાન જ્યારે મોક્ષે જાય છે, સાધુ જો સાથે પોતે વિચરે છે, લોકો ને પ્રતિબોધ કરે છે, અને સાધુઓને શિષ્ય રૂપે આપે છે. એક વાર મરિચી માંદા પડે છે. સાધુ ધર્મ રહિત છે. એટલે કોઈ પણ સાધુ એમની વૈયાવચ્ચ કરતા નથી, જો ગૃહસ્થ કહેવાય, એમની વૈયાવચ્ચ કરે તો દોષ લાગે, એટલા માટે વૈયાવચ્ચ નથી કરતા, એટલે મરીચિ એમ વિચારે છે કે આટલા બધા સમયથી એમની સાથે છું, બધા આટલા પરિચિત છે, તો પણ કોઈ મારી સેવા કરતું નથી, તો જ્યારે હું નિરોગી થઈશ, ત્યારે કોઈ વૈયાવચ્ચ કરે એવા શિષ્યને હું કરીશ. એ નિરોગી થાય છે, એક દિવસ કપિલ નામનો

રાજકુમાર, દેશના સાંભળીને પ્રતિબોધ પામે છે અને કહે છે કે મારે દીક્ષા લેવી છે, મરીચિ કહે છે અત્ર તમે સાધુઓની પાસે દીક્ષા લો. એ સમયે કપિલ છે એ ત્યારે કહ્યું છે, એ કહે છે કે હું તમારી પાસે જ વ્રત લઈશ. મરીચિ ઘણું બધું સમજાવે છે, શ્રમણો ત્રિદંડ રહિત છે, હું ત્રણ દંડ વાળો છું. એ દ્રવ્ય ભાવથી મુંડ છે, હું તો કષાય વાળો છું, મેં તો આ અસ્તરા થી મુંડન કર્યું છે. એ લોકો સ્નાન નથી કરતા, હું સ્નાન કરું છું. મારામાં આટલા બધા દોષો છે, તમારે ત્યાં જ દીક્ષા લેવી ઉચિત છે. અને કપિલ છે એ બહુ આગ્રહ કરે છે અને આગ્રહ કરીને એક પ્રશ્ન કરે છે કે, શું તમારી પાસે બિલકુલ ધર્મ નથી ?

મરિચી ક્યારના સમજાવી રહ્યા હતા, સમજાવી રહ્યા હતા.. સમજાવી રહ્યા હતા, ધીમે ધીમે થાક્યા હતા. અને જ્યાં આ પ્રશ્ન આવ્યો ત્યાં મરિચીને એમ થાય છે કે આ શિષ્ય મારે યોગ્ય છે. એમને આટલી બધી વળગી છે. એ આટલી વળગી છે ને આમ પણ મારે એક શિષ્ય તો કરવો હતો, ને એ સમયે મરીચિ જવાબ આપે છે, કે સાધુઓ પાસે પણ ધર્મ છે, ને મારી પાસે પણ ધર્મ છે. આવું ઉત્સુત્ર વચન પોતે બોલે છે, એમની પાસે દીક્ષા કપિલ લે છે, અને આ ઉત્સુત્ર થી મરિચી એક કોડા-કોડી સાગરોપમ સમાન, એટલા સંસારની વૃધ્ધિ કરે છે.

સાધકોનો પ્રશ્ન :- મરીચિ એ આટલું બધું CONFESS (કબુલ્યા) પછી એ આવું થઈ શકે ?

પૂજ્ય શ્રી નો ઉત્તર :- CONFESS કર્યું, એ આપણો DRIVING બહુ સરસ કર્યું.

સોમવાર

DATE 21 08 2017

બે હજાર કિલોમીટર DRIVING સરસ કર્યું. ફક્ત બે
સેકન્ડ માટે આપને ઝોકું આવી ગયું. ભગવાન કહે છે,

चरे पयाइं परिसंकमाणो ।

ઉત્તરાધ્યયન સુત્ર નું થોડું અધ્યયન, એના એક એક પદ
એવા છે, શ્લોક એવા છે, આમ રૂંવાડા ઉભા થઈ
જાય. ભગવાન કહે છે કે મોહ રાજા છે ને લાગ શોધી
રહ્યો છે, તમે બહુ ઉપર આવી ગયા. તમે મોક્ષની
બહુ નજીક આવી ગયા, અને હવે મોહ રાજા પળેપળે
લાગ શોધે છે, કે આ વ્યક્તિ ને હું કઈ રીતે પછાડું.
તમે બારણા બંધ કરો જે બારી માંથી ઘુસી જાવશે.
તમે બારી બંધ કરો જે ફાંટ માંથી આવશે, તમે
ફાંટો બધી બંધ કરો, કોઈ નબળી દિવાલમાં ગાબડું
પાડીને મોહ રાજા આવી જશે. ખુબ એ બહુ નીચે છે
તો એના ચડવાના CHANCE વધારે છે. ખુબ બહુ
ઉંચે છે, તો એના પડવાના CHANCE વધારે છે.
ખુબ નીચે છો, નીચે થી વધારે નીચે જઈ શકાતું નથી.
ઉપર ચડ્યો છો, જોખમ વધ્યું છે.

चरे पयाइं परिसंकमाणो ।

તમે એ સાધક હો તો તમે પળે પળે સાવધાન રહેજો,
મોહ ને ક્યાંય લાગ ન મળી જાય, એ તમને કોઈપણ
રીતે, કોઈ ને કોઈ કષાયથી, આપણે છે ને આમ
થોડી લોભ કષાય છોડીએ, અને લોભ કષાય છોડી ને
આપણે પૈસાની કંઈક મુર્છા ઉતારી, કંઈક દાન આપ્યું.
અને ત્યાં તો માન કષાય છે જે આપણું ગળુ પકડે,
તો હકીકતમાં આપણે તો ત્યાંના ત્યાં જ રહ્યા.
લોભ છોડ્યો ને માન ભર્યું કે ભાઈ મેં દાન આપ્યું.
હવે મારું નામ આવવું જોઈએ, હવે મારા હારતોરા થવા
જોઈએ, હવે મારી વાહ-વાહ થવી જોઈએ. તો મોહનીયની
એક હાથ હતો જે આપણા ગળેથી છુટી ગયો, બીજો
હાથ આવી ગયો, તો આપણે તો ત્યાં ના ત્યાં જ રહ્યા !

મરીચિએ CONFESS કર્યું છે માત્ર એકાદ દિવસમાં નહિ, કદાચ એકાદ VISIT માં નહિ, કેટલા વર્ષો થી મરીચિ CONFESS કરી રહ્યો છે, પ્રતિબોધી--- પ્રતિબોધી ને રાજકુમારો ને સાધુઓ પાસે મોકલી રહ્યો છે. ખબર છે પોતે એકલો રહેવાનો, છતાં પણ ઉત્સુત્ર પ્રરૂપણા કરી નથી. આ મરીચિની જે શુદ્ધિ હતી, પણ આ શુદ્ધિ જે આટલા સમય માટે ગુમાવી, એક પણ વાર શીલનું ખંડન કરીને, સો વરસનું આયુષ્ય હોય, મન-વચન-કાયાથી શીલ પાળ્યું છે, એક વાર માત્ર ખંડન કર્યું છે, પછી એને સતી ના કહેવાય, અસતી જ કહેવાય.

एकशोऽपि सती कुम्भ-शीका स्याद्सती सदा ।

ને હંમેશ માટે અસતી બની જાય, ઉત્સુત્ર પ્રરૂપણા કરી, મરીચિ ની આ ઘટના માંથી આપણે જોવું છે કોઈ દીક્ષા લેવા માંગતું હોય ને આપણે એને કહીએ કે ઘરે રહીને પણ ધર્મ થાય! મરીચિ પાસે બ્રહ્મચર્ય કેવું હતું, મરીચિ પાસે સમ્યકત્વ કેવું હતું, મરીચિ પાસે આ શુધ્ધ પ્રરૂપણા ની જે સાધના હતી, અને આ આટલા દોષ સિવાય મરીચી એ બીજે ક્યાંય એવો મોટો દોષ લગાડ્યો નથી. આ જે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળો વધારે માં વધારે ચોથો દેવલોક મળી શકે, મરીચિ મરીને પાંચમા દેવલોક માં ગયા છે. મરીચિ આટઆટલું પાળતા હોય વિશુધ્ધ બ્રહ્મચર્ય ના સ્વામી છે, સમ્યકત્વ છે, સાધુઓ પ્રત્યે નો બહુમાન છે, પોતાના મતના દોષો ની કબુલાત છે, ને છતાં એ મારે ત્યાં પણ ધર્મ છે આવું કહેવાથી, એક કોડા કોડી સાગરોપમનો મરીચિનો સંસાર વધતો હોય, આપણે જ્યારે બોલીએ ઘરમાં રહીને પણ ધર્મ થાય, ત્યારે આપણું શું થશે? હું તમને પુછુ ઘરમાં ધર્મ છે? કે પરંપરા

હોય એના ગાણા ગાયા. સામાયિક, પૌષધ, સુપાત્રદાન, દાન, અષ્ટપ્રકારી પૂજા, જિનાલય નિર્માણ વગેરે ધર્મો ઘરમાં છે. દેશવિરતી ધર્મ છે. ત્યારે આપણે કહીએ કે ઘરમાં ધર્મ છે ત્યારે ઉત્સુત્ર જ થાય એવું જરૂરી નથી. પણ આપણો સંદર્ભ જોવો હોય છે. દીક્ષા લેવાની જરૂર નથી, એનું અંતર્ગત તાત્પર્થ એનું અર્થઘટન. એવું નીકળે, જેમ દીક્ષા માં ધર્મ છે, એમ ઘરમાં પણ ધર્મ છે. ઘરમાં પણ ધર્મ થાય, દીક્ષા માં પણ ધર્મ થાય. ઘરમાં પણ ધર્મ છે, માટે દીક્ષા લેવાની - જરૂર નથી. મરીચિ ના ઉત્સુત્ર કરતા પણ આ વધારે ભયંકર ઉત્સુત્ર છે.

એક મહાત્મા છે ને રોજ નવકારશી કરે છે, કદાચ તબિયત સારી નથી, દિવસ માં પાંચ સાત વાર વાપરવું પડે છે, એક શ્રાવક છે માસ-ક્ષમણ ના પારણે માસક્ષમણ કરે છે. ઉત્તરાધ્યયન સુત્ર ની અંદર પ્રશ્ન કર્યો,

ગારત્થેહિં ય સવ્વેહિં સાહવો સંજમુત્તરા ।

ગૃહસ્થ અને સાધુ આ બેનું અંતર કેટલું ? અને ભગવાન કહે છે, માસક્ષમણ ના પારણે માસક્ષમણ કરનાર શ્રાવક કરતા, નવકારશી કરતા સાધુ ઉંચા ! ઉંચા માં ઉંચા શ્રાવક કરતા પણ, એક જઘન્ય કક્ષાની આરાધના કરતા, એક MINIMUM આરાધના કરતા, એવા મહાત્મા ઉંચા છે, આવું ભગવાનનું વચન, એની સામે આપણે બોલીએ, હું તમને કહું છું, દીક્ષા હજુ કદાચ તમારાથી નહિ લેવાય ને, પણ દીક્ષા નો પક્ષપાત હશે, તો કોઈક ભવમાં તમારો નિસ્તાર થશે. પણ દીક્ષા ને જોઈને આપણે એ અનુમોદના નથી કરી, દીક્ષા ની FAVOR નથી કરી, દીક્ષાર્થી ને જોઈને રોમાંચિત નથી થઈ ગયા, આપણને કોઈ બહાર ની કે ઘરની વ્યક્તિ એ દીક્ષા ની વાત કરી, છાતી ગદગદ ફુલે

સોમવાર

DATE 21 08 2017

આજ આંખી આનંદના અશ્રુ વહેવા લાગે, મારા-ઘરમાંથી કોઈ દીક્ષા ક્યારે લેશે ? એ આનંદ મને ન થાય, સંયમનો એ પક્ષપાત નથી, ચારિત્રનો એ રાગ નથી, ઉપરથી એનું ખંડન કરયું છે. ઉપાધી ગૃહસ્થપણા નું અનુમોદન કરવું છે. તો સમજી લો કે આવતા ભવમાં આપણને દીક્ષા તો નહીં મળે, સમ્યક્ત્વ પણ મળશે નહિ !

એક ગ્રંથ છે ધર્મ-પરીક્ષા ને ધર્મ પરીક્ષા ગ્રંથની અંદર, મહોપાધ્યાયજી એ આ ઘટના નું આખું વિશ્લેષણ કર્યું છે, પૂર્વ પક્ષ પ્રશ્ન કરે છે કે, મરીચિ છે એ પણ સમ્યક્ત્વી છે. માર્ગાનુસારી છે. અણુવ્રતી છે. તો એ જ્યારે કહે છે કે મારી પાસે પણ ધર્મ છે, ત્યારે ધર્મ છે જ. ખોટું શું છે ? જનો એ એ ખોટું નથી તો એ ઉત્સુત્ર કઈ રીતે ? ત્યાં જવાબ મહોપાધ્યાયજી આપે છે. એનો આશય છે એ અણુવ્રતી ને આશયે ધર્મ છે એવો ન હતો, પણ જે શ્રમણ ધર્મ છે એ પ્રકારની વિરતી મારી પાસે પણ છે એ આશય થી કહ્યું કે મારી પાસે પણ ધર્મ છે. તો માટે એ ઉત્સુત્ર પ્રરૂપણા હતી. કયા શબ્દો હતા એ પણ કદાચ ખોટુ વાત થઈ જાય, છેલ્લે તો આપણો ભાવ કયો હતો, આપણે કદાચ બચાવ કરી શકશું, કોઈને ભુલાવા માં નાખી શકશું, અને શાસ્ત્ર વિરુધ્ધ પ્રરૂપણા ને પણ LOGIC (તર્ક) આપીને સાબિત કરવાનો પ્રયાસ કરી શકશું. છેલ્લે તો આપણી અંદર નું જે સંક્લિષ્ટ કે વિશુધ્ધ પરીણામ હશે, એના આધારે આપણને અશુભ કે શુભ ફળ મળશે. બહુ હોંશિયાર થવા જાય, માયા કરવા જાય, જીવને બનાવવા જાય, એનું ધર્મ ક્ષેત્રમાં કામ જ નથી. જેટલા સરળ

રહ્યા, જેટલા પારદર્શક રહ્યા, જેટલા પ્રામાણિક રહ્યા, જે હતું જે કર્યું, કેટલું થઈ શકે જેમાં હવુ કદાચ અપવાદ હોય શકે, શક્તિ ની મર્યાદા હોય શકે, માનવામાં કદી પણ શક્તિ ની મર્યાદા નડતી નથી, પ્રરૂપણા હોય છે જેમાં કદી પણ કોઈ મર્યાદા નડતી નથી. પ્રરૂપણામાં શુધ્ધતા હોય, માનસિક અને પ્રામાણિકતા હોય, શારીરિક કદાચ કોઈ મર્યાદા હોય, ઓછું પણ થાય, બચાવ મળશે. પણ જ્યાં દેહ આવ્યો, ત્યાં આપણી પોતે જ આપણા આત્મા ને વધારે ડુબાડવાના છીએ. હું કહું છું, કંઈ પણ બોલતા પહેલા વિચારો. અને જેમાં પણ ધર્મ ક્ષેત્ર ની વાત હોય, કોઈ ધાર્મિક બાબત હોય, કોઈ શાસ્ત્રીય બાબત હોય, શું જ્ઞાન છે આપણી પાસે ? શું બધા આપણે ? ધડાધડ ચર્ચા કરી શકીએ, ધડાધડ અભિપ્રાયો આપી શકીએ, એનો આગ્રહ રાખી શકીએ, ઝઘડાઓ કરી શકીએ.

મરીચિ અગિયાર અંગના પોતે જ્ઞાતા છે, આટલી દેશના શક્તિ ના સ્વામી છે, કેટકેટલા ને દીક્ષા અપાવી છે, એક વાક્ય ની ભુલ થઈ છે ને એનાથી એમની એક અવસર્પીણી નો સંસાર વધી ગયો છે. પહેલા ભગવાનના કાળની વાત ને પોતાની મોક્ષ, જે આજી અવસર્પીણી ના અંતે ચોથા આરાના અંતિમ સમયે થાય છે, એક કોડા-કોડી સાગરોપમ જેટલો સંસાર વધ્યો છે. સાચું બોલો આપણું શું થશે ?

સભાનો પ્રશ્ન :- મરીચી એ એ આલોચના લીધી હોત તો ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- હા, એ આલોચના લીધી હોત તો શુધ્ધ થાત, પણ આલોચના લીધી નથી, બીજુ વાત એ છે જ્યારે કર્મ નિકાચિત થઈ જાય

ત્યારે આલોચનાનો પરિણામ પણ જીવને જાગતો નથી,
ત્રીજુ વાત, જ્યારે બહુ જ ગંભીર પાપ હોય,
ત્યારે એની આલોચના પણ હોતી નથી. કોઈએ
ઉન્માર્ગ પ્રવર્તાવી દીધો, ઉત્સુત્ર પ્રરૂપણા કરી દીધી
હજારો ને ગેર માર્ગે દોર્યા, અને જે બધાને ગેરમાર્ગે
દોર્યા પછી, પોતે આલોચના કરવા જાય, તો -
સર્વજ્ઞ કહે કે તમને તો હજુ એ હું કંઈક આપું,
પણ તમે આટલા ને જે ભટકાવ્યા, એનું શું ?,
અને સર્વજ્ઞ ભગવંત પણ કહે કે ભાઈ તમારા માટે
પણ કોઈ પ્રાયશ્ચિત નથી, તમારે તમારા પાપ ને
ભોગવવા જ પડશે. પ્રાયઃ કરીને એવા આત્મા ને
આલોચના નો પરીણામ ન થાય, મરીચિને પણ
થયો નથી, અને આટલો સંસાર એમનો વધ્યો
છે. આના ઉપરથી આપણે સમજવાનું, ઉત્સુત્ર -
પ્રરૂપણા આપણાથી થાય નહિં, કોઈ પણ બાબત
હોય, ગુરુનું શરણ લેવું જોઈએ. સમર્પિત રહેવું
જોઈએ. શાસ્ત્ર ને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.
અને પછી કંઈક બોલવું જોઈએ. આડેધડ અભિપ્રાય
આપવા, એ એક જાતની આત્મહત્યા છે. પોતાના
આત્મા નો દ્રોહ છે. એનાથી પોતાના આત્માનું
અહિત થાય.

આગળ વધી ને એમના ભવો કહે છે,
કપિલ દીક્ષા લે છે,

સભાનો પ્રશ્ન :- હમણાં આપે જે માયા અને
દંભ ના સંદર્ભ માં કહ્યું ને, એમાં
ઘણી વાર મહારાજ, પોતાના બીજા દોષોને છુપાવવા
તીર્થ કે દહેરાસર બંધાવે, બહુ ક્રોધી હોય પણ
આ બધું સારું દેખાડવા કરે તો ભલાભોળો એક
કમયતો ઓછો થયો ને, તો આમાં દંભનું પ્રમાણ

કઈ રીતે ખેવાય ?
પૂજ્ય શ્રીનો ઉત્તર :- ગ્રૂપ આપણે કઈ કંપની નું -
જાઈએ તો વધારે સારું. એક
વસ્તુ સમજુ લો કે, કષાયથી તો આત્માનું હિત નથી જ.
અને મોક્ષ એ જોઈએ છે તો ભગવાન કહે છે,
कषायमुक्तिः किल मुक्तिरेव।
મોક્ષ શું છે ? એક દ્રવ્ય પ્રક્રિયા થાય છે. કે કર્મો ક્ષય
થયા અને આત્મા મોક્ષે પહોંચી ગયો. આ
ક્ષેત્રાંતર ગમન એ એક ઉપચરિત મોક્ષ છે. ભાવ મોક્ષ
મોક્ષ હોય, તો તમે જેટલા કષાયોથી મુક્ત થયા એ
મોક્ષ. આપણે શું ઈચ્છીએ છીએ કે ભાઈ મારી
ટેમ્પા થી અકસ્માત ના થવો જોઈએ, ગાડીથી નહી,
રીક્ષા થી નહી, બાઈક થી જ થવો જોઈએ, એમાં
પણ વધારે અકસ્માત ના થવો જોઈએ, આવું કોઈ
પણ COMPROMISE આપણે શરીર માટે ઈચ્છતા નથી,
કે બાઈક નો ચાલશે ને ટેમ્પો નો ના ચાલે.
ભગવાન કહે છે કે એ મોક્ષ જોઈએ છે, એ આત્માનું
હિત કરવું છે તો, એટલો સંકલ્પ કરો, કે મારે એક
પણ કષાયો નો પડછાયો જોઈએ નહિ, જેટલી શુદ્ધ
આરાધના થાય એના માટે નો જ પુરુષાર્થ જોઈએ.
એ પુરુષાર્થ કરતા કરતા કોઈ દોષ લાગી ગયો BY
CHANCE એની આલોચના જોઈએ. પણ એક પણ
દોષ આપણને સ્વીકાર્ય તો ન જ હોવા જોઈએ. દોષ
સ્વીકાર્ય છે તો સંસાર સ્વીકાર્ય છે. દોષ સ્વીકાર્ય છે તો
દુર્ગતિ સ્વીકાર્ય છે. દોષ નો સ્વીકાર તો ના જ જોઈએ
લાગે તો શુદ્ધિ કરીએ, તો ક્રમશ: ક્રમશ: આત્માની
શુદ્ધિ વધતી જાય, અને આત્મા મોક્ષ ને પામી શકે.
આગળના ભવો કહે છે, પછી પાપ
છે એની આલોચના કર્યા વગર, ચોર્યાસી લાખ પૂર્વનું
આયુષ્ય પુરૂ કરીને મરીચિ મૃત્યુ પામે છે, ચોથા ભવમાં

સોમવાર

DATE 21 08 2017

બ્રહ્મલોક નામના પાંચમાં દેવલોકની અંદર ઉત્પન્ન થાય છે. ત્યાંથી પાંચમા ભવે કોલ્લાક સન્નીવેશમાં વિષયાસક્ત બ્રાહ્મણ થાય છે. છેલ્લે ત્રિદંડી થાય છે, અને ઘણો સમય સંસારમાં ભટકે છે. એ સ્થૂળ ભવોની અંદર આપણે જે ૨૭ ભવ કહીએ ને એ સ્થૂળ ભવો છે, મોટા-મોટા ભવો છે, વચ્ચે - એકેન્દ્રિયના ઘણા - બધા ભવો થઈ ગયા, અસંખ્ય કાળ ભગવાન જુદી-જુદી યોનીઓની અંદર, એકેન્દ્રિય વગેરે માં ભગવાનના જીવે ભ્રમણ કર્યું છે. સ્થૂળ ભવોની સંખ્યા તો ૨૭ ભવોની થાય! એ આગમ વગેરે ભણો, એ લોકપ્રકાશ વગેરે ગ્રંથો ભણો, તો એની અંદર ભવસ્થિતિ - કાયસ્થિતિ આવી છે, એક હજાર સાગરોપમ, એનાથી વધારે પંચેન્દ્રિય - પણું ટકી શકતું નથી. એક હજાર સાગરોપમ - એના કરતા વધારે, પંચેન્દ્રિય પણું ટકી શકતું નથી. બે હજાર સાગરોપમ એનાથી વધારે ત્રસ પણું ટકી શકતું નથી. તમે કે હું એ બે હજાર સાગરોપમ સુધીમાં, આપણો મોક્ષ ના ગયા, તો આપણું એકેન્દ્રિય માં જવું નિશ્ચિત છે. એક હજાર - સાગરોપમ સુધી એ આપણો મોક્ષ ના ગયા, વધારે માં વધારે એક હજાર સાગરોપમ સુધી પંચેન્દ્રિય માં રહી શકાય, પછી પંચેન્દ્રિય થી નીચે પડવું પડે. બે હજાર સાગરોપમ સુધી પણ આપણો મોક્ષ ના ગયા, તો એકેન્દ્રિય ની અંદર પણ જવું પડે.

સંસાર ઘણો ખતરનાક છે, થોડો સમય થોડો CHANCE આપણને મળ્યો છે, એને એ સાધી લેશું તો આત્માનું કલ્યાણ થશે. ઘરને જે બધું તો છુટવાનું જ છે, ના છોડો તો જે છુટવાનું છે, પણ આત્મા છે એનો

આ બધું એવી રીતે છોડ્યું એટલે તેનાથી, આત્માનું કલ્યાણ થાય. મોક્ષે એ પહોંચી શક તો આ બધું જ ભવભ્રમણ છે એ ના થાય. બીજુ વસ્તુ એવાની છે આમાં, મરીચિ ને સાધુ વેશ મળ્યો હતો, છતાં પણ એ છોડી ને ત્રિદંડી પણું સ્વીકાર્યું, તો પછી ઘણા ભવો સુધી એને સમ્યકત્વ નથી મળ્યું, જૈન કુળ નથી મળ્યું, સાધુ પણું નથી મળ્યું, પણ ત્રિદંડી પણું જ મળે છે.

પણ સાહેબ છે ને છતાં ઉભા- ઉભા- પ્રતિક્રમણ કર્યું નથી, તો પછી એને પગ મળે નહિ. મળે તો કદાચ ખોડ- ખાંપણ વાળા મળે. શક્તિ છે આરાધના કરવી નથી, તો પછી એને શક્તિ પણ મળે નહિ, તમને સાધુપણું મળ્યું હતું, પણ તમે પાળ્યું નહિ, તો હવેથી તમને સાધુપણું મળશે નહિ, મરીચિ ઉપર આ સત્ર કોતરાઈ ગઈ. ત્રિદંડી પોતે થાય છે. છેલ્લે પછી મરીને સંસારમાં ઘણો કાળ ભમે છે.

છઠ્ઠા ભવમાં સ્થુના નગરી, બહોંતેર લાખ પુર્વ નું આયુષ્ય, ત્રિદંડી થઈ ને પોતે મરે છે. સાતમાં ભવમાં સૌધર્મ કલ્પ માં મધ્ય સ્થિતિ ના સુર એટલે કે દેવ થાય છે. આઠમા ભવમાં ચૈત્ય સન્નીવેશમાં 60 લાખ પુર્વ વાળા અગ્નિદ્યોત બ્રાહ્મણ થાય છે, ત્રિદંડી બની ને મરે છે. નવમાં ભવમાં ઈશાન દેવલોક, એમાં મધ્યસ્થિતિ વાળા પોતે દેવ થાય છે, ત્યાંથી ચ્યવી ને દસમાં ભવમાં, મંદર સન્નીવેશમાં, સન્નીવેશ એટલે દેશ, એ દેશની અંદર 56 લાખ પુર્વ વાળા અગ્નિભૂતિ નામના બ્રાહ્મણ થાય છે. છેલ્લે ત્રિદંડી થઈ ને મરીને પછી અગિયારમાં ભવમાં ત્રીજા કલ્પની અંદર, મધ્ય સ્થિતિવાળા દેવ થાય છે, ત્યાંથી ચ્યવી ને બારમા ભવમાં

શ્વેતાંબી નગરીમાં ૭૪ લાખ પૂર્વના આયુષ્યવાળા -
ભારદ્વાજ નામના બ્રાહ્મણ થાય છે. છેલ્લે ત્રિદંડી
થઈ ને પોતે મરી ને, ૧૩ મા ભવે માહેન્દ્ર કલ્પમાં
મધ્ય સ્થિતિવાળા દેવ થાય છે. ત્યાંથી ચ્યવીને
કેટલોક સમય સંસારમાં ભમે છે. ચૌદમાં ભવમાં
રાજગૃહી નગરીમાં, ૩૪ લાખ પૂર્વ આયુષ્યવાળા,
સ્થાવર નામના બ્રાહ્મણ થાય છે. ત્રિદંડી થઈને મરે
છે. પંદરમાં ભવમાં બ્રહ્મલોકમાં મધ્ય સ્થિતિના
દેવ થાય છે, અને સોળમા ભવમાં એક કરોડ વર્ષના
આયુષ્ય વાળા, વિશ્વભૂતિ નામના યુવરાજ પુત્ર થાય છે.
સંભુતિ મુનિ એમની પાસે ચારિત્ર લે છે. એક
હજાર વર્ષ સુધી દુષ્કર તપ કરે છે, પારણામાં
મથુરામાં ગોચરી પોતે ગયા છે, એક ગાય છે,
એ ગાય આવે છે એમની પાસે, મહાત્મા તપથી
એકદમ કૃષ થયા છે, એમને જમીન ઉપર પાડી દે
છે. એ સમયે ત્યાં લગ્ન માટે વિસાખનંદી -
આવ્યા છે, એ હસે છે ત્યારે મહાત્મા ગુસ્સે
થઈ જાય છે, ગાય ને એને શિંગડા થી પકડે છે,
પોતે ગોળ -- ગોળ ભમાડે છે, ઉપર નાખે છે
અને પાછા પોતાને હાથ આવે છે તો એને ઝીલી
લે છે. અને એ સમયે નિયાણું કરે છે કે,
મારો જે ઉગ્ર તપ છે, એનાથી મને ખુબ જ
ભવાંતરમાં બળ મળે, આવું નિયાણું કરીને મરીને
સત્તરમાં ભવમાં મહાશુક્ર દેવલોકની અંદર -
ઉત્કૃષ્ટ સ્થિતિ વાળા દેવ થાય છે ત્યાંથી ચ્યવીને
અઢારમાં ભવમાં પોતનપુરમાં પ્રજાપતિ રાજા છે,
પત્ની રૂપે પોતાની દીકરી સ્થાપી છે મૃગાવતિ,
એમની કુક્ષિમાં ૮૪ લાખ વર્ષના આયુષ્ય વાળા ત્રિપૃષ્ટ
વાસુદેવ થાય છે. બાલ્યકાળમાં અશ્વદેવ નામના
પ્રતિવાસુદેવની આજ્ઞાથી પોતે જે ડાંગરના ખેતર છે,

એની રક્ષા કરવા પિતાજી જતા હોય છે. એમને વારે છે,
પોતે ત્યાં જાય છે. ઉપદ્રવ કરનાર જે સિંહ છે,
બધા શસ્ત્ર છોડી ને, એ સિંહના બે હોઠ પકડે
છે. અને બે હોઠ થી સિંહ ને ફાડી નાખે છે. અને
પોતે ક્રમશ: વાસુદેવ પણું પામે છે. એકવાર એવું
બને છે, વાસુદેવ એટલે શું ?, આપણે સમજીએ છે
જે વાસુદેવ નો થોડો જુદો સંદર્ભ બને છે. આગમમાં
વાસુદેવ એટલે, જે ચોવીસ તીર્થંકર થાય, એમ નવ
વાસુદેવ થાય, નવ બળદેવ થાય, અને બાર ચક્રવર્તી
થાય. આ ત્રેસઠ શલાકા પુરુષ કહેવાય. ઉત્તમ પુરુષ
હોય, ભલે રાવણ જેવા પણ હોય, જેને પ્રતિ વાસુદેવ
કહેવાય, નવ પ્રતિવાસુદેવ પણ આવે એમાં. આ બધા
કદાચ પાપ એ કરે, કદાચ નરકમાં પણ જાય,
પણ એ લોકો નિકટ ના કાળમાં મોક્ષે જનારા હોય,
એ ઉત્તમ પુરુષ હોય. અમુક પાપ થઈ જાય, અમુક
ભૂલો પણ થઈ જાય, વાસુદેવ- પ્રતિવાસુદેવથી, છતાં
પણ એ ગુણવાન પુરુષો હોય. એટલે એ અહીંયા
પોતે ત્રીપુષ્ટ વાસુદેવ, આ અવસર્પિણીમાં જે નવ
વાસુદેવ થયા, એમાં પહેલા વાસુદેવ તરીકે ભગવાનનો
જન્મ થાય છે. અને ભગવાન આ રીતે સિંહની
હત્યા પણ કરે છે, ઘણા યુદ્ધો પણ કરે છે.
એક વાર કેટલાક સંગીતકારો આવે છે, એ લોકો
સંગીત નો કાર્યક્રમ બતાવવા ઈચ્છે છે. રાત્રિનો સમય
છે. ત્રિપુષ્ટ વાસુદેવ કહે છે ભલે, કરો -
કાર્યક્રમ પોતે શૈયામાં આડા પડ્યા છે, શૈયા પાલક
છે એને કહે છે, કે મને ઊંઘ આવી જાય ને
એટલે આ બધાને વિદાય કરી દેજે. વાત કરી છે,
સંગીત ચાલુ થયું છે. સંગીત અદ્ભુત છે. શૈયા-
પાલક જુએ છે કે વાસુદેવ હવે પોઢી ગયા છે.
નિદ્રાધીન થઈ ગયા છે. પણ સંગીત એટલું સરસ કે

એને સાંભળવાનો લોભ જાગ્યો, સાંભળતો રહે છે,
સાંભળતો રહે છે, પેલા લોકોને વિદાય કરતો-
નથી. ઊંઘ ફરી ઉડી જાય છે, ઉડી જાય છે,
ગુસ્સો આવે છે, મારી આજ્ઞા કરતાં પણ તને
સંગીત વધારે સારું લાગે છે. હવે થાજનું ફળ.
સેવક ને આજ્ઞા કરે છે, ઉકળતા સીસાનો રસ
લાવવામાં આવે છે, સેવકને આજ્ઞા કરે છે એના
કાનમાં નાખી દો, કાનની અંદર ઉકળતો સીસાનો
રસ નાખવામાં આવે છે, સંગીત પ્રિયતા જે કાનના
કારણે હતી, એને એક પ્રકારનું ફળ મળે છે
આ વિષય સુખ નો અંજામ છે. ભગવાન પણ આ
સમયે એવું કર્મ બાંધે છે, જેનાથી અંતિમભવમાં
ભગવાન ના કાનમાં ખીલા ઠોકવામાં આવે છે. જીવ
પણ ઘણા રૌદ્ર કર્યો ભગવાને એ ભવની અંદર
કર્યા, અને મરીને પોતે ઓગણીસ માં ભવમાં
સાતમી નરકમાં નારક પણે ઉત્પન્ન થાય છે.
ત્યાંથી નીકળી ને વીસમાં ભવની અંદર સિંહ
થાય છે, મરી ને એકવીસમાં ભવમાં ચોથી નરકમાં
નારક થાય છે. ત્યાંથી નીકળીને ઘણો કાળ ભ્રમણ
કરીને બાવીસ માં ભવમાં, શુભ કર્મ ઉપાર્જિત કરે છે.
ત્રેવીસ માં ભવમાં, મુકાપુર માં ધનંજય રાજા
અને ધારિણી દેવી, એમના દીકરા તરીકે ૮૪ લાખ પૂર્વના
આયુષ્ય વાળા, પ્રિયમિત્ર ચક્રવર્તી થાય છે. કૌટિલ-
આચાર્ય પાસે દીક્ષા લે છે, એક કરોડ વર્ષ સુધી
દીક્ષા પાળી ને, પછી કાળ કરીને મહાશુક્ર દેવલોક ની
અંદર, દેવ થાય છે. ત્યાંથી ચ્યવી ને પચ્ચીસમાં
ભવમાં, આ જ ભરતક્ષેત્રમાં છત્રિકા નગરી છે, જીતશત્રુ
રાજા છે, ભદ્રા રાણી છે, એમના પચ્ચીસ લાખ વર્ષ
આયુષ્ય વાળા, નંદન નામના રાજકુમાર થાય છે,
કૌટિલ આચાર્ય પાસે વ્રત લે છે, આજીવન માસક્ષમણ ના

સોમવાર

DATE 21 08 2017

પારણે માસક્ષમણ કરે છે. એક લાખ વર્ષ ચારિત્ર પાળે છે
અને વીસ સ્થાનક ની આરાધના થી તીર્થંકર નામ કર્મ
એની નિકાચના કરીને, એક મહિનાનું અનશન કરીને
પોતે કાળ કરીને, છવ્વીસમાં ભવમાં પ્રાણત કલ્પમાં
પુષ્પોત્તર અવતંસક વિમાન ની અંદર, વીસ સાગરોપમ-
સ્થિતિ વાળા દેવ થાય છે. ત્યાંથી ચ્યવીને મરીચિ
ના ભવમાં જે કર્મ બાંધ્યું, તે હવે જે બાકી રહ્યું હતું,
નીચ ગોત્ર કર્મ, એના ઉદય થી ૨૭માં ભવની અંદર,
બ્રાહ્મણકુંડ ગામમાં, ઋષભદત્ત બ્રાહ્મણ ના દેવાનંદા ની
કુક્ષિએ ભગવાન ઉત્પન્ન થયા છે.

શક્ર વિચાર કરે છે, ભલે એ કર્મથી
આ રીતે ગર્ભમાં ઉત્પન્ન થયા, અનંતકાળે કદાચ આવું
આશ્ચર્ય થાય, પણ જે ગર્ભ રૂપે હજુ કદાચ આવી શકે,
પણ એ જ ઘરની અંદર, એજ માતાની કુક્ષિ થી, એ
જન્મ લે આવું તો કદી એ બન્યું નથી, બનશે નહિ,
અને બનતું પણ નથી. અને આ શ્રમણ ભગવાન-
મહાવીર જંબુદ્વિપની અંદર,
ભરતક્ષેત્ર બ્રાહ્મણકુંડ ગામ, ઋષભદત્ત બ્રાહ્મણના, દેવાનંદા
બ્રાહ્મણી. અતિત, અનાગત, વર્તમાન શક્રો નો આ
શિષ્ટાચાર છે, કે જ્યારે ભગવાન આવા કુળની અંદર
આવે, ત્યારે એમને વિશુધ્ધ કુળની અંદર, પોતે મુકવા.
મારો પણ આ આચાર છે. શ્રમણ ભગવાન મહાવીરને
ત્યાં ની કુક્ષી માં થી લઈને ક્ષત્રિયકુંડ ગામમાં, કાશ્યપ
ગોત્રીય સિધ્ધાર્થ ક્ષત્રિય, ત્રિશલા ક્ષત્રિયાણી, એમની
કુક્ષી માં ગર્ભ પણે મુકવા. અને જે પણ ત્રિશલા-
ક્ષત્રિયાણી નો પુત્રી રૂપ ગર્ભ છે, એમાં જે જાલંધર
ગોત્રિય દેવાનંદા બ્રાહ્મણી એમની કુક્ષી માં ગર્ભ રૂપે
મુકવા, એ યોગ્ય છે આ રીતે વિચારી ને હરિણૈગમેષી
નામના સેનાધિપતિ, એ દેવને પોતે આહ્વાન કરે છે
ઇન્દ્ર કહે છે કે હરીણૈગમેષી, ભગવાન, ચક્રવર્તી વગેરે

આવા કુળમાં આવે નહિ, અને એવું કદી અતીત, અનાગત કાળમાં બન્યુ નથી, વર્તમાન માં પણ બન્યું નથી અને આ રીતે એ કદી કુક્ષીમાં આવે, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ કે અરિહંતો, ક્ષત્રિય વગેરે જે ઉગ્ર કુળ હોય, એની જ અંદર આવે. શ્રમણ ભગવાન મહાવીર શા માટે આવી રીતે બ્રાહ્મણી ની કુક્ષી માં ઉત્પન્ન થયા ? તો અનંત ઉત્સર્પીણિ - અવર્સપીણિ જ્યારે પસાર થાય, ભવિતવ્યતા રૂપ લોકમાં આવો પણ આશ્ચર્યરૂપ કોઈ ભાવ હોય, અને એવી રીતે ભગવાનનું કર્મ પણ હતું, જે હજુ પણ શેષ રહી ગયું તેથી ભગવાન આ રીતે આ કુળમાં આવ્યા છે. તો આ શ્રમણ ભગવાન મહાવીર જે દેવાનંદા ની કુક્ષીમાં ઉત્પન્ન થયા છે, તો અતીત, અનાગત અને વર્તમાન દેવેન્દ્રો નો, આ આચાર છે, કે જ્યારે અરિહંત - ભગવાન આવા કુળની અંદર આવે, ત્યારે એમનું - વિશુદ્ધ કુળ ની અંદર સંહરણ કરવું. આ ઇન્દ્રો નો આચાર હોવાથી, એ હરીણૈગમ્યષી નમે ભવ. હરીણૈગમ્યષી ને પણ સમજવા જેવું છે, આપણે ઘણી વાર એની પ્રતિમા હોય ને એને હરણનું મોઢું બનાવી દઈએ. અથવા તો કોઈ હરીણૈગમ્યષી દેવ બને તો એ હરણનું MASK (મુખોટુ) પહેરી લે. હકીકતમાં હરીણૈગમ્યષી અને હરીણ ના. બંને નો કોઈ ~~[illegible]~~ સંદર્ભ નથી, હરીણૈગમ્યષી જે દેવ છે એના નામના ત્રણ અંશ છે. પહેલો અંશ છે હરી, હરી એટલે ઇન્દ્ર બીજો અંશ નૈગમ - નૈગમ એટલે આજ્ઞા, અને એષી એ ત્રીજો અંશ છે, જેનો અર્થ થાય ઈચ્છુક, ઇન્દ્રની આજ્ઞા ના ઈચ્છુક. ઇન્દ્ર નું પુણ્ય એવું હોય કે એમના સેવક દેવ ઈચ્છતા હોય કે અમારા સ્વામી અમને ક્યારે આજ્ઞા કરે. તો એ સ્વામી ની આજ્ઞાની એટલી બધી આકાંક્ષા છે.

એવી આકાંક્ષા થી એમનું નામ પડ્યું, હરી, નૈગમ, એવી આખું આપણે સાથે જોડીએ તો, હરીણિગમ્યષી થાય. પણ આમાં કોઈ હરણને લાવવાનું હતું નથી. એટલે આ રીતે શબ્દો છે ને એમાં ઘણી બધી વસ્તુ અંદર પડેલી છે. કે સેવક કેવા હોવા જોઈએ.

આપણે ભગવાનના સાચા સેવક ત્યારે કહેવાઈએ ક્યારે, આપણને પળે પળે ઝંખના છે કે ભગવાન આપણને આજ્ઞા કરે, આજ્ઞા નું પાલન કરીએ. આવી ઝંખના હોય, તો સાચા સેવક કહેવાઈએ. આ તો ભગવાને આજ્ઞા કરી દીધી છે, ઉપરથી આપણે ગલ્લા-તલ્લા કરી રહ્યા છીએ, તો આ સાચું સેવક-પણું કહેવાય નહિ. હરિણીગમ્યષી આ શબ્દ આપણને સંદેશ આપે છે. સાચા સેવક તમે ત્યારે, ક્યારે ભગવાનની આજ્ઞાની અંતરમાં ઝંખના હોય, એની આકાંક્ષા હોય. હરીણીગમ્યષી ને વાત કરે છે, કે તમે આ રીતે આ કાર્ય કરો, અને ત્યાં તમે જાવ, ત્યાં તમારે શું કરવાનું, તો આ દેવાનંદા બ્રાહ્મણી છે, એમના કુક્ષી માંથી શ્રમણ ભગવાન મહાવીર નો ગર્ભ, એ લેવાનો ક્ષત્રિય કુંડ નગરી માં જવાનું, ત્રિશલા ક્ષત્રિ-યાણી છે, એમની પુત્રી રૂપ ગર્ભ છે, એને તમારે દેવાનંદા બ્રાહ્મણી ની કુક્ષી માં સ્થાપન કરવાનું, અને જે ભગવાન નો ગર્ભ, એનું ત્રિશલા ક્ષત્રિયાણી ની કુક્ષી માં સ્થાપન કરવાનું. હરિણીગમ્યષી ને પણ આનંદ થાય છે. સ્વામી એ મને આ રીતે આજ્ઞા કરી, વિનય થી સ્વીકાર કરે છે, અને ઈશાન ખુણામાં પોતે જાય છે. વૈક્રિય શરીર કરવા માટે પ્રયત્ન વિશેષ કરે છે, અને પ્રયત્ન વિશેષ માં, પોતે વૈક્રિય સમુદ્દઘાત કરે છે, સંખ્ય યોજન પ્રમાણ દંડ પોતે રચે છે, શુભ પુદ્દગલો છે, સુક્ષ્મ પુદ્દગલો છે એને ગ્રહણ કરે છે. બાદર પુદ્દગલો છે એને છોડી દે છે, અને વૈક્રિય શરીર પોતે બનાવીને,

પોતે જીયે ગતિ કરે છે, અસંખ્ય દ્વીપ સમુહની વચ્ચે-
વચ્ચે જંબુદ્વીપ છે, ભરતક્ષેત્ર છે, બ્રાહ્મણકુંડ ગામ-
નગર છે, ઋષભદત્ત બ્રાહ્મણ છે, એનું ઘર છે
દેવાનંદા બ્રાહ્મણી છે, ત્યાં આવીને દર્શન માત્રથી-
શ્રમણ ભગવાન મહાવીર ને પ્રણામ કરે છે. ફરી વાર
દેવાનંદા બ્રાહ્મણી ને અવસ્વાપીની નિદ્રા આપે છે.
અપવિત્ર પુદ્‌ગલો ને દુર કરે છે. શુભ પુદ્‌ગલોનો
પ્રક્ષેપ કરે છે, હે ભગવાન આપ મને આજ્ઞા આપો,
આ રીતે કહીને જે ભગવાન રૂપ ગર્ભ છે, એમને
અવ્યાબાધા રહિત, સુખે થી દિવ્ય પ્રભાવથી પોતાના
બે હાથમાં લે છે, ક્ષત્રિયકુંડ નગરમાં જાય છે.
ને જ્યાં સિધ્ધાર્થ ક્ષત્રિય નું ઘર છે, ત્રિશલા ક્ષત્રિયાણી
છે. પરિવાર સહિત ત્રિશલા ક્ષત્રીયાણી ને અવસ્વાપીની
નિદ્રા આપે છે. અશુભ પુદ્‌ગલો ને દુર કરે છે,
શુભ પુદ્‌ગલો ને એમાં પ્રક્ષેપ કરે છે. શ્રમણ-
ભગવાન મહાવીર ને અવ્યાબાધા રહિત, સુખ પૂર્વક
દિવ્ય પ્રભાવ થી મુકે છે. ત્રિશલા ક્ષત્રિયાણી ની કુક્ષી
માં, એ ગર્ભને ત્યાં મુકે છે, અને એમનો જે પુત્રી
રૂપી ગર્ભ, એ દેવાનંદા બ્રાહ્મણી ની કુક્ષી માં મુકે છે.
અને પછી જે દિશા માંથી આવ્યા હતા, એ જ
દિશામાં પોતે પાછા ફરે છે. અને પોતે પાછા ફરીને
શક્ર સામે હાજર થાય છે. વંદન કરે છે, અને
કહે છે કે, આપની જે આજ્ઞા હતી, એનું મેં
પાલન કર્યું છે.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન
મહાવીર, જે આ ભરતના કાળ સંબંધી ત્રીજો મહિનો,
પાંચમો પક્ષ, આસો-વદ-તેરસ, એ દિવસ આવ્યો
છે. ૮૨ દિવસ ભગવાનના ગર્ભ કાળના પુરા થયા છે
૮૩ માં દિવસ ચાલુ છે. એ દિવસની મધ્યરાત્રિ છે.
ઇન્દ્ર છે એ ભગવાનના ભક્ત છે. અને એમની આજ્ઞા-

થી હરીણેગમ્યષી નામના દેવે, આ રીતે ગર્ભનું સંહરણ કર્યું છે. વાશિષ્ટ ગોત્રીય ત્રિશલા ક્ષત્રિયાણી, કુક્ષીમાં મધ્ય રાત્રિ સમયે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર નો ચંદ્ર સાથે યોગ થયો, જે રીતે પીડા ન થાય. એ રીતે દિવ્ય-પ્રભાવથી ગર્ભ રૂપે મૂક્યું છે.

તે કાળે તે સમયે ભગવાન ત્રણ જ્ઞાનથી યુક્ત છે. પોતાનું સંહરણ થશે એ જાણે છે, પણ પોતાનું સંહરણ થઈ રહ્યું છે એ જાણતા નથી. મારું સંહરણ થઈ ગયું છે એ રીતે જાણે છે. અહીંયા કોઈ પ્રશ્ન કરે છે કે એ તો અસંખ્ય સમયની ક્રિયા છે. ભગવાન પાસે વિશિષ્ટ અવધિજ્ઞાન છે. ભગવાન કેમ ન જાણે ? તો કહે છે કે આ ઉપચાર થી કહ્યું છે. જાણે નહિ, જાણે કોઈ એ કાંટો એ રીતે કાઢયો જાણે કે કોઈ જાણે જ નહિ, તો એમ કહેવાય કે મને ખબર જ ના પડી. એટલે કે પીડા જ નથી થઈ. ભગવાનને પણ પીડા નથી થઈ. માટે એવી રીતે કહેવાય છે. આગળ હવે કહે છે, જે રાતે શ્રમણ ભગવાન મહાવીર, જાલંધર ગોત્રીય દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીથી વાશિષ્ટ ગોત્રીય ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષીમાં ગર્ભ પણે આવ્યા, તે રાતે અર્ધજાગૃત અવસ્થામાં, અલ્પનિદ્રા વાળા દેવાનંદ બ્રાહ્મણી, તે પોતે પ્રશસ્ત ગજ, વૃષભ વગેરે ચૌદ મહાસ્વપ્નો ને જુએ છે, એ સ્વપ્નો છે એને ત્રિશલા ક્ષત્રીયાણી એ હરી લીધા એવું દેવાનંદા બ્રાહ્મણીને દેખાય છે. જોઈને જાગે છે. આ બાજુ ત્રિશાલા ક્ષત્રિયાણી, જેવા ભગવાન એમના ગર્ભની અંદર આવ્યા, પોતે ત્યારે શયન મંદિરમાં સુતા છે, એ કેવું છે, ચિત્રકર્મથી રમણીય છે, બાહ્ય ભાગ સુધા વગેરે થી શોભાયમાન છે. સુધા નો અર્થ થાય ચુનો, ચુના થી સફેદી કરણ કરેલું છે. કોમળ પાષાણ વગેરે થી જે ઘસેલો છે. એકદમ ચમકે છે.

અત્યંત સુકોમળ છે. વિવિધ ચિત્ર વગેરેથી -
સુશોભિત છે. જેનો નીચેનો ભાગ છે જે દેદીપ્યમાન
છે. જે મણિરત્ન ના પ્રકાશથી અંધકાર રહિત છે.
ભૂમિ ભાગ પંચમણિરત્નનો હોવાથી અત્યંત સમ છે.
સ્વસ્તીક વગેરે લગાડેલા છે. જેવા સરસ મજાના
ધુપ છે. દેદીપ્યમાન, કૃષ્ણાગરુ, કુંદરુ ગરૂ, દશાંગ વગેરે
ધુપો, જેનાથી મઘમઘાય માન છે. સુગંધી બકુલ
ચૂર્ણો પણ ત્યાં છે. પલંગમાં જ્યાં સુતા છે. શરીર
પ્રમાણ મોટું એમાં ઓશીકું - ગાદલું વગેરે છે.
જે શિરસ્થળ અને પાદસ્થળ બંને જગ્યાએ મોટું જે
ઓશિકું છે, જેનાથી એ બે સાઈડ થી ઉંચી છે,
વચ્ચેથી નીચે છે. એટલે કે જેમ કોઈ નાવ હોય,
એ નાવ જેવી જે પલંગ છે.

ગંગા નદીની કોમળ- કોમળ રેતી હોય,
પગ મુકો ને જેમ નીચે ધસી રહે, એમ જે
શૈયા પણ એકદમ કોમળ છે. એના ઉપર બેસો એટલે એ
નીચે જતી રહે છે. અને સરસ મજાનું આચ્છાદન
વસ્ત્ર એમાં લગાડેલું છે. લાલ રંગની મચ્છરદાની
લગાડેલી છે. માખણ હોય, આંકડા નું રૂ હોય,
કપાસ વગેરે કોમળ વસ્તુ હોય, એના જેવી જે
શૈયા કોમળ છે, અને મનોહર છે. આમ આ
અલ્પ નિદ્રા લઈ રહ્યા છે, મધ્યરાત્રિએ ત્રિશલા -
ક્ષત્રિયાણી એ પ્રશસ્ત એવા ચૌદ મહાસ્વપ્નોને -
જોઈને, જાગે છે.

કયા ચૌદ મહાસ્વપ્નો, એ કહે છે.
સિંહ, વૃષભ, હાથી, શ્રીદેવી, પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય,
ધ્વજ, પૂર્ણકળશ, પદ્મ સરોવર, ક્ષીર સમુદ્ર, વિમાન,
રત્નરાશી, નિર્ધુમ અગ્નિ। ત્રિશલા ક્ષત્રિયાણી
પહેલા સ્વપ્નમાં ગજ જુએ છે. આ સ્વપ્ન ઘણા
બધા તીર્થંકરોની માતા એ જોયું છે, માટે હકીકતમાં

આદિનાથ ભગવાનના માતા, સૌ પ્રથમ વૃષભ ને જુએ છે. અને મહાવીર સ્વામી ભગવાનના માતા સૌ પ્રથમ સિંહ ને જુએ છે. હવે હાથી કેવો છે. એ કહે છે, ચાર જેના દાંત છે. અને મહામેઘ જેમ હોય, એવો સફેદ, જેવું આખું મોટું વાદળ હોય. એવા સફેદ રંગ વાળો, દુધ ના વર્ણ વાળો છે. મોતી નો હાર, ક્ષીર સમુદ્ર, વૈતાઢય પર્વત વગેરે ની જેમ ઉજ્જવળ છે. વિશિષ્ટ ગંધ છે. દેવેન્દ્ર નો જે ઐરાવત હસ્તિ હોય એના જેવો દેહમાનથી યુક્ત છે. જલ પરીપૂર્ણ મહામેઘ હોય, એની ગર્જના જેવી એની ગર્જના છે. અને આવા પ્રશસ્ય સર્વલક્ષણ યુક્ત, કલ્યાણકારી, વિશાલ શ્રેષ્ઠ હસ્તિ. એને ત્રિશલા ક્ષત્રિયાણી પહેલા સ્વપ્ન માં જુએ છે. ત્રિશલા ક્ષત્રિયાણી હાથી ને જોયા પછી.

બીજા સ્વપ્નમાં વૃષભ ને જુએ છે, એ વૃષભ કેવા છે. તો ધવલ કમલપત્ર હોય, એના સમુહ કરતા પણ વધુ કાંતિ વાળા. પોતાની કાંતિથી શોભાયમાન કરતા, શોભા યુક્ત, દીપ્તમાન, મનોહર, એની સ્કંધ છે એ ઉદ્દીપ્ત છે, સુરૂપ, નિર્મળ, સુકુમાલ, રૂપ વાળા છે. એકદમ માંસલ શરીર વાળા, હૃષ્ટ-પુષ્ટ છે, અને એના જે શિંગડા છે, એ સુદ્રઢ, વર્તુળ આકાર, અતિશય શ્રેષ્ઠ, છે. મનથી અક્રુર ઉપદ્રવહર, સુશોભિત દંત યુક્ત, અને અનેક ગુણ મંગલ નું સ્થાન, એવો વૃષભ એને બીજા સ્વપ્નમાં ત્રિશલા. ક્ષત્રિયાણી જુએ છે.

ત્રિશલા ક્ષત્રિયાણી તૃતીય સ્વપ્નની અંદર, સિંહ ને જુએ છે. એ સિંહ કેવો છે. મોતીના હાર, ક્ષીર સાગર, ચંદ્ર કિરણ, જલ કણ વગેરે ની જેમ ઉજ્જવળ છે. મનોહર હોવાથી દર્શનીય છે. એના પંજા છે, દાઢા છે, એ દ્રઢ છે. વર્તુલ, પુષ્ટ, અંતર રહિત, તીક્ષ્ણ એવા એમના દાંતો છે. અને દાંતથી એ

સિંહ બહુ જ સુશોભિત ભુજ વાળો લાગે છે. જે
સિંહ ના જે દાંત છે જે શોભમાન છે. એકદમ
સુંદર છે. જોઈને આનંદ થાય એવા છે. એનું
તાળવું છે એ રક્તકમલની જેમ સુકુમાલ છે. એની
જીભ છે એ લપલપાયમાન છે. એની આંખ છે એ
શ્રેષ્ઠ સુવર્ણ એ તપાવેલું હોય, અને જેવું લાલ
થાય, એવી ઉજ્જવલ અને ચપળ એની આંખો છે.
એના સ્કંધ ઉપર મોટા- મોટ કેશરા છે. એનાથી એ
શોભે છે. પોતાની પુંછડીને ઉપર કરીને, જોરજોરથી
જમીન ઉપર પછાડે છે. અને પુંછડીને ગોળ કરે છે.
તીક્ષ્ણ નખો છે, એના બદનની શોભા એ પલ્લવની
જેમ, મનોહર પહોળા, બહાર પસારેલી છે. જાણે
આમ લાલ પલ્લવ હોય વૃક્ષનું એવું લાગે. અને
એનું મોઢું વધારે પ્રભાવશાળી લાગે છે. એવા
આકાશતલ માંથી નીચે ઉતરતા, અને પોતાના મોઢામાં
પ્રવેશ કરતા, મનથી અક્રુર, સૌમ્ય આકાર વાળા,
એવા સિંહને ત્રિશલા ક્ષત્રિયાણી ત્રીજા સ્વપ્નમાં
જુએ છે.

|સિંહ ના દર્શન કર્યા પછી, પૂર્ણચંદ્ર
વદન વાળા ત્રિશલા ક્ષત્રિયાણી, ચોથા સ્વપ્નની અંદર
ભગવતી શ્રી દેવીને જુએ છે. જંબુદ્વીપ માં -
હિમવંત નામનો પર્વત છે જે પર્વત સો યોજન
ઉંચો છે. બાર કળા થી અધિક બાવન કળા,
આટલું એક હજાર બાવન યોજન ને બાર કળા
આ માપનો જે પર્વત છે, હિમવંત. એમાં
પદ્મદ્રહ નામનો દ્રહ છે. દ્રહ એટલે કુંડ કહેવાય,
આપણી ભાષામાં મોટું સરોવર કહી શકીએ
દસ યોજન ઊંડો છે, પાંચસો યોજન પહોળો છે,
એક હજાર યોજન લાંબો છે. એનું વજ્રરત્નમય
તળિયું છે. ને દ્રહ માં જલની ઉપર, એક

યોજન દીર્ઘ, નીલરત્ન મય દસ યોજનની નાળ વાળું, રત્નમય મુલ વાળું, રીષ્ટ રત્ન ના સ્કંધ વાળું, રક્ત સુવર્ણ મય બાહ્ય પત્ર વાળુ, સુવર્ણમય, મધ્યપત્ર વાળું, એક મોટું કમળ છે. એ કમળ માં બે કોસ પહોળી, બે કોસ લાંબી, એક કોસ ઉંચી, અને રક્ત સુવર્ણ મય કેસર થી વિરાજીત, એવી કનક મય કર્ણિકા છે. કર્ણિકા ની અંદર, આ કમળ શેનું બનેલું, તો આ કમળ રત્નો, સોનું વગેરે નું બનેલું છે, શ્રી દેવી ક્યાં રહે છે તો કમળ માં રહે છે. એ કમળ કયું છે, તો આપણે જે શીખનું કમળ જોઈએ, એવું નથી. આ શાશ્વત કમળ, રત્ન અને સોનાનું બનેલું કમળ, એક યોજન મોટું કમળ. એવું આ કમળ છે. એનું અહીયા વર્ણન કરે છે.

એની કર્ણિકામાં અડધા કોસનું એટલું લાંબુ, એક કોસ દીર્ઘ અને કંઈક એક કોસ ઉંચું, એટલું શ્રી દેવી નું ભવન છે. એના ત્રણ દ્વાર છે. દરેક દ્વાર પાંચસો ધનુષ્ય ઉંચા છે. અને સાડા ચારસો ધનુષ્ય એટલા પોતે પહોળા છે. પૂર્વ- ઉત્તર - દક્ષિણ દીશા માં આ દ્વારો રહેલા છે. એના મધ્ય માં અઢીસો ધનુષ્ય પ્રમાણ રત્નમય વિદિકા છે. એમાં શ્રીદેવી યોગ્ય શૈયા છે. પહેલું વલય છે, આ મુખ્ય કમળ થયું, એની બાજુ બાજુ પહેલું વલય છે, એમાં જે કમળો છે એ અડધા યોજનના પ્રમાણના છે. એમાં શું છે તો શ્રી દેવી ના આભુષણો છે. અને હવે પછી આગળ આગળ નું જેમ જેમ વલય થશે, તેમ અડધું અડધું પ્રમાણ ગણવાનું. પહેલું કમળ છે એ એક યોજનનું છે, એની BORDER માં જે કમળ છે, એ અડધા યોજનના છે, એમ બહાર બહાર નું જે CIRCLE થાય, એનું અડધું- અડધું પ્રમાણ ગણવાનું. બીજા વલયમાં વાયવ્ય- ઈશાન- ઉત્તર દિશામાં

સોમવાર

DATE 21 08 2017

ચાર સહસ્ર સામાનિક દેવોના ચાર હજાર કમળો છે પૂર્વ દિશામાં ચાર મહત્તર કમળ છે. અગ્નિ દિશામાં ગુરૂ સ્થાનીય અભ્યંતર પર્ષદ દેવોના આઠ હજાર કમળો છે. દક્ષિણ દિશામાં મધ્યમ પર્ષદ દેવોના દસ હજાર કમળો છે. નૈઋત્ય દિશામાં ^ઠીકર સ્થાનીય બાહ્ય પર્ષદ દેવો જેના બાર હજાર કમળ છે. પશ્ચિમ દિશાની અંદર સાત સેનાધિપતિ ના સાત કમળ છે. અને એમાં ત્રીજ - વલય ની અંદર, સોળ હજાર અંગરક્ષક દેવોના - સોળ હજાર કમળો છે.

ચોથું વલય હવે આવ્યા અભ્યંતર આભિયોગિક દેવો ના, બત્રીસ લાખ કમળ છે. પાંચમું વલય આવ્યું, મધ્યમ આભિયોગિક દેવો, એમના ચાલીસ લાખ કમળો છે. છઠ્ઠું વલય આવ્યા, એમાં બાહ્ય આભિયોગિક દેવો ના, અડતાલીસ લાખ કમળો છે. મુળ કમલ સાથે કુલ કેટલા કમળોની સંખ્યા થઈ, ૧ કરોડ, વીસ લાખ, પચાસ હજાર, ને એકસોવીસ. આટલા કમળ એ પદ્મદ્રહ માં રહેલા છે. એ કમળ ના સ્થાનમાં શ્રી દેવી રહેલા છે. શ્રી દેવી કેવા છે, અત્યંત મનોહર રૂપ છે, ચરણ એમના સુવર્ણમય કાચબા જેવા છે. અંગુષ્ટ વગેરે અંગો છે. એ ઉન્નત અને પુષ્ટ છે. નખો પણ માંસ થી યુક્ત છે. સ્નિગ્ધ એવી કાંતિ છે. હાથ પગ એમના કમળ જેવા સુકુમાલ છે. આવા સુંદર રૂપ વાળા, એવા છે શ્રી દેવી, એમના અંગો છે મણિ, રત્ન, માણેક, ના એવા સુવર્ણમય જે આભરણ, એનાથી શોભે છે. ઉપાંગો પણ અનેક આભુષણો થી શોભી રહ્યા છે, એવા જે શ્રી દેવી, એમની પીઠે જે યથાસ્થાન સ્થાપિત, એવા મરકત પત્ર, એનાથી પીઠે અલંકૃત છે, દ્રષ્ટિ ચાંપી સુખ થાય, એવા મુક્તા ગુચ્છો એ

classmate

ત્યાં રહેલા છે. મોની જોના ગુરુજી રહેલા છે, મોનીઓ-
ના હારી રહેલા છે. કાનમાં કુંડલ યુગલ શોભે છે.
કુંડલ છે જેની ઉન્નત પ્રભા, જેનો સમુદાય છે. શ્રી
દેવીનું વદન અત્યંત શોભી રહ્યું છે. કુંડલની ઉલ્લસના
પ્રભા, જે ભલો મુખનો જાણે પરિવાર હોય, એવું
દેખાઈ રહ્યું છે. શ્રી દેવીનું મુખ જે શોભા ગુણ-
સમુદાય થી શોભે છે. જે શ્રી દેવીની આંખો
જે કમળની જેમ નિર્મળ છે, વિશાળ છે, મનોહર છે.
જેમના બે હાથો પણ દેદીપ્યમાન છે, બે બંને હાથ
ની અંદર, બે બે કમળ છે, એક એક કમળ બંને
હાથમાં છે, જે કમળની અંદર થી મકરંદના જળબિંદુઓ
જે પડી રહ્યા છે. બંને બાજુ પવન માટે પંખો પણ
રાખેલો છે. જે માત્ર શોભા માટે છે. કારણકે દિવ્ય
શરીરમાં કદી પણ પરસેવો થાય નહિ. શ્રી દેવીના
વેણી કેશો, પરસ્પર અસંલગ્ન છે, વચ્ચે-વચ્ચે-
અવકાશ રહિત છે, સુક્ષ્મ છે, ચરણ સુધી એમના
વાળ છે જે લંબમાન છે. આવા પદ્મદ્રહ કમળ ની
અંદર, હિમવંત પર્વત ના શિખર ઉપર, ઐરાવત
વગેરે ગજેન્દ્ર દ્વારા અભિષિત શ્રી દેવી નો દરબાર શોભી
રહ્યો છે. એમને ચોથા સ્થાનની અંદર ત્રિશલા-
ક્ષત્રિયાણી જુએ છે. આ રીતે અહીંયા બીજું વ્યાખ્યાન
પુરુ થાય છે.

—x—x—x—x—

# પ્રવચન - ૯ - પ્રથમ

મંગળવાર
DATE 22 08 2017

હૃદય ના શોક નો નાશ કરનાર, પરિમિત અલ્પ-
શબ્દ અને ઘણા અર્થ વાળી, શ્રોત્રને સુખકારી,
સુલલિત વર્ણ મનોહર, એવી વાણીથી ત્રિશલા માતા,
એ સિધ્ધાર્થ ક્ષત્રિય ને જગાડે છે!

જગાડવાના કેવી રીતે ? બહુ લોકો
ફકરો અહીંયા મુક્યો છે, અને એમાં ઘણા બધા
વિશેષણો વાળી વાત છે. અમુક આમાં MARK
કરવા જેવી વસ્તુઓ છે. ધનપ્રાપિકા, તમારી ભાષા
બહુ મધુર હોય ને તો તમને સામેથી લક્ષ્મી મળે
ને અપશબ્દો મે મોઢા માંથી નીકળતા હોય, ગુસ્સા
હોય, કર્કશ હોય, વાણી તો લક્ષ્મી છે એ ય
તમારાથી ગભરાય ને ભાગે. ઘણી બધી અહીંયા
વિશેષતાઓ MARK કરવા જેવી, મંગલકારી! સારી
ભાષા છે ને, એ પણ અહિંસા નો એક પ્રકાર છે.
કોઈ આપણી સાથે કંઈક ખરાબ વ્યવહાર કર્યો, અને
આપણે ગમે તેવા શબ્દો બોલીએ તો, એનો-
ખરાબ વ્યવહાર કર્યો એ પણ હિંસા, અને એની
હિંસાનો વિરોધ કરવા માટે આપણે પણ હિંસા-
કરીએ.

"મધુર ભાષા એ એક પ્રકારની વ્યવસ્થા છે"

કર્કશ ભાષા, મર્મ વચન બોલવા, વ્યંગ વચન બોલવા,
કોઈ ને ઉતારી પાડવા, કોઈનું અપમાન કરવું,
આ બધું હિંસા છે. હિંસાના ત્રણ પ્રકાર છે,
માનસિક, કાયીક અને વાચીક હિંસા,
કોઈને લાફો મારવો, કોઈને મારી નાખવું આને-
આપણે હિંસા સમજી લીએ, કોઈને ખરાબ-
શબ્દો કહેવા કે કોઈના માટે ખરાબ વિચાર કરવો,
આ આપણને હિંસા લાગતું નથી. જે શબ્દ-
આપણે એવા બોલી દીધા ને સામી વ્યક્તિ, કલાકો

કે દિવસો સુધી, એ દુઃખી થઈ જાય, એનું પાપ -
આપણને ના લાગે ? ધર્મી આત્મા ની વાણી હોય
કેવી ? કે એના મોઢામાંથી અપશબ્દો નીકળે, ગાળો -
નીકળે, ઘસાતા શબ્દો નીકળે, મર્મ વચન નીકળે,
એને ધર્મી ના કહેવાય !

એક કીડી છે ને કીડી ની દયા આપણે
કરીએ, પરસેવો પાડી ને કમાયેલા રૂપિયા, ને
એનાથી કોઈ જીવ કપાવા જઈ રહ્યું છે, એને આપણે
બચાવીએ, અહીંયા બધે આપણને જીવદયા લાગે. કીડી
તેઈન્દ્રિય જીવ છે, સામે વ્યક્તિ સંજ્ઞિ પંચેન્દ્રિય
મનુષ્ય છે. વ્યક્ત ચૈતન્યવાળી જે વ્યક્તિ છે ને એ
વ્યક્તિ ને, ગમે તેવા મર્મ વેધક શબ્દો આપણે કહ્યા
હોય, એ દુઃખી થાય, ભગવાન કહે છે અનાભોગથી
કીડી મરી જાય ને, એના કરતા આ વધારે મોટી -
હિંસા છે. કીડી મારવી એવી વાત નથી, પણ
આ કદાચ અનાભોગ થી થયું ને સામેની વ્યક્તિને
આપણે જાણીજોઈને ગમે તેવા શબ્દો સંભળાવ્યા,
આને આભોગ હિંસા કહેવાય, અનાભોગ હિંસા
કરતા આભોગ હિંસાનું પાપ વધારે છે.

બીજા બધા ધર્મની અંદર આપણી
કદાચ શક્તિ પહોંચે નહિ એવું બને, આવી બધી
ઊંચી વાતો સાંભળી ને, આવી ત્રિશલા માતાની વાણીની
વિશેષતા જોઈ ને સાંભળી ને, પાછા આપણે એ જ
સંસારમાં ભેડાઈ જશું ! બોલો નક્કી કર્યું છે,
હું બોલીશ તો હંમેશા મીઠું બોલીશ. ઘસાતું બોલો
તો તમને મળે કંઈક એમાં ! ઘણી વાર અમને -
શરમ આવે, એક ગામમાં અમારું ચોમાસું હતું,
આયંબિલ ખાતે પાણી વહોરવા હું ગયો હતો, બાજુમાં
ઘર હતું, એકદમ ગાળા- ગાળી ઝઘડા- ઝઘડી જેવું ચાલું
હતું, આપણને સમજાય નહિ પણ ખ્યાલ આવે કે

બહુ હલકા શબ્દો બોલાઈ રહ્યા હતા. મને થયું - ઓફહમ નીચ કોમ નું ઘર હશે. ઘણી વાર તમને કાંઈક પુછીએ તો તમે બધી હા એ હા કરો એટલે જે પાણી વહોરાવતા હતા ને એમને મેં ઉંધે થી પુછ્યું, કે આ બાજુમાં ઘર છે એ કોનનું ઘર છે ? મને તરત જવાબ આપ્યો હા, તો, ગઈ કાલે અઠ્ઠાઈ નું પારણું કર્યું છે. ને આજો દિવસ વહુ સાથે બાધે છે.

ગુસ્સો કરવો હોય તો ગુસ્સા ઉપર- કરશે જેણે આપણી ઉગ્ર તપસ્યા ઉપર પાણી- ફેરવી દીધું. ઘણું બધું આપણે ઘણી બધી મહેનત કરીને માંડ....માંડ....માંડ....માંડ....કંઈક સુકૃત ભેગું કર્યું હોય, અને એ જ શબ્દનો અંદર એ બધા સુકૃત ને બાળી ને આપણે રાખ કરી દઈએ. એવી મુર્ખામી આપણે કરતા આવ્યા છીએ. આપણને ખબર નથી કે સુકૃત કઈ રીતે મળે, સુકૃત કઈ રીતે સચવાય. કેટલા સસ્તામાં આપણે મોટા- મોટા સુકૃતો ને ગુમાવતા હોઈએ છીએ. કશું જ મળતું નથી. અને એના માટે કેટલું પાપ આપણે વહોરી લેતા હોઈએ છીએ.

ચાણક્ય એ લખ્યું છે,

प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः।

તમે મીઠું બોલો તો બધાને આનંદ થાય. એ આ પણ પુણ્ય છે. આ પણ એક પ્રકારની ભક્તિ છે આ પણ એક પ્રકારની કરુણા છે. આ પણ એક પ્રકારની અહિંસા છે.

तस्मात्तदेव वक्तव्यं वचने का दरिद्रता।

હિંદી માં એક કહેવત છે,

ગુડ ન દે તો ગુડ જૈસી બાત તો કરે. ગોળ ના ખવડાવો તો ના ખવડાવો, કોઈ આગ્રહ નથી. પણ

ગોળ જેવું બોલો તો જશ. ત્રિશલા માતા ને પતિ માટે કે આદર છે, સમ્માન છે, લાગણી છે, બહુમાન ભાવ છે ને બહુમાન ભાવ, એમની વાણી ની કેટલી- કેટલી - વિશેષતા બતાડી, એ વિશેષતાઓની અંદર છલકે છે. પત્ની ની આવો ભાવ છે. પછી પતિ ને પણ આવો જ ભાવ થશે. જેવું ACTION હશે એવું REACTION થશે. આપણે એક બાજુ ગમે તેવું બોલીએ ને પછી આપણને ઈચ્છા હોય, કે બધા આપણી સાથે બહુ કોમળતાથી, મીઠાશથી વર્તે, તો એ અપેક્ષા પણ વધુ પડતી કહેવાય. ઘણા બધા કલ્પસૂત્ર ના રહસ્યો એક-એક લાઈને રહસ્યો કાઢવાનો પ્રયાસ કરીએ. સમય ઓછો હોય છે પણ તમારી વિવેક બુદ્ધિ થી તમે પોતે સમજુ શકશો, કે કેટકેટલા રહસ્ય છે.

એક બાજુ તમે ત્રિશલા માતા નું ચરિત્ર મુકો, અને બીજુ બાજુ આપણું પોતાનું - ચરિત્ર એની સાથે સરખાવો, કે ક્યાં એમની સ્થિતિ, ક્યાં આપણી સ્થિતિ, ક્યાં એમનું સ્તર, ક્યાં આપણું સ્તર, ક્યાં એમની સભ્યતા, ક્યાં એમની શિષ્ટતા, ક્યાં એમનું પતિવ્રતાપણું, ક્યાં એમની ભૂમિકાના ઔચિત્ય ધર્મ નું પાલન, અને આપણે આ બધી વસ્તુમાં ક્યાં છીએ. મોટી- મોટી આરાધના, સાધના, એનું મહત્વ આપણને કદાચ છે, પણ શાસ્ત્રકારો એ બધી આરાધનાના પાયામાં, સજ્જનતા, શિષ્ટતા, મધુર ભાષીતા, સદાચાર, ઔચિત્ય, આ બધા ગુણો ને મુકેલા છે. જો આ બધા ગુણો નહિ હોય તો આપણી બધી આરાધનાનું ખરું ફળ આપણને મળશે નહિ. ફળ ઘણું મોટું હોય છે. આ ગુણો આપણી પાસે નથી, માટે આપણો એનું ફળ ઘણું - ઓછું મેળવતા હોઈએ છીએ. પહેલો પ્રયાસ આપણો આ ગુણો ને મેળવવા માટે નો જોઈએ. પુનમાં

આવા ગુણો આવે, તમે થોડું વિચારી વિચારી ને - વિવેકપૂર્વક કરો ને કશું જ અઘરું નથી. તમારા દીકરા સાથે તમે કેવી ભાષામાં વાત કરો, મા-બાપ ઉઘડના હતા, પત્ની કહે કે તમે કુતરા, પતિ કહે તમે સડેલી કુતરી, છોકરાઓ જોઈ રહ્યા છે. છોકરાઓને થયું આપણે પણ કાંઈક બોલવું જોઈએ છોકરાઓએ આવી ને કહ્યું મમ્મી-પપ્પા અમે તમારા પીલ્લા.

ઘણી વાર આપણે છોકરાઓને કેટલું ખરાબ શીખવતા હોઈએ છીએ, કોની હાજરી છે એનું ભાન ન રહે, ગમે તેવા શબ્દો નીકળે, એ શું શીખવાના ? છોકરાને ગધેડા કહીએ ત્યારે આપણે ગધેડા ના બાપ બનતા હોઈએ છીએ. દીકરા છે કે નહિ આ જોવું પડે, આવું જોઈને ધ્યાન રાખીને બોલો જેવું એ મારે નથી કહેવું. બોલો તો એવું બોલો કે કશું કહી તમારે ધ્યાન રાખવું જ ના પડે.

જેની નિંદા કરી રહ્યા છીએ એ હાજર છે કે નહિ, આનું ધ્યાન રાખીને નિંદા કરવી એના કરતા તો એ સારું છે, કોઈની નિંદા કરવી જ નહિ. આપણું CHARACTER કેવું હોવું એ આપણે નક્કી કરવાનું છે, આપણે ચોર બનવું છે, જુઠ્ઠા બનવું છે, એક હલકો માણસ, એક હલકી કોમ નો માણસ, એ જેવી ભાષા બોલે, એવી ભાષા જો આપણે બોલીએ તો એનામાં ને આપણામાં કોઈ ફરક જ રહેતો નથી. આજ આપણે આપણી મન ને બહુ મોટી માનીએ, કામ એવા કરીએ, ભાષા એવી બોલીએ, વિચાર એવા કરીએ, તો માત્ર ઉચ્ચકુળમાં જન્મ લેવાથી આપણે ઉચ્ચ નહિ બની શકીએ. એ મન, વચન, કાયાની ઉચ્ચતા છે.

તો જરા અર્થની ઉચ્ચતા મળશે, એ મન-વચન-કાયા એ નીચ છે, તો હકીકતમાં ઉચ્ચકુળનો આપણને કોઈજ લાભ નહિ થાય. શાસ્ત્રકારો કહે છે,

યદા યદા મુચ્યતિ વાક્યબાણં
તદા તદા જાતિકુલપ્રમાણમ્ ।

જ્યારે જ્યારે વાક્યનું બાણ છોડે છે, વચનનું બાણ છોડે છે, ત્યારે ત્યારે જે વ્યક્તિ પોતાની મન બતાડે છે. પોતાનું ઘર ઓળખાવે છે. પોતાનું કુળ કયું છે એનો પરિચય આપે છે. આપણે જેવું બોલીએ, એના ઉપરથી નક્કી થાય છે કે આપણે કેવા છીએ. ક્યાં થી આવીએ છીએ, એક ચિંતકે કહ્યું છે,

તમે બોલો એટલે હું તમને ઓળખું !

તમારી પાસે કેટલી DEGREE છે, તમારી પાસે કેટલા પૈસા છે, તમે કેવા નામાંકિત છો, અમારે કશું જ નથી મળવું, તમે કંઈ પણ બોલો, તમે વાત શરૂ કરો, તમે ઓળખાઈ જશો.

યદા યદા મુચ્યતિ વાક્યબાણમ્ ।

ભદ્રબાહુ સ્વામી મહારાજ, જે ૨૫૦૦ વર્ષ પહેલાની ઘટનાનું કલ્પસૂત્રમાં જીવંત પ્રસારણ કરી રહ્યા છે, વાક્યે વાક્યે આપણો પ્રયાસ જોઈએ કે મારા જીવનમાં આવું ચરિત્ર, આવી ભાષા, આવી શિષ્ટતા, આવો વ્યવહાર, એ ક્યારે આવે. પ્રયાસ કરીએ તો બહુ સહેલું છે. ડગલે ને પગલે સમજવું શક્ય ના બને, પણ સમજવાનો પ્રયાસ કરશું.

એમને અમૃત કરે છે, આગળ પછી સિધ્ધાર્થ રાજા જે પોતે એમને અનુજ્ઞા આપે છે. એની ત્રિશલા ક્ષત્રિયાણી, પોતે સુવર્ણમણિ ના બનેલા ભદ્રાસન ઉપર, બેસે છે. ત્યાં બેસી ને પોતાનો શ્રમ દૂર થયો છે. સ્વસ્થ થયા છે ઓલ ગયો છે, વિશ્વાસ પામ્યા છે, એની સિધ્ધાર્થ

ત્રિશલા ને કહે છે હે સ્વામી! નિશ્ચય થી આજે એવા સંયોગમાં, થોડીક સુતી હતી, થોડીક જાગૃત હતી. સપનું ક્યારે આવે, સપનું નિદ્રામાં પણ નથી આવતું ને જાગૃત અવસ્થામાં પણ નથી આવતું, નિદ્રા અવસ્થા ને જાગૃત અવસ્થા ની વચ્ચે ની અવસ્થા હોય, જેની અંદર સપનું આવે. "સુપ્તજાગરા" એવી હું હતી, અલ્પ નિદ્રા કરતી હતી, અને એમાં ગજ, વૃષભ વગેરે ચૌદ મહાસ્વપ્નો ને મેં જોયા. તો હે સ્વામી, આ પ્રશસ્ત ચૌદ મહાસ્વપ્નો નો હું વિચાર કરું છું, એનું કલ્યાણકારી શું ફળ હશે. સિધ્ધાર્થ રાજા, ત્રિશલા ક્ષત્રિયાણી પાસે આ સાંભળી છે, આનંદિત થાય છે, રોમાંચિત થાય છે. સપનો નું ચિત્તમાં અવધારણ કરે છે, આનંદિત થાય છે, રોમાંચિત થાય છે. સ્વદર્શી વિચારણા રૂપ એની ઈહામાં પ્રવેશ કરે છે. અને સ્વાભવિક મતિ ઉત્પન્ન બુધ્ધિથી જ્ઞાનથી તે અર્થ નિશ્ચય કરે છે.

**સભાનો પ્રશ્ન :-** ઈહા નો અર્થ શું થાય સાહેબજી?

**પૂજ્યશ્રી નો ઉત્તર :-** ઈહા એટલે સ્વદર્શી વિચાર, કે સમ્યક્ અર્થ એનો જે વિચાર. આપણે ક્ષણે ને પળે જીવનમાં કંઈ પણ જોઈ ને જાણીએ ને એની PROCESS ચાલતી હોય છે અવગ્રહ, ઈહા, અપાય ને ધારણા. તમે કંઈક બોલ્યા ને તો સૌથી પહેલા મને એમ થશે કે તમે કંઈક બોલ્યા. FAST PROCESS હોય છે, એટલે આ બધો ક્રમ આપણને ખ્યાલ આવતો નથી, પણ ક્રમ અવશ્ય થાય છે. અવગ્રહ થશે એટલે તમારા શબ્દો છે જે મારા કાનમાં પડશે, ને મારા કંઈક CONTACT

માં આવ્યું, પછી ઈહા થશે એટલે તમે શું બોલ્યા. હવે તમે જે પણ બોલ્યા, તમે બોલ્યા ઈહા એટલે શું. ઈ હા એ ટ લે શું ? આટલા અક્ષરો છે એ મને સંભળાશે, એ સંભળાશે એટલે શું થશે, અંદર એવી PROCESS થશે, કાનને તો કશી ખબર પડતી નથી, કાન સીધું અંદર PASS કરી દે છે, અંદર મનમાં એ DATA જાય છે, અને મન છે એ એનું PROCESSING કરે છે, કે ભાઈ હું શીખેલી છું આ ઈહાનો અર્થ શું ? એટલે આ ત્રણ અક્ષર છે, આ ત્રણ અક્ષર ભેગા થાય એટલે શું, ENGLISH માં જેને MEANS કહીએ, એટલે તો અર્થ MEANS, સંસ્કૃત માં જેને અર્થાત્ કહેવાય, આ PROCESSING થશે, અને એ PROCESSING થશે પછી શું સંસ્કૃત માં કિમ્, ENGLISH માં WHAT એટલે ભાષા જે મને વધારે પરિચિત હશે, એમાં PROCESSING થશે, મને ગુજરાતી ભાષા જ આવડે છે તો શિક્ષણ લેતી વખતે મને જે સંકેત મળ્યા, આને આ કહેવાય, આને આ કહેવાય, આ બધા સંકેત સાથે નું MATCHING થશે, અને MATCHING થયા પછી મને જે બોધ થશે, આને અવાય- કહેવાય, ઈહા માં અર્થ નું પર્યાલોચન. સદર્થ એની જે વિચારણા, સદર્થ એટલે સાચો અર્થ, જે હકીકતમાં છે તે અર્થ, એને સદર્થ કહેવાય. એની જે વિચારણા કરવી, પ્રમાણ નયતત્ત્વાલોક નામનો ગ્રંથ, અને એ ગ્રંથમાં આ PROCESS સુંદર રીતે EXAMPLE થી બતાડી.

વન વગડો છે આપણે નીકળ્યા છીએ, દુર દુર છે તો આમ કાંઈક આકાર દેખાય છે, મનમાં સંશય થયો છે કે આ ઝાડ નું ઠુંઠું હશે કે પુરુષ હશે. અને જ્યારે સંશય થયો ત્યારે આપણે નક્કી કરશું કે આ આકૃતિ પુરુષ સાથે

મંગળવાર

DATE 22 08 2017

MATCHIN થાય એવી છે. કે પછી ગાડના ઠુંઠા સાથે
MATCH થાય એવી છે. આપણે જોઈએ છીએ કે જામ
હાથ પગ જુદા જુદા હોય એવું દેખાતું નથી. એટલે
પુરુષના ગુણધર્મો હોય એ MATCH થતા નથી,
પણ જે ગાડનું ઠુંઠું હોય એના જેવું લાગે છે. હવે
વિચારીએ છીએ, ત્યાં પંખી આવીને એના ઉપર બેસે છે
એટલે હવે આપણને થાય છે, કે આ અહીંયા ગાડના
ઠુંઠા ના ગુણધર્મો MATCH થાય છે. પુરુષના -
ગુણધર્મો MATCH (સંગત) થતા નથી. આ બધી જે
PROCESS થઈ, એને ઈહા કહેવાય. એ PROCESS નું
જે RESULT (પરિણામ) મળશે એને અવાય કહેવાય.
આપણી ભાષામાં નિશ્ચય કહેવાય. એનો નિશ્ચય થાય
એની પછી મનમાં એની સ્મૃતિ રહેશે, એને ધારણા
કહેવાય. એ ધારણાનો DATA (વિગતો) અંદર STORAGE
(સંગ્રહ) રહેશે. કંઈક એવું નિમિત્ત આવે, કોઈ કંઈ
પુછે, આપણે યાદ કરીએ, કે ભાઈ વગડામાં શું
હતું, આપણે કહેશું હા ગાડનું ઠુંઠું હતું. તો આ
સ્મૃતિ નો પ્રબોધ થયો કહેવાય. જેને આપણે
સ્મરણ કહીએ છીએ. સ્મરણમાં આવેલી જે DATA છે,
એને આપણે સ્મૃતિ કહીએ, અંદર રહેલો જે DATA
છે, એને આપણે ધારણા કહીએ છીએ.

સિધ્ધાર્થ મહારાજ એમ ની એમ -
આડેધડ જવાબ આપતા નથી. છોકરા તમને પુછે,
અને આડેધડ તમે જો જવાબ આપો, એલફેલ
જવાબ આપો, સાચા-ખોટા જવાબ આપો, તો છોકરાનું
ઘડતર પણ એવું જ થાય, શાંતિ થી વિચારીને જો
સાચો જ જવાબ આપો, તો છોકરાને પણ વિશ્વાસ -
બેસે, તમારું માન પણ થાય, અને એને કંઈક -
સમજ પણ મળે. અહીંયા પતિ આ રીતે અર્થ
નિશ્ચય કરે છે. અર્થ નિશ્ચય કરીને ત્રિશલા ક્ષત્રિયાણી

એમને ઈજટ, કાંત વગેરે વિશેષણ વાળી, આગળ એક વાર બધું બતાવ્યું, માટે ફરી ફરી આમાં બતાવતા નથી. એવી જ વાણીથી, એમને પ્રબોધિત કરે છે કે હે દેવાનુપ્રિય, તમે જે સપના જોયા, તે કલ્યાણકારી છે. હે દેવાનુપ્રિય તમે ઉપદ્રવહર, ધનપ્રાપક, શોભાસહિત, આરોગ્યદાયક, તુષ્ટિકારક, કલ્યાણકારક, વાંછિત પ્રાપક, એવા સપના તમે જોયા છે. અને હે દેવાનુપ્રિયા, આ સ્વપ્નો ના પ્રભાવથી, આ મણિકનક, રૂપ વગેરે અર્થ લાભ થશે. શબ્દાદિ રૂપ ભોગલાભ થશે. પુત્ર લાભ થશે, અને રાજ્યલાભ પણ થશે. આ સામાન્ય ફળી કહી ને વિશેષથી મુકતફળ કહે છે. હે દેવાનુપ્રિયે,

નિશ્ચય થી જ્યારે નવ મહિના અને સાડા-સાત દિવસ પસાર થયા હશે, એ સમયે ઈક્ષ્વાકુકુળ ની અંદર ધ્વજ સમાન, દિપક સમાન, પર્વત સમાન, અપરાભવનીય, સ્થિર, કુળના મુગટ સમાન, કુળમાં-તિલક સમાન, કુળમાં કીર્તીકર, કુળનો નિર્વાહ કરનારા, કુળમાં સુરજ સમાન, પૃથ્વીની જેમ સર્વ કુળના આધાર, કુળના વૃદ્ધિકર, કુળના યશકારક, કુળના વૃક્ષ સમાન, કુળની સર્વની વૃદ્ધિ કરનાર, સુકુમાલ એમના હાથ અને પગ હશે, લક્ષણ વ્યંજન ગુણથી સહિત હશે, પરિપૂર્ણ પંચેન્દ્રિય શરીર હશે, ગુણ રૂપ લક્ષણ વ્યંજન થી સહિત હશે, માનોપમાન ની પરિપૂર્ણ, ઈન્દ્ર ની જેવા સૌમ્યકાર વાળા, વત્સલ, પ્રિયદર્શન, શુર, સારા રૂપ વાળા, એવા પુત્રને તમે જન્મ આપશો.

એ પુત્રની બાલ્યાવસ્થા પુરી થઈ હશે. સંપૂર્ણ પરિણત વિજ્ઞાન હશે, સંપ્રાપ્ત યૌવન થઈને, દાનમાં પૌતે શુર થશે, સંગ્રામ માં વીર થશે, શત્રુ ઉપર આક્રમણ કરવામાં પરાક્રમી થશે, બહુ વિશાળ સૈન્ય વાહન વાળા રાજ્યાધિપતિ, એવા રાજા થશે. માટે હે દેવાનુપ્રિય, તમે ઉદાર, મંગલકારક સપનાને જોયા છે.

આ રીતે બે-વાર ત્રણ વાર સિધ્ધાર્થ ક્ષત્રિય, પ્રશંસા કરે છે. અને ત્રિશલા ક્ષત્રિયાણી, સિધ્ધાર્થ ક્ષત્રિય પાસે આ સાંભળી ને, આનંદિત અને રોમાંચિત થાય છે. મસ્તક પર અંજલિ કરે છે, અને કહે છે હે સ્વામી, એવું જ છે. હે સ્વામી એવું જ છે. હે સ્વામી, એ યથાચિત છે, સંદેહ રહિત છે, આપે જે કહ્યું એ મને વાંછિત છે, જેવું આ તમારા મુખમાંથી - વાક્ય પડ્યું, એવું જ મેં ઝીલી લીધું છે. એ- વાંછિત હોવા સાથે પુન: પુન: વાંછિત છે, હે સ્વામી જે રીતે આપ કહો છો, એ સત્ય છે, આ રીતે સ્વપ્નાઓ નો સમ્યક્ અંગીકાર કરે છે. અને સિધ્ધાર્થ રાજા પોતાના સ્થાનમાં જવા માટે, અનુજ્ઞા આપે છે. એટલે ભદ્રાસન થી પોતે ઉભા થાય છે, એ અત્વરિત, અચપળ, અસંભ્રાંત, અવિસંલીત, રાજહંસ જેવી ગતી થી, જ્યાં પોતાનો પલંગ છે, ત્યાં આવે છે, અને કહે છે આજે મેં ઉત્તમ મંગલકારી સ્વપ્ના જોયા, જો બીજું કોઈ પાપી સ્વપ્નું આવી જાય, તો એ સ્વપ્નનો પ્રતિઘાત થાય, એટલે દેવ ગુરૂ ધર્મ સંબધ્ધ, પ્રશસ્ત મંગલકારી એવી ધાર્મિક કથાઓ, એના દ્વારા પોતે જાગરણ કરે છે, અને એ રીતે સ્વપ્ન ની રક્ષા કરે છે. નિદ્રાનું નિવારણ કરીને, ફરી ફરી સપનાઓને ત્રિશલા માતા યાદ કરે છે.

સવારનો સમય થાય છે, સિધ્ધાર્થ ક્ષત્રિય સેવકો ને બોલાવે છે, અને કહે છે હે દેવાનુપ્રિય આજે ઉત્સવનો દિવસ છે, વિશેષ ની બાહ્ય જે કચેરી છે, એની સુરભીવાળી થી એનું સિંચન કરો, કચરા ને દુર કરો એમાં લીંપણ વગેરે કરો, પાંચ વર્ણ વાળા સુગંધી પુષ્પોનો ઉપચાર એમાં કરો, કૃષ્ણ ગરૂ વગેરે ધુપો થી વાતાવરણને એકદમ મઘમઘાય માન કરો, એકદમ

સુવાસિત એવું જે ચૂર્ણ હોય, એનાથી ઉત્તમ ગંધ વાળી, એવી ગંધદ્રવ્યની ગુટિકા જેવી ઉત્થાનશાળા એને તમે કરો, કરવો, અને કરી કરાવી ને, સિંહાસન રચી રચાવી ને મારી આજ્ઞાનું પ્રત્યર્પણ કરો, જે કૌટુંબિક પુરુષો, એક એક શબ્દ અહીયા સમજવા જેવા છે. નોકર માટે અહીંયા કૌટુંબિક પુરુષ એવો શબ્દ વાપર્યો છે. ધર્મી આત્મા કેવો હોય. એનો નોકર હોય, એનો માણસ હોય, એને પોતે ભલે પગાર આપે છે, પોતાના ઉપર નભે છે, એમને પણ કૌટુંબિક પુરુષ કહ્યા. પારિવારીક એક સભ્ય તરીકે એમને સ્થાન આપ્યું, એક વસ્તુ એ નિશાન કરવા જેવી છે, બીજી વાત સિદ્ધાર્થ રાજા કહે છે આ કરી, કરાવી, મારી આજ્ઞાનું પ્રત્યર્પણ કરો, સંઘનું કોઈક કામ તમે માથે લીધું, ગુરૂ ભગવંત નું તમે કોઈક કામ માથે લીધું, કામ કરવાનું હતું, તમને વાત કરી, તમે ગયા. કામ કર્યું ને પાછા કહેવા ન આવ્યા, કે કામ થઈ ગયું છે તો પણ એ કામ અધુરુ કહેવાય આપણો વિવેક એમ કહે છે કે કામ કરીને પાછુ આપણે કહી જવું, કે આ જે કાર્ય હતું તે થઈ ગયું છે. જો એ કહીએ નહી, એ થઈ પણ ગયું હોય, આપનાર ને મનમાં સંશય રહેશે કે ખોઈ થયું હશે કે નહિ થયું હોય, તો જ્યાં સુધી એમના મનમાં સંશય હોય, એટલી આપણી કામની અધુરાશ કહેવાય.

સિદ્ધાર્થ રાજા આ રીતે આજ્ઞા કરે છે. એમની આજ્ઞા સ્વીકારી ને એ લોકો ત્યાંથી બહાર નીકળે છે, તેઓ ઉત્થાનશાળામાં આવે છે, સુગંધી જળથી સિંચન વગેરે કરી ને, છેલ્લું જે કામ હતું સિંહાસન રચવાનું, ત્યાં સુધી ના બધા જ કાર્યો કરીને સિદ્ધાર્થ રાજાની પાસે આવે છે અંજલિ કરે છે અને કહે છે કે તમારો આદેશ એને અમે પૂર્ણ કર્યો છે. આ રીતે

આજ્ઞાનું પ્રતિઅર્પણ કરે છે. બીજા દિવસે તેજસ્વી
સુરજ નો ઉદય થાય છે. સિધ્ધાર્થ મહારાજ પલંગથી
ઉઠે છે. વ્યાયામ શાળામાં પોતે જાય છે. ત્યાં મલ્લ-
યુધ્ધ વગેરે દ્વારા જે વ્યાયામ કરે છે. સતપાક વગેરે
તેલ વડે માલીશ કરાવી ને અંગમર્દન કરાવીને
અદલુન જે સ્નાન પીઠ એના ઉપર બેસે છે.
સ્નાન કરીને કોમળ વસ્ત્રોથી શરીર ને લુછે છે.
શ્રેષ્ઠ વસ્ત્રો ને પહેરે છે. એમના અવયવો ને
સરસ ગોશીર્ષ ચંદન થી વિલેપન કરેલો છે. પવિત્ર
પુષ્પમાળા પહેરી છે. મણી સુવર્ણ ના અલંકારો
સાત સેરા, ત્રણ સેરા, એક સેરા વગેરે હારો પહેર્યા છે.
ગળામાં વૈદેયક છે. હાથમાં વીંટીઓ છે. બાહુમાં
બાહુબંધ છે. કુંડળો પહેર્યા છે. મુગટ પહેર્યો છે.
વીર વલય વગેરે પણ આભુષણો પહેર્યા છે. અને
સાક્ષાત કલ્પવૃક્ષ જેવા, જે સિધ્ધાર્થ મહારાજ દેખાય છે
છત્ર-ચામરો થી જે સિધ્ધાર્થ મહારાજ શોભી રહ્યા છે.
એમના દર્શન માત્ર થી મંગલરૂપ જય-જય શબ્દ-
લોકો કરે છે, સિધ્ધાર્થ મહારાજની જયજય કાર કરે
છે. એમના પરિકરભૂત અને દંડનાયક,
મંડલીક રાજા, કોટવાલો, મંત્રીઓ, મહામંત્રીઓ,
કૌટુંબિક પુરૂષો, યુવરાજો, દ્વારપાલો, નીકટ મિત્ર
સમાજ, દાસો, નાગરીકો, વ્યાપારીઓ, શ્રેષ્ઠીઓ,
સેનાપતિઓ, સાર્થવાહો, દુતો, સંધિરક્ષકો, અને
આ બધાથી પોતે પરીવૃત છે. જાણે ગ્રહ, નક્ષત્ર ને
તારા હોય, એની વચ્ચે જેમ ચંદ્ર શોભે, એ રીતે
સિધ્ધાર્થ મહારાજ શોભી રહ્યા છે. એ કેવા છે!
નરેન્દ્ર છે, નરપતિ છે, નરવૃષભ છે, નરસિંહ
છે. રાજતેજ થી પોતે અત્યંત દેદીપ્યમાન છે.
એવા સિધ્ધાર્થ મહારાજ સ્નાન ગૃહમાંથી બહાર
નીકળે છે. બહાર નીકળીને ઉત્થાન શાળા છે જેને

રાજસભા કહેવાય, જેમાં પોતે આવે છે, સિંહાસનમાં પૂર્વા-
ભિમુખ બેસે છે, બેસીને પોતાના ઈશાન કોણ ની બાજુમાં
સફેદ વસ્ત્રથી આચ્છાદિત, શ્વેત જેવા જે સરસવ, એનાથી
મંગલ માટે પૂજિત એવા, આઠ ભદ્રાસનો ની રચના કરાવે
છે. પોતાની બહુ દુર નહિ, બહુ નજીક નહિ, એરીતે
ત્યાં કનાત યવનિકા ની રચના કરાવે છે, પડદાની રચના,
યવનિકા કેવી છે ? અને મણિરત્નો થી શોભિત છે,
અતિ પ્રેક્ષણીય છે, વસ્ત્ર રત્ન ના ઉત્પત્તિ સ્થાનમાં -
નિષ્પન્ન છે. સુક્ષ્મ એવા પર્યસુત્રમય, એવી સેંકડો
રચનાઓ થી આશ્ચર્યકારી એવી સુરચના થી જે બનેલી છે.
ઈહા મૃગ વગેરેના અંદર ચિત્રો છે. એવી અભ્યંતર
પોતે યવનિકા, એને રચાવે છે. યવનિકાની અંદર
ભદ્રાસન રચાવે છે, જે ભદ્રાસન કેવું છે તો મતભતના
મણિરત્ન રચના, જે બધાથી સુશોભિત છે. અદભુત
છે. સફેદ વસ્ત્રથી જેની ગાદી આચ્છાદિત છે. અત્યંત
કોમળ છે, જે ત્રિશલા ક્ષત્રિયાણી યોગ્ય જે ભદ્રાસનની
રચના કરાવે છે. સેવક પુરૂષો ને બોલાવે છે. અને
કહે છે કે હે દેવાનુપ્રિય, જલ્દીથી તમે અષ્ટાંગ મહાનિમિત્ત
એના સુત્રાર્થ ના ધારક, વિવિધ શાસ્ત્રના કુશળ, એવા
સ્વપ્ન પાઠકો ને તમે બોલાવો.

સિધ્ધાર્થ મહારાજની આખી સ્નાન વિધિ
બતાડી, અલંકાર વિધિ બતાડી, કેટકેટલા એમની પાછળ
ચાલી રહ્યા છે, કેટલા રાજાઓ છે, કેટલા મંત્રી- મહામંત્રીઓ
શ્રેષ્ઠીઓ વગેરે છે, આ બધામાંથી એ સમજવાનું છે,
કે ભગવાને કેવું છોડ્યું ! કેવા ઘરની અંદર ભગવાનનો
જન્મ થયો, ભગવાન ના પિતા કેટલા વૈભવી, કેટલા
ઐશ્વર્યશાળી, કેટલા આજ્ઞા ઐશ્વર્યના સ્વામી, કેટકેટલી
વિભુતી એમની પાસે હતી, કેટલો વૈભવ હતો, અને
આ બધાની વચ્ચે પણ ભગવાન નો વૈરાગ્ય કેટલો !!
બીજુ વસ્તુ સમજવાની છે, રાજ સભામાં સ્વપ્ન પાઠકો આવે

મંગળવાર

DATE 22 08 2017

એ સમયે ત્રિશલા ક્ષત્રિયાણી એમને પણ ત્યાં હાજર રહેવાનું છે. પણ એ હાજર થાય એની પહેલા, બધી એમની એવી વ્યવસ્થા છે, પડદાની અંદર, એ ત્રિશલા માતા બેસશે, રાજસભામાં બધાની સાથે આવશે નહિ, આજે મર્યાદા, આજે શિષ્ટાચાર, આજે ચારિત્રની રક્ષાને અને શીલનું પાલન થાય એ માટે રાજઘરની અંદરની આ કેવી કેવી મર્યાદાઓ હતી, ધર્મ છે એ ઉપરની - વસ્તુ છે, આ મર્યાદાઓ એ ધર્મનો આધાર હોય છે. મર્યાદાના આપણે લીરે લીરા ઉડાડીએ, મર્યાદાની કોઈ પરવાહ ના કરીએ, ને બીજો ગમે તેટલો ધર્મ આપણે કરીએ, પણ મર્યાદા વગરનો ધર્મ શોભે નહિ. જેમકે ઘરેણા ઘણા પહેર્યા હોય, પણ કપડા ના પહેર્યા હોય, તો એ શોભે નહિ.

ઔચિત્ય, વિવેક, શિષ્ટાચાર, મર્યાદા, શીલ આ બધું કપડાના સ્થાને છે. બીજુ બધી આરાધનાઓ એ આભુષણો ના સ્થાને છે. આભુષણ સારા છે, આભુષણ હોય એ સારું છે, આભુષણ ના પહેરવા એવી પણ વાત નથી, પણ પહેલા નંબરમાં શું જોઈએ, કપડા જોઈએ, અને આ કપડા સ્થાનીય, આ બધી જે મર્યાદાઓ છે, આપણા જીવનમાં જેમ એની વૃદ્ધિ થાય, એવા પ્રયાસ કરવા જોઈએ.

આ રીતે આદેશ કરે છે, એટલે આદેશ કર્યો એટલે સેવકોને પણ આનંદ થાય છે, કે મહારાજાએ અમને આદેશ કર્યો. રોમાંચિત થાય છે. મસ્તકે અંજલિ કરે છે, અને કહે છે કે આપનો આદેશ - પ્રમાણ છે, તેને આજ્ઞા, વચન અને વિનયથી સ્વીકાર છે. સિધ્ધાર્થ ક્ષત્રિયની પાસે થી બહાર જાય છે, અને બહાર જઈને ક્ષત્રિયકુંડ ગામ નગરના મધ્ય ભાગથી, જ્યાં સ્વપ્ન લક્ષણ પાઠકોના ઘરો છે, ત્યાં આવે છે અને એમને બોલાવે છે. જેમને બોલાવે છે એટલે

એમને પણ આનંદ થાય છે. અને પોતે સ્નાન કરે છે. એમના ઈષ્ટ દેવતા ની પૂજા કરે છે. તિલક વગેરે કરે છે. અંજનનું મંગલ કરે છે. દુઃસ્વપ્નનો વિધ્વંસ કરવા માટે પ્રાયશ્ચિત કરે છે. અને રાજસભા યોગ્ય એવા માંગલિક ઉજ્વલ, પ્રવર વસ્ત્રો, ને ધારણ કરે છે. બહુમુલ્યવાળા એવા અલ્પ આભુષણો, એનાથી શરીરને અલંકૃત કરે છે. મંગલ માટે માથે સફેદ સરસવ અને દુર્વા, એને ધારણ કરે છે, અને પોતાપોતાના ઘરેથી નીકળે છે. ક્ષત્રિયકુંડ ગ્રામ નગર એના મધ્ય ભાગથી પોતે નીકળી રહ્યા છે, જ્યાં સિધ્ધાર્થ રાજાનું ભવન છે, ઉત્તમ પ્રવેશ દ્વાર છે, ત્યાં પોતે આવે છે. એક જગ્યાએ મળે છે. અને મળીને પોતે એક જણને આગળ અગ્રણી બનાવે છે, અને પોતે બધા એમના અનુયાયી બને છે. આવું શા માટે કર્યું ? એનું કારણ કહે છે, કે

સર્વેઽપિ યત્ર નેતારઃ, સર્વે પણ્ડિતમાનિનઃ।

એવું વૃંદ, એવો સમુહ, એવી સંસ્થા હોય, જ્યાં બધાને નેતા થવું હોય, બધાને આગળ આવવું હોય.

સર્વે મહત્ત્વમિચ્છન્તિ

બધા મહાત્વાકાંક્ષી હોય, બધાને મહત્વ જોઈએ છે.

તદ્વૃન્દમવસીદતિ।

એ વૃંદનું શું થાય એ અવસાદન પામે, એ BACKWARD થાય, એની હાનિ થાય, એનું પતન થાય, એનું ઉત્થાન કે એનો વિકાસ થઈ શકે નહિ. એક વક્તા હોય તો વ્યાખ્યાન થાય, બધા વક્તા હોય તો ઘોંઘાટ થાય. એક નાયક હોય તો કોઈ દિશા મળે, બધા નાયક હોય એ બધા પોતપોતાની દિશામાં દોરી જવા જાય તો દિશા-શુન્યતા થાય. આજે આપણે જ્યાં માર ખાઈએ છીએ ને, શ્રેષ્ઠ ધર્મ, શ્રેષ્ઠ ભગવાન, શ્રેષ્ઠ ગુરૂ, શ્રેષ્ઠ સિધ્ધાંત, શ્રેષ્ઠ આચાર, બધી રીતે શ્રેષ્ઠ આપણો ધર્મ, અને આપણો ધર્મ એની પ્રગતિ કેમ નથી થતી ?

મંગળવાર

DATE 22 08 2017

દુનિયામાં ફેલાવો કેમ નથી? દુનિયામાં એની VALUE કેમ નથી થતી, આપણા લોકમાં ભાગે ય ન આવે એવા ધર્મો નો જયજયકાર થાય, ને આપણો ધર્મ છે એ પાછળ ને પાછળ, અજ્ઞાત ને અજ્ઞાત રહે, આપણે આટલું બધું કરીએ, ધર્મ આપણે આટલો બધો કરીએ, દાન આપણે આટલું બધું આપીએ, અને સરવાળે આપણે બીજા તરફથી જુદા જાવાના હોય, વાણિયા તો જામ વાણિયા તો તેમ, આ બધી જે આપણી પરિસ્થિતિ, એનું રહસ્ય આ એક શ્લોકની અંદર આપી દીધું છે.

સર્વેઽપિ યત્ર નેતારઃ, સર્વે પણ્ડિતમાનિનઃ।

ક્યારેક આગળ આવવાથી શાસન પ્રભાવના થતી હોય છે, ક્યારેક પાછળ રહેવાથી શાસન પ્રભાવના થતી હોય છે. પાછળ અમારે રહેવું જ નહિ, અમે નાયક હોઈએ તો અમે સંમત છીએ, અમે પાછળ હોઈએ તો અમે બિલકુલ સંમત નથી, આજ આપણી એ ધારણા હોય, આવી જ આપણી ભાવના હોય, તો આપણો કદી-પણ ઉદ્ધાર થવાનો નથી. આજે અમારા હૃદયમાં ઘણી વ્યથા છે. નાના નાના મુદ્દાઓથી આપણે જે લડી રહ્યા છીએ, ઝઘડી રહ્યા છીએ. સારા સારા માણસોના મોઢે જ્યારે સાંભળીએ સંઘ સાથે મજા નથી, સાહેબ અમે સંઘમાં નથી આવતા. સાહેબ અહીંયા આવું છે તેવું છે. સાહેબ અમે જરાક સંઘનું મહત્વ સમજાવીએ, સેવાનું મહત્વ સમજાવીએ, એટલે તમે અમને ઘણું ઘણું સમજાવી જાવ. આપણે શું કરીએ છીએ ખબર છે? એક ડુબતા જહાજની માલીકી માટે આપણે ઝઘડી રહ્યા છીએ. જે ડુબી રહ્યું છે, જે ડુબી રહ્યું છે એની તો આપણને કંઈ પડી નથી. એની આત્મીયતા નથી, આપણને આપણી પોતપોતાની પડી છે, જે ડુબી રહ્યું છે ને આપણે ઝઘડી રહ્યા છીએ. આ જહાજ મારું

છે. તમે કહો કે મારું છે, હું કહું કે મારું છે, પેલો કહે કે મારું છે. અરે ભાઈ પણ ડુબી જવાનું છે. આપણી આજે આખી જમીન સંકેલાઈ રહી છે ને, આપણે બહુ ગંભીરતાથી ચર્ચા કરી રહ્યા છીએ, કે ફુલદાની અહીંયા મુકવી કે અહીંયા મુકવી. આખી જમીન સંકેલાઈ રહી છે. આપણી કન્યાઓ મુસ્લિમો સાથે ભાગી રહી છે. કેટલા પરિવારો ~~[illegible]~~ CHRISTIAN બની રહ્યા છે. અમદાવાદમાં એવા પરિવાર છે, જૈન પરીવાર, સ્વામીનારાયણ બની ગયા છે. હું તમને પુંછુ છું કે શા માટે આપણી આવી સ્થિતિ છે!

સંઘ મારો લાગે, શાસન મારું લાગે, એની સાથે ની આત્મિયતા હોય તો એના કેટલા કેટલા કર્તવ્યો એ આપણા કર્તવ્યો લાગે, ચોર દોડી રહ્યો છે, પોલીસ પાછળ પડ્યો છે, ચોર એ દોડે છે, પોલીસ એ દોડે છે, ચોર ઘણો દોડ્યો છે પણ પકડાય તો માર વાગી જાય એમ છે. ચુપ લઈને દોડી રહ્યો છે ને પાછળથી બુમ સંભળાય છે, જુએ છે પાછળ, પોલીસતો કાંઈક ઉભો રહી ગયો છે આવતો નથી, ચોર ને બહુ આશ્ચર્ય થાય છે, પોલીસ કહે હવે તું ભ નિરાંતે કોઈ વાંધો નથી. ઓલા ને હજુ આશ્ચર્ય થાય છે કે કોઈ છળ તો નથી કરતો ને, પોલીસ કહે કે મારી જે BOUNDARY (સરહદ) હતી ને એ પુરી થઈ ગઈ છે. આપણી કોઈને કોઈ આપણી BOUNDARY બનાવી દીધી છે. જિનશાસનના આપણે સભ્ય, એટલે આપણે શું કરવાનું? તો આપણે છે ને પર્યુષણમાં વ્યાખ્યાન સાંભળવાના, પ્રતિક્રમણ કરવાના, સંવત્સરી પ્રતિક્રમણ કરવાનું, રોજ શું કરવાનું, દહેરાસર જવાનું, પૂજા કરતા હોય તો પૂજા કરવાની એટલે આપણી BOUNDARY પુરી! શાસન ઉપર કોઈ આપત્તિ આવી, સંઘનું કોઈ પ્રયોજન ઉભુ થયું. શાસન ઉપર કોઈ આપત્તિ આવી

પાલીતાણા ના ડુંગરની તૂટવાની શરૂઆત થઈ ગઈ હોય એની ચિંતા કોને છે? શિત્રુંજય નો કેસ જ્યારે આપણને આપણા ઘરનો કેસ લાગશે, અંતરીક્ષજી ની સમસ્યા જ્યારે આપણને આપણા શરીરની સમસ્યા લાગશે, ત્યારે સમજવાનું કે જિનશાસન આપણને આપણું લાગ્યું છે. માત્ર ને માત્ર આપણે આપણી આરાધનામાં પડ્યા હોઈએ ને, તો એ એ એક પ્રકારનો સ્વાર્થ છે.

ડૂબતા જહાજની માલિકી માટે આપણે ઝઘડીએ છીએ, આપણને જેટલી શાસનની કામની પડી છે. એના કરતા વધુ આપણને આપણા કામની પડી છે. અને એના કારણે, હકીકતમાં આપણે જ્યારે કામ પણ કરતા હોઈએ છીએ, ત્યારે હકીકતમાં તો આપણે આપણું નામ જ કરતા હોઈએ છીએ. શાસન સાથે હકીકતમાં આપણને કોઈ જ લેવા દેવા હોતી નથી. આજે જિનશાસનને સંપ્રતિ મહારાજ જેવા પુણ્યાત્માની જરૂર છે. ત્રણ ખંડના અધિપતિ હતા, વાસુદેવ ન હતા, છતા જે ત્રણ ખંડ ઉપર સામ્રાજ્ય એમનું હતું! અને સંપ્રતિ મહારાજ એમના કેટકેટલાય ખંડિયા રાજાઓ હતા. એ ખંડિયા રાજાઓ ને રોજે રોજના સોના-ચાંદી ના ઢગલે ઢગલા એમને ટેક્સ રૂપે મોકલવા પડે, એટલી તો એમને ખંડણી ચૂકવવાની હોય. અને સંપ્રતિ રાજાએ બધા રાજાઓ ને કહી દીધું,

જતિ મં જાણહ સામીં સાહૂણં પણમહ સુવિહિયાણં।

જો તમે મને સ્વામી માનતા હો, માલિક માનતા હો. તમે જો મને પૂજનીય માનતા હો, તો મારે તમારી ખંડણી નો એક રૂપિયો જોઈતો નથી. સોનામહોરો પણ નથી જોઈતી. તમારે વરસમાં આટલા દિવસ આવવું પડશે, કુરનીશ બજાવવી પડશે, મારા ચરણોમાં ઝુકવું પડશે, સલામી ભરવી પડશે. આવું કશું જ હું માનતો નથી.

સાહૂણં પણામહ સુવિહિયાણં ।
જો મને સ્વામી માનતા હો, તો તમે સાધુઓના ચરણમાં પડો, જો મને સ્વામી માનતા હો, તો તમારા રાજ્યની અંદર, એવું કોઈ ગામ ન હોય જેમાં દેરાસર ના હોય. તમારા રાજ્યની અંદર, એવું કોઈ દેરાસર ના હોય, સવારથી સાંજ સુધી ઉત્સવનું ના હોય. તમારા રાજ્યની અંદર એવો કોઈ રસ્તો ના હોય, જે વિહાર માર્ગ તરીકે અનુકૂળ ના હોય.

દવ્વેણ મે ણ કજ્જં ઇયં ખુ પિયં કુણહ મજ્ઝ ।
મારે એક પણ રૂપિયો તમારો જોઈતો નથી. વરસોના અબજો ના અબજો રૂપિયા મળી શકે એમ છે. અને સંપ્રતિ મહારાજ કહે છે, કે એક રૂપિયો મારે જોઈતો નથી. મારે શું જોઈએ છે. તમે બધા જૈન બનો, શ્રમણોના ભક્ત બનો, અને જિનાલયો તમારા રાજ્યની અંદર તમે ઠેર-ઠેર ઉભા કરો. જિનશાસનની જે પ્રભાવના થતી હોય, તો એ અબજના કરતા મારી માટે મોટા આનંદની વાત છે. જિનશાસનની જો પ્રભાવના નથી, જિનશાસન જો ડગમગતું હોય, વિહાર ક્ષેત્ર જો સંકુચિત થઈ ગયું હોય. ધર્મનો પ્રચાર નહી થાય, ધર્મની પ્રભાવના નહી થાય, તો ગમે તેટલા અબજના ઢગલા પણ મળે, તો મને કોઈ જ આનંદ થવાનો નથી.

હું તમને કહું છું, કદાચ આપણી પાસે એવા રાજ્યો નથી, ખંડિયા રાજ નથી. હું તમને કહું છું, કદાચ આપણે ગજાણ આવી ને મોટું કોઈ કાર્ય, વસ્તુપાલ, તેજપાલ કે સંપ્રતિ મહારાજ જેવું કરી દઈએ, કદાચ - આપણાથી શક્ય ન હોય તો હજુ માફી મળશે. પણ સંઘનું કોઈ કામ હોય, શાસનનું કોઈ કામ હોય, આપણને આત્મીયતા ન હોય, આપણને કંઈ પડી ના હોય, ઉપરથી જે કરતા હોય એની ટાંટિયા ખેંચ આપણે કરી શકીએ, આપણે ચર્ચા કરી શકીએ, એમની નિંદા કરી

શકીએ, તો સમજુ લેવાનું કે હકિકતમાં આપણે એ વ્યક્તિના દુશ્મન નથી, હકીકતમાં આપણે શાસનના દુશ્મન છીએ. છાતી ઉપર હાથ રાખીને આપણે આપણી જાતને પુછીએ, કે શાસનનું સારામાં સારું કાર્ય થતું હોય, પણ આપણું નામ ના થતું હોય તો આપણે શત્રુ જશ કે કે પછી એ કામ બગાડે તો ચાલે, એ કામ ઓછું થાય તો ચાલે, એ કામ ન થાય તો એ ચાલે, પણ મારા નામના ભોગે હું કોઈ સમાધાન કરવા તૈયાર જ નથી.

નામ ને કપડી નાખો,
નામ ને મસળી નાખો.
નામને ભુંસી નાખો.

પછી જ શાસનનું કામ થશે. એક વર્ગ છે કંઈક કરે છે, બહુ સિમીત વર્ગ છે, જે શાસન માટે-લાગણી ધરાવે છે, કંઈક કામ કરે છે બીજો વર્ગ છે, એ કામ કરનારાઓની ચર્ચા કરે છે. ત્રીજો વર્ગ છે, પોતાની માત્ર આરાધના કરે છે બહાર એમને કશું લાગતું વળગતું નથી. ચોથો વર્ગ છે, જેને શાસનશું, ચર્ચા શું, આરાધના શું એની કશી જ ખબર નથી, જે પોતાના સંસારમાં જ પડ્યા પાથર્યા છે. સંસારમાં પડ્યા પાથર્યા છે એ તો ખોટા જ છે, હું તમને પુછુ, પોતાની આરાધના કરે સંઘ શાસન માટે કંઈજ ના કરે, એ ચાલે કે ના ચાલે?

એક વ્યક્તિ છે સામાયિક / પ્રતિક્રમણ નથી કરતી, બાર [illegible] વ્રત એણે નથી લીધા, ઉપવાસ એ નથી કરતી વ્યક્તિ કહાય સંવત્સરી એ બેસણું એકાસણું કરે છે, બીજુ વ્યક્તિ છે, એ આ બધા જ આરાધના કરે પણ, સંઘ - શાસન નું કંઈ ના કરે. પહેલી વ્યક્તિ માં બીજુ આરાધના નથી, વ્રત-તપ વગેરે નથી, પણ અડધી રાતે સંઘનું કંઈ

પણ કામ પડે, એ વ્યક્તિ ને નિઃસંકોચ બોલાવી શકાય, આવીને એ વ્યક્તિ ઉભી રહી જાય, પોતાનું સમજીને કામ કરે, તો એ આરાધક વ્યક્તિ ને આ સેવક-વ્યક્તિ, આ બે માંથી આગળ કોણ ? આપણે આપણી આરાધના કરી લઈએ એટલું પુરતું ખરું ?

ઉદ્ધિણાલિ પયન્ના નામનું આગમ સુત્ર છે ને એની અંદર બતાવ્યું,

જિણસાસણભત્તિગઓ વરમિહ ણિયમસીલરહિઓ વિ ।

જેની પાસે નિયમ નથી, જેની પાસે તપ નથી, જેની પાસે અણુવ્રતો વગેરે નથી, પણ જિનશાસન સાથેની ભક્તિ છે, તે વ્યક્તિ સારી છે.

ણ ય ણિયમપરો વિ જણો, જિણસાસણબાહિરમઈઓ ॥

જિનશાસન સાથે જેને આત્મીયતા નથી, એના જીવનમાં ગમે તેટલી આરાધના પણ હોય, તો પણ એ વ્યક્તિ સારી નથી. એટલું થઈ શકે, દિવસમાં કમસે કમ એક કલાક જેવો હોય, અઠવાડિયા નો કે મહિના નો એકાદ દિવસ જેવો હોય, કે વર્ષમાં એકાદ અઠવાડિયું જેવું હોય, જેમાં આપણે જિનશાસનની કંઈક સેવા કરીએ.

આયંબિલ કરવું જોઈએ આપણે સમજ્યા છીએ, આયંબિલ કરવું પુણ્ય મળે, નિર્જરા થાય, મંગલ કહેવાય, આપણે બધુ કદાચ સમજ્યા છીએ, પણ - આયંબિલ વાળા ને પીરસવું એ પણ પુણ્ય છે એવું બધુ કદાચ આપણને સમજાયું નથી. તમે આયંબિલ કરો એ તમારી આરાધના છે, આયંબિલ વાળા ને પીરસો એ તમારી સેવા છે. જ્યાં સુધી સેવા આવી નથી ત્યાં સુધી આપણી આરાધનાનું તાત્વિક ફળ આપણને મળવાનું નથી. પાઠશાળા થા આપણે જઈએ, થા આપણે ના જઈએ, પણ આપણા બાળકો હોય તો આપણને મન થાય કે ચાલો આપણે જઈએ, બીજાની ગાથા લેશું, બીજાની લાભ મળશે, આપણા ભવમાં જિનશાસન કોને

મળે, પંચકલ્પ ભાષ્ય ની અંદર લખ્યું છે, કે જે બીજાને બોધિ આપે છે, તે આવતા ભવમાં બોધિ પામે છે. જિનશાસને તો આપણને ઘણું બધું - આપ્યું, આપણે જિનશાસનને શું આપ્યું. ઘર માટે આટલા દસરા, પૈસા માટે આટલા દસરા, આટલો પરસેવો તમે પાડો આટલું TENSION તમે રાખો, આટલી મારતોડ તમે કરો, વિષમ પરિસ્થિતિની અંદર પણ ગમે તે રીતે બે છેડા તમે ભેગા કરો, હું તમને પુછુ કે ચોવીસ કલાકના દિવસમાં, જિનશાસન માટે એક કલાક પણ આપણી પાસે નહિ ?, તમારે કરવું હશે તો બધું જ કામ તમને મળશે, તમે દહેરાસર જાઓ, પૂજા કરતા પહેલા ત્યાં કાંઈક વ્યવસ્થિત કરો, આયંબિલ ખાતે જાવ, આયંબિલ ના તપસ્વી ઓ ને તમે પીરસી શકો, પેઢીમાં જઈને ત્યાં આપણે કંઈક સંયોગ આપી - શકીએ, એવું કંઈક કરી શકાય. પાઠશાળા છે, તમે કદાચ પાઠશાળા ન જતા હો, તમારા વાહનમાં બીજા જે છોકરાઓ હોય એમને લઈ જઈને તમે પાઠશાળા સુધી મુકી શકો, ચાલો ભાઈ હું લઈ જઉં, પણ તમે પાઠશાળા ચાલો,

जिणसासणभत्तिगओ वरमिह णियमसीलरहिओ वि ,

આપણને નિયમો અને તપોની મહત્તા છે, શાસ્ત્રકાર ભગવંતો કહે છે, જિનશાસન પ્રત્યેની ભક્તિ હૃદયમાં છે, તો એ તપો ના ગુણાકાર થશે, એનું ફળ તમને અનેક ગણું થઈ ને મળશે, હૃદયમાં ભક્તિ નથી, હૃદયમાં માત્ર સ્વાર્થ છે, કે મારો પૌષધ થઈ ગયો, મારી સામાયિક થઈ ગઈ, મારો તપ થઈ ગયો, મારો સ્વાધ્યાય થઈ ગયો, સમજુ લો આ આરાધના આપણે માનીએ છીએ, પણ જે ભક્તિભાવ નથી, જે આત્મીયતા નથી, તો આ

પણ એક પ્રકારનો સ્વાર્થ છે.
સર્વેઽપિ યત્ર નેતારઃ, સર્વે પણ્ડિતમાનિનઃ।
બધા આગળ આવવા જાય, ને પછી એમાં નિષ્ફળતા મળે, VALUE આપણી DOWN થાય. દાદા ગુરુદેવ પ્રેમસૂરી મહારાજ, એમના સમયમાં દીક્ષા પ્રતિબંધક બિલ વિધાનસભાની અંદર આવ્યું હતું. પરવારી નામના વિધાનસભ્ય એ આ બિલ મુક્યું, કેટલાક જૈનો એ એમનો SUPPORT કર્યો. પ્રેમસૂરીદાદાએ જોયું કે જો તે છોકરાને દીક્ષા આપી દેવી એવું તો આપણે પણ નથી માનતા, પણ બાળ દીક્ષા જેના પ્રતાપે જિનશાસનને કલિકાલસર્વજ્ઞ મળ્યા, મહોપાધ્યાય યશોવિજયજી મળ્યા, અને બાળ દિક્ષા ઉપર જો સંપૂર્ણ પ્રતિબંધ લાગી જાય, યોગ્ય આત્મા ને પણ આપી ન શકાય. શાસનને ઘણું ઘણું નુકશાન થાય. જબરજસ્ત એનો વિરોધ કરાવ્યો, એ સમયના પ્રધાનમંત્રી મોરારજી દેસાઈ, એમને પણ બોલાવ્યા, અહીંયા પ્રેમસૂરી દાદા બેઠા છે, અહીંયા ભુવનભાનુસૂરી મહારાજ બેઠા છે, અહીંયા મોરારજી દેસાઈ બેઠા છે, એક જૈન ભાઈ એમના કોઈ પરિચિત હતા, સંબંધી હતા, એમને લઈને આવ્યા છે. અને મોરારજી દેસાઈ એ બધી વાત કરી, ને ઘણી બધી વાત કર્યા પછી SUPPORT પણ આપ્યો, આનુસાંગિક એક વાત મોરારજી દેસાઈ એ કરી, કે જૈન ધર્મ મને ગમે છે. બીજી વાત એમણે કરી મારા કેટલાક મિત્રો જૈન છે, એમના સામે જોઈને સ્મિત કર્યું. ત્રીજી વાત કરી જૈન ધર્મ, વિશ્વ ધર્મ બનવા માટે લાયક છે, અને ચોથી વાત કરી, પણ તમારામાં એકતા નથી. આપણે પણની અંદર ચુવીએ છીએ, તમને કોઈ વેદના થાય કે નહિ એની ખબર નથી, પણ જેમના જેમના હૃદયની અંદર શાસન છે એમનું હૃદય વલોવાઈ જાય છે, કેમ?

મંગળવાર

DATE 22 08 2017

કરોડો લોકો ને જૈન ધર્મ પમાડી શકાય, કરોડો લોકો ને અહિંસક બનાવી શકાય, અજબો ને જૈન ધર્મની અભિમુખ બનાવી શકાય. દુનિયાભરની અંદર જૈન ધર્મનો ડંકો વગાડી શકાય, દુનિયાભરની અંદર PRESENT કરી શકાય, એ આ અમારા મહાવીર છે, દુનિયાના કોઈ પણ ભગવાન જેમના બોલમાં ભાગે પણ આવી ના શકે, એવા આપણા ભગવાન, દુનિયાની સામે આપણે એમને રજુ સુધ્ધા કરી શકતા નથી. બહુ મોટું આપણું દુર્ભાગ્ય છે, ખામી પૈસાની નથી, ચિક્કાર પૈસો છે, ખામી બુદ્ધિ ની નથી, બુધ્ધિના આપણે બધા બેતાજ બાદશાહ છીએ, ખામી આપણી સંખ્યા ઓછી છે એ પણ નથી, આપણા કરતા ઓછી સંખ્યા વાળા ધર્મો અત્યારે બહુ મોટે પાયે ફેલાઈ રહ્યા છે. ખામી શાની છે, કે આપણે બધા પરસ્પર ઝઘડી રહ્યા છીએ.

એટલું નક્કી કરવું કે આપણે કોઈ વધારે પ્રભાવના ન કરી શકીએ, તો આપણે એટલું માત્ર રાખવું કે, મારે અહંકાર ઘવાય છે, મારો અહમ તુટે છે, મારું નામ નથી થતું, પેલાનું નામ થઈ જાય છે, આ મુદ્દે આપણે ક્દી પણ કોઈ નિંદા, કોઈ ચર્ચા, કોઈ ટાંટિયા ખેંચ તો નહિ જ કરીએ. બીજુ કદાચ કોઈ આરાધના તમારાથી નહિ થાય, કોઈ પ્રભાવના નહીં થાય, કોઈ સેવા નહિ થાય, હજુ કદાચ ચાલશે. આ નિંદા અને ટાંટિયા ખેંચ પણ જો બીકળી જાય ને, તો ય જિનશાસનની જયજયકાર થાય એમ છે.

ધ્યાન પાઠકો પાસે આ વિવેક છે, એક જણને આગળ કરે છે, આગળ કરીને

બધા આવી રહ્યા છે. અહીંયા પાંચસો સુભટો નું દ્રષ્ટાંત આપે છે. રાજા પાસે પોતે નોકરી માટે આવે છે. સૈનિકો છે મંત્રી કહે છે કે પરીક્ષા કરવી જોઈએ. મોટો હોય એમને આપે છે સુવા માટે. પલંગ એક જ છે. એક પલંગ પરથી મુક્યો છે. પાંચસો જણા ઝઘડે છે હું મોટો.... હું મોટો. એક વાત સમજુલો જે ખરેખર મોટો છે એ પોતાની મોટાઈ ની જાહેરાત કદી કરતો નથી. એ બધા મોટા- મોટા ઝઘડયા ને પછી એમ થયું કે, કોઈને નહિ, બધાને તો મળે એમ નથી, એક જ પલંગ છે, એટલે બધાએ શું કર્યું ? કોઈ પલંગ ઉપર ના સુનુ બધા પલંગ તરફ પગ કરી ને સુતા. મંત્રી એ તપાસ કરી, રાજા ને કહ્યું કે આ લોકોમાં મેળ નથી. સામે લડવાની વાતતો દુર છે, અંદર અંદર લડી પડશે, અને આ બધા આપણને મારી પડશે, માટે એમનો - તિરસ્કાર કરી ને બધાને કાઢી મુકે છે.

સ્થાન લક્ષણ પાઠકો એક જગ્યા એ મળે છે. બાહ્ય ઉત્થાનશાળામાં આવ્યા છે. સિધ્ધાર્થ ક્ષત્રિય ત્યાં આવે છે, હાથથી મસ્તકે અંજલિ કરે છે, સિધ્ધાર્થ ક્ષત્રિયના જય- વિજયથી વધામણા કરે છે. આર્શિવાદ આપે છે ને એ આર્શિવાદ કયા છે ? એ કહે છે, હે રાજન્ ! આપ દીર્ઘાયુ થાઓ, આચારવાન થાઓ, લક્ષ્મીવાન થાઓ, યશસ્વી થાઓ, બુધ્ધિમાન થાઓ, અનેક ભુવને કરણા પ્રધાન માં અસાધારણ સમર્થ થાઓ, આરોગ્ય થાઓ, ભાગ્યવાન થાઓ, મહાસૌભાગ્ય શાળી થાઓ, આપની લક્ષ્મી વિસ્તાર પામો, આપ કીર્તીમાન બનો, વિશ્વના આધાર બનો, હે નરનાર ! આપનું કલ્યાણ થાઓ, ધનાગમ થાઓ, પુત્ર જન્મની સમૃધ્ધિ થાઓ, શત્રુનો ક્ષય થાઓ, સર્વદા જય થાઓ, અને -

એમના કુળમાં સતત જિનેશ્વર ભગવાનની ભક્તિ હોશે. આ રીતે સ્વપ્નલક્ષણ પાઠકો ત્રીજું વ્યાખ્યાન પુરૂ થાય છે.

ચોથું શરૂ થાય છે, સ્વપ્ન લક્ષણ પાઠકો સિધ્ધાર્થ રાજાની ગુણ સ્તુતિ કરે છે. અને સિધ્ધાર્થ મહારાજા એમનું સ્વાગત કરવા માટે કઈ રીતે તૈયાર થઈને ઊભા હોય છે. એ કહે છે. કે એવું કહ્યું છે કે રાજા દેવતા અને ગુરૂ, એમને ખાલી હાથે ના મળવું જોઈએ. નિમિતજ્ઞ છે એમને - વિશેષ થી ખાલી હાથે ના મળવું જોઈએ. કારણકે જો ફળ આપીએ તો એ ફળાદેશ બરાબર કરે, આ શાસ્ત્ર વચનને ધ્યાનમાં રાખીને, પુષ્પ, ફળ, વગેરે હાથમાં રાખીને, સિધ્ધાર્થ રાજા ઊભા છે. ઉત્કૃષ્ટ વિનય થી એ સ્વપ્ન પાઠકો ને કહે છે, હે દેવાનુપ્રિય, આજે નિશ્ચયથી રાત્રે ત્રિશલા - ક્ષત્રિયાણી, એ ઊંઘમાં અર્ધજાગૃત, અલ્પનિદ્રા કરતા હતા, આ પ્રશસ્ત ચૌદ મહાસ્વપ્નોને જોઈને જાગ્યા છે, તો એ ચૌદ મહાસ્વપ્નો નો કયો અર્થ હશે ? તો આ રીતે જ્યારે પુછે છે. અને સિધ્ધાર્થ મહારાજા છે, એ કલ્યાણકારી ફળ વૃધ્ધિ વિશેષ ની જિજ્ઞાસા રાખે છે. ત્યારે સ્વપ્નલક્ષણ પાઠકો સિધ્ધાર્થ ક્ષત્રિય પાસે આ સાંભળે છે, સાંભળીને આનંદિત, હર્ષ પૂર્ણ હૃદય વાળા થાય છે, સ્વપ્નો ને સમ્યક્ હૃદયમાં ધારણ કરે છે. અર્થ વિચારણા માં અનુપ્રવેશ કરે છે. એક બીજા સાથે પર્યાલોચન કરે છે. પર્યાલોચન એટલે કે પરસ્પરની વિચારણા, જેમ પોતે પણ ભણ્યા, બીજા પણ ભણ્યા, પોતાની કંઈ ભુલ થાય તો સુધરી શકે, એ સ્વપ્નો ના અર્થોને પોતે પામે છે. અર્થોનો પોતે નિશ્ચય કરે છે, અવધારણ કરે છે.

અને પોતે સિધ્ધાર્થરાજા ની સમક્ષ સ્વપ્ન શાસ્ત્રીનું ઉચ્ચારણ કરે છે, અને સિધ્ધાર્થ ક્ષત્રિય ને કહે છે, કે સ્વપ્ન શાસ્ત્રી કયા છે, એ પહેલા વાત કરે છે કે સ્વપ્ન-શાસ્ત્રોમાં સ્વપ્નોના નવ ભેદ કયા છે. પહેલું - અનુભૂત વસ્તુનું સ્વપ્ન. કંઈક અનુભવ્યું હોય એનું સપનું આવે. બીજા નંબર ની અંદર શ્રુત સ્વપ્ન, કોઈ વસ્તુ સાંભળી હોય ને એનું સ્વપ્ન આવે, ત્રીજું કંઈક જોયું હોય એનું સપનું આવે. ચોથું છે એ વાત, પિત્ત, કફ પ્રકૃતિના વિકારથી આવે, એટલે એમાં અંદર કંઈક IMBALANCE થઈ ગયું હોય, તો એનાથી સ્વપ્ન આવી શકે. સપનાનો પાંચમો પ્રકાર છે, સ્વભાવથી થયેલ સપનું. છઠ્ઠો - પ્રકાર છે, ચિંતા પરંપરાથી આવેલું સપનું. સાતમો પ્રકાર છે, દેવતા વગેરે ના ઉપદેશથી આવેલું સપનું, આઠમો પ્રકાર છે, ધર્મ કાર્યના પ્રભાવથી આવેલું સપનું, અને નવમો સ્વપ્ન નો પ્રકાર છે એ પાપના અતિરેક થી આવેલું સપનું.

હવે આ નવ પ્રકારના સ્વપ્નો માં કયું સપનું શુભ કે અશુભ ફળ આપનારું છે. કયું - સપનું નિષ્ફળ થાય છે, તો એ જણાવે છે. કે છ પ્રકારના સપનામાંથી, જે જોયું હોય, એનું સપનું આવ્યું હોય તો શુભ હોય કે અશુભ હોય, એવું - સપનું નિરર્થક થાય છે. પહેલા છ પ્રકારના સપના, એ નિષ્ફળ જાય છે, અને છેલ્લા ત્રણ પ્રકારના સપના, એ સફળ થાય છે. કયા ત્રણ સફળ થાય છે કે તો ફરીથી તમને યાદ કરાવી દઉં, કે જે પોતે દેવતા ના ઉપદેશથી જોયેલું હોય, ધર્મ કાર્ય ના પ્રભાવથી સપનું આવ્યું હોય અને પાપના અતિરેક થી આવ્યું હોય, તો આ ત્રણ પ્રકારના સપના સફળ થાય છે. હવે કરે છે સપનાઓ

ક્યારે જોઈએ તો સફળ થાય છે અને ક્યારે સફળ થાય છે તો એ બંને વસ્તુ બતાડે છે. રાતના પહેલા પ્રહરમાં સપનું જોયું હોય. પ્રહર એટલે-રાત્રિનો ચોથો ભાગ. ધારોકે રાત્રિ બાર કલાકની છે, તો એનો ચોથો ભાગ કરી દેવાનો, ત્રણ કલાક હોય સુર્યાસ્ત થી, એ પહેલો પ્રહર કહેવાય, એના પછી બીજો, આ રીતે ચાર પ્રહરની રાત હોય, રાતના પહેલા પ્રહરમાં સપનું જોયું તો બાર મહિને ફળે, બીજા પ્રહરે જોયું તો છ મહિને ફળે, ત્રીજા પ્રહરમાં જોયું તો ત્રણ મહિને ફળે, ચોથા-પ્રહરમાં જોયું તો એક મહિને ફળે. રાતની છેલ્લી જે બે ઘડી, એમાં સપનું જુએ તો-દસ દિવસે ફળે, અને સુર્યોદયે જે સપનું જોયું હોય, તો એ તરત જ ફળે.

કયા-કયા સ્વપ્નો નિરર્થક થાય એ કહે છે એટલે કે નિષ્ફળ થાય. તો એક સપના ઉપર બીજું આવે, બીજા ઉપર ત્રીજું આવે, એના પર ચોથું આવે, આને માળા સ્વપ્ન કહેવાય. તો એ સ્વપ્ન છે એ નિષ્ફળ જાય. દિવસે સુતાને સપનું આવ્યું, તો એ નિષ્ફળ જાય. તમને રોગ થયો હોય, એનાથી સપનું આવે તો એ નિષ્ફળ જાય. મલ-મુત્ર વગેરેની પીડા થાય, એનાથી જે સપનું આવે, એ પણ નિષ્ફળ જાય.

કેવા પુરુષ ને આવેલું સપનું સફળ બને, એ બતાડે છે, જે ધર્મરત હોય, સમ-ધાતુ વાળા હોય, સ્થિર ચિત્ત વાળા હોય, જિતેન્દ્રિય હોય, દયાળુ હોય, એમનું જે સપનું આવે, એમના ઈચ્છિત અર્થ ને પુરું કરનારું થાય છે. શુભાશુભ સપનું આવે તો શું કરવાનું છે એ બતાડે છે કે,

ખરાબ સપનું કોઈને પણ સંભળાવવાનું નહિ. સારું સપનું આવ્યું હોય, તો એ ગુરૂ વગેરે પૂજ્ય પુરૂષને સંભળાવવાનું. કોઈ ગાય મળે તો એના કાનમાં એ સપનું સંભળાવવું. ઈષ્ટ સપનું આવે તો પછી એના ફળ ની રક્ષા કરવા માટે, ફરી સુવુ ના જોઈએ. જો સુઈ જાય તો એનું ફળ મળે નહિ. માટે શું કરવાનું તો પાંને જિનરાજ નું ગુણગાન કીર્તન કરવાનું. ભગવાનના ગુણગાન ગાઈને બાકીની રાત પસાર કરવાની. અનિષ્ટ સપનું આવે ને જેવું જ થાય, તો પછી ફરીથી સુઈ જવું જોઈએ, અને અનિષ્ટ સ્વપ્ન એટલે કે ખરાબ સપનું, એ કોઈને પણ કહેવું ના જોઈએ. અને તેનાથી એ સપનું નિષ્ફળ જાય છે. હવે કોઈ પેલા આવ્યું ને કોઈ પછી આવ્યું, શુભ સ્વપ્ન કે અશુભ સ્વપ્ન, તો એમાંથી કયું સ્વપ્ન એ સફળ થાય છે તો કહે છે કે પહેલા ખરાબ સપનું જોયું, પછી સારું સપનું જોયું, તો સારા સપનાનું ફળ મળે, અને પહેલા સારું સપનું જોયું ને પછી ખરાબ સપનું જોયું તો ખરાબ સપનાનું ફળ મળે.

હવે અશુભ સ્વપ્ન આવે, તો કરવાનું શું છે એ કહે છે. કે ખરાબ સપનું આવે તો, દેવ, ગુરૂની પૂજા કરવાની, યથાશક્તિ તપ કરવાનો, જે હંમેશા ધર્મ રક્ત હોય, ધર્મી હોય, એમનું ખરાબ સપનું પણ સારું સપનું બની જાય. એમને ખરાબ ફળની જગ્યાએ સારું ફળ મળે અહીંયા સારા સપનાનું ઉદાહરણ આપે છે. કોઈ સ્ત્રી કે પુરૂષ હોય એ ~~સ્વપ્ન~~ સપનામાં જુએ કે દૂધથી ભરેલો આખો કળશ છે, અથવા તો ઘીથી ભરેલો કળશ છે. દહીંથી ભરેલો કળશ છે મધથી ભરેલો છે, એને જુએ, એને ઉપાડે, એ ઉપાડે ને એને ખબર પડે કે મેં ઉપાડ્યો, અને તે ક્ષણ

જાગી જાય, તો એ વ્યક્તિ એ જ ભવમાં આઠ કર્મનો ક્ષય કરીને મોક્ષે જાય છે. કોઈ સ્ત્રી કે પુરુષ જુએ કે સપનાની અંદર એક મોટો સોનાનો ઢગલો છે, રત્નનો ઢગલો છે, વજ્રરત્નનો ઢગલો છે, અને પોતે એને ઉપાડવા જાય, બહુ મુશ્કેલીથી ઉપાડે, અને એવું પોતાને ધ્યાનમાં આવે, કે મેં બહુ મુશ્કેલીથી ઉપાડ્યો, અને તરત એ જ સમયે એ જાગી જાય, એ પણ એ જ ભવે મોક્ષે જાય.

કોઈને સ્વપ્નમાં દેખાય, કે પોતે તાંબાનો રાશિ છે, અને એને પોતે જુએ, એને ઉપાડે, તો એ બીજા ભવમાં મોક્ષે જાય. કોઈ સ્ત્રી પુરુષ જુએ છે કે આખું સર્વરત્નમય ભવન છે, કોઈ મકાન છે એમાં પોતે પ્રવેશ કરે. અને પોતે જુએ કે હું અંદર પ્રવેશેલો છું. અને તરત એ જ સમયે એ જાગી જાય. તો એ પણ એ જ ભવમાં મોક્ષે જાય છે. માટે હે દેવાનુપ્રિય, હે સિધ્ધાર્થ રાજા, અમારા સ્વપ્ન શાસ્ત્રની અંદર બેતાલીસ સામાન્ય ફળદાયક સ્વપ્ન કહ્યા છે. ત્રીસ ઉત્તમ ફળદાયક મહાસ્વપ્નો કહ્યા છે. આ રીતે બોંતેર સ્વપ્ના કહ્યા છે, અને હે દેવાનુપ્રિય, અરિહંત પ્રભુની માતા, ચક્રવર્તી ની માતા, એ જ્યારે અરિહંત કે - ચક્રવર્તી નો જીવ, એ પોતાના ગર્ભમાં પ્રવેશે, ત્યારે ત્રીસ મહાસ્વપ્નો માંથી, આ ચૌદ મહાસ્વપ્નો ને જુએ, અને જાગે છે.

સભાનો પ્રશ્ન :- સુસ્વપ્ન અને દુઃસ્વપ્નમાં આપણે રીતે DIFFERENCE કેવી રીતે કરી શકાય ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- ઘણી વાર આપણને થાય કે આ તો બહુ સારું સ્વપ્ન કહેવાય, પણ એ સપનું એનું ફળ બરાબર ન હોય, એવું પણ બને.

ક્યારેક આપણને લાગે કે આ તો બહુ વિચિત્ર સ્વપ્ન છે,
આ તો સારું નથી, જેમકે, પોતાના આંતરડાથી આખી
દુનિયાને પોતે બાથ ભીડી લે, તો આપણને આમ
કોઈ સારી લાગે એવી વસ્તુ નથી. પણ સ્વપ્નશાસ્ત્ર એ
બતાડ્યું કે એ શુભ બને. એટલે આવા બધા જે સપના
એના ચિત્ર-વિચિત્ર ફળો હોય. એક સપનું બતાડ્યું
અગમ્યાગમન. એવું સપનું આવ્યું કે પોતાની સંબંધી-
સ્ત્રીઓ સાથે વિષય-સેવન કર્યું, સંબંધ પવિત્ર છે,
આવું સપનું કેટલું ગંદુ કહેવાય, ખરાબ કહેવાય, આપણે
વિચારી ના શકીએ પણ છતાં એ સ્વપ્નશાસ્ત્રમાં આ
બતાડ્યું, કે એનું ફળ શુભ છે. એટલે અહીંયા જે
વાત કરી, સુસ્વપ્ન, દુઃસ્વપ્ન, એની જે અપેક્ષા એ
વ્યાખ્યા થાય, એક જેને આપણે સારું જોઈએ, રત્નમય
ભવન હતું ને, આપણે પ્રવેશ્યા, એ જ ભવે મોક્ષે જવાના.
તો સપનું પણ સારું ને ફળ પણ સારું, એટલે જે સીધે-
સીધું આપણી બુદ્ધિમાં શુભ રૂપે લાગે, તો એને
સુસ્વપ્ન એક અપેક્ષાએ કહી શકાય. બીજું જે
સમસ્ત સ્વપ્નશાસ્ત્રના જે બોધ, એ બોધ દ્વારા આપણને
જ્ઞાન થાય કે સારું સપનું ~~કયું છે~~, કયું છે, ખરાબ
સપનું કયું છે.

ચન્દ્ર છે ને ચન્દ્ર ને પોતે ગળી લીધો,
ચન્દ્ર છે આકાશનો એ ચન્દ્ર ને પોતે ગળી ગયા,
હવે આમાં સારું શું ને ખરાબ શું એ આપણને ખબર ના
પડે, પણ સ્વપ્નશાસ્ત્રમાં બતાડ્યું કે આવું સપનું દેખાય,
તો રાજ્ય મળે. એટલે આવા જુદા-જુદા સપનાઓના
અર્થો હોય છે. બધો બોધ તો આપણી પાસે હોય નહી.
એટલે સામાન્ય બોધથી જે આપણને સારું સપનું લાગે,
તો એને અહીંયા સુસ્વપ્ન સમજવું તો જ આ બધો
અર્થઘટન થશે, નહીં તો, ત્રિશલા માતા છે એ ગડબડ
માં પડશે કે, મારે સુઈ જવું કે જાગતા રહેવું !!

હવે હાથી જોયો છે એનો સારું સપનું સમજવું કે -
ખરાબ સમજવું, પણ જે પ્રશસ્ત હોય, જે સારા -
લક્ષણવાળું હોય, એટલે ધર્મ હોય તો સારું એવું નહીં.
હાથીમાં કાંઈ ધર્મ નથી, વૃષભમાં કંઈ ધર્મ નથી,
પણ પ્રશસ્ત હોય, જોઈને આનંદ થાય, વિશિષ્ટ
લક્ષણવાળું હોય, અને હકીકતમાં એ સ્વપ્નશાસ્ત્ર સાથે
પણ MATCH (મળતું) હોય. શાસ્ત્રનો બોધ નથી પણ
પોતાની સામાન્ય બુદ્ધિ થી અનુમાન કરી શકાય કે
સપનું સારું છે કે નહિ. સુસ્વપ્ન દેખાય ને તો
એમાં પ્રાયઃ કરીને આનંદ થાય. શાસ્ત્રની અંદર
બતાવ્યું છે,

सुस्वप्नदर्शनपरम् ।

ષોડશક પ્રકરણ થી અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે,
યોગી ના કયા કયા લક્ષણો હોય, એમાં થી એક
લક્ષણ આ બતાવ્યું કે એમને સપના જે આવે તે
સારા જ આવે. જે ધર્મી આત્મા છે અને પ્રાયઃ કરીને
ખરાબ સ્વપ્નો આવે નહિ. BY CHANCE આવ્યું હોય,
તો પણ જેની ધર્મ કરણી એવી છે, કે એને ખરાબ
સપનાનું ખરાબ ફળ મળે નહિ, પણ ઉલ્ટાનું સારું
ફળ મળે, તો સ્વપ્નશાસ્ત્ર ની ઘણી બધી આંટીઘુંટીઓ
છે. આગળ ઘણી બધી વાતો પણ આવશે. હવે તમને
થશે કે આમાં શું કરવું સમજ પડતી નથી. તો
એ સૌ સમસ્યાનો એક ઉકેલ છે, જેનું નામ છે
ધર્મ.

સ્વપ્નલક્ષણ પાઠક છે, સ્વપ્નશાસ્ત્રી નો જ્ઞાતા
છે, પણ જીવનમાં ધર્મ નથી તો એ દુઃખી થવાનો,
આપણને એકે સપના નો એકે અર્થ આવડે નહિ,
પણ જો ધર્મ છે તો આપણે સુખી થવાના. એટલે
ધર્મ માટે જ પુરુષાર્થ કરવો જોઈએ. વાસુદેવની માતા
હોય એ વાસુદેવ ગર્ભમાં આવે, તો સાત મહા-

સ્વાનો માંથી કોઈ અન્યતર સાત મહાસ્વાનો ને જોઈને જાગે.
બળદેવ ની માતા છે એ બળદેવ ગર્ભમાં આવે ત્યારે, ચૌદ
મહાસ્વપનો માંથી અમુક ચાર મહાસ્વાનો, એમને જોઈને
જાગે. માંડલિક રાજાની માતા હોય, એ રાજા જ્યારે ગર્ભ
માં આવે, ત્યારે ચૌદ મહાસ્વપનો માંથી કોઈપણ એક
મહાસ્વાન ને જોઈને જાગે.

હે દેવાનુપ્રિય, ત્રિશલા ક્ષત્રિયાણી, એમણે
આ જે ચૌદ મહાસ્વાનો જોયા, એ પ્રશસ્ત છે, મંગલ-
કારક છે, લોકોત્તર છે. હે દેવાનુપ્રિય, આનાથી
અર્થ લાભ થશે, ભોગલાભ થશે, પુત્ર લાભ થશે,
સુખ લાભ થશે, રાજ્ય લાભ થશે, હે દેવાનુપ્રિય,
આ રીતે નિશ્ચય થી, ત્રિશલા ક્ષત્રિયાણી ૯ મહિના અને
સાડા સાત દિવસ, આ પસાર થશે, ત્યારે તમારા કુળમાં
કેતુ સમાન, દીપ સમાન, પર્વત સમાન, મુગટ સમાન,
તિલક સમાન, કિર્તી કારક, સુર્ય સમાન, કુળના આધાર,
કુળના નંદીકર, કુળના યશ કારક, કુળમાં વૃક્ષ સમાન,
કુળ પરંપરા ની વૃધ્ધિ કરનાર, સુકુમાલ હાથ પગ વાળા,
સંપૂર્ણ પંચેન્દ્રિય શરીર વાળા, લક્ષણ વ્યંજન ગુણથી
યુક્ત, ચંદ્ર જેવા સૌમ્યાકાર, વત્સલ, પ્રિયદર્શન, સુરૂપ
એવા, પુત્ર રત્નને જન્મ આપશે.

જે બાળક જ્યારે બાલ્યાવસ્થા પૂરી થશે,
સંપૂર્ણ પરિણત જ્ઞાન વાળા થશે, યૌવનમાં પ્રવેશ કરશે,
સંગ્રામમાં વીર હશે, પરાક્રમી હશે, વિશાળ સેના વાહન
વાળા થતો ચતુરંગ સ્વામી, ચક્રવર્તી રાજ્યસ્વામી, રાજા
થશે, અથવા તો ત્રણ લોક ના નાયક, ધર્મ વર ચાતુરંત
ચક્રવર્તી, એવા "જિન" થશે. અને એ જિન
થાય, તો એમાં ચૌદે સ્વપ્નોના જુદા- જુદા ફળ, તે
આ રીતે છે. એમણે ચાર દાંત વાળો હાથી જોયો,
માટે એમનો પુત્ર છે એ ચાર પ્રકારના ધર્મની પ્રરૂપણા
કરશે. બળદને જોયો માટે ભરતક્ષેત્રમાં બોધિ બીજ

વાવશે, સિંહ ને જોયો એટલે કામદેવ વગેરે જે જરાબ
હાથીઓ, એનાથી ભયે રૂપી વન જે ભંગાતુ હશે,
એમાં ભોંગરૂડે પતી હશે, એની રક્ષા કરશે લક્ષ્મી
ને જોઈ, એટલે વરસીદાન આપશે અને તીર્થંકર
લક્ષ્મી એને ભોગવશે માળાને જોઈ એટલે ત્રણ
ભુવનના મસ્તક થી પોતે ધારણીય થશે, બધા એમની
આજ્ઞા માથે ચડાવશે. ચંદ્રના દર્શન કર્યા, એનાથી
પૃથ્વી મંડળમાં પોતે આનંદ આપશે, સુર્યનું દર્શન
કર્યું, એટલે ભામંડલ થી ભુષિત થશે, ધ્વજનું
દર્શન કર્યું એટલે ધર્મ ધ્વજ થી ભુષિત થશે
કળશને જોયું એટલે, ધર્મ રૂપી જે મહેલ, એના
શિખર ઉપર પોતે રહેશે. પદ્મસરોવરને જોયું છે
માટે દેવસંચારિત જે કમળ, એના દ્વારા સ્થાપ્યમાન
એવા ચરણ વાળા થશે. રત્નાકરને જોયો એથી
કેવલ્યરત્ન ના સ્થાન બનશે. વિમાનને જોયું એનાથી
વૈમાનિક દેવો ને પણ એ પુજનીય બનશે. રત્નરાશીને
જોયો, એટલે રત્ન પ્રાકાર થી એ ભુષિત બનશે.
નિર્ધુમ અગ્નિ ને જોયો, એનાથી ભવ્યરૂપી જે સુવર્ણ
એની શુધ્ધિ કરનારા થશે. અને ચૌદ સ્વપ્નોનું
સમુદિત ફળ, એ ચૌદ રાજલોક રૂપી જે આખું
વિશ્વ છે, એના અગ્રભાગે રહેનારા બનશે. માટે
હે દેવાનુપ્રિય, ત્રિશલા ક્ષત્રિયાણી એ ઉદાર અને
મંગલકારક, એવા સ્વપ્નો ને જોયા છે.

પછી સિધ્ધાર્થ રાજા, સ્વપ્ન લક્ષણ પાઠકો
પાસે, આ અર્થ સાંભળી ને, ત્યાં હર્ષપૂર્ણ હૃદય
વાળા થાય છે. હાથથી પોતાના મસ્તકે અંજલિ
કરે છે, અને સ્વપ્નલક્ષણ પાઠકો ને કહે છે, હે
સ્વપ્નલક્ષણ પાઠકો, એમ જ છે. યથાચિત્ છે
વાંછિત છે, તમારા મુખમાંથી પડ્યું એની સાથે જ
આ ઝીલી લીધેલું છે. વાંછિત સાથે પુનઃ પુનઃ

વાંછિત છે. આપ જે કહો છો તે અર્થ સાચો છે. આ રીતે પોતે સમ્યક્ સ્વીકાર કરે છે. જે સ્વપ્ન-લક્ષણ પાઠકો ને ઘણું બધું, અશન-પાન, ખાદીમ, સ્વાદીમ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલ્ય, આભુષણો એનાથી સત્કાર-સન્માન કરે છે. એમને એટલું બધું પ્રિતીદાન આપે છે કે આખી જિંદગી પણ એને ભોગવતા ખુટે નહિ. અને પછી એમને વિદાય આપે છે. સિદ્ધાર્થ ક્ષત્રિય સિંહાસન થી પોતે નીચે ઉતરે છે. યવનિકામાં જ્યાં ત્રિશલા માતા છે ત્યાં આવે છે. ત્રિશલા ક્ષત્રિયાણી ને કહે છે, હે દેવાનુપ્રિય, સ્વપ્ન શાસ્ત્ર માં ૪૨ સ્વપ્નો અને ૩૦ મહાસ્વપ્નો કહ્યા છે. ત્યાંથી માંડી ને એક મહાસ્વપ્ન ને જોઈને જાગે છે. એ બધી જ વાત જે સ્વપ્ન લક્ષણ પાઠકો એ કરી હતી, એ વાત કરે છે.

હે દેવાનુપ્રિય, તમે આ ચૌદ મહાસ્વપ્નો જોયા, એ સ્વપ્નો ઉદાર છે, વગેરેથી માંડીને તમારો દીકરો, ત્રણ લોકના નાયક, ધર્મ ચાતુરંત ચક્રવતી, જિન થશે, આ બધી વાત કરે છે. ત્રિશલા ક્ષત્રિયાણી આ અર્થ સાંભળીને ખુબ જ આનંદિત થાય છે, અંજલિ કરે છે, એ સ્વપ્નાર્થો નો સ્વીકાર કરે છે, અને સિદ્ધાર્થ રાજા રજા આપે છે, એટલે ભદ્રાસન થી પોતે ઉતરીને અ-ચપલ, અસંભ્રાંત, અવિલંબિત, રાજહંસ જેવી ગતિથી જ્યાં પોતાનું ભવન છે ત્યાં પોતે આવે છે, અને ભવનમાં પ્રવેશ કરે છે.

જે દિવસથી શ્રમણ ભગવાન મહાવીર, રાજકુળ મા પોતે સંહૃત થયા, એ જ દિવસથી ઘણા કુબેરની આજ્ઞાને ધારણ કરનાર, તિર્યક્ લોકવાસી હોવાથી અને જુંભક જાતિ ના હોવાથી, જેમને તિર્યક્ જુંભક દેવ કહેવાય, શક્રના વચનથી જે પુર્વ નિધાન જેવા જે પુરાણ મહાનિધાનો હોય, જેના કોઈ સ્વામી ના હોય, જેના કોઈ

પણ હવે માલિક રહ્યા ના હોય, એના વારસ પણ ના રહ્યા હોય, એમના ઘર પણ ના રહ્યા હોય તો એવા જે જે નિધાનો, નિધાનો એટલે ખજાના, એ જમીનમાં કોઈએ દાટી દીધું, દાટી દીધા પછી ઘરવાળા કોઈને કહ્યું નહિ, પોતે OFF થઈ ગયા, ઘરવાળા પણ બધા OFF થઈ ગયા, ખજાનો એમને એમ ત્યાં પડેલો છે, દેવો વૈક્રિય લબ્ધિથી ખજાનો બનાવી શકે ખરા, પણ શું થાય, એ રીતે જે ખજાનો બનાવે ને, એ પંદર દિવસથી વધારે ટકે નહિ.

देवेसु अद्धमासो उक्कोसविउव्वणाकालो ।

એટલે ભગવાનના રાજભવન, જ્યાં ભગવાન પધાર્યા, એ રાજભવનમાં રત્નો વગેરે લાવે છે, ખજાના લાવે છે, એ ખજાના ક્યા હોય, એ વૈક્રિય ન હોય પણ ઔદારિક હોય. એ ઔદારિક ખજાના ક્યાંથી લાવવાના તો કોઈની તિજોરીમાંથી ચોરીને લાવવાના નહિ, પણ એવા જે ખજાના હોય જેના કોઈ જ માલિક રહ્યા નથી, એના કોઈ વારસદાર નથી, એનો કોઈ દાવો કરનાર પણ નથી, એ બધા ખજાનાઓ પોતે લઈ લઈને સિદ્ધાર્થ રાજભવનમાં, એનું સંહરણ કરે છે. એ બધા ખજાના ક્યાંથી લાવે છે, તો એ બધી વાત કરે છે, કે જ્યાં કર લેવાય એને ગામ કહેવાય, જ્યાં રૂની ઉત્પત્તિ હોય તેને આકર કહેવાય, કર જેમાંથી ન લેવામાં આવે એને નગર કહેવાય, જ્યાં અડધા યોજન સુધી ક્યાંય પણ ગામ હોય એને મડંબ કહેવાય જ્યાં જવા ને આવવા માટે જલમાર્ગ અને સ્થલ માર્ગ, BY ROAD પણ જવાય BY BOAT પણ જવાય, તો એને દ્રોણમુખ કહેવાય, જ્યાં જળ-સ્થળ ઉભય માર્ગ છે, જેમાંથી એક જ માર્ગ હોય એને પત્તન કહેવાય, જે તાપસ સ્થાન હોય એને આશ્રમ કહેવાય. સેના સૈન્ય વગેરે નું વિશ્રામ સ્થાન હોય એને

સન્નીવેશ કહેવાય. જ્યાં ત્રણ રસ્તા મળે એને ત્રીસ કહેવાય. જ્યાં ચાર રસ્તા મળે એને ચતુસ કહેવાય. લોકો રહિત ગામ હોય એને ઉદ્વસીત ગ્રામ કહેવાય. ગામ નગર વગેરેમાં જલ-કચરાનું નિર્ગમન સ્થાન હોય, એને ખાળ કહેવાય. હટ્ટ સ્થાન એટલે કે દુકાન કહેવાય. યક્ષાદિ મંદિરો હોય એને દેવકુળ કહેવાય. લોકોને બેસવાનું સ્થાન હોય એને સભા કહેવાય. પાણીની શાળા હોય એને પરબ-કહેવાય. પુષ્પ ફળ વગેરેથી વૃક્ષો શોભતા હોય જ્યાં, ઘણા જનોના ભોગ્ય સ્થાન હોય, એને ઉદ્યાન કહેવાય. એક જાતિય વૃક્ષ સમુદાય એને, વન કહેવાય. અનેક જાતિય વૃક્ષ સમુદાય હોય એને વનખંડ કહેવાય. જ્યાં અગ્નિ સંસ્કાર કરાય એને સ્મશાન કહેવાય. પર્વતની ગુફા હોય એને કંદરા કહેવાય. શાંતીકર્મ સ્થાન એને શાંતીગૃહ - કહેવાય. પર્વતને ખાણી કોતરીને અંદરથી ઘર બનાવ્યું હોય, એને શૈલગૃહ કહેવાય. કુટુંબી નિવાસ સ્થાન એને ભવન કહેવાય, આ બધા સ્થાનોમાં, જે કંજુસ વગેરે હોય એ લોકો એ જન્મનો દાટ્યો હોય, એ બધા નિર્ધંક જૃંભક દેવો લઈ લઈને, એને સિદ્ધાર્થ રાજાના ભવનમાં મુકે છે.

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર જ્ઞાત કુળમાં પોતે સંહૃત થયા, ત્યાંથી જ્ઞાત કુળ અઘટિત સુવર્ણ, જેને હિરણ્ય કહેવાય એવા સુવર્ણથી સમૃદ્ધિ પામે છે. ગણિમ વગેરે ચાર પ્રકારનું જે ધન છે એનાથી સમૃદ્ધિ પામે છે. તો જાઈફળ, સોપારી વગેરે હોય, એને ગણિમ કહેવાય, ઘી, તેલ, મીઠું હોય એને મેય કહેવાય, અને ચોવીસ પ્રકારના ધાન્યથી પણ વધે છે. સપ્તાંગ રાજ્યથી, ચતુરંગ સૈન્યથી, વાહનથી, કોષથી, ધાન્યગૃહથી નગરથી, અંતઃપુરથી, વગેરેથી સિદ્ધાર્થ રાજાનું ભવન વધે છે. ઘણા બધા ગાયો વગેરે જે ધન છે, કનક છે, કર્કેતન રત્ન છે, ચંદ્રકાંત મણિ છે, મોતી, દક્ષિણાવર્ત

શંખ, પ્રવાલ, વગેરે રત્નો. વસ્ત્ર, કંબલ વગેરે બહુમૂલ્ય દ્રવ્ય. પ્રીતી સત્કાર સમુદાય, આ બધાથી ખુબ ખુબ વૃદ્ધિ પામે છે. આ બધું શ્રમણ ભગવાન મહાવીર ના માતા-પિતા જુએ છે. જ્યારથી આ પુત્ર અમારી કુક્ષિમાં આવ્યો છે, ત્યારથી અમે સુવર્ણથી વધીએ છીએ, ધન, ધાન્ય, રાષ્ટ્ર, બલ, કોષ, કોઠાગાર, અંતઃપુર, યશોવાન્ થી અમે વધીએ છીએ. ઘણું બધું ધન, રત્ન, મોતી, શિલાપ્રવાલ વગેરે દ્રવ્યો થી, પ્રીતી સત્કાર સમુદાય થી અમે ખુબ જ વધીએ છીએ માટે જ્યારે અમારો આ દીકરો જનમશે ત્યારે અમારે આ પુત્રનું, હિરણ્યાદિ વૃદ્ધિ ને અનુરૂપ, એવું ગુણો થી બનેલું ગુણ નિષ્પન્ન, એવું વર્ધમાન નામ અમે કરશું.

શ્રમણ ભગવાન મહાવીર હવે વિચાર કરે છે કે, માતાની કુક્ષિમાં હું છું, ને હું ઘડીકમાં આમ થાઉં ને ઘડીકમાં આમ થાઉં, માતાને એનાથી - કેટલી વેદના થતી હશે!

---